सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

**LEGISLATIVE AND PARLIAMENTARY AFFAIRS DEPARTMENT**

## GUJARAT ACT NO. XXXIV OF 1964

# THE GUJARAT MUNICIPALITIES ACT, 1963

*(As Modified upto 30th April, 1999)*

ગુજરાત સરકાર

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

## સન ૧૯૬૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪

## ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩

(સન ૧૯૯૯ના એપ્રિલ મહિનાની ૩૦મી તારીખ સુધી સુધાર્યા મુજબ)

Rs 52=00

# ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

## અનુક્રમણિકા

પ્રસ્તાવના.

### પ્રકરણ ૧લું.

પ્રારંભિક


| કલમો. | | પેજ નં. |
|---|---|---|
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ ... ... ... | ૨ |
| ૨. | વ્યાખ્યા ... ... ... | ૨ |
| ૩. | મ્યુનિસિપાલિટી અને મ્યુનિસિપલ બરો ગુજરાતીમાં કેવી રીતે ઓળખાશે તે બાબત | ૩ |


### પ્રકરણ ૨ જું.

નગરપાલિકાઓની રચના

(૧) નગરો.


| | | |
|---|---|---|
| ૪. | (કમી કરી છે.) ... ... | ૫ |
| ૪-ક | મ્યુનિસિપલ બરો તરીકે નગરની જાહેરાત માટે ખાસ જોગવાઈ ... | ... |


(૨) નગરપાલિકાઓની રચના.


| | | |
|---|---|---|
| ૫. | નગરપંચાયત અને મ્યુનિસિપલ કાઉન્સિલનું સંસ્થાપન ... ... | ૫ |
| ૬. | નગરપાલિકાઓ ચૂંટાયેલા કાઉન્સિલરોની બનશે. ... | ૫ |


(૩) સભ્યોની ચૂંટણી


| | | |
|---|---|---|
| ૭.કક | (કમી કરી છે .) | ૬ |
| ૭. | ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા નક્કી કરવા બાબત અને વોર્ડો નક્કી કરવા બાબત. | ૬ |
| ૮. | નગરપાલિકાઓ અને કાઉન્સિલરોની મુદત. | ૭ |
| ૮.ક | અણધાર્યા સંજોગોમાં નગરપાલિકાની સત્તા વાપરવા અધિકારીની નિમણુક કરવા બાબત. | ૭ |
| ૯. | દરેક વોર્ડના મતદારોની યાદી ... ... ... | ૭ |
| ૯.ક | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ખ | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ગ | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ઘ. | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ચ | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.છ. | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.જ. | [ કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ઝ. | [કમી કરી છે ] ... ... ... | ૭ |
| ૯.ટ. | [ કમી કરી છે ] ... ... ... | ૭ |

કલમો


૯.ક. [ કમી કરી છે ] ... ... ... ૭

૧૦. મત આપવાની અને ચૂંટાવાની લાયકાત ધરાવતી વ્યક્તિઓ ... ૭

૧૧. સભ્ય થવાની સામાન્ય ગેરલાયકાતો ... ... ... ૮

જગા ખાલી પડવા બાબત ... ... ... ...

તકરારની બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય ... ... ૧૦

૧૨. મતદારોની સામાન્ય ગેરલાયકાતો ... ... ... ૧૦

૧૩. મત આપવાનો હક ... ... ... ૧૦

૧૪. ચૂંટણીની માન્યતાનો નિર્ણય ... ... ... ...

(૫) (ક) ઉમેદવારે કરેલા ભ્રષ્ટાચરણ બાબત ઠરાવ ... ... ...

(ખ) મતની ચકાસણી અને બીજા દાખલામાં ઠરાવ ... ... ...

(૬) ભ્રષ્ટાચરણ એટલે શું ? ... ... ... ...

(૬) (ગ) ઉમેદવારોએ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ક્યારે ગણાશે. ... ...

(૭) માત્ર નિયમબાહ્યતા અને પધ્ધતિ બાહ્યતાને કારણે ચૂંટણી અમાન્ય નહિ થવા બાબત. ...

(૮) ભ્રષ્ટાચરણ કરનાર વ્યક્તિઓની ગેરલાયકાત ... ... ૧૨

૧૫. ભ્રષ્ટાચરણ માટે ગેરલાયક ઠરેલો મતદાર ... ... ...


(૪) ચૂંટણી અંગેના ગુના.


૧૬. મતદાન મથકમાં અથવા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ. ... ૧૨

૧૭. મતદાન મથકમાં અથવા તેની નજીક અવ્યવસ્થિત વર્તન બદલ શિક્ષા. ... ૧૩

૧૮. મતદાન મથકે દુર્વર્તન બદલ શિક્ષા ... ... ૧૩

૧૯. મતદાનની ગુપ્તતા જાળવવા બાબત ... ... ૧૩

૨૦. ચૂંટણીના અધિકારીઓ વગેરેએ ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર પ્રભાવ પડે એવું કાંઈ કરવું નહિ ... ... ... ૧૪

૨૧. ચૂંટણીના સંબંધમાં અધિકાર રૂએની ફરજનો ભંગ ... ... ૧૪

૨૨. મતદાન મથકેથી મતપત્ર લઈ જવા તે ગુનો ગણાશે. ... ... ૧૪

૨૩. બીજા ગુના અને તે બદલ શિક્ષા ... ... ૧૪

૨૪. અમુક ગુનાઓ સંબંધી ફરિયાદ ... ... ... ૧૫


(૫) ચૂંટણીઓ માટે જગાઓનું હંગામી સંપાદન.


૨૫. નગરપાલિકાની ચૂંટણીઓ માટે જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન કરવા બાબત ૧૫

૨૬. વળતર આપવા બાબત ... ... ... ૧૬

| | | |
|---|---|---|
| | માહિતી મેળવવાની સત્તા ... ... ... | ૧૬ |
| | હંગામી સંપાદિત કરેલી જગા ખાલી કરાવવા બાબત ... ... | ૧૬ |
| | હંગામી સંપાદનમાંથી જગા છૂટી કરવા બાબત ... ... | ૧૭ |
| | હંગામી સંપાદનને લગતા કોઈપણ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા ... | ૧૭ |


## પ્રકરણ ૩જું

### નગરપાલિકાના પ્રમુખ, ઉપ-પ્રમુખ, કાઉન્સિલર અને અધિકારીઓ અને કર્મચારીઓ

#### (૧) નગરપાલિકાઓના પ્રમુખો, ઉપ-પ્રમુખો અને સભ્યો સંબંધી જોગવાઈઓ.


| | | |
|---|---|---|
| ૧. | પ્રમુખ અને ઉપ-પ્રમુખ ... ... ... | ૧૭ |
| ૨. | પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી ... ... | ૧૭ |
| ૩. | પ્રમુખ અને ઉપ-પ્રમુખના હોદ્દાની મુદત ... ... | ૧૮ |
| ૪. | નિવૃત્ત થતા પ્રમુખ વગેરેને હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ ... | ૧૮ |
| ૩૫. | પ્રમુખ, ઉપ-પ્રમુખ અથવા સભ્યનું રાજીનામું ... ... | ૧૮ |
| ૩૬. | અવિશ્વાસનો પ્રસ્તાવ ... ... ... | ૧૮ |
| ૩૭. | હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત ... ... | ૧૯ |
| ૩૭-ક. | સભ્યની ત્યારપછીની ગેરલાયકાતને રાજીનામાથી અસર થશે નહિ ... | ૧૯ |
| ૩૮. | સભ્ય તરીકે ચાલુ રહેવાની અસમર્થતા ... ... | ૧૯ |
| ૩૯. | ગેરહાજર રહેવાની રજા ... ... ... | ૨૦ |
| ૪૦. | પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી મોકૂફ કરવા બાબત ... | ૨૦ |
| ૪૧. | અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા ... ... | ૨૦ |
| ૪૨. | ખાલી જગાઓ ભરવા બાબત ... ... ... | ૨૦ |
| ૪૩. | જગા ખાલી પડવાથી તેની કાર્યવાહીને અસર નહિ થવા બાબત ... | ૨૧ |


#### (૨) નગરપાલિકાનો વહીવટ, પ્રમુખ અથવા ઉપ-પ્રમુખના કાર્યો.


| | | |
|---|---|---|
| ૪૪. | (૧) નગરનો વહીવટ નગરપાલિકામાં નિહિત થશે ... ... | ૨૧ |
| | (૨) કારોબારી સત્તા મુખ્ય અધિકારીમાં નિહિત થશે ... ... | ૨૧ |
| ૪૫. | પ્રમુખનાં કાર્યો ... ... ... | ૨૨ |
| ૪૬. | ઉપપ્રમુખના કાર્યો | |


#### (૩) નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ.


| | | |
|---|---|---|
| ૪૭. | મુખ્ય અધિકારી, અને બીજા અધિકારીઓની નિમણૂક ... | ૨૨ |
| ૪૭-ક | નગરપાલિકા સેવાની રચના | ૨૩ |

| કલમો | | |
|---|---|---|
| ૪૮. | શિક્ષા કરવા બાબત | ૨૪ |
| ૪૯. | મુખ્ય અધિકારીની સત્તા અને ફરજો | ૨૫ |
| ૫૦. | નગરપાલિકાના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક ... | ૨૫ |
| ૫૦-ક. | પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં અનામત મૂકવા બાબત ... | ૨૫ |

પ્રકરણ ૪થું

કાર્ય સંચાલન

(૧) નગરપાલિકાની બેઠકો

| | | |
|---|---|---|
| ૫૧. | નગરપાલિકાની બેઠકો સંબંધી જોગવાઈઓ અને કાર્યરીતિ ... ... | ૨૫ |
| ૫૨. | મુખ્ય અધિકારીએ નગરપાલિકાની દરેક બેઠકમાં હાજર રહેવું, પણ કોઈ દરખાસ્ત ઉપર મત આપવો નહિ અથવા કોઈ દરખાસ્ત કરવી નહિ. ... ... | ૨૭ |

(૨) સમિતિઓ.

| | | |
|---|---|---|
| ૫૩. | (૧) કારોબારી સમિતિ ... ... ... | ૨૮ |
| | (૨) કારોબારી સમિતિની સત્તા ... ... ... | ... |
| ૫૪. | યાત્રાળુ સમિતિ ... ... ... | ૨૮ |
| ૫૫. | બીજી સમિતિઓ ... ... ... | ૨૮ |
| ૫૬. | મંત્રણા સમિતિઓ ... ... ... | ૨૯ |
| ૫૭. | સભ્યો સિવાયની વ્યક્તિઓ સમિતિમાં ક્યારે કામ કરી શકશે ... | ૨૯ |
| | આવી વ્યક્તિઓની ફરજો વગેરે. ... ... | ... |
| ૫૮. | પ્રસંગોપાત ખાલી પડેલી જગાઓ; ફરી પાત્ર થવા બાબત ... | ૨૯ |
| ૫૯. | (૧) હોદ્દાની રૂએના નિમાયેલા અધ્યક્ષ ... ... | ૨૯ |
| | (૩) અધ્યક્ષની ગેરહાજરી બાબત ... ... ... | ... |
| ૬૦. | (૧) બેઠકોની કાર્યરીતિ ... ... ... | ૨૯ |
| | (૨) સમિતિની બેઠકો તથા સભા મોકૂફી ... ... | ... |
| | (૩) કોરમ ... ... ... | ... |
| ૬૧. | (૧) પરિપત્ર દ્વારા કાર્યરીતિ ... ... | 30 |
| | (૨) દરખાસ્તો સરકારી અથવા પંચાયતના અધિકારીઓને શેરા માટે ક્યારે મોકલવી | ... |
| | (૩) ફેરવવામાં આવેલી દરખાસ્ત ઉપર કેવી રીતે નિર્ણય લેવો તે ... | ... |
| | (૪) અને કેવી રીતે નોંધવા જોઈશે ... ... ... | ... |

કલમો


૬૨. સમિતિઓ નગરપાલિકાના તાબા હેઠળ હોવા બાબત. ૩૦

૬૩. સત્તા, ફરજો અને કાર્યો અધિકારીઓને સોંપી શકાશે અને તેમનું ખર્ચ આપી શકાશે ૩૦

(૩) બીજા મંડળો સાથે સંયુક્ત વ્યવહાર.

૬૪. સ્થાનિક મંડળોની સંયુક્ત સમિતિઓ, ઓક્ટ્રોયની સંયુક્ત વસૂલાત ... ... ૩૦

(૪) કરાર.

૬૫. (૧) નગરપાલિકાને વેચવા, પટે આપવા તથા કરાર કરવાની સત્તા. ... ... ૩૧

(૩) અમુક કરારોની કાયદેસરતા માટે સામાન્ય બેઠકના ઠરાવ દ્વારા આપેલી મંજૂરી આવશ્યક છે. ...

(૪) નગરપાલિકા વતી કરારો કરવા બાબત ... ... ... ૩૨

૬૬. કરાર કરવાની રીત ... ... ... ... ૩૨

૬૭. જેમાં રૂપિયા ૫,૦૦૦ કરતાં વધારે ખર્ચ થાય તેવા કરારો માટે ટેન્ડરો મંગાવવા બાબત ... ૩૩

૬૮. કરાર પૂરો કરવા માટે ક્યારે તારણ લેવું. ... ... ...

(૫) ફરજિયાત જમીન સંપાદન.

૬૯. જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪નો આશ્રય લેવા બાબત ... ... ૩૩

(૬) સભ્યો, અધિકારીઓ અને નોકરોની જવાબદારીઓ.

૭૦. ગેરઉપયોગ માટે સભ્યોની જવાબદારી ... ... ... ૩૩

૭૧. નગરપાલિકાના અધિકારી અથવા નોકરનો એવી નગરપાલિકા સાથેના કરારમાં હિત-સંબંધ ન હોવા બાબત ... ... ... ... ૩૩

૭૨. નગરપાલિકા સાથેના કોઈ કરાર વગેરેમાં હિત ધરાવતા નગરપાલિકાના સભ્ય, અધિકારી અથવા નોકર માટે શિક્ષા. ... ... ... ... ૩૩

૭૩. સભ્યો વગેરે રાજ્ય સેવકો ગણાશે. ... ... ... ... ૩૪

(૭) કાર્યવાહીની કાયદેસરતા.

૭૪. (૧) નગરપાલિકા સમિતિના કાર્યો તથા કાર્યવાહી નગરપાલિકાના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દૂષિત નહિ થવા બાબત... ... ... ... ... ૩૪

(૨) કાર્યવાહી યોગ્ય અને માન્ય હોવાનું અનુમાન કરવા બાબત. ... ... ...

(૮) નગરપાલિકાના હિસાબો.

૭૫. હિસાબ રાખવા બાબત ... ... ... ... ૩૪

૭૬. અંદાજપત્ર, હિસાબો રજૂ કરવા બાબત ... ... ... ૩૪

૭૭. હિસાબોની તપાસણી ... ... ... ૩૫

૭૮. હિસાબો રાજ્ય સરકારને મોકલવા બાબત ... ... ... ૩૫

૭૯. હિસાબોની પ્રસિદ્ધિ ... ... ... ... ૩૫

કલમો

## પ્રકરણ ૫ મું.

### નગરપાલિકાની મિલકત અને ફંડ


| | | |
|---|---|---|
| ૮૦. | આ અધિનિયમના હેતુ માટે મિલકત સંપાદન કરવાની અને ધારણ કરવાની સત્તા ... ... | ૩૫ |
| ૮૧. | નગરપાલિકાએ અથવા નગરપાલિકા વિરુધ્ધ કરેલા મિલકતના દાવાનો નિર્ણય ... | ૩૬ |
| ૮૨. | નગરપાલિકા ફંડ<br>ખાસ ટ્રસ્ટ ... ... ... ... | ૩૬ |
| ૮૩. | નગરપાલિકાના મિલકત તથા ફંડનો ઉપયોગ નગરમાં તથા તેની બહાર કેવી રીતે કરવો તે બાબત | ૩૭ |
| ૮૪. | નગરપાલિકાની હદની બહારની વ્યક્તિને અથવા મિલકતને સરકારે અધિકાર આપ્યો હોય ત્યારે સેવાનો લાભ આપવાની નગરપાલિકાની સત્તા. ... ... ... | ૩૮ |
| ૮૫. | નગરપાલિકાએ તેની સેવા તેની હદની બહારના વિસ્તારમાં વિસ્તૃત કરવા બાબત. ... | ૩૮ |
| ૮૬. | નાણાં અનામત મૂકવા બાબત અને વધારાના નાણાનું રોકાણ બાબત ... ... | ૩૯ |


## પ્રકરણ ૬ઠ્ઠું.

### નગરપાલિકાઓના કાર્યો


| | | |
|---|---|---|
| ૮૭. | નગરપાલિકાઓની ફરજો ... ... ... ... | ૩૯ |
| ૮૮. | ગરીબ વ્યક્તિઓ માટે હડકવા વિરોધી ઉપચાર કરવા માટેનો પ્રબંધ ... ... | ૪૦ |
| ૮૯. | પાગલ માણસો અને રક્તપિત્તિઆઓ માટે પ્રબંધ ... ... ... | ૪૧ |
| ૯૦. | નળીઓ દ્વારા પૂરા પાડવામાં આવતા પાણીનું પૃથક્કરણ અને નિરીક્ષણ ... ... | ૪૧ |
| ૯૧. | સ્વવિવેક અનુસારના કાર્યો ... ... ... ... | ૪૧ |
| ૯૨. | જે ગોઠવણો કાયમને માટે અથવા થોડા વર્ગોને માટે બંધનકર્તા હોવાનું અભિપ્રેત હોય તેવી ગોઠવણો બાબત ... ... ... ... | ૪૪ |


## પ્રકરણ ૭મું.

### કેટલાક કાર્યો સોંપવા સંબંધી જોગવાઈઓ

(ક) જમીન મહેસૂલ અધિનિયમ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાયદા અન્વયે જમીન મહેસૂલ અને ઉપકર વસૂલ કરવાને લગતાં કાર્યોની સોંપણી.


| | | |
|---|---|---|
| ૯૩. | નગરપાલિકાઓએ જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત ... ... | ૪૪ |
| ૯૪. | નગરપાલિકાઓની જવાબદારીઓ ... ... ... ... | ૪૪ |
| ૯૫. | જમીન મહેસૂલની ઉઘરાણી માટેની સત્તા અને ફરજો નગરપાલિકાને આપવા બાબત. ... | ૪૪ |
| ૯૬. | જમીન મહેસૂલ વસૂલ કરવાના રાજ્ય સરકારના હકને અસર ન થવા બાબત | |
| ૯૭. | નગરપાલિકાની સત્તા તહકુબ રાખવામાં આવ્યેથી કલેકટરે અધિકારીની નિમણૂંક કરવા બાબત. | ૪૪ |


(ખ) રાજ્ય સરકારના કાર્યોની સોંપણી.


| | | |
|---|---|---|
| ૯૮. | નગરપાલિકાઓને રાજ્ય સરકારનાં કાર્યોની સોંપણી ... ... | ૪૫ |

કલમો. **પ્રકરણ ૭ક.**

**રાજ્ય સરકારે વેરો નાંખવા બાબત**


| | | |
|---|---|---|
| ૯૮-ક. | જમીન મહેસૂલના દરેક રૂપિયા ઉપર પચાસ પૈસાનો ઉપ-કર નાંખવા બાબત. ... ... | ૪૫ |
| ૯૮-ખ. | પીયાવા ઉપર ઉપ-કર નાંખવા બાબત. ... ... ... ... | ૪૬ |
| ૯૮-ગ. | કલમ ૯૮-કમાં વર્ણવેલો ઉપ-કર લેવાની રીત. ... ... ... | ૪૬ |
| ૯૮-ઘ. | કલમ ૯૮-ખમાં વર્ણવેલો ઉપ-કર લેવાની રીત. ... ... ... | ૪૬ |
| ૯૮-ચ. | જમીન મહેસૂલ અને પીયાવા ઉપરના સ્થાનિક ઉપ-કરની વસૂલાત અને તે જમા કરવા બાબત. ... | ૪૬ |
| ૯૮-છ. | સ્થાનિક ઉપ-કર મુલતવી રાખવા અને માફ કરવા બાબત. ... ... ... | ૪૬ |


**પ્રકરણ ૮ મું.**

**નગરપાલિકાના કરવેરા**

**(૧) કરો નાંખવા બાબત**


| | | |
|---|---|---|
| ૯૯. | કયા કર નાખી શકાય. ... ... ... ... | ૪૬ |
| ૧૦૦. | સરકારે અથવા લાગતી વળગતી જિલ્લા પંચાયતે અથવા તાલુકા પંચાયતે ઈમારત ઉપરના કરને બદલે નગરપાલિકાને નાણાં આપવા બાબત... ... ... ... ... | ૪૮ |
| ૧૦૧. | કર નાંખતા પહેલાં અનુસરવાની કાર્યરીતિ ... ... ... | ૪૮ |
| ૧૦૨. | મંજૂર કરવી, ફેરવવી અને શરતો નાખવાની સત્તા. ... ... ... | ૪૯ |
| ૧૦૩. | મંજૂર કરેલા નિયમોની નોટિસ સાથે પ્રસિધ્ધિ ... ... ... | ૪૯ |
| ૧૦૪. | રાજ્ય સરકારે નગરપાલિકાને કર લેવાની અથવા કરની રકમ અથવા દરમાં ફેરફાર કરવાની સત્તા આપવા બાબત ... ... ... ... | ૪૯ |


**(૨) ઈમારતો અથવા જમીનો ઉપરના કરની આકારણી તથા તેવા કર માટેની પાત્રતા.**


| | | |
|---|---|---|
| ૧૦૫. | (૧) આકારણીની યાદી તૈયાર કરવા બાબત ... ... ... | ૫૦ |
| | (૩) નિરીક્ષણ કરવાની તથા પત્રકો માગવાની સત્તા. ... ... ... | |
| ૧૦૬. | (૧) ઈમારત અથવા જમીન પરના અથવા બંને પરના કર માટે પ્રથમ જવાબદાર બનનાર વ્યકિતનું નામ નક્કી ન કરી શકાય તો તેને નામોદિષ્ટ કેવી રીતે કરવી. ... ... | ૫૦ |
| | (૨) માહિતી આપે નહિ ત્યાં સુધી ઈમારતો અથવા જમીનો અથવા બંને ઉપરના કર માટે ભોગવટો કરનાર જવાબદાર રહેશે. ... ... ... ... | |
| ૧૦૭. | આકારણીની યાદીની નોટિસ પ્રસિધ્ધ કરવા બાબત ... ... ... | ૫૧ |
| ૧૦૮. | (૧) વાંધાઓ રજુ કરવા માટે નક્કી કરેલા વખતની જાહેર નોટિસ ... ... | ૫૧ |
| | (૨) વાંધાઓ કેવી રીતે રજુ કરવા ... ... ... ... | |
| | (૩) વાંધાઓની સુનાવણી ... ... ... ... ... | |

કલમો.


(૪) યાદીનું પ્રમાણિકરણ ... ... ... ... ...

(૫) યાદીનો હવાલો અને તે જોવા બાબત... ... ... ...

(૬) પ્રમાણિત કરેલું પત્રક કેટલે અંશે નિર્ણાયક છે તે બાબત ... ...

૧૦૯. (૧) આકારણીની યાદીનો સુધારો, નવી ઈમારતોની નોટિસ ... ... ... ૫૨

(૨) વાંધા અંગે કેવી રીતે કાર્યવાહી કરવી. ... ... ...

(૩) સુધારાનો અમલ. ... ... ... ...

૧૧૦. કોઈ ઈમારતને તોડી નાખવામાં અથવા પાડી નાંખવામાં આવ્યાની કારોબારી સમિતિને નોટિસ આપવા બાબત ... ... ... ... ૫૨

૧૧૧. નવી આકારણીની યાદી દર વર્ષે તૈયાર કરવાની જરૂર નથી. ... ... ... ૫૨

૧૧૨. નગરપાલિકા કસૂર કરે ત્યારે યાદી પ્રમાણિત કરવા વ્યક્તિઓને નીમવાની રાજ્ય સરકારની સત્તા ... ૫૩

૧૧૩. કર પ્રથમતઃ કોની પાસેથી વસૂલ કરી શકાય ... ... ... ૫૩

૧૧૪. (૧) ખાલી રહેલી ઈમારત અથવા જમીનની બાબતમાં કરની માફી : એવી માફી ક્યારે અવશ્ય આપવી જોઈએ તે બાબત ... ... ... ... ૫૪

(૪) પુરાવાનો બોજો દાવેદાર ઉપર રહેશે ... ... ...

(૫) સ્પષ્ટીકરણ આપતો ખંડ ... ... ... ...

૧૧૫. ઈમારત અથવા જમીન ઉપરનો કર આપવાને પ્રથમતઃ જવાબદાર હોય તેવી વ્યકિતના ઈલાખાની તમામ તબદીલીઓની નોટિસ મુખ્ય અધિકારીને આપવી. ... ... ... ૫૫

૧૧૬. નોટિસનો નમૂનો ... ... ... ... ... ૫૫

૧૧૭. તબદીલીની કોઈ નોટિસના અભાવે ઈમારત અથવા જમીન ઉપરના અથવા બંનેના કર આપવાની જવાબદારી ચાલુ રહેવા બાબત. ... ... ... ... ૫૫

(૩) ફી લેવાની સત્તા.

૧૧૮. (૧) અમુક લાઈસન્સો માટે ફી લઈ શકાશે ... ... ... ૫૫

(૨) અનધિકૃત ભોગવટા અથવા બહાર નીકળી આવતા ભાગ માટે ફી વસૂલ કરવા બાબત ...

(૩) બજાર બાબતની તથા બીજી ફી ... ... ... ...

(૪) અમુક કરોના સંબંધમાં ખાસ જોગવાઈઓ.

૧૧૯. (૧) પૂરા પાડેલા પાણી માટેના કરને બદલે નક્કી કરેલા ચાર્જ તથા પૈસા આપવાની કબૂલાતો ૫૬

(૨) ખાસ સફાઈ ઉપ-કરને બદલે ખાસ પટ્ટી નક્કી કરવાની સત્તા. ... ...

(૩) વાહનો અથવા વસ્તુઓ ઉપરના કર બદલ તોડજોડ કરવાની સત્તા. ... ...

(૪) આ કલમ અન્વયે માગવામાં આવતી રકમોની વસૂલાત. ... ...

૧૨૦. યાત્રિકો ઉપરના કરનો કાંઈક ભાગ પંચાયતો માટે મુકરર કરી શકાશે... ... ... ૫૭

| કલમો | (૫) ઓકટ્રોય અને ટોલ. | |
|---|---|---|
| ૧૨૧. | ઓકટ્રોય ભર્યા સિવાય પ્રવેશ થતો અટકાવવા માટે અસરકારક પગલાં લેવાની સત્તા. ... | ૫૭ |
| ૧૨૨. | ઓકટ્રોય નાંખવા માટેની દરખાસ્ત સાથે ઓકટ્રોય ઉપ-નિયમો સાદર કરવા બાબત ... | ૫૭ |
| ૧૨૩. | (૧) ઓકટ્રોયપાત્ર ચીજો તપાસવાની સત્તા. ... ... ... | ૫૭ |
| | (૨) ઓકટ્રોય લઈ શકાય એમ હોય તે પ્રસંગે ઝડતી લેવાની સત્તા. ... ... | ૫૮ |
| ૧૨૪. | ઓકટ્રોય બદલ બિલ આપવા બાબત ... ... ... ... | ૫૮ |
| ૧૨૫. | ઓકટ્રોય ભરવાનું ટાળવા બદલ શિક્ષા ... ... ... ... | ૫૮ |
| ૧૨૬. | ટોલનાં કોષ્ટકો માગવામાં આવે એટલે બતાવવાં ... ... ... | ૫૮ |
| ૧૨૭. | (૧) ઓકટ્રોય અથવા ટોલ ભરવામાં ન આવે તો વાહન અથવા પશુ અથવા માલ પકડવાની સત્તા. ... ... ... ... ... | |
| | (૨) પકડેલી મિલકત તરતોતરત વેચી દેવાની સત્તા ... ... ... | |
| | (૩) રકમ ભર્યે મિલકત છૂટી કરવી ... ... ... ... | |
| | (૪) વેચાણ ... ... ... ... ... | |
| | (૫) વધેલી રકમની વ્યવસ્થા કેવી રીતે કરવી ... ... ... | |
| ૧૨૮. | કોઈ વ્યકિત અથવા પેઢી અથવા સાર્વજનિક મંડળ પાસેથી માલ હદમાં લાવતી વખતે ઓકટ્રોય વસૂલ કરવાને બદલે તેની સાથે ચાલુ ખાતું રાખવાની સત્તા. ... ... | ૫૯ |
| ૧૨૯. | એક સાર્વજનિક મંડળે બીજા સાર્વજનિક મંડળો વતી ઓકટ્રોય વસૂલ કરવા બાબત ... | ૫૯ |
| ૧૨૯-ક. | ઓકટ્રોય ઉઘરાવવા બાબત. ... ... ... ... | ૫૯ |
| | **(૬) નગરપાલિકાના કરના સંબંધમાં રાજ્ય સરકારની સત્તા.** | |
| ૧૩૦. | વાંધાપાત્ર યોગ્ય કર લેવાનું મોકૂફ રાખવાની રાજ્ય સરકારની સત્તા ... ... | ૫૯ |
| ૧૩૧. | નગરપાલિકાને કર નાખવાનું ફરમાવવાની રાજ્ય સરકારની સત્તા. ... ... | ૬૦ |
| | **પ્રકરણ ૯ મું.** | |
| | **નગરપાલિકાના માંગણાંની વસૂલાત** | |
| ૧૩૨. | (૧) કર માટે બિલ આપવા બાબત ... ... ... ... | ૬૦ |
| | (૨) બીલમાં કેવી વિગત હોવી જોઈશે. ... ... ... | |
| ૧૩૩. | (૧) નગરપાલિકાની લહેણી રકમની વસૂલાત માટેનાં સખતાઈના પગલાં. ... ... | ૬૧ |
| | (૩) વોરંટ કોને મોકલવું. ... ... ... | |
| | (૪) ખાસ હુકમ અન્વયે દાખલ થવાની સત્તા. ... ... ... | |
| | (૫) વોરંટ કેવી રીતે બજાવવું. ... ... ... ... | |

કલમો.


| | | |
|---|---|---|
| ૧૩૪. | (૧) ખાસ દાખલામાં ટાંચમાં લીધેલા માલનું વેચાણ. ... ... ... | ૬૨ |
| | (૨) ટાંચમાં લીધેલી અથવા જપ્તીમાં લીધેલી મિલકતનું વેચાણ; વેચાણની ઉપજનો ઉપયોગ ... | |
| | (૫) કંઈપણ રકમ વધી હોય તો તેની વ્યવસ્થા કેવી રીતે કરવી. ... ... | |
| ૧૩૫. | નગરની બહાર વેચાણ... ... ... ... ... | ૬૩ |
| ૧૩૬. | લેવાની ફી તથા ખર્ચ. ... ... ... ... | ૬૩ |
| ૧૩૭. | નગર છોડી જવાની તૈયારીમાં હોય એવી વ્યકિતઓ સામે સંક્ષિપ્ત કાર્યવાહી થઈ શકશે ... | ૬૩ |
| ૧૩૮. | મેજિસ્ટ્રેટોને અપીલ. ... ... ... ... | ૬૩ |
| ૧૩૯. | આકારણીની યાદીમાંની નોંધો અને કરો અને નિર્ણયો છેવટના હોવા બાબત ... ... | ૬૩ |
| ૧૪૦. | જમીનો, ઈમારતો વગેરેનો કર માટેની પાત્રતા. ... ... ... ... | ૬૪ |
| ૧૪૧. | ભરેલી તમામ રકમો બદલ પહોંચ આપવી. ... ... ... | ૬૪ |
| ૧૪૨. | અમુક રકમો જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી. ... ... ... | ૬૪ |


પ્રકરણ ૯—ક.

નાણા આયોગ


| | | |
|---|---|---|
| ૧૪૨ક. | નાણા આયોગ. ... ... ... ... | ૬૪ |


પ્રકરણ ૧૦મું.

નગરપાલિકાઓને આર્થિક સહાય


| | | |
|---|---|---|
| ૧૪૩. | જમીન મહેસૂલ વગેરે ઉઘરાવવાના ખર્ચના સંબંધમાં આપવાના વળતર બાબત. ... ... | ૬૫ |
| ૧૪૪. | ગ્રાન્ટ આપવાની સરકારની સત્તા. ... ... ... ... | ૬૫ |
| ૧૪૫. | ગ્રાન્ટની શરત. ... ... ... ... | ૬૫ |


પ્રકરણ ૧૧મું.

નગરપાલિકાની સત્તા અને નગરપાલિકા સંબંધી ગુના.

(૧) રસ્તા સંબંધી સત્તા.


| | | |
|---|---|---|
| ૧૪૬. | (૧) સાર્વજનિક રસ્તા બાબતની સત્તા. ... ... ... ... | ૬૫ |
| | (૨) રસ્તો બનાવવા માટે બાજુની જમીન સંપાદન કરવા બાબત ... ... | ૬૬ |
| ૧૪૭. | (૧) ખાનગી રસ્તાની મરામત વગેરે કરવાનું ફરમાવવાની સત્તા. ... ... | |
| | (૨) અને આવા રસ્તાને સાર્વજનિક જાહેર કરવા બાબત. ... ... ... | |
| | (૩) કસૂરના પ્રસંગે ખર્ચની ફાળવણી. ... ... ... ... | |
| ૧૪૮. | માલિકોના વાંધાને અધીન રહીને કોઈપણ રસ્તાને સાર્વજનિક રસ્તો જાહેર કરવાની સત્તા. ... | ૬૬ |
| ૧૪૯. | (૧) નવા ખાનગી રસ્તા. ... ... ... ... | ૬૬ |
| | (૨) વચગાળાના હુકમો કરવાની નગરપાલિકાની સત્તા. ... ... ... | |
| | (૩) અમુક કિસ્સામાં કામ આગળ કરવાનો હક... ... ... ... | |
| | (૪) શિક્ષા. ... ... ... ... ... | |

કલમો.

૧૫૦. સાર્વજનિક રસ્તાની સીધી લીટી ... ... ... ... ૬૭

**(૨) ઈમારતો વગેરેનું નિયમન કરવાની સત્તા.**

૧૫૧. (૧) બહાર નીકળી આવતી ઈમારત પાછી હઠાવવા બાબત ... ... ... ૬૮

(૨) રસ્તાની સીધી લીટી અંદર હોય તથા ખુલ્લો હોય અથવા જેના ઉપર માત્ર ચોતરો વગેરે હોય તેવી જમીન સંપાદન કરવા બાબત ... ... ... ...

(૩) નગરપાલિકાએ આપવાનું વળતર ... ... ...

૧૫૨. રસ્તાની સીધી લીટી સુધી ઈમારત આગળ લાવવા બાબત ... ... ... ૬૯

૧૫૩. (૧) ઈમારતનાં છાપરાં તથા બહારની ભીંતો જ્વાલાગ્રાહી પદાર્થોનાં બનાવવાં નહિ ... ... ૬૯

(૨) છાપરાં અથવા ભીંતો જ્વાલાગ્રાહી હોય, તો તે કાઢી નાખવાનું ફરમાન કરવાની સત્તા ...

(૪) શિક્ષા ... ... ... ... ...

૧૫૪. ઈમારતોની સપાટી ... ... ... ... ... ૬૯

૧૫૫. (૧) નવી ઈમારતોની નોટિસ ... ... ... ... ૬૯

(૨) મુખ્ય અધિકારીની હુકમ કરવાની સત્તા ... ... ...

(૪) કામ મોકુફ રાખવાની અથવા વધુ વિગત માગવાની સત્તા ... ...

(૫) અમુક પ્રસંગોએ કામ આગળ કરવાનો હક ... ... ...

(૬) કામની શરૂઆત ... ... ... ...

૧૫૬. પરવાનગી આપવાની ના પાડવાની નગરપાલિકાની સત્તા. ... ... ... ૭૧

૧૫૭. કામ પૂરું થયા બાબતનું પ્રમાણપત્ર ; ભોગવટો કરવાની અથવા વાપરવાની પરવાનગી ... ૭૨

૧૫૮. ઝૂંપડાંનું નિયમન ... ... ... ... ૭૩

૧૫૯. ઝૂંપડાંનો સુધારો ... ... ... ... ૭૩

**(૩) પાણીના નિકાલ વગેરેને લગતી સત્તા.**

૧૬૦. મોરીઓ વગેરે પર નગરપાલિકાનું નિયંત્રણ ... ... ... ૭૩

૧૬૧. મોરીઓ કરવા અથવા તેની મરામત કરવા માટેની સત્તા. ... ... ૭૪

૧૬૨. ઘરના પાણીનો પૂરતો નિકાલ થાય તેમ કરવાનું ફરમાવવાની સત્તા ... ... ૭૪

૧૬૩. મોરીઓ સિવાય નવી ઈમારતો ઉભી કરવી નહિ. ... ... ... ૭૪

૧૬૪. ઈમારતો અથવા જમીનોના માલિકોની તથા ભોગવટો કરનારાઓની પોતાની મોરીનું પાણી નગરપાલિકાની મોરીમાં પહેલવડાવવાની સત્તા. ... ... ... ... ૭૫

કલમો.


૧૬૫. બીજી વ્યકિતઓની માલિકીની જમીનમાંથી અથવા મોરીમાં મોરી લઈ જવાનો હક ... ૭૫

૧૬૬. જે જમીનમાંથી થઈને મોરી લઈ જવામાં આવે તે જમીનના માલિકને તે જમીન પર પછીથી ઈમારત બાંધવાનો હક. ... ... ... ... ... ૭૬

૧૬૭. જાજરૂઓ વગેરેનો પ્રબંધ કરવા બાબત. ... ... ... ... ૭૬

૧૬૭-ક. વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે માલિકને ફરમાવવાની મુખ્ય અધિકારીની સત્તા. ... ૭૬

૧૬૮. માલિકને મોરીઓ વગેરે સારી સ્થિતિમાં રાખવાનું અથવા જાજરૂ અથવા ખાળકૂવા તોડી નાખવાનું અથવા બંધ કરવાનું ફરમાવવાની સત્તા. ... ... ... ૭૭

૧૬૯. અસ્તિત્વમાં હોય તેવી ખાનગી મોરીઓ બંધ કરાવવાની સત્તા. ... ... ૭૭

૧૭૦. અનધિકૃત રીતે બાંધેલી, ફરી બાંધેલી અથવા ઉઘાડેલી ગટરો વગેરે સંબંધમાં સત્તા ... ૭૭

૧૭૧. નગરપાલિકાની મોરીઓ પરના દબાણ બાબત ... ... ... ૭૮

૧૭૨. (૧) મોરીઓ વગેરેની તપાસણી ... ... ... ... ૭૮

(૨) તપાસણીનું ખર્ચ નગરપાલિકાએ કયારે ભોગવવું ... ... ...

૧૭૩. આ પેટા-પ્રકરણ અન્વયેના અમુક કામો કરવાની લાગતી વળગતી વ્યકિતને છૂટ આપ્યા સિવાય કારોબારી સમિતિ તે કરી શકે તે બાબત ... ... ... ... ૭૮

આવા પ્રસંગે ખર્ચ કોણે આપવું તે બાબત ... ... ...

૧૭૪. નગરપાલિકાએ બાંધેલી નળીઓ વગેરે નગરપાલિકાની મિલકત થવા બાબત ... — ૭૮


**(૪) પાણી પુરવઠા સંબંધી સત્તા.**


૧૭૫. પાણીની મુખ્ય પાઈપો લઈ જવાની સત્તા ... ... ... ૭૮


**(૫) બહારના બાંધકામ વગેરે સંબંધી સત્તા.**


૧૭૬. (૧) અમુક બહાર નીકળી આવતા ભાગો માટે પરવાનગી જરૂરી હોવા બાબત ... ૭૯

(૪) બહાર નીકળી આવતા ભાગો કાઢી નાખવા બાબત. ... ... ...

૧૭૭. વરસાદના પાણી સારું પરનાળ તથા પાઈપો ... ... ... ૭૯

૧૭૮. ઘરોને દીવા, ખૂણિયા વગેરે જડવા બાબત ... ... ... ૮૦

૧૭૯. રસ્તાના નામ પાડવા તથા જગાઓને ક્રમાંક આપવા બાબત. ... ... ૮૦

વિરૂપ કરવા વગેરે બદલ શિક્ષા ... ... ... ... ૮૦

૧૮૦. ઈમારત વગેરેને વિરૂપ કરવા બદલ શિક્ષા. ... ... ... ૮૦

૧૮૧. વાડ, ઝાડ, વગેરે કાઢી નાખવા તથા ઝારવા બાબત ... ... ... ૮૧


**(૬) જાહેર આરોગ્ય, સુરક્ષિતતા અને સગવડ વધારવાની સત્તા.**


૧૮૨. (૧) જીર્ણ અથવા જોખમકારક ઈમારતો, સાવચેતીઓના પગલાં ... ...

(૨) માલિકે અથવા ભોગવટો કરનારે મરામત કરાવવા બાબત ; આવો માલિક અથવા ભોગવટો કરનાર કસુર કરે ત્યારે શું કરવું ... ... ...

કલમો

૧૮૩. (૧) જોખમકારક બાંધિયાર અથવા આરોગ્યને હાનિ કરે એવાં પાણી પુરવઠા સાધનો સંબંધી સત્તા અને ફરજો ... ... ... ... ૮૧

(૨) કાઢેલા આદેશોના અપાલનને પ્રસંગે ઈલાજ ... ... ...

૧૮૪. ફરસબંધી વગેરે કાઢી નાખવાનામાં આવે તે બાબત ... ૮૨

૧૮૫. સાર્વજનિક રસ્તા અને ખુલ્લી જગાઓ પર હરકત અને દબાણ ... ... ૮૨

૧૮૬. મરામત વગેરે કરતી વખતે આંતરા ઉભા કરવા બાબત ... ... ... ૮૩

૧૮૭. મરામત વગેરે કરતી વખતે વાડ અને દીવાબત્તી કરવા બાબત ... ... ૮૩

૧૮૮. પરવાનગી સિવાય રસ્તામાં ઈમારતી લાકડું મૂકવું નહિ અથવા ખાડો ખોદવો નહિ ... ૮૩

૧૮૯. પથ્થરની ખાણનું જોખમકારક ખોદકામ ... ... ... ૮૩

૧૯૦. કૂતરાં બાબત જોગવાઈ ... ... ... ... ૮૪

૧૯૧. ડુક્કરો રાખવા બાબત જોગવાઈ ... ... ... ... ૮૪

(૭) ત્રાસદાયક કૃત્યો અટકાવવા માટેની સત્તા.

૧૯૨. કચરો વગેરે નાખવામાં આવે તે બાબત; ત્રાસદાયક કૃત્ય કરવામાં આવે તે બાબત ... ૮૪

૧૯૩. ગટરો વગેરેમાંનું પાણી કાઢવા દેવામાં આવે તે બાબત ... ... ... ૮૫

૧૯૪. ગંદવાડ વગેરે કાઢવામાં ન આવે તે બાબત ... ... ... ૮૫

૧૯૫. મળમૂત્ર કાઢી લઈ જવા બાબત ... ... ... ... ૮૫

૧૯૬. (૧) ગલીચ ઈમારતો વગેરે ... ... ... ... ૮૫

(૨) ઉજ્જડ તથા ત્રાસદાયક ઈમારતો ... ... ... ...

૧૯૭. માનવ વસવાટ માટે અયોગ્ય હોય તેવી ઈમારતો અથવા ઈમારતોના ઓરડા ... ... ૮૬

૧૯૮. ઈમારતોમાં દાખલ થવા તથા તેની ચકાસણી કરવા વગેરે બાબતની સત્તા ... ... ૮૬

૧૯૯. નાહવાની જગાઓ ... ... ... ... ... ૮૬

૨૦૦. (૧) ધોબીઓ કપડાં ધૂએ તેનું નિયમન કરવા બાબત ... ... ... ૮૭

(૨) કારોબારી સમિતિએ ધોબીઓ માટે ધોવાની જગાઓનો પ્રબંધ કરવા બાબત ... ...

૨૦૧. પાણી ખરાબ કરવામાં આવે તે બાબત ... ... ... ... ૮૭

૨૦૨. કૂવા વગેરેથી થતું ત્રાસદાયક કૃત્ય ઓછું કરવા બાબત ... ... ... ૮૭

૨૦૩. દુર્ગંધ મારતું ખાતર વગેરે વાપરવામાં આવે તે બાબત ... ... ... ૮૭

૨૦૪. ઢોર વગેરે બાંધવામાં આવે તે બાબત ... ... ... ... ૮૮

૨૦૫. પશુઓને ગંદવાડ ખવડાવવામાં આવે તે બાબત ... ... ... ૮૮

૨૦૬. ધુમાડાનો નાશ કરવા બાબત ... ... ... ... ૮૮

કલમો

(૮) બજારો, ખોરાકની ચીજોનાં વેચાણ વગેરેનું નિયમન


૨૦૭. બજારો અને કતલખાનાં સંબંધી લાઈસન્સ આપવા બાબત ... ... ... ૮૮

૨૦૮. બજારો તથા કતલખાનાં ખોલવા, બંધ કરવા તથા ભાડે આપવા બાબત ... ... ૮૮

૨૦૯. નગરપાલિકાનાં બજારોમાંથી વ્યક્તિઓને કાઢી મૂકવાની સત્તા ... ... ... ૮૯

૨૧૦. નગરપાલિકા હદની બહારનાં કતલખાનાં વગેરે ... ... ... ૮૯

૨૧૧. (૧) આરોગ્યને હાનિ કરે એવી ચીજો માટે ઝડતી અને તપાસણી ... ... ૮૯

(૨) સમન્સ માટેની અરજી વાજબી વખતમાં કરવામાં આવી ન હોય તો તે નામંજૂર કરવી ...

૨૧૨. વજન તથા માપ વગેરેની તપાસણી કરવાની સત્તા ... ... ... ૮૯

(૯) દુગ્ધાલયો તથા ઢોરનાં છાપરાનું નિયમન.

૨૧૩. દુગ્ધાલય માટે લાઈસન્સ આપવા બાબત ... ... ... ૯૦

(૧૦) ભયંકર રોગો અટકાવવા બાબત.

૨૧૪. રોગ અટકાવવા માટે કોઈપણ વખતે આપી શકાય તેવી સત્તા ... ... ૯૦

૨૧૫. ભયંકર રોગ ફાટી નીકળવાની ધાસ્તી હોય અથવા ખરેખર ફાટી નીકળ્યો હોય ત્યારે નગરપાલિકાની ફરજો ૯૨

૨૧૬. સત્તા અને હુકમો પાછા ખેંચી લેવા તથા તેમાં ફેરફાર કરવા બાબત ... ... ૯૨

૨૧૭. ઢોરમાં રોગ થાય તેના સંબંધમાં નગરપાલિકાની ફરજો ... ... ... ૯૩

૨૧૮. ઈમારતોની અંદરની ભીડ ઓછી કરવા માટેની કાર્યવાહી ... ... ... ૯૩

૨૧૯. ભીડવાળા વિસ્તારના સંબંધમાં રાજ્ય સરકાર આપી શકે તેવી ખાસ સત્તા. ... ... ૯૩

૨૨૦. મુડદાંના નિકાલ માટે જગાઓ બંધ કરવા બાબત. ... ... ... ૯૪

(૧૧) અમુક વેપાર તથા ધંધાથી થતાં ત્રાસદાયક કૃત્યો.

૨૨૧. અમુક વેપારનું નિયમન ... ... ... ૯૫

૨૨૨. વરાળથી વાગતી સીટી વગેરે વાપરવા પર પ્રતિબંધ ... ... ... ૯૬

૨૨૩. વેશ્યાવૃત્તિના હેતુ માટે ભટકવું અથવા અત્યાગ્રહ કરવો ... ... ... ૯૬

(૧૨) યાત્રિકો માટેના નિવાસગૃહોનું નિયમન

૨૨૪. યાત્રિકો માટેનાં નિવાસ ગૃહો ... ... ... ... ૯૬

(૧૩) આગના પ્રસંગે સત્તા.

૨૨૫. અગ્નિશામક દળોને પોલીસ અને નગરપાલિકાના અધિકારીને મદદ કરવા બાબત ... ૯૭

(૧૪) નોટિસો, સમન્સ વગેરેને બજવણી, તેમના અપાલનના પ્રસંગે શિક્ષા અને કસૂરના પ્રસંગે કામ કરાવી લેવા બાબત. ... ... ...

૨૨૬. (૧) વ્યક્તિઓના નામની નોટિસ વગેરેની બજવણી ... ... ... ૯૭

કલમો.

(૨) ઈમારતો અને જમીનોના માલિકો અથવા ભોગવટો કરનારાઓ ઉપર નોટિસો બજવણી ...

(૩) જાહેર અને સામાન્ય નોટિસો કેવી રીતે પ્રસિધ્ધ કરવી ... ...

(૪) નમૂનાની ખામીને કારણે નોટિસ અમાન્ય નહિ થવા બાબત ... ...

(૫) કોઈ નોટિસથી ફરમાવેલાં કાર્યો કરવા બાબત ... ... ...

૨૨૭. બીજી કોઈપણ કલમ અન્વયે શિક્ષાપાત્ર ન હોય એવા હુકમ અને નોટિસની અવજ્ઞા બદલ શિક્ષા ૯૮

૨૨૮. સામાન્ય શિક્ષા ... ... ... ... ... ૯૮

૨૨૯ (૧) માલિક અથવા ભોગવટો કરનાર કસૂર કરે ત્યારે નગરપાલિકા કામો કરી શકે તથા ખર્ચ વસૂલ કરી શકે તે બાબત ... ... ... ... ૯૮

(ક) પાણીના નિકાલ માટેના સાધનો તથા પાણીનાં જોડાણો કરવા માટેની કબૂલાત ...

(ખ) સુધારણા ખર્ચ ... ... ... ...

(૨) ભોગવટો કરનાર પાસેથી ખર્ચ વસૂલ કરવાની સત્તા અને ભોગવટો કરનાર ભાડામાંથી રકમ કાપી લઈ શકે તે બાબત ... ... ... ...

(૩) ભોગવટો કરનારાઓ લેણી થયેલી રકમ કરતા વધારે રકમ આપવાને જવાબદાર થશે નહિ

૨૩૦. માલિક કામ કરવામાં કસૂર કરે તો ભોગવટો કરનાર તે કામ કરી શકશે તથા ખર્ચની રકમ ભાડામાંથી કાપી લઈ શકશે. ... ... ... ... ૯૯

૨૩૧. આ અધિનિયમ અમલમાં લાવવાના કામમાં કોઈ ભોગવટો કરનાર હરકત કરે તો કરવાની કાર્યવાહી ૯૯

૨૩૨. માલિકો તરીકે ગણોત અથવા ભાડું લેનાર વ્યકિતઓની જવાબદારી નાણાંની પ્રાપ્યતાને અધીન હોવા બાબત ... ... ... ... ...૨૨૨ ૯૯

## પ્રકરણ ૧૨મું.

### નગરપાલિકાની માલિકીની જગા, વ્યકિતઓ પાસેથી ખાલી કરાવવાની સત્તા

૨૩૩. [ રદ કરી ] ૧૦૦

૨૩૪. [ રદ કરી] ૧૦૦

૨૩૫. [ રદ કરી ] ૧૦૦

૨૩૬. [ રદ કરી ] ૧૦૦

૨૩૭. [ રદ કરી ] ૧૦૦

## પ્રકરણ ૧૩ મું.

### ઢોર પૂરવાના ડબ્બા.

૨૩૮. ઢોર અતિક્રમણ અધિનિયમ લાગુ પડતો બંધ થવા બાબત ... ... ... ૧૦૦

૨૩૯. ઢોર પૂરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બાવાળાઓને નીમવાની સત્તા ૧૦૦

૨૪૦. ઢોરને રસ્તા પર રખડવા દેવા માટે અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દેવા માટે શિક્ષા ... ... ... ... ... ૧૦૦

કલમો.

૨૪૧. ઢોર પૂરવા બાબત ... ૧૦૧

૨૪૨. નધણિયાતા ઢોરોનું વેચાણ કરવા બાબત ... ... ... ... ૧૦૧

૨૪૩. ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નક્કી કરવા બાબત ... ... ૧૦૧

૨૪૪. બિનકાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા સામેની ફરિયાદો ... ... ૧૦૧

૨૪૫. ઢોરને ડબ્બામાં પૂરવાના સંબંધમાં તારણ ... ... ... ... ૧૦૧

## પ્રકરણ ૧૪મું.

## ફરિયાદો, દાવા અને પોલીસની સત્તા.

૨૪૬. (૧) નગરપાલિકા ફરિયાદ માંડી શકશે. ... ... ... ... ૧૦૨

(૨) મેજિસ્ટ્રેટની હકૂમત; વળતર અને ખર્ચની વસૂલાત ... ... ... ૧૦૨

૨૪૭. નમૂનામાં ખામી હોય તો પણ ટાંચ કાયદેસર ગણાશે ... ... ... ૧૦૨

૨૪૮. નગરપાલિકાની મિલકતને થયેલું નુકશાન કેવી રીતે ભરપાઈ કરાવવું ... ... ૧૦૨

૨૪૯. દાવો માંડીને વસૂલ કરવાનો વૈકલ્પિક ઈલાજ ... ... ... ૧૦૨

૨૫૦. દાવો માંડવાની, તોડજોડ કરવાની અને વળતર આપવાની સત્તા ... ... ૧૦૩

૨૫૧. જમીનનું ભાડું વસૂલ કરવામાં સહાય ... ... ... ... ૧૦૩

૨૫૨. નગરપાલિકા, તેના અધિકારીઓ, નોકરો વગેરે સામે શુધ્ધબુધ્ધિથી કરેલાં કૃત્યો માટે દાવો માંડવા ઉપર પ્રતિબંધ ... ... ... ... ... ૧૦૩

૨૫૩. આ અધિનિયમ અનુસાર અથવા તેની અમલ બજાવણીમાં કરેલાં કાર્યો માટે નગરપાલિકા, તેના અધિકારીઓ તથા નોકરો સામેના દાવાની મુદત ... ... ... ૧૦૩

૨૫૪. પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્ય સામે ફરિયાદ માંડવા માટેની પૂર્વમંજૂરી બાબત ... ૧૦૩

૨૫૫. પોલીસ અધિકારીઓની સત્તા ... ... ... ... ૧૦૪

## પ્રકરણ ૧૫મું.

## સેવાને લગતી જોગવાઈઓ.

૨૫૬. રાજ્ય સેવામાંના અધિકારીઓ અને નોકરોને નગરપાલિકા હેઠળ મૂકવા બાબત ... ... ૧૦૪

## પ્રકરણ ૧૬મું.

## નિયંત્રણ

૨૫૭. તપાસણી અને દેખરેખની સત્તા ... ... ... ૧૦૪

૨૫૮. નગરપાલિકા હુકમો વગેરેની અમલ-બજાવણી મોકૂફ રાખવાની કલેકટરની સત્તા ... ... ૧૦૫

૨૫૯. તાકીદના પ્રસંગે, કલેકટરની અસાધારણ સત્તા ... ... ... ૧૦૫

૨૬૦. નોકરવર્ગ રાખવામાં ઉડાઉપણું અટકાવવાની નિયામકની સત્તા ... ... ... ૧૦૫

કલમો.


૨૬૧. નગરપાલિકાની બાબતોમાં રાજ્ય સરકારે તપાસ કરવા બાબત... ... ... ૧૦૫

૨૬૨. નગરપાલિકા ફરજો બજાવવામાં કસૂર કરે ત્યારે ફરજો બજાવવા માટે પ્રબંધ કરવાની રાજ્ય સરકારની સત્તા. ... ... ... ... ૧૦૬

૨૬૩. (૧) નગરપાલિકા અસમર્થ હોય, કસૂર કરે અથવા સત્તાનો દુરૂપયોગ કરે ત્યારે તેનું વિસર્જન કરવાની અથવા તેને પદચ્યુત કરવાની રાજ્ય સરકારની સત્તા ... ... ... ૧૦૬

(૨) વિસર્જનના પરિણામો ... ... ... ...

(૩) વિસર્જન પછી નગરપાલિકાની રચના ... ... ...

(૪) તપાસ પછી નગરપાલિકાની પદચ્યુતિની મુદત ચાલુ રાખવાની સત્તા ... ... ૧૦૭

૨૬૩-ક [ કમી કરેલ છે.]

૨૬૪. રાજ્ય સરકારની કલેકટરો વગેરે ઉપર સત્તા. ... ... ... ૧૦૭


## પ્રકરણ ૧૬—ક.

### જાહેર કરેલા વિસ્તારો


૨૬૪-ક. જાહેર કરેલો વિસ્તાર ... ... ... ... ૧૦૭

૨૬૪-ખ કર નાખવાની અને તેની ઉપજ કેવી રીતે ખર્ચવી તેનું નિયમન કરવાની રાજ્ય સરકારની સત્તા ... ૧૦૭

૨૬૪-ગ જાહેર કરેલા વિસ્તારને અધિનિયમ લાગુ પાડવા બાબત ... ... ... ૧૦૮

૨૬૪-ઘ જાહેરનામું કાઢતાં પહેલાં અનુસરવાની કાર્યરીતિ ... ... ... ૧૦૯

૨૬૪-ચ. જાહેર કરેલા વિસ્તારો તરીકે બંધ થતા વિસ્તારો માટે નિમાયેલી વ્યક્તિઓ અથવા સમિતિઓની મિલકત, હકો અને જવાબદારીઓ પ્રાપ્ત થવા, વસૂલ કરવા અને તેનો ઉપયોગ કરવા બાબત... ૧૦૮


## પ્રકરણ ૧૭મું.

### નગરની હદોમાં ફેરફાર કર્યો હોય ત્યારે અથવા નગરનું બીજા સ્થાનિક સત્તા મંડળો સાથે એકત્રીકરણ કરવામાં આવ્યું હોય અથવા તેનું જુદા જુદા સ્થાનિક સત્તા મંડળોમાં વિભાજન કરવામાં આવ્યું હોય ત્યારે લાગુ પડતી ખાસ જોગવાઈઓ.


૨૬૫. અર્થઘટન ... ... ... ... ... ૧૦૮

૨૬૬. નગરમાં ફેરફાર કરવામાં આવે ત્યારે હુકમ દ્વારા અનુકૂળ જોગવાઈઓ કરવાની રાજ્ય સરકારની સત્તા... ૧૦૯


## પ્રકરણ ૧૭—ક.

### ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં ફેરવવા માટેની ખાસ જોગવાઈઓ.


૨૬૬-ક. અર્થઘટન ૧૧૦

૨૬૬-ખ. ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવામાં આવે ત્યારે તેની અસર ... ... ૧૧૦

૨૬૬-ગ. [ કમી કરી છે. ]. ૧૧૩

૨૬૬-ઘ [ કમી કરી છે.] ૧૧૩

૨૬૬—ચ મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. ... ... ... ... ૧૧૩


## પ્રકરણ ૧૮મું.

### પ્રકીર્ણ જોગવાઈઓ.


૨૬૭. આ અધિનિયમના હેતુઓ માટે દાખલ થવા બાબત ... ... ... ૧૧૩

૨૬૮. વળતર વગેરેની બાબતોમાં લવાદી ... ... ... ... ૧૧૩

૨૬૯. ખર્ચ કેવી રીતે નકકી કરવું તથા વસૂલ કરવું. ... ... ... ૧૧૪

૨૭૦. રેકર્ડ, નાણાં અથવા બીજી મિલકત વસૂલ કરવાની અધિકૃત અધિકારીની સત્તા ... ... ૧૧૪

૨૭૦-ક. [ કમી કરી છે. ] ... ... ... ૧૧૪

૨૭૧. નગરપાલિકાઓએ નિયમો કરવા બાબત ... ... ... ... ૧૧૪

કલમો


| | | |
|---|---|---|
| | (ગ) પ્રમુખ અને બીજાઓનાં કાર્યો નક્કી કરવા બાબત ... ... ... | |
| | (ઘ) સ્ટાફ ... ... ... ... | |
| | (ચ) નગરપાલિકાના નોકરો માટે સામાન્ય માર્ગદર્શન ... ... ... | |
| | (છ) તારણની રકમ ... ... ... ... | |
| | (જ) નગરપાલિકાના નોકરોની નિમણૂકની રીત. ... ... ... | |
| | (ઝ) નગરપાલિકાના નોકરોની રજા બાબત ... ... ... | |
| | (ટ) પેન્શન વગેરે ... ... ... ... | |
| | (ઠ) પ્રોવિડન્ટ ફંડ ... ... ... ... | |
| | (ઢ) કર ઠરાવવા બાબત ... ... ... ... | |
| | (ત) લેણાં થયેલી રકમો માંડી વાળવા બાબત ... ... ... | |
| | (ક) નિયમોના સંબંધમાં મંજૂરી જરૂરી હોવા બાબત ... ... ... | |
| | (ખ) સરકારની નોકરીમાંથી અથવા તેવી નોકરીમાં બદલવામાં આવેલા અધિકારીઓ બાબત ... | |
| | (ગ) પદચ્યુતિના અમુક કિસ્સાઓમાં નોટિસની જરૂર ... ... ... | |
| ૨૭૨. | સ્વવિવેક અનુસાર નિયમો કરવાની સત્તા... ... ... ... | ૧૧૬ |
| ૨૭૩. | [ કમી કરી છે. ] | ૧૧૬ |
| ૨૭૪. | કોઈપણ વર્તમાન કર મોકૂફ રાખવાની, ઓછો કરવાની અથવા નાબૂદ કરવાની સત્તા. ... | ૧૧૬ |
| ૨૭૫. | (૧) ઉપનિયમો કરવાની સત્તા ... ... ... ... | ૧૧૬ |
| | (ક) બજારો અને કતલખાનાં વગેરે બાબત ... ... ... | |
| | (ખ) અમુક ધંધાઓનું લાઈસન્સ આપવા, નિયમન કરવા અને નિરીક્ષણ કરવા બાબત ... | |
| | (ગ) વરાળ સીટી વગેરે વાપરવા બાબત... ... ... ... | |
| | (ઘ) યાત્રિકો માટેનાં નિવાસ ગૃહો ... ... ... ... | |
| | (ચ) ઢોર વગેરેને કોઢમાં બાંધવા બાબત... ... ... ... | |
| | (છ) દૂધની દુકાનો ... ... ... ... | |
| | (જ) (૧) દુગ્ધાલયો તથા ઢોરના વાડાનું નિયમન કરવા બાબત ... ... | |
| | (૨) દૂધની વખારો વગેરે ... ... ... | |
| | (ઝ) જન્મ વગેરેની નોંધ કરવા બાબત... ... ... ... | |
| | (ટ) મુડદાંના નિકાલનું નિયમન કરવા બાબત ... ... ... | |
| | (ઠ) મરકી વિશેની માહિતી આપવાની ફરજ પાડવા બાબત ... ... | |

કલમો

(ડ) નગરપાલિકાના કરની પાત્રતા વિષેની માહિતી આપવાની ફરજ પાડવા બાબત ...
(ઢ) ઓકટ્રોય ... ... ... ...
(ત) પાણીના રક્ષણ બાબત. ... ... ... ...
(થ) પાણીનો પુરવઠો ... ... ...
(દ) નાહવાની સાર્વજનિક જગાઓ વગેરે ... ... ...
(ધ) સફાઈ ... ... ... ...
(ન) કામચલાઉ બાંધકામો અને ઈમારતો ... ... ...
(પ) ઈમારતો — ... ... ... ...
(ફ) રસ્તાઓ ... ... ... ... ...
(બ) હવાની આવજા માટેનાં સાધનો ... ... ...
(ભ) દાદર વગેરે પર રાત્રે દીવાબત્તી કરવાનું ફરમાવવા બાબત ... ...
(મ) લાયકાત ધરાવતા સરવેયરો ... ... ... ...
(ય) મોરીઓ ... ... ... ... ...
(ર) અમુક દાખલામાં માહિતી તથા નકશા માગવા બાબત ... ...
(લ) વાહનોની અતિશય અવરજવરનું નિયંત્રણ કરવા બાબત ... ...
(વ) સાર્વજનિક કામો ... ... ... ...
(શ) સામાન્ય નિયમન
ઉપ–નિયમોના ભંગ માટે દંડ નાખી શકાશે.
(૩) સૂચિત ઉપનિયમોના મુસદ્દા પ્રસિદ્ધ કરવા બાબત.
(૫) વાંધા તથા સૂચનો કેન્દ્ર અથવા રાજ્ય સરકારને સાદર કરવા બાબત.

૨૭૬. નિયમ તથા ઉપ–નિયમો છપાવવા તથા વેચવા બાબત ... ... ... ૧૨૦

૨૭૭. નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા. ... ... ... ૧૨૦

૨૭૮. ખેતીના વિસ્તાર માટે ખાસ જોગવાઈઓ. ... ... ... ૧૨૧

૨૭૮-ક. સોંપણી ... ... ... ... ... ૧૨૧

૨૭૯. રદ કરવા બાબત ... ... ... ... ... ૧૨૧

૨૮૦. મુશ્કેલીઓ દૂર કરવા બાબત ... ... ... ... ૧૨૩

૨૮૧. વચગાળાની જોગવાઈ ... ... ... ... ૧૨૩

અનુસૂચિ ૧લી—નોટિસનો નમૂનો ... ... ... ... ૧૨૩

અનુસૂચિ ૨જી—લેખથી તબદીલ કરવામાં આવી હોય ત્યારે આપવાની તબદીલીની નોટિસનો નમૂનો ... ... ... ... ૧૨૪

અનુસૂચિ ૩જી—લેખ થયા સિવાય બીજી રીતે તબદીલ થયાના પ્રસંગે આપવાની તબદીલીની નોટિસનો નમૂનો... ૧૨૫

અનુસૂચિ ૪થી—માગણીની નોટિસનો નમૂનો ... ... ... ... ૧૨૫

અનુસૂચિ ૫મી—વોરંટનો નમૂનો ... ... ... ... ૧૨૬

અનુસૂચિ ૬ઠ્ઠી—યાદી તથા નોટિસનો નમૂનો ... ... ... ... ૧૨૬

# સન ૧૯૬૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪ *

## [ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ]

[૨૮મી ડિસેમ્બર, ૧૯૬૪].

સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬થી સુધારેલો.
સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૨થી સુધારેલો.
સન ૧૯૬૬ના ગુજરાત અધિનિયમ ૪થી સુધારેલો.
સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩થી સુધારેલો.
સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૧થી સુધારેલો.
સન ૧૯૭૦ના ગુજરાત અધિનિયમ ૭થી સુધારેલો.
સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૧૦થી સુધારેલો.
સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૧૨થી સુધારેલો.
સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૧૧થી સુધારેલો.
સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૧૬થી સુધારેલો.
સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૫થી સુધારેલો.†
સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૧૫થી સુધારેલો.==
સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૨૮થી સુધારેલો.
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.===
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૧૯થી સુધારેલો.
સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ૬૨થી સુધારેલો.
સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૧૩થી સુધારેલો.††
સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૨૦થી સુધારેલો.
સન ૧૯૮૨ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.
સન ૧૯૮૩ના ગુજરાત અધિનિયમ ૨થી સુધારેલો.
સન ૧૯૮૪ના ગુજરાત અધિનિયમ ૧૬થી સુધારેલો.
સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૩થી સુધારેલો.
સન ૧૯૯૦ના ગુજરાત અધિનિયમ ૫થી સુધારેલો.
સન ૧૯૯૦ના ગુજરાત અધિનિયમ ૭થી સુધારેલો.
સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭થી સુધારેલો.
સન ૧૯૯૪ના ગુજરાતના અધિનિયમ ૧૫થી સુધારેલો.

**ગુજરાત રાજ્યમાંની નગરપાલિકાઓને નગરપાલિકાનાં કામ-કાજના વહીવટ સંબંધી વ્યાપક સત્તા આપી નગરપાલિકાઓ અંગેના કાયદા એકત્રિત કરીને સુધારવા બાબત અધિનિયમ.**

---

૧ આ ઉદ્દેશો અને કારણો માટે જુઓ (અંગ્રેજીમાં) સન ૧૯૬૩નું ૧૮મી નવેમ્બરનું ગુજરાત રાજપત્ર, ભાગ ૫, પાનું ૬૧૬

* અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૧૯૬૪ના ડિસેમ્બર મહિનાની ૨૩મી તારીખે અનુમતી આપી છે.

† જુઓ સન ૧૯૭૮ના ૫માંની કલમ ૩.

== કામચલાઉ જોગવાઈ માટે જુઓ સન ૧૯૭૮ના ગુજરાતના ૧૫માંની કલમ ૭.

=== જુઓ સન ૧૯૭૯ના ગુજરાતના ૨જાની કલમ ૩.

†† જુઓ સન ૧૯૮૦ના ગુજરાતના ૧૩માંની કલમ ૪.

આથી ભારતના ગણરાજ્યના ચૌદમા વર્ષમાં નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે :—

## પ્રકરણ ૧લું

## પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

વ્યાખ્યા.

(૧) "વાર્ષિક ભાડું" એટલે, કોઈ ઈમારત અથવા જમીનમાં અથવા તે ઉપર જે રાચરચીલું અથવા યંત્ર-સામગ્રી હોય અથવા આવેલ હોય તે બાદ કરતાં તે ઈમારત અથવા જમીન જે વાર્ષિક ભાડાથી વર્ષોવર્ષ ભાડે આપવાની વાજબી રીતે ધારણા રાખી શકાય તે વાર્ષિક ભાડું અને તેમાં, ભોગવટા, તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા અન્વયે કર, વીમા અથવા પોતાની ભાડેદારીને આનુષંગિક બીજા ખર્ચ બદલ ભાડૂતે તે ઈમારત અથવા જમીનના માલિકને આપેલી અથવા આપવા કબૂલેલી તમામ રકમોનો સમાવેશ થાય છે.

૧ [(૧ક) "વિધાનસભા" એટલે ગુજરાત વિધાનસભા ] ;

(૨) "ઈમારત"માં કોઈ ઝૂંપડું, છાપરું અથવા બીજી બાંધ જગા, પછી તે માનવ રહેઠાણ તરીકે અથવા બીજા કોઈ હેતુ સારું વપરાતી હોય, તેનો સમાવેશ થાય છે. તેમજ તેમાં, વંડો અને વાડ સહિત ભીંતો, ઓસરી, જડેલો ચોતરો, ઉભણી, બારણાનાં પગથિયાં તથા તેના જેવા બીજા ભાગનો સમાવેશ થાય છે ;

(૩) "ઢોર" એટલે, બળદ, આખલો, વાછરડી, ગાય, અને તેનાં બચ્ચાં, હાથી, હાથણી, ઊંટ, ઊંટડી, ભેંસ, ઘોડાં, ઘોડી, ખસીઘોડો, ટટ્ટુ, વછેરાં, વછેરો, ખચ્ચર, ગધેડાં, ડુક્કર, ઘેટાં, મેઢા, મેઢાં, ઘેટાનાં બચ્ચાં, બકરાં બકરીઓ અને બકરાનાં બચ્ચાં અને તેમાં તે બધાનો સમાવેશ થાય છે;

૨ [ ( ૩-ક) "કેન્દ્રીય કાયદો" એટલે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ ];

(૪) "સભ્ય" એટલે, કોઈ નગરની નગરપાલિકાનો સભ્ય ;

(૫) "ભયંકર રોગ" એટલે, કોગળિયું, મરકી, શીતળા, અને જેને લીધે માનવ જિંદગી જોખમમાં આવે એવો કોઈ સ્થાનિક, વ્યાપક અથવા ચેપી રોગ ;

૩ [(૬) "નિયામક" એટલે, રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યના નગરપાલિકા નિયામક તરીકે તત્સમયે નીમેલા અધિકારી] ;

(૭) "અગાઉનો નગરપાલિકા કાયદો" એટલે— સન ૧૯૦૧નો મુંબઈનો ૩જો

(ક) મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧,

(ખ) રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારને અને લાગુ કર્યા પ્રમાણેનો મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧,

(ગ) મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫, સન ૧૯૨૫ના મુંબઈનો ૧૮મો.

(ઘ) રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારને અનુકૂળ અને લાગુ કર્યા પ્રમાણેનો મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫, અને

(ચ) રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પડતો હોય તે પ્રમાણેનો મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ ૧૯૨૫,

૪ [ (૭-ક) " ચૂંટણી " એટલે વોર્ડના વિભાજનથી શરૂ થતી અને કાઉન્સિલરની ચૂંટણીમાંના અંતિમ તમામ તબક્કે પૂરી થતી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને તેમાં તેનો સમાવેશ થાય છે અને તે હંમેશાં ઉપર્યુક્ત સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ગણવી અને તેમાં તેનો સમાવેશ કરવો.

(૭-ખ) "નાણાં આયોગ" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩--ટ હેઠળ રચાયેલ નાણાં આયોગ ].

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨(૧) થી આ ખંડ દાખલ કરેલ છે.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૨થી ખંડ (૬)ને બદલે આ ખંડ મૂકયો છે.

૩. એજનની કલમ ૨(૨) થી આ ખંડ દાખલ કર્યો છે.

૪. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨(૩) થી નવા ખંડ (૭-ક) અને (૭-ખ) દાખલ કરેલ છે.

(૮) "ગુજરાતી" એટલે ગુજરાતની ભાષા;

(૯) "ઘરની ગલી" એટલે, મોરી તરીકે કામમાં આવે તે હેતુથી અથવા જાજરૂ, મૂત્રી, ખાળકૂવો અથવા ગંદા અથવા મેલા પદાર્થ માટેની બીજી કુંડી પાસે, નગરપાલિકાના નોકરોને અથવા તે સાફ કરવાને અથવા તેવો પદાર્થ તેમાંથી કાઢી લઈ જવાને નોકરીમાં રાખેલી વ્યકિતઓને જવા આવવા માટે બાંધેલો અથવા અલાયદો રાખેલો અથવા વાપરવામાં આવતો રસ્તો અથવા જમીનની પટ્ટી;

(૧૦) "ન્યાયાધીશ" એટલે, જિલ્લા ન્યાયાધીશ, સંયુકત ન્યાયાધીશ, સહાયક ન્યાયાધીશ, સ્મૉલ કોઝ કોર્ટના ન્યાયાધીશ, દીવાની ન્યાયાધીશ અથવા સંયુકત દીવાની ન્યાયાધીશ;

(૧૧) "જમીન"માં જેની ઉપર બાંધકમ કરવામાં આવતું હોય અથવા આવ્યું હોય અથવા જે પાણીથી ઢંકાઈ ગઈ હોય તે જમીન, જમીનમાંથી ઉત્પન્ન થનારા લાભો, જમીન સાથે જોડાયેલી વસ્તુઓ અથવા જમીન સાથે જોડાયેલી કોઈ વસ્તુ સાથે કાયમને માટે જડેલી વસ્તુઓ અને વૈધાનિક અધિનિયમથી ઉત્પન્ન થયેલા કોઈ રસ્તા ઉપરના હકોનો સમાવેશ થાય છે;

(૧૨) "જમીન મહેસૂલ અધિનિયમ" એટલે—

(ક) ગુજરાત રાજ્યના મુંબઈ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯, અને સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો.

(ખ) ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારના તે વિસ્તારને લાગુ પાડતો હોય તે પ્રમાણેનો સદરહુ અધિનિયમ;

૧[(૧૨-ક) "મતદારોની યાદી" એટલે, કલમ ૭ની પેટા-કલમ (૧)માંના, તે શબ્દપ્રયોગના અર્થ મુજબ કોઈ વોર્ડ માટે કલમ ૯ની પેટા-કલમ (૨) હેઠળ પ્રસિધ્ધ કરેલી મતદારોની યાદી;]

૨[ (૧૩) "મ્યુનિસિપલ બરો" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩—ન ના ખંડ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો વચગાળાનો વિસ્તાર અથવા યથા પ્રસંગ, નાનો શહેરી વિસ્તાર અને તેમાં ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૩ના આરંભ પહેલાં મ્યુનિસિપલ બરો તરીકે જાહેર કરેલા બીજા સ્થાનિક વિસ્તારોનો સમાવેશ થાય છે; ] સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૭મો.

૩["(૧૪) "નગરપાલિકા" એટલે, કલમ ૫(૧) હેઠળ રચાયેલી નગર પંચાયત અથવા યથા પ્રસંગ, કલમ ૫(૨) હેઠળ રચાયેલી મ્યુનિસિપલ કાઉન્સિલ;];

(૧૫) "અપકારક કૃત્ય" માં જેનાથી દર્શનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, અથવા શ્રાવણેન્દ્રિયને ઈજા, જોખમ હેરાનગતી અથવા ત્રાસ થાય અથવા થવાનો સંભવ હોય અથવા જે જિંદગીને જોખમકારક અથવા આરોગ્યને અથવા મિલકતને હાનિકારક હોય અથવા થાય તે કૃત્ય વર્જન, જગા અથવા વસ્તુંનો સમાવેશ થાય છે;

(૧૬) "ઓકટ્રોય" એટલે, કોઈ નગરમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે તેની હદમાં માલ લાવવામાં આવે તે, ઉપરનો કર;

(૧૭) "સરકારી વર્ષ" એટલે એપ્રિલ મહિનાની પહેલી તારીખથી શરૂ થતું વર્ષ,

(૧૮) "માલિક" માં જે વ્યકિત કોઈ જમીન અથવા ઈમારતનું ભાડું પોતાને માટે અથવા બીજી કોઈ વ્યકિત માટેના અથવા કોઈ મંડળ માટેના અથવા કોઈ ધાર્મિક અથવા ધર્માદા હેતુઓ માટેના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે તે સમયે લેતી હોય અથવા જમીન અથવા ઈમારત કોઈ ભાડુતને ભાડે આપવામાં આવે તો તેનું ભાડું જે વ્યકિત તેવી રીતે મેળવે તે વ્યકિતનો સમાવેશ થાય છે;

(૧૯) "પંચાયત" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ અન્વયે રચવામાં આવેલ કોઈ વર્ગની પંચાયત; સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

૪[ (૨૦) મ્યુનિસિપલ બરોના સંબંધમાં "વસતી" એટલે જેને લગતા સંબંધિત આંકડા પ્રસિધ્ધ થઈ ગયા હોય તેવી છેલ્લી વસતી ગણતરી વખતે નક્કી કર્યા પ્રમાણેની વસતી;

(૨૦ક) "ઠરાવેલું" એટલે, કલમ ૨૭૭ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;]

---

૧. સન ૧૯૯૦ના ગુજરાત અધિનિયમ ૭ની કલમ ૨થી ખંડ (૧૨-ક)ને બદલે આ ખંડ મૂકવો છે
૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨(૪)થી ખંડ (૧૩) મૂકેલ છે
૩. એજનની કલમ ૨ (૫) થી ખંડ (૧૪) મૂકેલ છે.
૪. એજનની કલમ ૨ (૬) થી આ ખંડો મૂકયા છે.

(૨૧) "સરકારી જામીનગીરીઓ" એટલે—

(ક) કેન્દ્ર સરકારની તથા રાજ્ય સરકારની જામીનગીરીઓ;

(ખ) રેલ્વે અથવા બીજી કંપનીઓના જે સ્ટોક, ડીબેન્ચરો અથવા શેરોનાં વ્યાજ માટે સેક્રેટરી ઓફ-સ્ટેટ ફોર-ઈન્ડિયા-ઈન-કાઉન્સિલ અથવા કેન્દ્ર અથવા રાજ્ય સરકારે બાંહેધરી આપી હોય તે સ્ટોક, ડીબેન્ચરો અથવા શેરો,'

(ગ) કેન્દ્ર અધિનિયમ અથવા કોઈ રાજ્યના વિધાનમંડળના અધિનિયમથી અપાયેલી સત્તા અન્વયે કોઈ સ્થાનિક સત્તામંડળ અથવા તેના વતી કાઢેલા ડીબેન્ચરો અથવા નાણાં માટેની બીજી જામીનગીરીઓ, અથવા

(ઘ) રાજ્ય સરકાર આ અર્થે કરે તેવા કોઈ હુકમથી સ્પષ્ટપણે અધિકૃત કરેલી કોઈ જામીનગીરી;

(૨૨) "સાર્વજનિક રસ્તો" એટલે—

(ક) જેના ઉપરથી લોકોને જવા આવવાનો હક હોય તેવો કોઈ રસ્તો; અથવા

(ખ) નગરપાલિકાના અથવા બીજા સાર્વજનિક ફંડમાંથી જેને સપાટ કર્યો હોય જેના પર ફરસબંધી કરી હોય, કાંકરા પૂર્યા હોય, જેમાં પાણી જવાનો માર્ગ કર્યો હોય, ગટર કરી હોય અથવા જેની મરામત કરી હોય, તેવો કોઈ રસ્તો; અથવા

(ગ) કલમ ૧૪૭ અથવા ૧૪૮ની જોગવાઈઓ અન્વયે નગરપાલિકાઓ જેને કોઈ સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કર્યો હોય અથવા આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈઓ અન્વયે જે સાર્વજનિક રસ્તો થતો હોય તેવો કોઈ રસ્તો;

(૨૩) "ખાનગી રસ્તો" એટલે, સાર્વજનિક ન હોય તેવો રસ્તો;

(૨૪) "સરકારનો પગારદાર નોકર"માં પેન્શન મેળવતા હોય એવા નિવૃત્ત થયેલા સરકારના નોકરનો અથવા જે સરકાર તરફથી પગાર મેળવતી હોય પણ જે પૂરા સમયનો સરકારનો નોકર ન હોય તેવી વ્યક્તિનો સમાવેશ થતો નથી.

૧[(૨૪-ક) "રાજ્ય ચૂંટણી કમિશન" એટલે, ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ઠમાં ઉલ્લેખ કરેલ રાજ્ય ચૂંટણી કમિશન;]

(૨૫) "રસ્તો" એટલે, લોકોને કાયમના અથવા થોડા સમય માટે જવા આવવાની છૂટ હોય તેવો કોઈ રસ્તો, પગવાટ, ચોક, આંગણું, ગલી અથવા માર્ગ, પછી તે રાહદારીનો માર્ગ હોય કે ન હોય, અને જે કોઈ ખાલી જગાની સામા પર હશે, દુકાનો અથવા બીજી ઈમારતો આવેલ હોય અને જે જગા કોઈ સાર્વજનિક જગા અથવા રાહદારીના રસ્તા ઉપર જવા આવવાના માર્ગ તરીકે કોઈ વ્યક્તિઓ વાપરતા હોય, પછી તે વ્યક્તિઓ એવી ઈમારતોનો ભોગવટો કરનારાઓ હોય કે ન હોય તેમજ, એવી જગા ખાનગી માલિકીની હોય અને તે અંશતઃ અથવા સર્વાંશી કોઈ દરવાજા, થાંભલા, સાંકળ અથવા અટકાવવાના બીજા સાધનથી બંધ કરેલ હોય તો પણ તેમાં તે દરેક જગાનો સમાવેશ થાય છે, પણ એવી કોઈ ઈમારતના ભોગવટા કરનારને એવી જગાનો જે કોઈ ભાગ ઉપર કહ્યા પ્રમાણે બીજી તમામ વ્યક્તિઓને બધા સમય વાપરતા અટકાવવાનો હક હોય તે ભાગનો તેમાં સમાવેશ થતો નથી;

(૨૬) 'કર' એટલે, આ અધિનિયમ અન્વયે લઈ શકાય એવો કોઈ કર, રેઈટ, ઉપ-કર, ફી અથવા બીજો કર અને તેમાં, પાણીના આકારનો સમાવેશ થાય છે;

(૨૭) 'વાહન'માં બાઈસિકલ, ટ્રાઈસિકલ, મોટર ગાડી અને પૈડાવાળું જે કોઈ વાહન સાર્વજનિક રસ્તા ઉપર વપરાતું હોય અથવા વાપરી શકાય એવું હોય તે દરેક વાહનનો સમાવેશ થાય છે;

(૨૮) 'વોટર કલોઝેટ' એટલે, જેને ગટરની યોજના સાથે જોડેલું જુદું બેસાડેલ હોય અને જેમાં યાંત્રિક રચનાથી અથવા સ્વયંસંચાલિત ક્રિયાથી આવતા સ્વચ્છ પાણીના પુરવઠાથી સાફ કરવાની જુદી સગવડ હોય તેવું કલોઝેટ.

૩. ૨[* * *]

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨ (૭)થી નવો ખંડ (૨૪-ક) દાખલ કરેલ છે.

૨. એજનની કલમ ૩થી કલમ ૩ કમી કરી છે.

## પ્રકરણ ૨જું.

### ૧ [નગરપાલિકાઓની રચના].

૨[ * * * ]

### (૨) નગરપાલિકાઓની રચના.

૩[૫ (૧) દરેક વચગાળાના વિસ્તારમાં એક નગરપંચાયત રહેશે અને આવી દરેક નગર પંચાયત "...... ............................નગર પંચાયત" એ નામનું એક સંસ્થાપિત મંડળ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સિક્કો રહેશે અને તેના મુખ્ય અધિકારી મારફત તેના સંસ્થાપિત નામથી તે દાવો માંડી શકશે અને તેના પર દાવો માંડી શકાશે.

**નગરપંચાયત અને મ્યુનિસિપલ-કાઉન્સિલનું સંસ્થાપન.**

૩[૬. (૧) દરેક નગરપાલિકા, ચૂંટાયેલા કાઉન્સિલરોની બનશે.

**નગરપાલિકા ચૂંટાયેલા કાઉન્સિલરોની બનશે.**

(૨) આવા કાઉન્સિલરોની સંખ્યા નીચે પ્રમાણે રહેશે:--

(ક) નગર પંચાયતની બાબતમાં, ૨૧,

(ખ) જો મ્યુનિસિપલ બરોની વસતી ૨૫,૦૦૦ થી વધુ પણ ૫૦,૦૦૦ થી વધુ ન હોય તો, ૨૭,

(ગ) જો મ્યુનિસિપલ બરોની વસતી ૫૦,૦૦૦ થી વધુ પણ ૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો, ૩૬,

(ઘ) જો મ્યુનિસિપલ બરોની વસતી ૧,૦૦,૦૦૦થી વધુ પણ ૨,૦૦,૦૦૦થી વધુ ન હોય તો, ૪૨ અને

(ચ) જો મ્યુનિસિપલ બરોની વસતી ૨,૦૦,૦૦૦થી વધુ હોય તો, ૫૧.

(૩) કોઈ નગરપાલિકામાંના કાઉન્સિલરોની બેઠકોની કુલ સંખ્યામાંથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓમાટે નીચે પ્રમાણે બેઠકો અનામત રાખવી જોઈશે :--

(ક) રાજ્ય સરકારે, દરેક નગરપાલિકામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવી જોઈશે અને એ રીતે અનામત રાખેલી બેઠકોની સંખ્યાનું, તે નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યા, જોડેનું પ્રમાણ, શક્ય હોય ત્યાં સુધી, તે મ્યુનિસિપલ વિસ્તારમાંની અનુસૂચિત જાતિઓ અથવા તે મ્યુનિસિપલ વિસ્તારમાંની અનસૂચિત આદિજાતિઓની વસતીનું પ્રમાણ, તે વિસ્તારની કુલ વસતી જોડે જેટલું હોય તેટલું રહેશે. અને આવી બેઠકો નગરપાલિકામાંના જુદા જુદા મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવી શકાશે.

(ખ) ખંડ (ક) હેઠળ અનામત રાખેલી બેઠકોની કુલ સંખ્યાની એક તૃતિયાંશ બેઠકો, યથા પ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે.

(ગ) દરેક નગરપાલિકામાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક-દશાંશ બેઠકો, પછાત વર્ગની વ્યક્તિઓ માટે અનામત રાખવી જોઈશે. અને આવી રીતે પછાત વર્ગ માટે અનામત રાખેલી બેઠકોની એક તૃતિયાંશ બેઠકો, પછાતવર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે. આવી બેઠકો જુદા જુદા મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવી શકાશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાતના ૧૭મા અધિનિયમની કલમ ૪થી શીર્ષકમાં 'નગરો અને" એ શબ્દો અને "(૧) નગરો" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કર્યા છે.

૨. એજનની કલમ ૫થી કલમો ૪ અને ૪-ક કમી કરી છે.

૩. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૬થી અસલને બદલે આ મજકૂર મૂકયો છે.

(ઘ) દરેક નગરપાલિકામાં, સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યાની એક તૃતિયાંશ બેઠકો (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને પછાતવર્ગની સ્ત્રીઓ, માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) સ્ત્રીઓ માટે અનામત રાખવી જોઈશે અને આવી બેઠકો, નગરપાલિકાના જુદા જુદા મતદાર મંડળોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવી શકાશે.

(ચ) (સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવી હોય તે બેઠકો સિવાય) ખંડો (ક), (ખ) અને (ગ) હેઠળ બેઠકો અનામત રાખવાનું, ભારતના સંવિધાનના કલમ ૩૩૪માં નિર્દિષ્ટ કરેલી મુદત પુરી થયે બંધ થશે.

(૪) નગરપાલિકાઓની તમામ ચૂંટણીઓની મતદાર યાદીઓ તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી કમિશનમાં નિહિત થશે.

(૫) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, ચૂંટણી, તે અર્થે રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર, કરવી જોઈશે.

સન ૧૯૯૩ નો ગુજરાતનો ૧૭મો.

(૬) રાજ્ય ચૂંટણી કમિશનરને ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૩ અમલમાં આવ્યાના બે મહિનાની અંદર નીમવા જોઈશે.

(૭) રાજ્ય સરકારે, રાજ્ય ચૂંટણી કમિશન એવી રીતે ફરમાવે ત્યારે, ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ડના ખંડ (૧) થી તેને સોંપે તેવાં કાર્યો બજાવવા માટે જરૂરી હોય તેવો સ્ટાફ પૂરો પાડવો જોઈશે.

(૮) આ કલમ હેઠળ ચૂંટાઈ શકાય તેવા પૂરેપૂરી સંખ્યાના કાઉન્સિલરો ન ચૂંટાવાને લીધે કોઈ જગા ખાલી પડી હોય તે છતાં, નગરપાલિકા, તેની પ્રથમ બેઠકની તારીખે રચાઈ હોવાનું ગણાશે.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુ માટે,—

(ક) "અનુસૂચિત જાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત જાતિઓ તરીકે ગણવામાં આવી હોય તેવી જ્ઞાતિ, જાતિ કે આદિજાતિ અથવા તેવી જ્ઞાતિ, જાતિ કે આદિજાતિના ભાગો અથવા તેની અંદરના જૂથો;

(ખ) "અનુસૂચિત આદિજાતિઓ" એટલે ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ, ગુજરાત રાજ્યના સંબંધમાં, અનુસૂચિત આદિજાતિઓ તરીકે ગણવામાં આવી હોય તેવી આદિજાતિઓ કે આદિજાતિ સમુદાય અથવા તેવી આદિજાતિ કે આદિજાતિ સમુદાયોના ભાગો કે તેની અંદરના જૂથો; અને

(ગ) "પછાત વર્ગો" એટલે રાજ્ય સરકારે, વખતોવખત, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કર્યા હોય તેવા વર્ગો.]

## (૩) સભ્યોની ચૂંટણી

૭કક. ૧[ * * * ]

સન ૧૯૫૦નો ૪૩મો.

ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા નક્કી કરવા બાબત અને વોર્ડો નક્કી કરવા બાબત.

૨[ ૭. (૧) દરેક નગરપાલિકા, સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલા કાઉન્સિલરોની બનશે.

(૨) જ્યારે સામાન્ય ચૂંટણી —

(૧) ભારતના સંવિધાનની કલમ ૨૪૩ક-ન હેઠળ યથાપ્રસંગ 'વચગાળાના વિસ્તાર' અથવા 'નાના શહેરી વિસ્તાર' તરીકે સ્થાનિક વિસ્તારને નિર્દિષ્ટ કરવામાં આવે, અથવા

સન ૧૯૪૮નો અધિનિયમ ક્રમાંક ૩૭.

(૨) વસતી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વસતી ગણતરીની આંકડા લીધા હોય અને સંબંધિત આંકડા પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય, અથવા

(૩) મ્યુનિસિપલ બરોની હદ ફેરવવામાં આવી હોય,

તે પછી તરત જ યોજવાની હોય ત્યારે,

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૮ થી કલમ ૭કક કમી કરી છે.

૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૯ થી કલમ ૭ને બદલે આ મજકૂર મૂકયો છે.

(ક) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામા દ્વારા મ્યુનિસિપલ બરોનું જેટલા વોર્ડોમાં વિભાજન કરવાનું હોય તે વોર્ડોની સંખ્યા, નગરપાલિકામાં ચૂંટાવાના કાઉન્સિલરોની સંખ્યા અને કલમ ૬ની પેટા-કલમ (૩)માં જોગવાઈ કર્યા મુજબ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો, અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવાની બેઠકોની સંખ્યા નક્કી કરવી જોઈશે.

(ખ) ત્યારબાદ રાજ્ય ચુંટણી કમિશને ઠરાવેલી રીતે વોર્ડોની હદો નક્કી કરવાનું અને વોર્ડોમાંની અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવી જોઈશે."].

૧. [૮. (૧) દરેક નગરપાલિકા, જો તેનું વહેલું વિસર્જન ન થાય તો, તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી પાંચ વર્ષ સુધી તે ચાલુ રહેશે અને તેથી વધુ નહીં. **નગરપાલિકાઓ અને કાઉન્સિલરોની મુદત.**

(૨) કાઉન્સિલરોના હોદાની મુદત, નગરપાલિકાની મુદત, જેટલી રહેશે.

(૩) નગરપાલિકા રચવા માટેની ચૂંટણી પેટા-કલમ (૧) હેઠળ તેની નિર્દિષ્ટ મુદત પૂરી થયા પહેલાં, પૂરી કરવી જોઈશે.

૮. ક. કુદરતી આપત્તિ, હુલ્લડ, કોમી રમખાણો જેવા અણધાર્યા સંજોગોને લીધે અધિનિયમની કલમ ૮માં જોગવાઈ કર્યા પ્રમાણે નગરપાલિકા રચવા માટેની ચૂંટણી યોજવાનું શક્ય ન હોય તો, નગરપાલિકાની તમામ સત્તા અને ફરજો રાજ્ય સરકાર, હુકમથી આ અર્થે વખતોવખત નીમે, તેવા અધિકારીએ વાપરવી અને બજાવવી જોઈશે.] **અણધાર્યા સંજોગોમાં નગરપાલિકાની સત્તા વાપરવા અધિકારીની નિમણૂંક કરવા બાબત.**

[૯. (૧) દરેક વોર્ડ માટે, મતદારોની યાદી રહેશે. **દરેક વોર્ડના મતદારોની યાદી.**

૩ [ (૨) મતદાર યાદી, તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના જેવી જ અને પેટા-કલમ (૨-ક)ની જોગવાઈઓ અનુસાર સુધારેલ, ફેરફાર કરેલ, અદ્યાવત કરેલ અને પ્રસિદ્ધ કર્યા પ્રમાણે રહેશે.

(૨-ક) રાજ્ય ચૂંટણી કમિશનના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, ઠરાવેલી રીતે, આ અર્થે રાજ્ય ચૂંટણી કમિશન મુકરર કરે તેવા અધિકારી, મતદાર યાદી સુધારશે, તેમાં ફેરફાર કરશે, તેને અદ્યાવત બનાવશે અને તે પ્રસિદ્ધ કરશે.]

(૩) કોઈપણ વ્યક્તિ, એક કરતાં વધુ વોર્ડની મતદાર યાદીમાં અને કોઈ એક વોર્ડમાં એક કરતાં વધારે વખત પોતાનું નામ સમાવિષ્ટ કરવા હકદાર થશે નહીં.

(૪) પેટા-કલમ (૨) હેઠળ પ્રસિધ્ધ કરેલી, કોઈપણ વોર્ડની મતદાર યાદી, તે મ્યુસિનપિસિલ બરોના સંબંધમાં સુધારેલી મતદારયાદી, એવી રીતે પ્રસિધ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં રહેશે.]

૪[* * * * * * * * * * * * * *]

૧૦. (૧) જે વ્યક્તિનું નામ કલમ ૯માં ઉલ્લેખેલી મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યક્તિ આ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા અન્વયે ગેરલાયક હોય તે સિવાય મત આપવાને લાયક ગણાશે અને આવી યાદીમાં જેનું નામ ન હોય તે દરેક વ્યક્તિ આવી યાદી જે વિભાગને લગતી હોય તેના સભ્યની ચૂંટણી વખતે મત આપવાને લાયક ગણાશે નહીં. **મત આપવાની અને ચૂંટાવાની લાયકાત ધરાવતી વ્યક્તિઓ.**

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૦થી આ કલમો મૂકી છે.

૨. સન ૧૯૯૦ના અધિનિયમ ૭ની કલમ ૪થી કલમ ૯ ને બદલે, આ કલમ મૂકી છે.

૩. સન ૧૯૯૩ના અધિનિયમ ૧૭ની કલમ ૧૧થી પેટા-કલમ (૨) ને બદલે, આ મજકૂર મૂકયો છે.

૪. સન ૧૯૯૦ના ગુજરાત અધિનિયમ ૭ની કલમ ૫થી કલમો ૯-કથી ૯-ઠ(બંને સહિત) કમી કરી છે.

(૨) જે વ્યક્તિનું નામ મતદારોની યાદીમાં હોય તે દરેક વ્યક્તિ આ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા અન્વયે ગેરલાયક હોય તે સિવાય, ચૂંટાવાને લાયક ગણાશે અને [૧][જે વ્યક્તિ ઉમેદવારીપત્ર સ્વીકારવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખે એકવીસ વર્ષની થઈ હોય તે દરેક વ્યક્તિ]એવી યાદીમાં જે વ્યક્તિનું નામ ન હોય તે દરેક વ્યક્તિ નગરના કોઈ વોર્ડ માટેની ચૂંટણી વખતે ચૂંટાવાને લાયક ગણાશે નહીં.

(૩) કોઈ વ્યક્તિએ વહોરેલી કોઈ ગેરલાયકાતને અધીન રહીને, મતદારોની યાદી તે વ્યક્તિ કોઈ ચૂંટણીમાં [૨][**]મત આપવાને લાયક છે કે લાયક નથી અથવા [૩][ * * * ]તે બાબતનો આ કલમ અન્વયે નિર્ણય કરવાના હેતુ સારૂ, નિર્ણાયક પુરાવો ગણાશે.

સભ્ય થવાની સામાન્ય ગેરલાયકાતો.

૧૧. (૧). કોઈ વ્યક્તિ,—

જગા ખાલી પડવા બાબત.

(ક) જેને—

તકરારની બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય.

(૧) આ અધિનિયમના આરંભ પહેલાં અથવા પછી, ભારતમાંની કોઈ કોર્ટે;

(ક) અસ્પૃશ્યતા (સંબંધી ગુનાઓ) બાબતના અધિનિયમ, ૧૯૫૫ અન્વયે અથવા મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અન્વયે કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય ; અથવા

સન ૧૯૫૫નો ૨૨મો. સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫ મો.

(ખ) બીજા કોઈ ગુના માટે દોષિત ઠરાવી હોય અને છ મહિના કરતાં ઓછી ન હોય તેવી કેદની શિક્ષા કરી હોય, સિવાય કે તેની દોષસિધ્ધિ પછી અને તેને કેદની શિક્ષા ફરમાવવામાં આવેલી હોય તો તેની મુક્તિ પછી, ચાર વર્ષની મુદત અથવા કોઈ અમુક દાખલામાં રાજ્ય સરકાર છૂટ આપે તેવી ઓછી મુદત વીતી હોય, અથવા

(૨) કલમ ૩૭ અન્વયે હોદા પરથી દૂર કરવામાં આવી હોય અને એ રીતે દૂર કર્યાની તારીખથી ચાર વર્ષની મુદત વીતી ન હોય, સિવાય કે હોદા પરથી તે રીતે દૂર કરવાના કારણે ઉદભવતી ગેરલાયકાતમાંથી આ અર્થે રાજ્ય સરકારને જો પોતાને યોગ્ય લાગે તો જે હુકમ કરવાનો અધિકાર આથી આપવામાં આવે તેવા હુકમથી મુક્ત કરવામાં આવી હોય; અથવા

(ખ) અપ્રમાણપત્રિત દેવાળિયો અથવા મુક્ત કરવામાં નહીં આવેલ નાદાર હોય; અથવા

(ગ) અસ્થિર મગજની હોય અને કોઈ સત્તા ધરાવતી કોર્ટે જેને તેવી ઠરાવેલી ચાલુ રાખીહોય; અથવા

(ઘ) ભારતની નાગરિક ન હોય અથવા જેણે સ્વૈચ્છાપૂર્વક કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેનો નિષ્ઠા અથવા અનુષક્તિનો જેનો સ્વીકાર ચાલુ હોય; અથવા

(ચ) ન્યાયાધીશ હોય; અથવા

(છ) સરકારની અથવા પંચાયતની અથવા નગરપાલિકાની પગારદાર કર્મચારી હોય ;
તે સભ્ય થઈ શકશે નહીં.

[૩][(જ) રાજ્ય વિધાન મંડળની ચૂંટણીઓના હેતુ માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ ગેરલાયક ઠરાવવામાં આવી હોય,

તે સભ્ય થઈ શકશે;

પરંતુ તે પચીસ વર્ષથી ઓછી ઉંમરની છે તે કારણે ગેરલાયક ઠરાવવામાં આવી હોય, ત્યારે, તે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ પહેલાં એકવીસ વર્ષની થાય, તો કાઉન્સિલર થઈ શકશે.].

(૨) જે કોઈ વ્યક્તિ—

(ક) નગરપાલિકાની અંશકાલિક અધિકારી અથવા નોકર હોય ; અથવા

---

(૧) સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૨ (૧) થી શબ્દો દાખલ કર્યા છે.

(૨) એજનના કલમ ૧૨ (૨) થી "યથાપ્રસંગ" અને અથવા ચૂંટાવા લાયક છે કે લાયક નથી" એ શબ્દો કમી કર્યા છે.

(૩) એજનની કલમ ૧૩ થી ખંડ (જ) દાખલ કર્યો છે.

(ખ) નગરપાલિકાની તેની પાસે (ટ્રસ્ટી તરીકે હોય તે સિવાયની) લેણી નીકળતી હોય તેવી કોઈ પ્રકારની કોઈ પણ બાકી, તેના પર આ અર્થે ખાસ નોટિસ રાજય સરકારે કરેલા નિયમો અનુસાર બજાવવામાં આવી હોય ત્યારપછી, ત્રણ મહિનાની અંદર આપવાને ચૂકે, અથવા

(ગ) આમાં હવે પછી ઠરાવ્યું હોય તે સિવાય, નગરપાલિકાના હુકમથી કરેલાં કોઈ કામમાં અથવા નગરપાલિકા સાથેના કે નગરપાલિકાએ કરેલા કે તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાની કે તેના તાબા હેઠળની કોઈ નોકરીના સંબંધમાં જાતે કે પોતાની ભાગીદારી મારફત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ ભાગ કે હિત ધરાવતી હોય; અથવા

(ઘ) નગરપાલિકાના કોઈ અધિકારીને કે નોકરને ધીરેલાં નાણાં અથવા તેની પાસેથી ઉછીના લીધેલાં નાણાંની કોઈ લોનના વ્યવહારમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાંઈપણ ભાગ કે હિત ધરાવતી હોય:

તે વ્યકિત આવી નગરપાલિકાનો સભ્ય થઈ શકશે નહીં.

(૩) (ક) કોઈ વ્યકિત—

(૧) કોઈ સ્થાવર મિલકતનાં પેટા વેચાણ અથવા ખરીદીમાં અથવા તે બાબતની કોઈ કબૂલાતમાં કાંઈ ભાગ કે હિત ધરાવતી હોય, અથવા

(૨) કોઈ જોઈન્ટ સ્ટોક કંપની અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અન્વયે નોંધાયેલી અથવા નોંધાયેલી ગણાતી કોઈ મંડળી નગરપાલિકા સાથે કરાર કરે અથવા તેવી કંપની અથવા મંડળીને નગરપાલિકા રોકે અથવા નગરપાલિકા વતી કામે રાખવામાં આવે તે જોઈન્ટ સ્ટોક કંપનીમાં અથવા તે મંડળીમાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.

(૩) નાગરપાલિકાનાં કામકાજને લગતી કોઈ જાહેરખબર જેમાં આપવામાં આવે તેવા કોઈ વર્તમાનપત્રમાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

(૪) નગરપાલિકાએ કાઢેલી અથવા તેના વતી કાઢવામાં આવેલી કોઈ લોનનું ડિબેન્ચર ધરાવતી હોય, અથવા તેમાં બીજી રીતે હિત ધરાવતી હોય, અથવા

(૫) જે કોઈ ચીજનો પોતે નિયમિતપણે વેપાર કરતી હોય તે ચીજનું પ્રસંગોપાત નગરપાલિકાને વેચાણ કરવામાં આવતું હોય અથવા કોઈ ચીજ નગરપાલિકા પાસેથી ખરીદવામાં આવતી હોય, એ બેમાંથી કોઈપણ બાબતમાં કોઈપણ સરકારી વર્ષમાં એક હજાર રૂપિયા કરતાં વધે નહીં તેટલી રકમના અથવા રાજયસરકારની મંજુરીથી પાંચ હજાર રૂપિયા કરતાં વધે નહીં તેવી જે વધુ રકમ નગરપાલિકા આ અર્થે નક્કી કરે તેટલી રકમના વેચાણ અથવા ખરીદીમાં ભાગ અથવા હિત ધરાવતી હોય:

પરંતુ નિયંત્રિત ચીજ હોય તેવી કોઈ ચીજના વેચાણ અથવા ખરીદીમાં ભાગ અથવા હિત હોય અને યથાપ્રસંગ તેનું વેચાણ અથવા ખરીદી, રાજય સરકારની પૂર્વ મંજૂરી લઈને કરવામાં આવે ત્યારે આ ખંડથી મૂકેલી કિંમત અંગેની મર્યાદા, આવા ભાગ અથવા હિતને લાગુ પડશે નહીં.

સ્પષ્ટીકરણ.—પેટા—પરિચ્છેદ (૫)ના હેતુ સારૂ, "નિયંત્રિત ચીજ" એટલે કે જે કોઈ ચીજની ખરીદી, વેચાણ વહેંચણી, સ્ટોરેજ અને કિંમત અથવા તે પૈકી દરેકનું નિયમન તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા અન્વયે કરવામાં આવે તે ચીજ, અથવા

(૬) કોઈ સરકારી વર્ષમાં બસો પચાસ રૂપિયા કરતાં વધે નહીં તેવી અથવા રાજય સરકારની મંજૂરીથી એક હજાર રૂપિયા કરતાં વધે નહીં તેવી જે વધુ રકમ નગરપાલિકા આ અર્થે નક્કી કરે તેટલી રકમ માટે કોઈ ચીજ નગરપાલિકાને પ્રસંગોપાત ભાડે આપવામાં અથવા તેની પાસેથી ભાડે લેવામાં ભાગ અથવા હિત ધરાવતી હોય, અથવા

(૭) કલમ ૧૧૯ની અથવા કલમ ૨૨૯ની પેટા-કલમ (૧) ના પરંતુક (ક) ની જોગવાઈઓ અન્વયે નગરપાલિકા સાથે કરવામાં આવેલી કોઈ કબૂલાતમાં પક્ષકાર હોય, અથવા

(૮) નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની નોકરીમાં હોય અથવા નગરપાલિકાએ અથવા તેના વતી નોકરીએ રાખેલી હોય તેવી કોઈ વ્યકિતની માત્ર કોઈ સગી હોય, તેટલા કારણસર, પેટા-કલમ (૨)ના ખંડ (૩) અન્વયે ગેરલાયક થઈ છે એમ ગણાશે નહીં.

(ખ) નગરપાલિકાના કોઈ અધિકારીને અથવા નોકરને કોઈ સહકારી મંડળી નાણાંની કોઈ લોન ધીરતી હોય અથવા જેણે ધીરેલી હોય અથવા તેવા કોઈ અધિકારી અથવા નોકર પાસેથી જે નાણાં ઉછીનાં લેતી હોય અથવા જેણે ઉછીનાં લીધાં હોય તેવી સહકારી મંડળીઓ કોઈ ડિરેકટર અથવા સભ્ય હોય તેટલા કારણસર પેટા-કલમ (૨) ના ખંડ (ઘ) અન્વયે ગેરલાયક થઈ છે એમ ગણાશે નહીં.

સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૩મો.

૧[(૪) જે કોઈ વ્યકિત પોતાના હોદ્દાની મુદત દરમિયાન, કોઈપણ સમયે ગુજરાતના પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ, કાઉન્સિલર થવા માટે ગેરલાયક કરી હોય તે વ્યકિત, એવા કાઉન્સિલર તરીકે હોદ્દો ધરાવતી બંધ થશે.]

મતદારોની સામાન્ય ગેર-લાયકાતો.

૧૨. કોઈ વ્યકિત—

(ક) અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતી કોઈ કોર્ટે તેને તેવી ઠરાવેલી ચાલુ રાખી હોય અથવા

(ખ) ભારતના નાગરિક ન હોય અથવા તેણે સ્વેચ્છાપૂર્વક કોઈ વિદેશી રાજ્યની નાગરિકતા પ્રાપ્ત કરી હોય અથવા કોઈ વિદેશી રાજ્ય પ્રત્યેની નિષ્ઠા અથવા સંલગ્નતાનો તેનો સ્વીકાર ચાલુ હોય, તો તે આ અધિનિયમ અન્વયેની નગરપાલિકાની કોઈપણ ચૂંટણીમાં મત આપી શકશે નહિ.

મત આપવાનો હક.

૧૩. (૧) કોઈ વ્યકિતએ કોઈ ચૂંટણીમાં એક કરતાં વધારે વોર્ડમાં મત આપવો નહિ અને કોઈ વ્યકિત એક કરતાં વધારે વોર્ડમાં મત આપે, તો આવા તમામ વોર્ડોમાંનો તેનો મત નિરર્થક થશે.

(૨) કોઈ વ્યકિતનું નામ તેનાજ વોર્ડની મતદારોની યાદીમાં એક કરતાં વધારે વખત નોંધાયું હોય તે છતાં, તેવી વ્યકિતએ તે વોર્ડની કોઈ ચૂંટણીમાં એક કરતાં વધારે વખત મત આપવો નહિ અને જો તે એવી રીતે મત આપે, તો તે વોર્ડમાંના તમામ મતો નિરર્થક થશે.

(૩) પોતાનું નામ મતદારોની યાદીમાં દાખલ કરવામાં આવ્યા પછી કોઈ વ્યકિત જે વોર્ડમાં પહેલીવાર મત આપે તે વોર્ડ એવો વોર્ડ થશે કે જેમાં તે ત્યાર પછીની કોઈ ચૂંટણીમાં જો તેનું નામ તે વોર્ડની મતદારોની યાદીમાં આવી ચૂંટણી પહેલાં કાઢી નાંખવામાં આવ્યું ન હોય તો મત આપવાનો હકદાર બનશે.

ચૂંટણીની માન્યતાનો નિર્ણય.

૧૪. (૧) કોઈ સભ્યની કોઈ ચૂંટણીની માન્યતા બાબત વાંધો ઉઠાવવામાં આવે અને તે વાંધો જે ચૂંટણી બાબત હોય તે ચૂંટણીમાં મત આપવાને લાયક હોય એવી કોઈ વ્યકિતએ અથવા આવી ચૂંટણી માટેના કોઈ ઉમેદવારે ઉઠાવ્યો હોય તો ચૂંટણીનું પરિણામ જાહેર થયાની તારીખ પછી પંદર દિવસની અંદર કોઈપણ વખતે એવી વ્યકિત જે જિલ્લામાં તે ચૂંટણી કરવામાં આવી હોય અથવા કરવી જોઈતી હોય તે જિલ્લાની જિલ્લા કોર્ટને એવા વાંધાના નિર્ણય માટે અરજી કરી શકશે.

સન ૧૯૦૮નો ૫મો.

(૨) રાજ્ય સરકારે વિશેષત: તે કેસ માટે અથવા સામાન્યત: એવા કેસો માટે નીમેલા સહાયક ન્યાયાધીશના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય એવા ન્યાયાધીશ, તેમ થયે તપાસ કરશે; અને એવા ન્યાયાધીશ પોતાને જરૂરી જણાય એવી તપાસ કર્યા પછી અને પેટા-કલમ (૫)ની જોગવાઈઓને અધીન રહીને ચૂંટણીનું જાહેર થયેલું પરિણામ બહાલ રાખતો અથવા તેમાં સુધારો કરતો અથવા ચૂંટણી રદ કરતો હુકમ કરી શકશે. સદરહુ તપાસના હેતુઓ સારુ સદરહુ ન્યાયાધીશ જાણે તે દીવાની કોર્ટ હોય તેમ સાક્ષીઓને બોલાવી શકશે અને તેમને હાજર રહેવાની તથા પુરાવો આપવાની ફરજ પાડી શકશે, અને આવી તપાસનું તમામ ખર્ચ અથવા તેનો કોઈ ભાગ કોણે આપવો તે વિષે પણ નિર્દેશ કરી શકશે. આવું ખર્ચ જાણે તે દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ અન્વયે કોઈ દાવામાં આપવામાં આવ્યું હોય તેમ વસૂલ થઈ શકશે. તે નિર્ણય અથવા હુકમ નિર્ણાયક ગણાશે.

(૩) પેટા-કલમ (૧) અન્વયે મળેલી જે અરજીઓમાં—

(ક) તેના તે જ વોર્ડનું પ્રતિનિધિત્વ ધરાવવા માટે ચૂંટાયેલા સભ્યોની ચૂંટણીની માન્યતા વિષે વાંધો હોય તે તમામ અરજીઓ તેના તે જ ન્યાયાધીશે સાંભળવી જોઈશે ; અને

(ખ) તેના તે જ વોર્ડનું પ્રતિનિધિત્વ ધરાવવા માટે ચૂંટાયેલા તેના તે જ સભ્યની ચૂંટણીની માન્યતા વિષે વાંધો હોય તે તમામ અરજીઓ પૈકી એકી સાથે સાંભળવી જોઈશે.

સન ૧૯૦૮નો ૫મો.

(૪) દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, ન્યાયાધીશ (ક) કોઈ અરજી માંડવાળ કરવા દેશે નહિ અથવા તે પાછી ખેંચી લેવા દેશે નહિ અથવા (ખ) કોઈ વ્યકિતને કોઈ પ્રતિપાદનમાં ફેરફાર અથવા સુધારો કરવા દેશે નહિ, સિવાય કે ન્યાયાધીશને ખાતરી થાય કે માંડવાળ માટેની એવી અરજી અથવા પાછી ખેંચી લેવા માટેની એવી અરજી અથવા એવો ફેરફાર અથવા એવો સુધારો કરવા માટેની અરજી શુદ્ધબુદ્ધિથી કરવામાં આવી છે અને છૂપી સંતલસથી કરવામાં આવેલી નથી.

ઉમેદવારે કરેલા ભ્રષ્ટાચરણ બાબત ઠરાવ

(૫) (ક) જો ન્યાયાધીશને એમ ખાતરી થાય કે—

---

૧. સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ૨૩ની કલમ ૧૧થી આ પેટા-કલમ (૪) ઉમેરી છે.

(૧) ચૂંટણીની તારીખે ચૂંટાયેલો ઉમેદવાર આ અધિનિયમ અન્વયે બેઠક પૂરવાને, પસંદગી થવા માટે લાયકાત ધરાવતો ન હતો અથવા ગેરલાયક હતો; અથવા

(૨) ચૂંટાયેલા ઉમેદવારે અથવા તેના ચૂંટણીના એજન્ટે અથવા ચૂંટાયેલા ઉમેદવારની કે તેના ચૂંટણીના એજન્ટની સંમતિથી બીજી કોઈ વ્યક્તિએ કોઈ ભ્રષ્ટાચરણ કર્યું છે, અથવા

(૩) કોઈ ઉમેદવારીપત્ર અયોગ્ય રીતે નામંજૂર કરવામાં આવેલ છે, અથવા

(૪) ચૂંટણીનું પરિણામ, જેટલે અંશે ચૂંટાયેલા ઉમેદવાર સાથે સંબંધ ધરાવતું હોય તેટલે અંશે તેને કોઈ ઉમેદવારીપત્રના અયોગ્ય સ્વીકારમાંથી અથવા તેના ચૂંટણી એજન્ટ સિવાયના કોઈ એજન્ટ દ્વારા ચૂંટાયેલા ઉમેદવારના હિતમાં કરવામાં આવેલ કોઈપણ ભ્રષ્ટાચરણથી અથવા કોઈપણ મતના અયોગ્ય સ્વીકાર, ઈન્કાર અથવા નામંજૂરીથી અથવા રદબાતલ હોય તેવા મતના સ્વીકારથી અથવા આ અધિનિયમની જોગવાઈઓ અથવા આ અધિનિયમ અન્વયે કરેલા કોઈ નિયમો અથવા હુકમોના અપાલનથી મહત્વની અસર થઈ છે.

તો ન્યાયાધીશ ચૂંટાયેલા ઉમેદવારની ચૂંટણી રદ કરશે અને બાબત (૧) અથવા (૨) માં જણાવેલ કારણે ચૂંટણી રદ કરવામાં આવે તો કલમ-૪૨ની પેટા-કલમ (૨) અન્વયે કરવામાં આવનારી નવી ચૂંટણીના હેતુ માટે ઉમેદવારને ગેરલાયક જાહેર કરવામાં આવશે.

**મતની ચકાસણી અને બીજા દાખલામાં ઠરાવ.**

(ખ) ખંડ (ક) લાગુ પડતો ન હોય તેવા કોઈપણ દાખલામાં, ચૂંટણીની માન્યતા વિશે બે અથવા વધારે સભ્યો વચ્ચે તકરાર થાય તો એવા દરેક ઉમેદવારના તરફેણમાં નોંધાયેલા મતોની ચકાસણી અને ગણતરી કર્યા પછી ન્યાયાધીશ જે ઉમેદવારની તરફેણમાં સૌથી વધારે માન્ય મતો પડેલા જણાય તે ઉમેદવાર યોગ્ય રીતે ચૂંટાઈ આવેલો છે એમ ઠરાવશે:

પરંતુ કોઈ મત આપવા અથવા મેળવવામાં કોઈ જાણીતી અથવા અજાણી વ્યક્તિએ કાંઈપણ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ન્યાયાધીશને જણાય, તો તેવો મત આવી ગણતરીના હેતુ માટે માન્ય મત તરીકે ગણવો નહિ:

વધુમાં એવી ગણતરી પછી કોઈપણ ઉમેદવારો વચ્ચે સરખા મતો પડેલા જણાય અને એક મત ઉમેરવાથી કોઈ ઉમેદવાર પોતે ચૂંટાયેલો છે એવા ઠરાવ માટે હકદાર થતો હોય, તો પોતાની રૂબરૂમાં ન્યાયાધીશ નક્કી કરે તે રીતે ચિઠ્ઠી નાંખીને પસંદ કરેલા યથાપ્રસંગ એવા એક અથવા વધારે ઉમેદવારની તરફેણમાં જે માન્ય મતો પડેલા જણાય તેની એકંદર સંખ્યામાં એક વધારાનો મત ઉમેરવો જોઈશે.

**ભ્રષ્ટાચરણ એટલે શું.**

(૬) જે કોઈ વ્યક્તિ---

(૧) કોઈ મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં મત આપવા અથવા મત આપવાથી અલગ રહેવા માટે લલચાવવાના હેતુથી કોઈ વ્યક્તિને કંઈપણ લાભ આપવા જણાવે અથવા આપે અથવા અંગત ફાયદાનું કોઈ વચન આપે અથવા કોઈ વ્યક્તિને અથવા માલિકને નુકશાન કરવાની કોઈ ધમકી આપે, અથવા

(૨) કોઈ ચૂંટણીમાં કોઈ ઉમેદવાર તરીકે ઉભા રહેવા અથવા ઉભા ન રહેવા અથવા તેમાંથી ખસી જવા અથવા ખસી ન જવા માટે કોઈ વ્યક્તિને લલચાવવાના હેતુથી કંઈપણ લાભ આપવા જણાવે અથવા આપે અથવા અંગત ફાયદાનું કોઈ વચન આપે અથવા કોઈ વ્યક્તિને અથવા મિલકતને નુકશાન કરવાની કોઈ ધમકી આપે, અથવા

(૩) મત આપનાર વ્યક્તિથી જુદા હોય એવા મતદારના નામથી મત આપે, મેળવે અથવા તે આપવામાં મદદગારી કરે, અથવા

(૪) કોઈ મતદારને કોઈ મતદાન મથકે લઈ જવા અથવા ત્યાંથી લાવવા માટે કોઈ વાહન અથવા વહાણ પૈસા આપીને અથવા બીજી રીતે ભાડે રાખે અથવા મેળવે;

તે વ્યક્તિએ પેટા-કલમ (૫)ના અર્થ મુજબ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ગણાશે :

પરંતુ—

(ક) કોઈ ઉમેદવારે પોતાને માટે અથવા પોતાના કુટુંબને માટે અથવા ચૂંટણી એજન્ટ માટે વાહન અથવા વહાણ ભાડે રાખવું તે આ ખંડ અન્વયે ભ્રષ્ટાચરણ છે એમ ગણાશે નહિ;

(ખ) કોઈ મતદારે અથવા પોતાને સંયુક્ત ખર્ચે કેટલાક મતદારોએ, પોતાને આવા કોઈપણ મતદાન મથકે લઈ જવા અથવા ત્યાંથી લાવવાના હેતુ માટે કોઈ વાહન અથવા વહાણ ભાડે રાખવું તે, જો આ રીતે ભાડે રાખેલ વાહન અથવા વહાણ યાંત્રિક શક્તિથી નહિ ચાલતું વાહન અથવા વહાણ હોય, તો આ ખંડ અન્વયે ભ્રષ્ટાચરણ છે એમ ગણાશે નહિ.

(ગ) કોઈ મતદાર આવા કોઈ મતદાન મથકે જવા અથવા ત્યાંથી આવવાના હેતુ માટે તેના પોતાના ખર્ચે કોઈ સાર્વજનિક ટ્રાન્સપોર્ટ વાહન અથવા વહાણ અથવા કોઈ ટ્રામગાડી અથવા રેલગાડીનો ઉપયોગ કરે તે કાર્ય આ ખંડ અન્વયે ભ્રષ્ટાચરણ છે એમ ગણાશે નહિ;

ઉમેદવારોએ ભ્રષ્ટાચરણ કર્યું છે એમ ક્યારે ગણાશે.

અને જો કોઈ ભ્રષ્ટાચરણ ઉમેદવારની જાણ અને સંમતિથી કરવામાં આવ્યું હોય અથવા આવા ઉમેદવારે ચૂંટણીના સંબંધમાં આપેલા સામાન્ય અથવા ખાસ અધિકાર અન્વયે કામ કરતી હોય તેવી વ્યક્તિએ તે કર્યું હોય, તો તે એવા ઉમેદવારે કર્યું છે એમ ગણાશે.

**સ્પષ્ટીકરણ ૧.**—આ કલમના હેતુ માટે "લાભ" એ શબ્દ નાણાંનો લાભ અથવા નાણાંમાં અંદાજી શકાય એવા લાભ પૂરતો મર્યાદિત નથી અને તેમાં તમામ પ્રકારની મિજબાનીઓ અને બદલાવાળી સર્વ પ્રકારની નોકરીનો સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ ૨.—"અંગત ફાયદાનું વચન" એ શબ્દપ્રયોગમાં,

(૧) નગરપાલિકા સમક્ષ વિચારણા માટે જે કોઈ ખાસ બાબત આવે તેની તરફેણમાં અથવા વિરુદ્ધમાં મત આપવાના વચનનો સમાવેશ થતો નથી, પણ

(૨) તેને અધીન રહીને, તે વ્યક્તિના પોતાના અથવા જે વ્યક્તિમાં તે હિત ધરાવતી હોય એવી વ્યક્તિના ફાયદા માટેના વચનનો સમાવેશ થાય છે.

માત્ર નિયમબાહ્યતા અને પદ્ધતિ બાહ્યતાને કારણે ચૂંટણી અમાન્ય નહિ થવા બાબત.

(૭) કલમ ૬ની પેટા-કલમ (૫) અન્વયે [1][ અથવા [2][કલમ ૯ની પેટા-કલમ (૨)] અન્વયે] કરેલા નિયમો અમલમાં મૂકવાની જે અધિકારી અથવા અધિકારીઓ ઉપર ફરજ નાખવામાં આવી હોય તે અધિકારી અથવા અધિકારીઓની કેવળ ભૂલના કારણે અથવા ભ્રષ્ટાચરણથી કરવામાં આવી ન હોય તેવી કોઈ નિયમબાહ્યતા અથવા કોઈ પદ્ધતિ બાહ્યતાને કારણે ચૂંટણીની માન્યતા બાબત વાંધો ઉઠાવવામાં આવે, તો ન્યાયાધીશે તે ચૂંટણી રદ કરવી નહિ.

સ્પષ્ટીકરણ.—આ ખંડમાં "ભૂલ" એ શબ્દપ્રયોગમાં આ અધિનિયમના અથવા તે અન્વયે કરેલા નિયમોના જે કોઈ ભંગથી અથવા એવી જોગવાઈઓનો અમલ કરવાના જે કોઈ વર્જનથી અથવા આવી જોગવાઈઓના જે કોઈ અપાલનથી ચૂંટણીના પરિણામને વસ્તુતઃ અસર થઈ હોય તે ભંગ, તે વર્જન અથવા તે અપાલનનો સમાવેશ થતો નથી.

ભ્રષ્ટાચરણ કરનાર વ્યક્તિઓની ગેર લાયકાત.

(૮) ન્યાયાધીશ પેટા-કલમ (૫)ના ખંડ (ક) અન્વયે ચૂંટણી રદ કરે, તો તે પોતાને યોગ્ય લાગે તો, જે કોઈ વ્યક્તિએ આ કલમના અર્થ મુજબ ભ્રષ્ટાચરણ કર્યો હોય તે વ્યક્તિ સાત વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુધી તે નગર અથવા બીજા કોઈ નગરમાં અથવા જિલ્લામાં ઉમેદવાર થવાને ગેરલાયક છે એમ ઠરાવી શકશે; અને ન્યાયાધીશનો નિર્ણય આખરી ગણાશે. પરંતુ રાજ્ય સરકાર તે અર્થે પોતાને યોગ્ય લાગે, તો હુકમ કરીને આવી વ્યક્તિને આવી ગેરલાયકાતમાંથી કોઈપણ વખતે મુક્ત કરી શકશે અને એવો હુકમ કરવાનો તેને આથી અધિકાર આપવામાં આવે છે; વધુમાં કોઈ વ્યક્તિના સંબંધમાં આવો કોઈ ઠરાવ, તે શા માટે ના કરવો તેનું કારણ દર્શાવવાની તે વ્યક્તિને તક આપ્યા સિવાય કરી શકાશે નહિ.

ભ્રષ્ટાચરણ માટે ગેરલાયક ઠરેલો મતદાર.

૧૫. જે કોઈ વ્યક્તિને ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૭૧-ચ અથવા ૧૭૧-છ અન્વયે દોષિત ઠરાવવામાં આવી હોય અથવા જેને ચૂંટણી અંગેના દુરાચરણને કારણે પાંચ વર્ષ કરતાં ઓછી ન હોય એવી મુદત માટે કોઈપણ ચૂંટણી વિષયક હક વાપરવા ગેરલાયક ઠરાવવામાં આવી હોય તે કોઈ વ્યક્તિ આવી દોષસિદ્ધિ અથવા ગેરલાયકાતની તારીખથી પાંચ વર્ષને માટે કોઈ નગરની નગરપાલિકાની કોઈ ચૂંટણીમાં મત આપવાને ગેરલાયક થશે. સને ૧૯૬૦નો ૪૫મો.

## (૪) ચૂંટણી અંગેના ગુના

મતદાન મથકમાં અથવા તેની નજીક પ્રચાર કરવા ઉપર પ્રતિબંધ.

૧૬. (૧) કોઈ મતદાન મથકમાં જે તારીખે અથવા તારીખોએ મત લેવામાં આવતા હોય તે તારીખ અથવા તારીખોએ કોઈ વ્યક્તિએ મતદાન મથકની અંદર અથવા મતદાન મથકથી નેવું મીટરના અંતરની અંદર આવેલી કોઈ સાર્વજનિક અથવા ખાનગી જગાની અંદર નીચેનું કોઈપણ કાર્ય કરવું નહિ, એટલે કે—

---

૧. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૬થી આ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર દાખલ કર્યા છે.

૨. સન ૧૯૯૦ના ગુજરાત અધિનિયમ ૭ની કલમ ૬થી, "કલમ ૯ ગની પેટા-કલમ (૬)" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરને બદલે આ શબ્દો કૌંસ અને આંકડા મૂકયા છે.

(ક) મત માટે પ્રચાર કરવાનું; અથવા

(ખ) કોઈ મતદારના મત માટે માગણી કરવાનું; અથવા

(ગ) કોઈ ખાસ ઉમેદવાર માટે મત નહિ આપવા કોઈ મતદારને સમજાવવાનું; અથવા

(ઘ) ચૂંટણી વખતે મત નહિ આપવા કોઈ મતદારને સમજાવવાનું ; અથવા

(ચ) ચૂંટણી સંબંધી (સત્તાવાર નોટિસ સિવાયની બીજી) કોઈપણ નોટિસ અથવા નિશાની પ્રદર્શિત કરવાનું.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને, દોષિત ઠર્યેથી પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) આ કલમ અન્વયે શિક્ષા થઈ શકે તેવો ગુનો પોલિસ અધિકારનો ગણાશે.

મતદાન મથકમાં અથવા તેની નજીક અવ્યવસ્થિત વર્તન બદલ શિક્ષા.

૧૭. (૧) કોઈ વ્યકિતએ કોઈ મતદાન મથકમાં મત લેવાતા હોય તે તારીખે અથવા તારીખોએ મતદાન મથકે મત આપવા માટે આવતી કોઈ વ્યકિતને ત્રાસ થાય અથવા મતદાન મથક ઉપર ફરજ બજાવતા અધિકારીઓ અથવા બીજી વ્યકિતઓના કામમાં દખલગીરી થાય એ રીતે—

(ક) મતદાન મથકની અંદર અથવા તેના દરવાજા આગળ તેની પડોશમાંની કોઈ સાર્વજનિક અથવા ખાનગી જગામાં મેગાફોન અથવા ધ્વનિવર્ધક યંત્ર જેવું માનવ અવાજ વિસ્તારવા અથવા ફરીથી ઉત્પન્ન કરવા માટેનું કોઈ સાધન વાપરવું નહિ અથવા ચલાવવું નહિ, અથવા

(ખ) મતદાન મથકની અંદર અથવા તેના દરવાજા આગળ અથવા તેની પડોશમાંની કોઈ સાર્વજનિક અથવા ખાનગી જગામાં ઘાંટા પાડવા નહિ અથવા બીજી અવ્યવસ્થિત રીતે વર્તવું નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા જાણી બુઝીને તેમાં મદદ અથવા મદદગારી કરે તેને, દોષિત ઠર્યેથી, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે.

(૩) મતદાન મથકના પ્રમુખ અધિકારીને એમ માનવાને કારણ હોય કે કોઈ વ્યકિત આ કલમ અન્વયે શિક્ષા થઈ શકે તેવો ગુનો કરે છે અથવા તેણે તેવો ગુનો કર્યો છે, તો તે એવી વ્યકિતને પકડવાને કોઈ પોલીસ અધિકારીને આદેશ કરી શકશે, અને તેમ થયેથી, પોલીસ અધિકારીએ તેને પકડવી.

(૪) કોઈ પોલીસ અધિકારી પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું કંઈપણ ઉલ્લંઘન થતું અટકાવવા માટે વાજબી રીતે જરૂરી હોય તેવાં પગલાં લઈ શકશે અને વાજબી રીતે જરૂરી હોય તેટલું બળ વાપરી શકશે, અને આવા ઉલ્લંઘન માટે વાપરવામાં આવેલું કોઈ સાધન પકડી શકશે.

મતદાન-મથકે દુર્વર્તન બદલ શિક્ષા.

૧૮. (૧) મતદાન મથકે મતદાન માટે નક્કી કરેલા કલાકો દરમિયાન જે કોઈ વ્યકિત દુર્વર્તન કરે અથવા મતદાન મથક પ્રમુખ અધિકારીના કાયદેસર આદેશો માનવાને ચૂકે તેને મતદાન મથક પ્રમુખ અધિકારી અથવા ફરજ ઉપર હોય તેવો કોઈ પોલીસ અધિકારી અથવા મતદાન મથક પ્રમુખ અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલી કોઈ વ્યકિત મતદાન મથક પરથી કાઢી મૂકી શકશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે મળેલી સત્તા મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે હકદાર હોય તેવા કોઈ મતદારને તે મથકે મત આપવાની તક મળતી અટકે તે રીતે વાપરવી નહિ.

(૩) મતદાન મથકમાંથી એવી રીતે કાઢી મૂકવામાં આવી હોય તે કોઈ વ્યકિત તે મતદાન મથકમાં પ્રમુખ અધિકારીની પરવાનગી સિવાય ફરી દાખલ થાય તેને દોષિત ઠર્યેથી ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષા થશે.

(૪) પેટા-કલમ (૩) અન્વયે શિક્ષા થઈ શકે તેવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

મતદાનની ગુપ્તતા જાળવવા બાબત

૧૯. (૧) આ અધિનિયમ અન્વયેની કોઈ ચૂંટણીમાં મત નોંધવા અથવા ગણવાના સંબંધમાં ફરજ બજાવતા દરેક અધિકારીએ, કારકુને, એજન્ટે અથવા બીજી વ્યકિતએ મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે અને તે જાળવવામાં મદદ કરવી જોઈશે અને (કોઈ કાયદાથી અથવા તે અન્વયે કોઈ અધિકૃત હેતુ માટે હોય તે સિવાય) એવી ગુપ્તતાનો ભંગ થાય એવી કોઈ માહિતી કોઈ વ્યકિતને આપવી નહિ.

(૨) જે વ્યકિત પેટા-કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને દોષિત ઠર્યેથી, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષા થશે.

ચૂંટણીના અધિકારીઓ વગેરેએ ઉમેદવારો માટે કામ કરવું નહિ અથવા મતદાન ઉપર પ્રભાવ પડે એવું કાંઈ કરવું નહિ.

૨૦. (૧) જે કોઈ વ્યક્તિ આ અધિનિયમ અન્વયેની કોઈ ચૂંટણી વખતે ચૂંટણી અધિકારી (રીટર્નીંગ ઓફીસર) મતદાન મથક પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં કોઈ ફરજ બજાવવા માટે ચૂંટણી અધિકારી અથવા મતદાન મથક પ્રમુખ અધિકારીએ નીમેલ કોઈ અધિકારી અથવા કારકુન હોય તેણે ચૂંટણીના સંચાલન અથવા વ્યવસ્થામાં ઉમેદવારની ચૂંટાવાની સંભાવના વધારવા માટે (મત આપવા સિવાયનું બીજું) કોઈપણ કાર્ય કરવું નહિ.

(૨) ઉપર જણાવેલી કોઈ વ્યક્તિએ તેમજ પોલીસ દળની કોઈ વ્યક્તિએ,—

(ક) કોઈ વ્યક્તિને કોઈ ચૂંટણીમાં તેનો મત આપવા સમજાવવાનો, અથવા

(ખ) કોઈ વ્યક્તિને કોઈ ચૂંટણીમાં તેનો મત આપતા વારવાનો, અથવા

(ગ) કોઈ ચૂંટણીમાં કોઈ વ્યક્તિના મતદાન ઉપર કોઈ રીતે પ્રભાવ પાડવાનો,

પ્રયત્ન કરવો નહિ.

(૩) જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને, દોષિત ઠર્યેથી છ મહિનાની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષા થશે.

ચૂંટણીના સંબંધમાં અધિકાર રૂએની ફરજનો ભંગ.

૨૧. (૧) આ કલમ જેને લાગુ પડતી હોય તેવી કોઈ વ્યક્તિ અધિકાર રૂએની પોતાની ફરજનો ભંગ થાય એવા કોઈ કાર્ય અથવા વર્તન બદલ વાજબી કારણ સિવાય દોષિત હોય તેને, દોષિત ઠર્યેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) ઉપર જણાવ્યા પ્રમાણેના આવા કોઈ કાર્ય અથવા વર્તનના સંબંધમાં, આવી કોઈ વ્યક્તિ સામે નુકશાની મેળવવા માટે કોઈ દાવો અથવા બીજી કાયદેસર કાર્યવાહી થઈ શકશે નહિ.

(૩) આ કલમ જેને લાગુ પડે છે તે ચૂંટણી અધિકારીઓ, મતદાન મથક પ્રમુખ અધિકારીઓ, મતદાન અધિકારીઓ અને નગરપાલિકાની ચૂંટણીની યાદી તૈયાર કરવા, ઉમેદવારના ઉમેદવારીપત્રો અથવા ઉમેદવારી પાછી ખેંચી લેવાની અરજીઓ સ્વીકારવા અથવા આ કલમ અન્વયેની કોઈ ચૂંટણીમાં મત નોંધવા તથા તેની ગણતરી કરવા અંગેની કોઈ ફરજ બજાવવાને નિમવામાં આવેલી બીજી કોઈ વ્યક્તિ છે અને "અધિકાર રૂએની ફરજ" એ શબ્દ પ્રયોગનો અર્થ, આ કલમના હેતુઓ માટે તદનુસાર કરવો, પણ તેમાં, આ અધિનિયમથી અથવા તે અન્વયે હોય તે સિવાય બીજી રીતે મૂકવામાં આવેલી ફરજનો સમાવેશ થશે નહિ.

મતદાન મથકેથી મતપત્ર લઈ જવાં તે ગુનો ગણાશે.

૨૨. (૧) જે કોઈ વ્યક્તિ, આ અધિનિયમ અન્વયેની કોઈ ચૂંટણી વખતે કોઈ મતપત્ર કપટથી મતદાન મથકની બહાર લઈ જાય અથવા લઈ જવાની કોશિશ કરે અથવા તેવું કોઈ કાર્ય કરવામાં જાણી બુઝીને મદદ કરે અથવા મદદગીરી કરે તેને, દોષિત ઠર્યેથી એક વર્ષની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષા થશે.

(૨) કોઈ મતદાન મથકના પ્રમુખ અધિકારીને એવું માનવાને કારણ હોય કે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૧) અન્વયે શિક્ષા થઈ શકે એવો ગુનો કરે છે અથવા તેણે એવો ગુનો કર્યો છે, તો તે અધિકારી તેવી વ્યક્તિ મતદાન મથક છોડે તે પહેલાં તેને પકડી શકશે અથવા તેને પકડવાનો પોલીસ અધિકારીને આદેશ કરી શકશે અને તે વ્યક્તિની ઝડતી લઈ શકશે અથવા પોલીસ અધિકારી દ્વારા ઝડતી લેવડાવી શકશે:

પરંતુ જ્યારે કોઈ સ્ત્રીની ઝડતી લેવડાવવાનું જરૂરી હોય, ત્યારે તેની ઝડતી, શિષ્ટતા પરત્વે ચોક્કસ ધ્યાન રાખીને, બીજી સ્ત્રી દ્વારા લેવડાવવી જોઈશે.

(૩) પકડેલી વ્યક્તિ પાસેથી ઝડતી લેતી વખતે મળી આવેલું કોઈ મતપત્ર મતદાન મથક પ્રમુખ અધિકારીએ સુરક્ષા માટે પોલીસ અધિકારીને સોંપી દેવું જોઈશે અથવા પોલીસ અધિકારીએ ઝડતી લીધી હોય, ત્યારે એવા અધિકારીની સુરક્ષામાં રાખવું જોઈશે.

(૪) પેટા-કલમ (૧) અન્વયે શિક્ષા થઈ શકે એવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

બીજા ગુના અને તે બદલ શિક્ષા.

૨૩. (૧) જો કોઈ વ્યક્તિ આ અધિનિયમ-અન્વયેની કોઈ ચૂંટણીમાં—

(ક) કોઈ ઉમેદવારી પત્રને કપટથી વિરૂપ અથવા કપટથી તેનો નાશ કરે; અથવા

(ખ) ચૂંટણી અધિકારીએ ચોડેલાં અથવા તેણે આપેલા અધિકાર અન્વયે ચોડવામાં આવેલા કોઈ યાદી, નોટિસ, અથવા બીજો દસ્તાવેજ કપટથી વિરૂપ કરે, તેનો નાશ કરે અથવા તેને કાઢી નાંખે; અથવા

(ગ) કોઈ મતપત્ર અથવા કોઈ મતપત્ર પરની સત્તાવાર નિશાની કપટથી વિરૂપ કરે અથવા કપટથી તેનો નાશ કરે; અથવા

(ઘ) યોગ્ય અધિકાર સિવાય કોઈ વ્યકિતને કોઈ મતપત્ર આપે; અથવા

(ચ) કોઈ મતપેટીમાં જે મતપત્ર નાખવાને તેને કાયદાથી અધિકૃત કરી હોય તે મતપત્ર સિવાય બીજી કોઈ વસ્તુ કપટથી નાખે; અથવા

(છ) તે સમયે ચૂંટણીના હેતુ માટે ઉપયોગ કરાતી મતપેટી અથવા મતપત્રોનો યોગ્ય અધિકાર સિવાય નાશ કરે, તે લઈ લે, ઉઘાડે અથવા બીજી રીતે તેમાં દખલ કરે; અથવા

(જ) યથાપ્રસંગ, કપટથી અથવા યોગ્ય અધિકાર સિવાય, પૂર્વવર્તી કોઈ કાર્ય કરવાની કોશિશ કરે અથવા તેવું કોઈ કાર્ય કરવામાં જાણી બુઝીને મદદ કરે અથવા મદદગીરી કરે, તો તે ગુના બદલ દોષિત થશે.

(૨) આ કલમ અન્વયે ગુના બદલ દોષિત થઈ હોય તે કોઈ વ્યકિત,—

(ક) જો તે મતદાન મથકે ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારી હોય અથવા ચૂંટણીના સંબંધમાં અધિકાર રૂએની પર રોકવામાં આવેલા બીજો કોઈ અધિકારી અથવા કારકુન હોય, તો તેને, દોષિત ઠર્યેથી, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંનેની શિક્ષા થશે.

(ખ) જો તે બીજી કોઈ વ્યકિત હોય, તો દોષિત ઠર્યેથી, તેને છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચ સો રૂપિયા સુધીના દંડની અથવા બંનેની શિક્ષા થશે.

(૩) આ કલમના હેતુઓ માટે કોઈ વ્યકિતની ફરજ આ અધિનિયમ અન્વયે ચૂંટણી અથવા મતગણતરી કરવાના કામ સહિત તેના કોઈ ભાગના સંચાલનમાં ભાગ લેવાની હોય અથવા તેવી ચૂંટણી અંગે વપરાયેલાં મતપત્રો અને બીજા દસ્તાવેજો માટે એવી ચૂંટણી પછી જવાબદાર રહેવાની હોય તે વ્યકિત અધિકાર રૂએની ફરજ પર છે એમ ગણાશે, પણ "અધિકાર રૂએની ફરજ" એ શબ્દ પ્રયોગમાં, આ અધિનિયમથી અથવા તે અન્વયે તે સિવાય બીજી રીતેનું ક્વામાં આવેલા કોઈફરજનો સમાવેશ થશે નહિ.

(૪) પેટા-કલમ (૨) ના ખંડ (ખ) અન્વયે શિક્ષા થઈ શકે એવો ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

૨૪. કોઈ કોર્ટે કલમ ૨૦ અન્વયે અથવા કલમ ૨૧ અન્વયે અથવા કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) અન્વયે શિક્ષા થઈ શકે એવો કોઈ ગુનો, કલેકટરના હુકમથી અથવા કલેકટરે આપેલા અધિકાર અન્વયે ફરિયાદ હોય તે સિવાય, સાંભળવો નહિ. અમુક ગુનાઓ સંબંધી ફરિયાદ.

(૫) ચૂંટણીઓ માટે જગાઓનું હંગામી સંપાદન.

૨૫. (૧) જો તે અર્થે નગરપાલિકાના પ્રમુખે કરેલી વિનંતી ઉપરથી અથવા પોતાની મેળે રાજ્ય સરકારને અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારીને (જેનો આમાં હવે પછી હંગામી સંપાદન અધિકારી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેને) એમ જણાય કે આ અધિનિયમ અન્વયેની ચૂંટણીના સંબંધમાં — નગરપાલિકાની ચૂંટણીઓ માટે જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન કરવા બાબત.

(ક) મતદાન મથક તરીકે ઉપયોગ કરવાના હેતુ માટે અથવા મત લેવાઈ ગયા પછી મત પેટીઓ રાખવા માટે કોઈ જગાની જરૂર છે અથવા જરૂર પડવાનો સંભવ છે, અથવા

(ખ) કોઈ વાહન અથવા વહાણ અથવા પશુનો કોઈ મતદાન મથકે અથવા મતદાન મથકથી મતપેટીઓ લાવવા લઈ જવાની અથવા એવી ચૂંટણી ચાલતી હોય તે દરમિયાન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દળની વ્યકિતઓને લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણીના સંબંધમાં કોઈ ફરજ બજાવવા માટે કોઈ અધિકારી અથવા બીજી વ્યકિતને લાવવા લઈ જવાના હેતુ માટે જરૂર છે અથવા જરૂર પડવાનો સંભવ છે, તો હંગામી સંપાદન અધિકારી લેખિત હુકમ દ્વારા યથાપ્રસંગ, એવી જગાનું અથવા એવા વાહન, વહાણ અથવા પશુનું હંગામી સંપાદન કરી શકશે અને હંગામી સંપાદન કરવાના સંબંધમાં તેને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવા વધુ હુકમો કરી શકશે :

પરંતુ જેનો ઉપયોગ કોઈ ઉમેદવાર અથવા તેનો એજન્ટ એવા ઉમેદવારની ચૂંટણી સાથે સંબંધ ધરાવતા કોઈ હેતુ માટે કાયદેસર કરતો હોય તે કોઈ વાહન, વહાણ અથવા પશુનું હંગામી સંપાદન તેવી ચૂંટણી વખતે મતદાન પૂરું ન થાય ત્યાં સુધી આ પેટા-કલમ અન્વયે કરી શકાશે નહિ.

(૨) આવું હંગામી સંપાદન હંગામી સંપાદન અધિકારી જેને મિલકતનો માલિક અથવા કબજેદાર ગણતો હોય એવી વ્યકિતના નામના લેખિત હુકમથી કરવામાં આવશે અને હુકમ જેના નામનો કાઢવામાં આવ્યો હોય તે વ્યકિત ઉપર આ અધિનિયમ અન્વયેના નિયમોથી ઠરાવેલી રીતે બજાવવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) અન્વયે કોઈ મિલકતનું હંગામી સંપાદન કરવામાં આવે, ત્યારે એવા હંગામી સંપાદનની મુદત તે પેટા-કલમમાં જણાવેલા કોઈપણ હેતુ માટે જે મુદત માટે આવી મિલકતની જરૂર હોય તે મુદત કરતાં વધારે હોવી જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ.-- આ કલમના હેતુ માટે "જગા" એટલે, કોઈ જમીન, ઈમારત અથવા ઈમારતનો ભાગ અને તેમાં ઝૂંપડાં, છાપરાં અથવા બીજા બાંધકામનો અથવા તેના ભાગનો સમાવેશ થાય છે.

**વળતર આપવા બાબત.**

૨૬. (૧) જ્યારે કલમ ૨૫ અનુસાર હંગામી સંપાદન અધિકારી કોઈ જગાનું હંગામી સંપાદન કરે ત્યારે નગરપાલિકાએ હિત ધરાવતી વ્યકિતઓને વળતર આપવું જોઈશે અને તેની રકમ નીચેની બાબતો ધ્યાનમાં લઈને નક્કી કરવી જોઈશે, એટલે કે--

(૧) તે જગાના સંબંધમાં ભરવાનું ભાડું અથવા તેવું કોઈ ભાડું ભરવાનું ન હોય, તો તે લતામાં આવેલી તેવી જગા માટે ભરવાનું ભાડું.

(૨) જગાનું હંગામી સંપાદન કરવાના પરિણામે હિત ધરાવતી વ્યકિતને પોતાના નિવાસ અથવા ધંધાની જગા ફેરવવાની ફરજ પડે તો તે ફેરફારને આનુષંગિક હોય તેવું વાજબી ખર્ચ, હોય તો તે :

પરંતુ એવી રીતે નક્કી કરેલી વળતરની રકમથી નારાજ થયેલી કોઈ હિત ધરાવતી વ્યકિત આ બાબત લવાદને સોંપવા માટે હંગામી સંપાદન અધિકારીને આ અધિનિયમ અન્વયેના નિયમોથી ઠરાવેલા વખતની અંદર અરજી કરે ત્યારે આપવાની વળતરની રકમ, આ અર્થે હંગામી સંપાદન અધિકારીએ નીમેલો લવાદ જેટલી નક્કી કરે તેટલી હોવી જોઈશે:

વધુમાં વળતરની રકમ મેળવવાના હક્કદાર બાબત અથવા વળતરની રકમની ફાળવણી બાબત કોઈ તકરાર થાય ત્યારે તે તકરાર આ અર્થે પોતે નીમેલા લવાદને નિર્ણય કરવા માટે હંગામી સંપાદન અધિકારીએ મોકલી આપવી જોઈએ અને તે લવાદના નિર્ણય અનુસાર તે નક્કી કરવી જોઈશે.

સ્પષ્ટીકરણ.-- આ પેટા કલમમાં "હિત ધરાવતી વ્યકિત" એ શબ્દ પ્રયોગનો અર્થ જે વ્યકિત હંગામી સંપાદનની તરત જ પહેલાં કલમ ૨૫ અન્વયે હંગામી સંપાદિત કરેલી જગાનો ખરેખરો કબજો ધરાવતી હોય તે વ્યકિત એવો થાય છે અને જ્યારે કોઈ વ્યકિત આવો ખરેખરો કબજો ધરાવતી ન હોય ત્યારે આવી જગાનો માલિક એવો થાય છે.

(૨) કલમ ૨૫ અનુસાર હંગામી સંપાદન અધિકારી કોઈ વાહન, વહાણ અથવા પશુનું હંગામી સંપાદન કરે, ત્યારે નગરપાલિકાએ તેના માલિકને વળતર આપવું જોઈશે અને એવી વળતરની રકમ તે વાહન, વહાણ અથવા પશુને ભાડે લેવા માટે તે લત્તામાં પ્રવર્તતા હોય તે ભાડાં અથવા દરોના ધોરણે હંગામી સંપાદન અધિકારીએ નક્કી કરવી જોઈશે :

પરંતુ તેવી રીતે નક્કી કરેલી વળતરની રકમથી નારાજ થયેલો એવાં વાહન, વહાણ અથવા પશુનો માલિક આ બાબત લવાદને સોંપવા માટે હંગામી સંપાદન અધિકારીને આ અધિનિયમ અન્વયેના નિયમોથી ઠરાવેલા વખતની અંદર અરજી કરે ત્યારે આપવાની વળતરની રકમ, આ અર્થે હંગામી સંપાદન અધિકારીએ નીમેલો લવાદ નક્કી કરે તેટલી હોવી જોઈશે :

વધુમાં, હંગામી સંપાદનની તરત જ પહેલાં વાહન અથવા વહાણ, ભાડા-ખરીદીના કરારની માલિક સિવાયની બીજી વ્યકિતના કબજામાં હોય, ત્યારે હંગામી સંપાદનના સંબંધમાં આ પેટા-કલમ અન્વયે કુલ વળતર તરીકે આપવાની નક્કી થયેલી રકમની ફાળવણી તે વ્યકિત અને તે માલિક કબૂલ થાય એવી રીતે કરવી જોઈશે અને કબૂલાતના અભાવે હંગામી સંપાદન અધિકારીએ આ અર્થે નીમેલો લવાદ નક્કી કરે એવી કરવી જોઈશે.

**માહિતી મેળવવાની સત્તા.**

૨૭. હંગામી સંપાદન અધિકારી કલમ ૨૫ અન્વયે કોઈ મિલકતનું હંગામી સંપાદન કરવાના હેતુથી અથવા કલમ ૨૬ અન્વયે આપવાનું વળતર નક્કી કરવાના હેતુથી હુકમ કરીને કોઈ વ્યકિતને આવી મિલકતને લગતી હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે એવી તેના કબજામાંની માહિતી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે અધિકારીને પૂરી પાડવાનું ફરમાવી શકશે.

**હંગામી સંપાદિત કરેલી જગા ખાલી કરાવવા બાબત.**

૨૮. (૧) કલમ ૨૫ અન્વયે કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરીને, હંગામી સંપાદિત જગાનો કબજો ચાલુ રાખનાર કોઈ વ્યકિત પાસેથી હંગામી સંપાદન અધિકારીએ આ અર્થે અધિકાર આપેલ કોઈ અધિકારી તે જગા, સંક્ષિપ્ત કાર્યવાહી કરીને ખાલી કરાવી શકશે.

(૨) એવી રીતે અધિકાર આપેલા કોઈ અધિકારી જાહેરમાં આવતી ન હોય તેવી કોઈ સ્ત્રીને નીકળી જવાની વાજબી ચેતવણી અને સગવડ આપ્યા પછી, કોઈ તાળું અથવા સાંકળ કાઢી નાખી શકશે અથવા ખોલી શકશે અથવા કોઈ ઈમારતનું કોઈ બારણું તોડીને ઉઘાડી શકશે અથવા આવી રીતે ખાલી કરાવવા માટે જરૂરી હોય એવું બીજું કાર્ય કરી શકશે.

હંગામી સંપાદનમાંથી જગા છૂટી કરવા બાબતે.

૨૯. (૧) કલમ ૨૫ અન્વયે હંગામી સંપાદિત કરેલી કોઈ જગાને હંગામી સંપાદનમાંથી છૂટી કરવાની હોય ત્યારે જે વખતે જગાનું હંગામી સંપાદન કરવામાં આવ્યું હોય તે વખતે જેની પાસેથી તેનો કબજો લેવામાં આવ્યો હોય તે વ્યક્તિને અથવા આવી કોઈપણ વ્યક્તિ ન હોય, તો હંગામી સંપાદન અધિકારીને જેને આવી જગાના માલિક તરીકે ગણેલી હોય તે વ્યક્તિને તેનો કબજો સોંપવો જોઈશે અને આવો કબજો આ રીતે સોંપવાથી હંગામી સંપાદન અધિકારી આ રીતે કબજો સોંપવાના સંબંધમાં તમામ જવાબદારીઓમાંથી સંપૂર્ણપણે મુક્ત થશે, પણ તેનાથી આ રીતે જગાનો કબજો જે વ્યક્તિને સોંપી દેવામાં આવે તેની વિરૂધ્ધ જગાના સંબંધમાં કાયદા અનુસાર જેનો અમલ કરાવવાનો બીજી કોઈ વ્યક્તિને હક હોય તેવા તેના કોઈપણ હકોને બાધ આવશે નહિ.

(૨) કલમ ૨૫ અન્વયે હંગામી સંપાદિત કરેલી કોઈ જગાનો કબજો પેટા-કલમ (૧) અન્વયે જેને આપવાનો હોય તે વ્યક્તિ મળી શકે નહિ અથવા તે કઈ વ્યક્તિ છે તે નિશ્ચિત રૂપમાં સત્વરે જાણી શકાય એમ ન હોય અથવા તેના વતી જમીનનો કબજો સ્વીકારવાનો અધિકાર આપેલો કોઈ એજન્ટ અથવા બીજી કોઈ વ્યક્તિ ન હોય ત્યારે હંગામી સંપાદન અધિકારીએ આવી જગા હંગામી સંપાદનમાંથી છૂટી કરવામાં આવી છે એવું જાહેર કરતી એક નોટિસ એવી જગાના સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગ ઉપર ચોંટાડવી જોઈશે તથા તે નોટિસ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી નોટિસ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે, ત્યારે એવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી જગા આવી રીતે નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખ અને તે તારીખથી હંગામી સંપાદનને પાત્ર હોતી બંધ થશે અને તેનો કબજો મેળવવાનો જે વ્યક્તિને હક હોય તેને તે સોંપી દેવામાં આવી છે તેમ ગણાશે અને આવી જગાના સંબંધમાં હંગામી સંપાદન અધિકારી અથવા નગરપાલિકા સદરહુ તારીખ પછી કોઈ મુદત માટે આવી જગાના સંબંધમાં કોઈ વળતર અથવા દાવા માટે જવાબદાર રહેશે.

હંગામી સંપાદનને લગતા કોઈપણ હુકમનું ઉલ્લંઘન કરવા બદલ શિક્ષા.

૩૦. જો કોઈપણ વ્યક્તિ કલમ ૨૫ અન્વયે અથવા કલમ ૨૮ અન્વયે કરેલા કોઈ હુકમનું ઉલ્લંઘન કરે, તો તેને દોષિત ઠર્યેથી, એક વર્ષની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા બંનેની શિક્ષા થશે.

## પ્રકરણ ૩જું.

### [1][નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કાઉન્સિલર અને અધિકારીઓ અને કર્મચારીઓ]

### (૧) નગરપાલિકાઓના પ્રમુખો, ઉપ-પ્રમુખો અને સભ્યો સંબંધી જોગવાઈઓ.

પ્રમુખ અને ઉપપ્રમુખ.

૩૧. કોઈ નગરપાલિકાના અધ્યક્ષસ્થાને પ્રમુખ રહેશે, જેમને સભ્યો પોતાનામાંથી, રાજ્ય સરકારે કરેલા નિયમો દ્વારા ઠરાવેલી રીતે ચૂંટશે. દરેક નગરપાલિકા માટે તેવી રીતે ચૂંટાયેલા એક ઉપપ્રમુખ રહેશે.

પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી.

૩૨. [2][(૧) નગરપાલિકાની સામાન્ય ચૂંટણી થયા પછી, કલેક્ટર, ઠરાવેલી મુદતની અંદર પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે નગરપાલિકાની પ્રથમ સામાન્ય બેઠક બોલાવશે.;]

(૨) પેટા-કલમ (૧) અન્વયે બોલાવેલી બેઠકનું પ્રમુખસ્થાન કલેક્ટર અથવા કલેક્ટર આ અર્થે લેખિત હુકમ કરીને નીમે તે અધિકારી લેશે. બેઠકની કાર્યરીતિ રાજ્ય સરકારે કરેલા નિયમો દ્વારા ઠરાવ્યા પ્રમાણે રહેશે અને કલેક્ટર અથવા આવા અધિકારીને સદરહુ નિયમોથી ઠરાવવામાં આવે તે સત્તા રહેશે પણ તેમને મત આપવાનો હક રહેશે નહિ.

(૩) આવી બેઠકમાં [3][ * * * * * *]પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી સિવાયનું બીજું કાંઈ કામકાજ ચલાવી શકાશે નહિ.

(૪) પ્રમુખ અથવા ઉપ-પ્રમુખની ચૂંટણીમાં મતો સરખા પડયા હોય, તો ચૂંટણીના પરિણામનો નિર્ણય, કલેક્ટર અથવા પ્રમુખસ્થાન લેનાર અધિકારીની હાજરીમાં યથાપ્રસંગ કલેક્ટર અથવા અધિકારી નક્કી કરે તે રીતે ચિઠ્ઠી નાંખીને કરવામાં આવશે.

---

૧. સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ૧૫થી પ્રકરણ ૩માં, "પ્રમુખ, ઉપપ્રમુખ, સભ્યો અને મુખ્ય અધિકારી" એ શીર્ષકને બદલે, "નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કાઉન્સિલ અને અધિકારીઓ અને કર્મચારીઓ" એ શીર્ષક મૂકેલ છે.
૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૪(૧)થી આ મજકૂર મૂકયો છે.
૩. એજનની કલમ ૧૪(૨)થી "પ્રમુખ તથા ઉપ-પ્રમુખના હોદ્દાની મુદત નક્કી કરવામાં આવશે" એ શબ્દો કમી કર્યા છે.

**પ્રમુખ અને ઉપ પ્રમુખના હોદ્દાની મુદત**

૩૩. ૧ [(૧)(ક) પ્રમુખના હોદ્દાની મુદત, એક વર્ષની રહેશે.
(ખ) આ કલમની બીજી જોગવાઈઓને અધીન રહીને, પ્રમુખ, ફરીથી ચૂંટાવાને પાત્ર રહેશે."]

(૨) પેટા-કલમ (૧) અન્વયે પોતાના હોદ્દાની મુદત દરમિયાન પ્રમુખ અથવા ઉપપ્રમુખ સભ્ય હોતો બંધ થાય, તો તે પોતે ધરાવેલા હોદ્દાને ખાલી કરશે.

૨[(૩) દરેક નગરપાલિકામાં પ્રમુખનો હોદ્દો, ઠરાવેલી રીતે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે રાજ્ય સરકારે અનામત રાખવો જોઈશે. આવું અનામત રાખવાનું, પ્રમાણ શકય હોય ત્યાં સુધી, સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની કુલ સંખ્યામાં તેમની તરફેણમાં કલમ ૬ની પેટા-કલમ (૩) હેઠળ જે પ્રમાણ નક્કી કર્યું છે તે જ પ્રમાણ રહેશે."]

૩[(૪) નગરપાલિકાના સભ્યોના હોદ્દાની મુદત પૂરી થયે, નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની ચાલુ વહીવટી ફરજો, રાજ્ય સરકાર તે અર્થે હુકમથી નિર્દિષ્ટ કરે તેવા તેના અધિકારી, નવા પ્રમુખ અને ઉપ પ્રમુખ ચૂંટવામાં આવ્યા ન હોય અને તેણે પોતાની ફરજોનો ચાર્જ લીધો ન હોય તેટલા સમય સુધી, બજાવશે. ]

**નિવૃત્ત થતા પ્રમુખ વગેરેને હોદ્દાનો ચાર્જ સોંપવાની ફરજ.**

૩૪. (૧) ૪[યથા પ્રસંગ, કલમ ૩૩ની પેટા-કલમ (૪) હેઠળ અધિકારીની નિમણૂક થયે અથવા નવા પ્રમુખ અથવા ઉપ પ્રમુખની ચૂંટણી થયે] યથાપ્રસંગ, નિવૃત્ત થતા પ્રમુખ કે ઉપપ્રમુખની ફરજ છે કે તેણે તેને પોતાનો હોદ્દાનો ચાર્જ સોંપી દેવો અને નગરપાલિકાની માલિકીના અને પોતાની કસ્ટડીમાંના દફતર અને મિલકત તેને સ્વાધીન કરવાં.

(૨) પેટા-કલમ (૧)માં જેઓ નહિ જણાવેલ કોઈ કારણસર હોદ્દો ધરાવતા બંધ થયા હોય તે કોઈ પ્રમુખ, ઉપ પ્રમુખ અથવા સભ્યે હોદ્દાનો ચાર્જ સોંપવાની બાબતમાં પેટા-કલમ (૧)ની જોગવાઈઓ જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

**પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્યનું રાજીનામું.**

૩૫. (૧) કોઈ પ્રમુખ કલેકટરને પોતાનું લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે. કલેકટર આવા રાજીનામાનો સ્વીકાર કરે તે તારીખથી અથવા રાજીનામું આપ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે, એ બેમાંથી જે પ્રસંગ વહેલો બને ત્યારથી, તેનો અમલ થશે.

(૨) કોઈ ઉપ પ્રમુખ નગરપાલિકાને પોતાનું લેખિત રાજીનામું આપીને, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે. નગરપાલિકા આવા રાજીનામાનો સ્વીકાર કરે તે તારીખથી અથવા રાજીનામું આપ્યાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે, એ બેમાંથી જે પ્રસંગ વહેલો બને ત્યારથી, તેનો અમલ થશે.

(૩) બીજો કોઈ સભ્ય પ્રમુખને પોતાનું લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે. જે તારીખે આવું રાજીનામું પ્રમુખને મળે તે તારીખે તેનો અમલ થશે.

(૪) જે તારીખથી પ્રમુખના રાજીનામાનો અમલ થયો હોય તે તારીખ રાજપત્રમાં જાહેર કરવી જોઈશે.

૫ [(૫) કોઈ રાજીનામા સંબંધમાં કશી તકરાર ઉભી થાય તો તે તકરાર રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી તે અર્થે નીમે તેવા અધિકારીને નિર્ણય માટે લખી મોકલવી અને એવા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ રાજીનામું અમલમાં આવ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયા પછી એવી કોઈ તકરાર સ્વીકારી શકાશે નહિ:

વધુમાં એવું રાજીનામું એવા અધિકારીના નિર્ણય અનુસાર અમલી બનશે.]

**અવિશ્વાસનો પ્રસ્તાવ.**

૩૬. (૧) નગરપાલિકાનો જે કોઈ સભ્ય નગરપાલિકાના પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે કોઈ અવિશ્વાસનો પ્રસ્તાવ રજુ કરવા માંગતો હોય તે સભ્ય નગરપાલિકાને રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂનામાં તે અંગેની નોટિસ આપી શકશે. નગરપાલિકાના તે વખતના સભ્યોની કુલ સંખ્યાની એક તૃતીયાંશથી ઓછી ન હોય તેટલી સંખ્યાના સભ્યો તે નોટિસને ટેકો આપે તો તે પ્રસ્તાવ રજૂ કરી શકાશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની કલમ ૧૫(૧)થી આ પેટા-કલમ મૂકી છે.

૨. એજનની કલમ ૧૫(૨)થી આ પેટા-કલમ મૂકેલ છે.

૩. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૨૯ની કલમ ૧૧થી મૂળ પેટા-કલમ (૪)ને બદલે, આ પેટા-કલમ મૂકી છે.

૪. એજનની કલમ ૧૨થી અસલ મજકૂરને બદલે, આ મજકૂર મૂકયો છે.

૫. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૨થી આ પેટા-કલમ દાખલ કરી છે.

(૨) તે પ્રસ્તાવ નગરપાલિકાના તે વખતના સભ્યોની કુલ સંખ્યાના બે તૃતીયાંશથી ઓછા ન હોય તેટલા સભ્યોની બહુમતી પસાર કરે તો યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખ પોતે અગાઉ રાજીનામું આપ્યું હોય તે સિવાય, પ્રસ્તાવ પસાર કરવામાં આવે તે તારીખથી ત્રણ દિવસની મુદત પછી હોદ્દા ધરાવતા બંધ થશે; અને તેમ થયે; આવા પ્રમુખ અથવા ઉપપ્રમુખ ધરાવેલા હોદ્દા ખાલી પડે છે એમ જાહેર કરશે.

(૩) આ અધિનિયમમાં અથવા તે અન્વયે કરેલા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, યથાપ્રસંગ, પ્રમુખે અથવા ઉપ-પ્રમુખે જે બેઠકમાં તેની વિરુધ્ધનો અવિશ્વાસનો પ્રસ્તાવ ચર્ચવામાં આવે તે બેઠકનું પ્રમુખસ્થાન લેવું નહિ; પણ (મત આપવાના હક સહિત) આવી બેઠકની કાર્યવાહીમાં તેને બોલવાનો અથવા બીજી રીતે ભાગ લેવાનો હક રહેશે.

હોદ્દા ઉપરથી દૂર કરવા બાબત.

૩૭. (૧) યથાપ્રસંગ, નગરપાલિકાના કોઈ સભ્યને, પ્રમુખને અથવા ઉપપ્રમુખને સુનાવણીની તક આપ્યા પછી અને તે અર્થે નગરપાલિકાને યોગ્ય નોટિસ આપ્યા પછી અને પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે યથાપ્રસંગ, સભ્ય, પ્રમુખ અથવા ઉપપ્રમુખ પોતાની ફરજો અદા કરવામાં ગેર-વર્તણૂંક કર્યા બદલ અથવા કોઈ શરમજનક વર્તણૂંક બદલ અપરાધી થયો છે અથવા આ અધિનિયમ અન્વયે પોતાની ફરજો અદા કરવામાં અસમર્થ થયો છે તો રાજ્ય સરકાર--

(ક) [પોતાની મેળે અથવા] નગરપાલિકાના તે વખતના સભ્યોની કુલ સંખ્યાની બહુમતીના ટેકાવાળી તે અર્થે નગરપાલિકાની ભલામણ મળ્યે, નગરપાલિકાના આવા સભ્યને, અથવા

(ખ) નગરપાલિકાના આવા કોઈ પ્રમુખ કે ઉપપ્રમુખને,

હોદ્દા ઉપરથી દૂર કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે દૂર કરાયેલ પ્રમુખ અથવા ઉપપ્રમુખ નગરપાલિકાની બાકીની મુદત દરમિયાન પ્રમુખ અથવા ઉપ-પ્રમુખ તરીકે ફરી ચૂંટાવાને પાત્ર થશે નહિ.

સભ્યની ત્યાર પછીની ગેરલાયકાતને રાજીનામાથી અસર થશે નહિ.

[૩૭.ક. સભ્યે કલમ ૩૫ અન્વયે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું હોય તે છતાં, રાજ્ય સરકારને એમ લાગે કે સભ્ય તરીકેનો હોદ્દો ધરાવ્યાની મુદત દરમિયાન પોતાની ફરજો અદા કરવામાં ગેરવર્તણૂંક અથવા શરમજનક વર્તન માટે સભ્ય દોષિત થયો છે તો રાજ્ય સરકાર, પોતાના હુકમની તારીખથી પાંચ વર્ષની મુદત માટે સભ્ય અથવા બીજા કોઈ સ્થાનિક સત્તામંડળના સભ્ય અથવા સભ્યના હોદ્દા માટે તેને ગેરલાયક ઠરાવી શકશે:

પરંતુ સભ્યના રાજીનામાની તારીખથી એક વર્ષ પૂરું થયા પછી અને તેને સુનાવણીની વાજબી તક આપ્યા વગર એવી રીતે રાજીનામું આપનાર સભ્ય સામે આ કલમ હેઠળ કાંઈ પગલું લઈ શકાશે નહિ.]

સભ્ય તરીકે ચાલુ રહેવાની અસમર્થતા.

૩૮. (૧) કોઈ સભ્ય તેને ચૂંટવામાં અથવા નીમવામાં આવ્યો હોય તે મુદત દરમ્યાન—

(ક) કલમ ૧૧માં નિર્દિષ્ટ કરેલી કોઈ ગેરલાયકાતને પાત્ર થાય, અથવા

(ખ) જે કોઈ બાબતમાં--

(૧) તે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, જાતે કે પોતાના ભાગીદાર મારફત, કલમ ૧૧ની પેટા કલમ (૩)ના ખંડ (૧), (૨ (૩), (૫) અથવા (૭)માં વર્ણવ્યા પ્રમાણેનો આવો કોઈ ભાગ અથવા હિત ધરાવતો હોય, પછી તેવો ભાગ અથવા હિતસંબંધ ગમે તે કિંમતનો હોય, અથવા

(૨) તે મુખ્ય વ્યકિત વતી અથવા બીજી વ્યકિત વતી વ્યાવસાયિક દ્રષ્ટિએ હિત ધરાવતો હોય, તે બાબતમાં કોઈ સભ્ય તરીકે કામ કરે, અથવા

(ગ) કોઈ કેસમાં નગરપાલિકા તરફથી અથવા તેની વિરુધ્ધ વ્યાવસાયિક દ્રષ્ટિએ હિત ધરાવતો હોય અથવા તેને રોકવામાં આવેલો હોય, અથવા

(ઘ) પોતે છ મહિના કરતાં વધારે મુદત સુધી સતત ગેરહાજર રહેવા માટે જાહેર કરેલા અથવા જાણવામાં આવેલા ઈરાદાથી રાજ્યની હદની બહાર જતો રહે,

---

૧. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૩ થી આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૪થી કલમ ૩૭-ક દાખલ કરી છે.

તો તે પેટા કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ સભ્ય તરીકે ચાલુ રહેવા અસમર્થ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

(૨) દરેક દાખલામાં જગા ખાલી પડી છે કે કેમ તે બાબતનો નિર્ણય કરવા માટેના યોગ્ય સત્તાધિકારી કલેક્ટર રહેશે. કોઈ વ્યક્તિએ પોતાની કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે, કલેક્ટર સભ્યને સુનાવણીની તક આપ્યા પછી પોતાનો નિર્ણય આપી શકશે.

(૩) જગા ખાલી પડી છે એવો નિર્ણય કલેક્ટર પેટા-કલમ (૨) અન્વયે ન કરે ત્યાં સુધી, સભ્ય પેટા-કલમ (૧) અન્વયે સભ્ય તરીકે ચાલુ રહેવા માટે અસમર્થ થશે નહિ.

(૪) કલેક્ટરના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ આવા નિર્ણયની તારીખથી, પંદર દિવસની મુદતની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને એવી અપીલમાં રાજ્ય સરકારે કરેલા હુકમો આખરી ગણાશે.

**ગેરહાજર રહેવાની રજા.**

૩૯. (૧) જે કોઈ સભ્ય પોતાના હોદ્દાની મુદત દરમિયાન—

(ક) નગરપાલિકાએ તેને એવી રીતે ગેરહાજર રહેવા માટે ચાર મહિનાથી વધુ નહિ એટલી રજા આપી હોય તે સિવાય, તે નગરમાંથી લાગલાગટ ત્રણ મહિના કરતા વધારે વખત માટે ગેરહાજર રહે, અથવા

(ખ) તે નગરપાલિકાની રજા વગર નગરપાલિકાની બેઠકોમાંથી લાગલાગટ ચાર મહિના સુધી ગેરહાજર રહે,

તે સભ્ય હોતો બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

(૨) પ્રત્યેક દાખલામાં આ કલમ અન્વયે કોઈ જગા ખાલી પડી છે કે કેમ તે બાબતનો નિર્ણય કરવાને યોગ્ય સત્તાધિકારી કલેક્ટર ગણાશે. કોઈ વ્યક્તિએ કરેલી અરજી પરથી અથવા પોતાની મેળે, કલેક્ટર સભ્યને સુનાવણીની વાજબી તક આપ્યા પછી પોતાનો નિર્ણય આપી શકશે.

(૩) ઉપપ્રમુખ હોય તે કોઈ સભ્યને પેટા-કલમ (૧) અન્વયે રજા આપવામાં આવી હોય ત્યારે આવી રજા આપવામાં આવી હોય તે મુદત દરમિયાન ઉપપ્રમુખની તમામ ફરજો બજાવવા માટે અને તમામ સત્તા વાપરવા માટે બીજા કોઈ સભ્યની ચૂંટણી કરવામાં આવશે.

**પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી મોકૂફ કરવા બાબત.**

૪૦. (૧) રાજ્ય સરકાર અથવા તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારી, જેની સામે લાંચ રૂશ્વત પ્રતિબંધ અધિનિયમ, ૧૯૪૭ અથવા મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અન્વયે અથવા આ અધિનિયમ અન્વયે ફરજો અદા કરવામાં કાર્ય કરતી વખતે અથવા કાર્ય કરવાનું અભિપ્રેત હોય એ વખતે કોઈ ગુનાના સંબંધમાં કોઈ ફોજદારી કાર્યવાહી માંડવામાં આવી હોય અથવા જેને તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમિયાન જેલમાં અટકમાં રાખવામાં આવ્યા હોય તે કોઈ પ્રમુખ અથવા ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી મોકૂફ કરી શકશે.

**સન ૧૯૪૭ નો ૨જો. સન ૧૯૪૯ નો મુંબઈ નો ૨૫મો**

(૨) કોઈ પ્રમુખને અથવા ઉપપ્રમુખને પેટા-કલમ (૧) અન્વયે હોદ્દા ઉપરથી મોકૂફ કરવામાં આવે તો જે મુદત માટે આવી રીતે હોદ્દા ઉપરથી મોકૂફ રાખવાનું ચાલુ હોય તો તે મુદત દરમિયાન, યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખની તમામ ફરજો બજાવવા માટે અને તેની તમામ સત્તા વાપરવા માટે કોઈ સભ્યની ચૂંટણી કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) અન્વયે અધિકૃત અધિકારીએ કરેલા કોઈ હુકમ વિરૂધ્ધ રાજ્ય સરકારને અપીલ થઈ શકશે. આવી અપીલ હુકમની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર કરવી જોઈશે.

**અમુક સભ્યોની ફરીથી ચૂંટાવા માટે પાત્રતા.**

૪૧. સભ્ય તરીકે ચાલુ રહેવાને કલમ ૩૮ અન્વયે અસમર્થ થયેલી કોઈ વ્યક્તિ, તે અસમર્થ હોતી બંધ થયે, ફરીથી ચૂંટાવાને પાત્ર થશે.

**ખાલી જગાઓ ભરવા બાબત.**

[1]૪૨. (૧) સામાન્ય ચૂંટણીમાં પૂરેપૂરી સંખ્યામાં કાઉન્સિલરોની ચૂંટણી ન થવાને કારણે અથવા કાઉન્સિલર તરીકે ચૂંટાયેલી વ્યક્તિએ હોદ્દાનો અસ્વીકાર કરવાને કારણે અથવા કલમ ૧૪ની પેટા-કલમ (૨) ની જોગવાઈઓ હેઠળ મોકૂફ રાખેલી કોઈ ચૂંટણીના કારણે અથવા કોઈ પણ કારણસર કાઉન્સિલરની જગા ખાલી પડે ત્યારે, નગરપાલિકાના મુખ્ય અધિકારીએ અને મુખ્ય અધિકારીની ગેરહાજરીમાં કલેક્ટર, તે હેતુ માટે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા અધિકારીએ જે તારીખે જગા ખાલી પડે તે તારીખથી પંદર દિવસની અંદર, તે અંગેની નોટિસ રાજ્ય ચૂંટણી કમિશનને આપવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નોટિસ મળે એટલે રાજ્ય ચૂંટણી કમિશને, આવી જગા ખાલી પડી હોય તે તારીખથી છ મહિનાની અંદર ખાલી જગા ભરવા માટે ચૂંટણી કરવાની વ્યવસ્થા કરવી જોઈશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૬થી કલમ ૪૨ને બદલે, આ કલમ મૂકી છે.

(૩) કોઈ કારણસર પ્રમુખ અથવા ઉપપ્રમુખની કોઈ જગા ખાલી પડે ત્યારે, નગરપાલિકાના મુખ્ય અધિકારીએ અને મુખ્ય અધિકારીની ગેરહાજરીમાં કલેક્ટર, તે હેતુ માટે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે અધિકારીએ જે તારીખે જગા ખાલી પડે તે તારીખથી પંદર દિવસની અંદર, તે અંગેની નોટિસ કલેક્ટરને આપવી જોઈશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ નોટિસ મળે એટલે, કલેક્ટરે, નોટિસ મળ્યાની તારીખથી પચીસ દિવસની અંદર, યથાપ્રસંગ, પ્રમુખ અથવા ઉપપ્રમુખની ચૂંટણી કરવા માટે નગરપાલિકાની સામાન્ય બેઠક બોલાવવી જોઈશે અને કલમો ૩૧ અને ૩૨ની જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે, આવી બેઠકો અને ચૂંટણીને લાગુ પડશે.

(૫) આ કલમની પેટા-કલમ (૨) હેઠળ કાઉન્સિલર તરીકે ચૂંટાયેલી અથવા આ કલમની પેટા-કલમ (૪) હેઠળ પ્રમુખ અથવા ઉપ પ્રમુખ તરીકે ચૂંટાયેલી કોઈ વ્યક્તિ, જેની જગાએ તેને ચૂંટવામાં આવી હોય તે કાઉન્સિલર, પ્રમુખ અથવા ઉપપ્રમુખ જગા ખાલી પડી ન હોત તો જ્યાંસુધી હોદ્દો ધરાવત, ત્યાંસુધી હોદ્દો ધરાવશે.

(૬) પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કાઉન્સિલરની જગા, નગરપાલિકાની મુદત પૂરી થવાની હોય તે તારીખ પહેલાંના છ મહિનાની અંદર ખાલી પડે, ત્યારે તે ભરવી નહિ.

(૭) પ્રમુખ અને ઉપપ્રમુખ એ બંનેના હોદ્દા એકી સાથે ખાલી પડે, ત્યારે કલેક્ટર આ અર્થે અધિકૃત કરે તેવા કોઈ કાઉન્સિલર, પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાં સુધી, પ્રમુખની તમામ સત્તા વાપરશે અને તમામ કાર્યો અને ફરજો બજાવશે.]

૪૩. નગરપાલિકા અથવા આ અધિનિયમ અન્વયે રચવામાં આવેલી કોઈ સમિતિનાં કોઈ કાર્ય અથવા કાર્યવાહી સામે, તેમાં કોઈ જગા ખાલી પડવાને કારણે, વાંધો ઉઠાવી શકાશે નહિ. જગા ખાલી પડવાથી તેની કાર્યવાહીને અસર નહિ થવા બાબત.

### (૨) નગરપાલિકાનો વહીવટ, પ્રમુખ અથવા ઉપપ્રમુખનાં કાર્યો.

૪૪. (૧) આ અધિનિયમમાં સ્પષ્ટપણે બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય નગરનો વહીવટ નગરપાલિકામાં નિહિત થશે. નગરનો વહીવટ નગરપાલિકામાં નિહિત થશે.

(૨) આ અધિનિયમમાં જ્યાં સ્પષ્ટપણે એવો નિર્દેશ કર્યો હોય ત્યાં નગરપાલિકા અથવા કારોબારી સમિતિની મંજૂરીને અધીન રહીને તેમજ આ અધિનિયમથી અને તે અન્વયે કરેલા નિયમોથી મૂકેલા બીજા તમામ નિયંત્રણો, મર્યાદા અને શરતોને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે કારોબારી સત્તા કલમ ૪૭ અન્વયે નિમાયેલા મુખ્ય અધિકારીમાં નિહિત થશે. કારોબારી સત્તા મુખ્ય અધિકારીમાં નિહિત થશે.

૪૫. નગરપાલિકાના પ્રમુખની નીચે પ્રમાણે ફરજ રહેશે— પ્રમુખનાં કાર્યો.

(ક) વાજબી કારણસર, અશક્ય હોય તે સિવાય, નગરપાલિકાની તમામ બેઠકોનું પ્રમુખસ્થાન લેવાની તથા કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે તે સમયે અમલમાં હોય એવા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, એવી બેઠકના કાર્ય સંચાલનનું નિયમન કરવાની;

(ખ) નગરપાલિકાના નાણાકીય અને કારોબારી વહીવટ ઉપર નજર રાખવાની અને તેને આ અધિનિયમથી અથવા તે અન્વયે સોંપવામાં આવે તેવા કારોબારી કાર્યો બજાવવાની;

(ગ) કારોબારી વહીવટની બાબતોમાં તથા નગરપાલિકાના હિસાબો અને રેકર્ડને લગતી બાબતોમાં નગરપાલિકાના તમામ અધિકારીઓ અને નોકરોનાં કાર્યો અને કાર્યવાહી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની અને તે સમયે અમલમાં હોય તેવા નગરપાલિકાના નિયમોને અધીન રહીને, અને કારણોની લેખિત નોંધ કરીને સદરહુ અધિકારીઓ અને નોકરોની નોકરીને લગતો તથા તેમના પગાર વિશેષાધિકાર અને ભથ્થાંને લગતો મુખ્ય અધિકારીનો કોઈ હુકમ ફેરવવાની, રદ કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની;

(ઘ) નગરપાલિકાનો પ્રમુખ તાકીદના પ્રસંગોએ, જે કોઈ કામ કરવા અથવા બંધ કરવા માટે અથવા જે કોઈ કાર્ય કરવા માટે નગરપાલિકાની મંજૂરીની જરૂર હોય અને જે કામ કરવાનું અથવા બંધ કરવાનું અથવા જે કાર્ય કરવાનું તેના અભિપ્રાય પ્રમાણે લોકોના ઉપયોગ અથવા તેમની સલામતી માટે તાત્કાલિક જરૂર હોય તે કોઈ કામ કરવાનો અથવા બંધ કરવાનો અથવા તો કોઈ કામ કરવાનો લેખિત આદેશ કરી શકશે; અને તેવું કામ અથવા કાર્ય કરવાનું ખર્ચ નગરપાલિકાના ફંડમાંથી આપવું એવો લેખિત આદેશ કરી શકશે :

પરંતુ—

(ક) કોઈ ખાસ કામ અથવા કાર્ય કરવા ઉપર પ્રતિબંધ કરતા નગરપાલિકાના કોઈ હુકમનું ઉલ્લંઘન થાય એ રીતે તેણે આ કલમ અન્વયે વર્તવું નહિ, અને

(ખ) આ કલમ અન્વયે લીધેલાં પગલાં અને તેનાં કારણો કારોબારી સમિતિએ અને નગરપાલિકાને તેના આગામી બેઠક વખતે તેણે તુરત જણાવવાં જોઈશે.

ઉપપ્રમુખનાં કાર્યો.

૪૬. નગરપાલિકાના ઉપપ્રમુખની નીચે પ્રમાણે ફરજ રહેશે—

(ક) પ્રમુખની ગેરહાજરીમાં અને વાજબી કારણસર અશક્ય હોય તે સિવાય, નગરપાલિકાની બેઠકોનું પ્રમુખ સ્થાન લેવાની અને એ રીતે પ્રમુખસ્થાન લે ત્યારે કલમ ૪૫ના ખંડ (ક) અન્વયે પ્રમુખને હોય તે જ અધિકાર તે વાપરશે;

(ખ) પ્રમુખ વખતોવખત તેને પોતાની સત્તા અને ફરજો સોંપે તે સત્તા વાપરવાની અને તે ફરજો બજાવવાની; અને,

(ગ) પ્રમુખની ચૂંટણી ન થાય ત્યાંસુધી અથવા પ્રમુખ ગેરહાજર હોય તે દરમિયાન પ્રમુખની સત્તા વાપરવાની અને તેની ફરજો બજાવવાની.

(૩) [1][નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ]

મુખ્ય અધિકારી અને બીજા અધિકારીઓની નિમણૂંક.

[2][૪૭. (૧)(ક) દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નીમેલા એક મુખ્ય અધિકારી રહેશે.

(ખ) નગરપાલિકાના મુખ્ય અધિકારીની, ઠરાવની તરફેણમાં મત આપતા નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ સંખ્યાના બે તૃત્યાંશ કરતાં ઓછી ન હોય તેટલી બહુમતીથી તે મતલબનો ઠરાવ પસાર કર્યો હોય તો, રાજ્ય સરકારે, તે નગરપાલિકામાંથી તરત જ તેની બદલી કરવી જોઈશે.

(૨) નગરપાલિકા, નિયામકની પૂર્વમંજુરીથી અને રાજ્ય સરકાર એવી રીતે ફરમાવે તો, નીચેની તમામ અથવા તે પૈકી કોઈ જગા ઉભી કરી શકશે :—

(૧) નગરપાલિકાના ઈજનેર;

(૨) વોટર વર્કસ ઈજનેર;

(૩) નગરપાલિકા આરોગ્ય અધિકારી;

(૪) નગરપાલિકા ઓડિટર;

(૫) નગરપાલિકા શિક્ષણ અધિકારી; અને

(૬) આ અર્થે રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈપણ અધિકારી.

---

૧. સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૨ (૨)થી પેટા—શીર્ષક મુખ્ય અધિકારી "અને બીજા અધિકારીઓ"ને બદલે, એ શીર્ષક મૂકેલ છે.

૨. એજનની કલમ ૨ની પેટા-કલમ (૩) થી, કલમો ૪૭, ૪૮,૪૯ અને ૫૦ને બદલે, આ કલમો મૂકી છે.

(૩) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમો (૧) અને (૨)માં ઉલ્લેખ કરેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૪) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ જગાઓ ઉપર નિમણુક કરવાની સત્તા, નગરપાલિકામાં નિહિત થશે.

૪૭-ખ. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ અધિનિયમ હેઠળ કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે નગરપાલિકાના અધિકારીઓની સેવાઓ એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેમ કરવું જરૂરી અથવા ઈષ્ટ છે તો તે, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા,— નગરપાલિકા સેવાઓ, રચના

(ક) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી સંખ્યાની વસતી ધરાવતી મ્યુનિસિપલ બરોમાંની તમામ નગરપાલિકાઓના સંબંધમાં,

(૧) આવી નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓની, અને

(૨) કલમ ૪૭ની પેટા-કલમ (૨) માંનિર્દિષ્ટ કરેલ તમામ અથવા બીજા કોઈપણ અધિકારીઓની, નગરપાલિકા સેવા અથવા સેવાઓ (જેનો આમાં હવે પછી "જાહેરનામા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હોદ્દા" તરીકે કહ્યા છે તે) રચી શકશે;

(ખ) વખતોવખત એવો આદેશ કરી શકશે કે આવી દરેક નગરપાલિકા સેવા, તેવા વર્ગો, કેડરો અને જગાઓ (જગાઓના ગ્રેડ સહિત)ની બનશે; અને

(ગ) આવા દરેક વર્ગ અથવા કેડરમાં શરૂઆતમાં અધિકારીઓની સંખ્યા નિર્દિષ્ટ કરી શકશે.

(૨) રાજ્ય સરકાર નીચેના માટે નિયમો કરી શકશે :—

(ક) કોઈપણ નગરપાલિકા હેઠળ અગાઉ કામ કરતી વ્યકિતઓની આ કલમ હેઠળ અથવા અન્યથા રચાયેલ નગરપાલિકા સેવામાં સમાવવા માટેની જોગવાઈઓ સહિત, પરીક્ષાઓ લઈને અથવા અન્યથા ભરતી કરવાની રીતનું નિયમન કરવા માટે;

(ખ) આવી કોઈપણ સેવામાં સમાવવાનું પસંદ ન કરે અથવા નિવૃત્ત થવાનું પસંદ કરે તેવી વ્યકિતને વળતર, પેન્શન અથવા ગ્રેજ્યુઈટી અથવા તેના જેવા બીજા છેવટના લાભો માટે જોગવાઈ કરવા માટે; અને

(ગ) આવી નગરપાલિકાની સેવામાં નીમાયેલ અથવા તેમાં સમાયેલ વ્યકિતઓની સેવાની શરતો માટે

પરંતુ આવી કોઈપણ સેવામાં સમાવાયેલ કોઈપણ વ્યકિતની સેવાની શરતો, આવી રીતે સમાવેશ કર્યાની તરતજ પહેલાં તેને લાગુ પડતા લાભો કરતાં ઓછી લાભદાયી થશે નહિ.

(૩) આ કલમ હેઠળ રચાયેલ આવી નગરપાલિકા સેવા ઉપર નીમાયેલ અથવા તેમાં સમાવેશ કરેલ વ્યકિતઓને કલમ ૪૮ની જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે:

પરંતુ એવી રીતે લાગુ પડવાનું બંધ થવાથી, આવી કોઈપણ સેવામાં સમાવાયેલ વ્યકિતઓના સંબંધમાં એવી રીતે સમાવેશ કર્યા પહેલાં કરેલા અથવા ન કરેલા કોઈપણ કાર્યના સંબંધમાં, કલમ ૪૮ના અગાઉના અમલને બાધ આવશે નહિ.

(૪) કલમ ૪૭ની પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં આ કલમ હેઠળ રચાયેલી કોઈપણ નગરપાલિકા સેવાના અધિકારીઓની બઢતીઓ અને બદલીઓ સહિત નિમણૂંક કરવાની સત્તા અને તેમની સેવાની શરતોને લગતી તમામ બાબતો સંબંધી સત્તા, રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૫) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવામાં સમાવિષ્ટ કરેલા અધિકારીઓ, રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે, પણ તેઓ તેમના પગારો તથા ભથ્થાં સીધેસીધા નગરપાલિકા ફંડમાંથી લેશે.

(૬) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવાના કોઈપણ અધિકારીઓના પેટા-કલમ (૫) હેઠળ નગર-પાલિકા ફંડમાંથી આકારવામાં આવ્યા હોય તે સિવાયના પેન્શન, રજા અને ભથ્થાં પેટે રાજ્ય સરકાર નક્કી કરે તેટલો ખર્ચ અને આ કલમ હેઠળ રચાયેલ નગરપાલિકા સેવા અથવા સેવાઓનો તમામ વહીવટી ખર્ચ, રાજ્ય સરકારને નગરપાલિકા ફંડમાંથી દર વર્ષે આપવો જોઈશે, કોઈપણ નગરપાલિકા, આ અર્થે ઠરાવેલી મુદતની અંદર આવું ખર્ચ અથવા આવા અધિકારીઓના પગાર અને અને ભથ્થાં ન આપે તો, કલમ ૨૯૨ની પેટા-કલમ (૩)ની જોગવાઈ, તે કલમ હેઠળ આપેલ ન હોય તેવા ખર્ચ અથવા મહેનતાણાની ચૂકવણીના સંબંધમાં લાગુ પડે છે તે રીતે આવા ખર્ચની અથવા આવા અધિકારીઓના પગાર તથા ભથ્થાંની ચુકવણીને લાગુ પડશે.

શિક્ષા કરવા બાબતો.

૪૮. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, અને કલમ ૪૯ હેઠળ કરેલ કોઈપણ નિયમોને અધીન રહીને સબળ અને પૂરતા કારણોસર, નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીઓ નીચેની શિક્ષાઓ કરી શકાશે :—

(૧) ઠપકો;

(૨) લાયકીઆડ પર અટકાવવા સહિત, ઇજાફાઓ અથવા બઢતી અટકાવવી;

(૩) નિયત પગાર અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં નીચલા તબક્કામાં નીચલી જગા ઉપર ઉતારવો;

(૪) ગફલત અથવા હુકમના ભંગથી નગરપાલિકાને થયેલ આર્થિક નુકશાન તેના પગારમાંથી સંપૂર્ણત: કે અંશત: વસુલ કરવું;

(૫) દંડ

(૬) સેવા મોકૂફી;

(૭) ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ન ઠરે તેવી રીતે સેવામાંથી દૂર કરવો;

(૮) સેવામાંથી બરતરફી, જે સામાન્ય રીતે ભવિષ્યની નોકરી માટે ગેરલાયક થાય.

(૨) નગરપાલિકાના કોઈ અધિકારી અથવા કર્મચારીની નિમણુક કરવાને સક્ષમ હોય તેવા સત્તાધિકારી, પેટા-કલમ (૧)માં જણાવેલી શિક્ષાઓ પૈકીની કોઈપણ શિક્ષા, આવા અધિકારી અથવા કર્મચારીને કરી શકશે.

(૩) કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચલી જગા ઉપર ઉતારી શકાશે નહિ અથવા નોકરીમાંથી દૂર કરી શકાશે નહિ અથવા બરતરફ કરી શકાશે નહિ અને કોઈ આર્થિક નુકશાનવાળી કોઈપણ શિક્ષા, આ કલમ હેઠળ તેને કરી શકાશે નહિ, સિવાય કે તેને એવી રીતે પાયરી ઉતાર, દૂર કરવા, બરતરફ કરવા અથવા શિક્ષા કરવા સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય :

પરંતુ આ પેટા-કલમ નીચેના પ્રસંગે લાગુ પડશે નહિ :-

(ક) ફોજદારી તહોમત અંગે દોષિત ઠરે તેવી વર્તણુંકના કારણે કોઈ વ્યક્તિને પાયરી ઉતાર, દૂર કરવા અથવા બરતરફ કરવાની શિક્ષા કરવામાં આવી હોય ત્યારે; અથવા

(ખ) સક્ષમ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે આવા સત્તાધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, આવી વ્યક્તિને કારણ દર્શાવવાની તક આપવાનું વાજબી રીતે વ્યવહારૂ ગણ્યું ન હોય ત્યારે,

(૪) નીચેના કોષ્ટકના કોલમ (૧)માં જણાવેલ શિક્ષા નાખતા અધિકારીઓ કરેલ કોઈ શિક્ષા નાખતા કોઈ હુકમ સામે સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં જણાવેલ અધિકારીને અપીલ કરવી જોઈશે.

કોષ્ટક

| શિક્ષા કરતા સત્તાધિકારી | જેને અપીલ કરી શકાય તેવા ઉપલા સત્તાધિકારી |
|---|---|
| (૧) | (૨) |
| મુખ્ય અધિકારી | કારોબારી સમિતિ |
| કારોબારી સમિતિ અથવા પ્રમુખ | નગરપાલિકા |
| નગરપાલિકા | નગરપાલિકાના નિયામક. |

(૫) સંબંધિત અધિકારી અથવા કર્મચારીઓ જેની સામે અપીલ કરવાની હોય તે હુકમ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અપીલ કરી હોય તે સિવાય, આવી કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.

૪૯. (૧) મુખ્ય અધિકારી,—

(ક) પ્રમુખના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખને અધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી તંત્ર ઉપર દેખરેખ રાખશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમના ઉપર નાખવામાં આવે તેવી ફરજો બજાવશે અથવા તેને મળે તેવી અથવા સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે. **મુખ્ય અધિકારીની સત્તાઓ અને ફરજો.**

(ખ) નગરપાલિકાના તમામ નિર્ણયો અથવા ઠરાવોને અમલમાં લાવવા માટે પગલાં લેશે;

(ગ) નગરપાલિકાના હિસાબો અને રજીસ્ટરો રખાવશે અને દેખરેખ રખાવશે;

(ઘ) નગરપાલિકાના હુકમોને અધીન રહીને, ઓડિટરે દર્શાવેલી કોઈ અનિયમિતતા દૂર કરવા માટે ઝડપી પગલાં લેશે;

(ચ) અંદાજપત્ર તૈયાર કરશે અને તે કારોબારી સમિતિને સાદર કરશે;

(છ) નગરપાલિકાના નાણા તથા મિલકતને લગતાં કપટ, ઉચાપત, ચોરી અથવા નુકશાનના તમામ કેસોનો રિપોર્ટ, પ્રમુખ અને સંબંધિત સમિતિને કરશે;

(જ) નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે;

(ઝ) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો, ઉપ-નિયમો અને સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંબંધમાં પગાર, ભથ્થાં, રજા અને બીજા લાભો સંબંધી તમામ પ્રશ્નોનો નિર્ણય કરશે;

(ટ) કલેક્ટરને અથવા કલેક્ટર આ અર્થે વખતોવખત નીમે તેવા બીજા અધિકારીને, નગરપાલિકાની કોઈપણ બેઠકમાં પસાર કરેલ દરેક ઠરાવની નકલ પૂરી પાડશે.

(૨) મુખ્ય અધિકારી, નિયામકની પૂર્વ મંજૂરીથી, કોઈ નગરપાલિકા અધિકારી અથવા કર્મચારીને પોતાની સત્તા અથવા ફરજો સોંપી શકશે:

પરંતુ આવી સોંપણી, નિયામક ઠરાવે તેવી મર્યાદાઓ હોય તો તેને અને મુખ્ય અધિકારીના નિયંત્રણ અને સુધારાને અધીન રહેશે.

૫૦. (૧) નગરપાલિકા, નિયામકની પૂર્વમંજુરીથી, આ અધિનિયમ હેઠળની ફરજો અદા કરવાના હેતુ માટે જરૂરી ગણે તેવી કલમ ૪૭ની પેટા-કલમ (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના અધિકારીઓ અને કર્મચારીઓની જગાઓ ઉભી કરી શકશે. **નગરપાલિકાના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણુંકો.**

(૨) આવા અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અને તેમની સેવાની શરતો, કલમ ૨૭૧ હેઠળ કરેલ નિયમો અનુસાર નક્કી કરવામાં આવે તેવા રહેશે

(૩) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી કોઈ જગામાં નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં અથવા કલમ ૨૭૧ હેઠળ આ અર્થે કરેલા નિયમોથી નગરપાલિકાએ સત્તા આપેલ સત્તાધિકારીમાં, નિહિત થશે.].

૧[૫૦-ક. (૧) નગરપાલિકાએ પોતાના કોઈપણ અધિકારીઓ અને નોકરોના લાભાર્થે પ્રોવિડન્ટ ફંડ સ્થાપ્યું હોય, તો એવું ફંડ, તે સમય અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં; રાજ્ય સરકાર, લેખિત હુકમથી, વખતો વખત આપે તેવા આદેશો અનુસાર, રાજ્ય સરકારની તિજોરીમાં અનામત મૂકવાના રહેશે અને તેમ થયે,— **પ્રોવિડન્ટ ફંડ સરકારી તિજોરીમાં અનામત મૂકવા બાબત.**

(૧) રાજ્ય સરકારનો કર્મચારી જે દરે પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલક ઉપર વ્યાજ માટે જે તે સમયે હકદાર થાય તે જ દરે, ફંડનો બચતદાર, પોતાના પ્રોવિડન્ટ ફંડના ખાતામાંની સિલકઉપર વ્યાજ માટે હકદાર રહેશે, અને

(૨) આવા સરકારી કર્મચારીને લાગુ પડતા, પ્રોવિડન્ટ ફંડમાંથી પૈસા ઉપાડવા અંગેની મર્યાદાને લગતા, તે સમયે અમલમાં હોય તેવા નિયમો, શક્ય હોય તેટલે સુધી, બચતદારને લાગુ પડશે.

**સન ૧૯૫૨ નો ૧૯મો,** (૩) આ કલમમાંનો કોઈપણ મજકૂર, જેને 'કર્મચારી પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૫૨' લાગુ પડતો હોય તેવા નગરપાલિકા દ્વારા સ્થાપિત પ્રોવિડન્ટ ફંડને લાગુ પડશે નહિ.]

## પ્રકરણ ૪થું

## કાર્ય સંચાલન

### (૧) નગરપાલિકાની બેઠકો

૫૧. નગરપાલિકાની બેઠકોના સંબંધમાં નીચેની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે:— **નગરપાલિકાની બેઠકો સંબંધી જોગવાઈઓ અને કાર્યરીતિ.**

(૧) સામાન્ય કામકાજનો નિકાલ કરવા માટે દર વર્ષે અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઓક્ટોબર મહિનાઓમાં ચાર રાબેતા મુજબ સામાન્ય બેઠકો ભરવામાં આવશે અને પ્રમુખને જરૂરી જણાય એવી બીજી રાબેતા મુજબ સામાન્ય બેઠકો ભરવામાં આવશે. તમામ રાબેતા મુજબની સામાન્ય બેઠકો માટે તારીખ નક્કી કરવાની પ્રમુખની ફરજ રહેશે.

---

૧. સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમની ૧૧ની અનુસુચિની બાબત ૫ થી નવી કલમ-૫૦-ક દાખલ કરી છે.

(૨) પ્રમુખ પોતાને યોગ્ય લાગે ત્યારે ખાસ સામાન્ય બેઠક બોલાવી શકશે અને સભ્યોમાંથી પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે અવિશ્વાસની પ્રસ્તાવની બાબતમાં એકતૃતીયાંશ સભ્યોએ અને બીજી કોઈ બાબતમાં એક ચતુર્થાંશ કરતાં ઓછી ન હોય તેટલા સભ્યોએ લેખિત વિનંતી કરી હોય, તો તેવી વિનંતી રજૂ થયા પછીના પંદર દિવસ કરતાં મોડા નહીં તેવા કોઈ દિવસે તેણે એવી બેઠક બોલાવવી જોઈશે. જો પ્રમુખ આ ખંડમાં ઠરાવ્યા પ્રમાણે ખાસ સામાન્ય બેઠક બોલાવવાને ચૂકે, તો ઉપ-પ્રમુખે આવી વિનંતી રજૂ થયા પછી ત્રીસ દિવસ કરતાં મોડા ન હોય તેવા કોઈ દિવસે આવી બેઠક બોલાવવી જોઈશે:

પરંતુ પ્રમુખ અને ઉપપ્રમુખ આવી બેઠક બોલાવવામાં ચૂક કરે ત્યારે મુખ્ય અધિકારીએ કલેકટરને તે અંગે રિપોર્ટ કરવો જોઈશે અને કલેકટરે આવો રિપોર્ટ રજૂ થયા પછી ત્રીસ દિવસ કરતાં વધારે મોડા ન હોય તેવા કોઈ દિવસે બેઠક બોલાવવી જોઈશે.

(૩) રાબેતા મુજબની સામાન્ય બેઠકની ચોખ્ખા સાત દિવસની નોટિસ અને ખાસ સામાન્ય બેઠકની ચોખ્ખા ત્રણ દિવસની નોટિસ આવી બેઠક ભરવાનાં સમય અને સ્થળ તથા તેમાં કરવાનું કામકાજ નિર્દિષ્ટ કરીને સભ્યો પર બજાવવી જોઈશે અને તે નગરપાલિકાની કચેરી ઉપર અથવા સ્થાનિક કચેરી ઉપર અથવા નગરની કોઈ બીજી સાર્વજનિક ઈમારત ઉપર ચોંટાડવી જોઈશે. તે બેઠકમાં જે કોઈ પ્રસ્તાવ અથવા દરખાસ્ત લાવવા પોતાના ઈરાદાની લેખિત નોટિસ કોઈ સભ્યને બેઠક પહેલાં ઓછામાં ઓછા ચોખ્ખા દસ દિવસ અગાઉ આપી હોય તે પ્રસ્તાવ અથવા દરખાસ્તનો સદરહુ નોટિસમાં સમાવેશ કરવો જોઈશે અને ખાસ સામાન્ય બેઠકની બાબતમાં, તે બેઠક બોલાવવા માટે કરવામાં આવેલી કોઈ લેખિત વિનંતીમાં જણાવવામાં આવેલ કોઈ પ્રસ્તાવ અથવા દરખાસ્તનો એવી નોટિસમાં સમાવેશ કરવો જોઈશે.

(૪) બેઠક બોલાવવા માટેની નોટિસમાં જણાવવાનાં ખાસ કારણોસર હોય તે સિવાય, નગરપાલિકાની દરેક બેઠક તે નગરપાલિકા, મ્યુનિસિપલ કચેરી તરીકે વાપરતી હોય તે ઈમારતમાં ભરવી જોઈશે :

(૫) જેમાં પ્રમુખ તથા ઉપપ્રમુખ બંને ગેરહાજર હોય તે બેઠકનું પ્રમુખસ્થાન હાજર રહેલા સભ્યો પૈકી જે સભ્યોને બેઠક, તે પ્રસંગ પૂરતો અધ્યક્ષ તરીકે પસંદ કરે તે લેશે અને આવા અધ્યક્ષ કલમ ૪૫ના ખંડ (ક) થી પ્રમુખમાં નિહિત થયેલી સત્તા તે બેઠકમાં વાપરશે.

(૬) નગરપાલિકા સમક્ષ ચાલતી કોઈ તપાસ અથવા વિચારણા ખાનગીમાં થવી જોઈએ એમ પ્રમુખસ્થાન લેનાર અધિકારીને લાગે તે સિવાય, દરેક બેઠક લોકો માટે ખુલ્લી રહેશે:

પરંતુ જે કોઈ વ્યકિત કાર્યવાહીમાં દખલ કરે તેને સદરહુ અધિકારી કોઈપણ વખતે કાઢી મૂકાવી શકશે :

વધુમાં પ્રમુખસ્થાન લેનાર અધિકારી જે કોઈ સભ્ય, તેનો નિર્ણય ન માને તેને બેઠકમાંથી કાઢી મૂકાવી શકશે.

(૭) કોઈ બેઠક શરૂ થયેથી, તે પૂરી થાય ત્યાં સુધીમાં કોઈપણ વખતે સભ્યોની એકંદર સંખ્યાના એક તૃતીયાંશથી ઓછા હાજર હોય, તો પ્રમુખ સ્થાન લેનાર અધિકારી ૩૦ મિનિટ કરતાં વધારે ન હોય તેટલા વખત સુધી થોભ્યા પછી તે બેઠક બીજે દિવસે અથવા ભવિષ્યના બીજા કોઈ દિવસે પોતે વાજબી રીતે નક્કી કરે તે સમય પર મુલતવી રાખશે; એવી બેઠક મુલતવી રાખ્યાની નોટિસ નગરપાલિકાની કચેરીમાં લગાડવી જોઈશે અને મૂળ બેઠકમાં કામકાજ હોય, તો જે કામકાજ લાવવામાં આવ્યું હોત તે કામકાજ કોરમ થાય તેટલી સંખ્યા હાજર હોય કે ના હોય તો પણ, તે મુલતવી રાખેલી બેઠકમાં લાવવામાં આવશે અને તેનો નિકાલ તે બેઠકમાં અથવા તે પછીના બીજા જે કોઈ દિવસ પર મુલતવી રાખવામાં આવે તેમાં કરી શકાશે.

(૮) પ્રમુખસ્થાન લેનાર અધિકારીની પરવાનગી સિવાય, કોઈ સામાન્ય બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત આવી બેઠક બોલાવવાની નોટિસમાં અથવા ખાસ સામાન્ય બેઠકની બાબતમાં તે બેઠક માટેની લેખિત વિનંતીપત્રમાં દાખલ કરવામાં આવેલી ન હોય, તો આવું કામકાજ કરવું નહીં અથવા આવી દરખાસ્ત વિશે ચર્ચા કરવી નહીં. કોઈ ઠરાવમાં ફેરફાર કરવા અથવા તે રદ કરવા માટેના કોઈ પ્રસ્તાવ અથવા દરખાસ્તની બાબતમાં તે ઠરાવ પસાર થયા પછીના ત્રણ મહિનાની અંદર ઉપર્યુકત પરવાનગી આપવી નહીં. આવી બેઠકમાં કોઈ કામકાજ અથવા દરખાસ્ત ક્યા ક્રમ પ્રમાણે લેવી તેનો નિર્ણય પ્રમુખસ્થાન લેનાર અધિકારી કરશે. જે કોઈ સભ્ય આવા કામકાજમાંથી કોઈ ખાસ બાબતને અથવા કોઈ ખાસ દરખાસ્તને અગ્રતા આપવાનું સૂચન કરે, તો તે સૂચન પ્રમુખસ્થાન લેનાર અધિકારી બેઠક સમક્ષ મૂકશે અને તે સૂચનની તરફેણમાં અથવા વિરુદ્ધમાં અપાયેલા મતોની બહુમતિને અનુસરશે.

(૯) દરેક સામાન્ય બેઠકમાં હાજર રહેલા સભ્યોના નામોની તથા ખંડ (૧૪) ની જોગવાઈઓ અન્વયે સરકારના અથવા પંચાયતના અધિકારીઓ, જો કોઈ તેમાં હાજર હોય, તો તેમનાં નામોની તથા બેઠકની કાર્યવાહીની કાર્ય નોંધ દરેક નગરપાલિકામાં આ હેતુ માટે રાખવામાં આવેલી ચોપડીમાં ગુજરાતીમાં રાખવી જોઈશે. આવી કાર્યનોંધ ઉપર પ્રમુખસ્થાન લેનાર અધિકારીએ વ્યવહાર્ય હોય તેટલી જલદી પોતાની સહી કરશે અને તે કાર્ય નોંધ નગરના કોઈ રહેવાસીને જોવા માટે તમામ વાજબી વખતે ખુલ્લી રહેશે. જો કોઈ સભ્ય બેઠકમાં એવી ઈચ્છા દર્શાવે કે કઈ પદ્ધતિથી તેણે મત આપ્યો તે અથવા તેના મતનો પ્રકાર નોંધવો જોઈએ, તો કાર્ય-નોંધમાં તદ્દનુસાર તે હકીકત નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૧૦) આ અધિનિયમની અથવા તે અન્વયે અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, તમામ પ્રશ્નોનો નિર્ણય હાજર રહેલા અને મત આપનાર સભ્યોની બહુમતિથી કરવામાં આવશે અને જે પ્રશ્નો અંગે મતો સરખા પડે તે પ્રશ્નોની બાબતમાં પ્રમુખસ્થાન લેનાર અધિકારીને બીજો અથવા નિર્ણાયક મત રહેશે. કલમ. ૨૭૧ના ખંડ (ક) અન્વયે આ અર્થે તે સમયે અમલમાં હોય તે નિયમોથી ઠરાવવામાં આવે તે રીતે મત લેવામાં આવશે અને તેનું પરિણામ નોંધવામાં આવશે.

(૧૧) કોઈ સામાન્ય બેઠક, તેમાં હાજર રહેલા સભ્યોની બહુમતિની સંમતિથી તે જ દિવસના તે પછીના કોઈ સમય પર અથવા બીજા કોઈ દિવસ પર વખતોવખત મુલતવી રાખી શકાશે. પણ જે બેઠક વખતે સભા મોકુફી થઈ હોય તે બેઠકમાં નિકાલ થયા વગર રહેલાં કામકાજ સિવાયનું બીજું કોઈ કામકાજ મુલતવી રાખેલી કોઈ બેઠકમાં ચલાવી શકાશે નહીં.

નગરપાલિકાની કચેરીમાં લગાડેલી આવી સભામોકુફીની નોટિસ મુલતવી રાખેલી બેઠક પૂરતી નોટિસ છે એમ ગણાશે.

(૧૨) નગરપાલિકાના કોઈ ઠરાવમાં, તે પસાર થયા પછીના ત્રણ મહિનાની અંદર, સભ્યોની એકંદરે સંખ્યાના અર્ધા કરતાં ઓછા ન હોય તેટલા સભ્યોના ટેકાવાળા અને સામાન્ય બેઠકમાં પસાર થયેલા ઠરાવથી હોય તે સિવાય, બીજી રીતે ફેરફાર કરી શકાશે નહિ અથવા તે રદ કરી શકાશે નહિ, ઉપર જણાવેલી સામાન્ય બેઠકની નોટિસ ખંડ (૩)ની જરૂરિયાતો પૂરી કરીને તથા એવી બેઠકમાં જેમાં ફેરફાર કરવાનું અથવા જે રદ કરવા ધાર્યું હોય તે ઠરાવ તથા એવા ઠરાવમાં ફેરફાર કરવા અને તે રદ કરવા માટેનો પ્રસ્તાવ અથવા તે માટેની દરખાસ્ત પૂર્ણપણે જણાવીને આપેલી હોવી જોઈશે.

(૧૩) પ્રમુખસ્થાન લેનાર અધિકારી તાકીદનાં ગણે તે કારણોસર હોય તે સિવાય, કોઈ કામ નગરપાલિકા માટે સરકારી કાર્યપાલક ઈજનેર દ્વારા કરવામાં આવતું હોય તે કામને લગતું અથવા કોઈ શૈક્ષણિક બાબતને લગતું કોઈ કામકાજ નગરપાલિકાની કોઈ બેઠકમાં કરવું નહિ, સિવાય કે આવી બેઠકના ઓછામાં ઓછા પંદર દિવસ અગાઉ સદરહુ કાર્યપાલક ઈજનેર અથવા જિલ્લાના નાયબ શિક્ષણ ઈન્સ્પેકટરને આવી બેઠકમાં આવું કામકાજ કરવાના ઈરાદાની તથા એવા કામકાજના સંબંધમાં લાવવાના પ્રસ્તાવ અથવા દરખાસ્તની ખબર આપતો પત્ર લખવામાં આવ્યો હોય.

(૧૪) (ક) કાર્યપાલક ઈજનેરને, નાયબ શિક્ષણ ઈન્સ્પેકટરને અને જાહેર આરોગ્ય મદદનીશ નિયામકને અને જિલ્લા માટે આરોગ્ય અધિકારીની કોઈ ફરજો તેને સોંપવામાં આવી હોય ત્યારે જિલ્લાના સિવિલ સર્જન અથવા સરકારનાં બીજા કોઈ અધિકારી અથવા પંચાયતના કોઈ અધિકારીને તે નગરપાલિકાની કોઈ બેઠકમાં હાજર રહેવાનો હક રહેશે; એવી બેઠકમાં જે કોઈ પ્રશ્ન પર પોતાના હોદ્દાની ફરજોની રૂએ પોતાનો અભિપ્રાય અથવા પોતે આપી શકે તે માહિતી આવી નગરપાલિકાને ઉપયોગી થઈ પડશે એમ તેને લાગે તે પ્રશ્નની ચર્ચા અથવા વિચારણામાં નગરપાલિકાની સંમતિથી તેઓ પૈકી દરેક જણ ભાગ લઈ શકશે:

પરંતુ સદરહુ અધિકારીઓને, એવા કોઈ પ્રશ્ન ઉપર મત આપવાનો અધિકાર રહેશે નહિ.

(ખ) નગરપાલિકાને એવું જણાય કે કાર્યપાલક ઈજનેર, નાયબ શિક્ષણ ઈન્સ્પેકટર, જાહેર આરોગ્ય મદદનીશ નિયામક અથવા જિલ્લાના સિવિલ સર્જનની અથવા બીજા કોઈ સરકારી અધિકારીની અથવા પંચાયતના કોઈ અધિકારીની હાજરી ઉપર જણાવેલા હેતુ માટે એવી નગરપાલિકાની કોઈ બેઠકમાં ઈચ્છનીય છે, તો એવા અધિકારીને, ભરવા ધારેલી બેઠકના ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં પત્ર લખીને એવી બેઠકમાં હાજર રહેવા જણાવવાની આવી નગરપાલિકાને સત્તા રહેશે; અને સદરહુ અધિકારી, માંદગી અથવા બીજા કોઈ વાજબી કારણસર તેનાથી હાજર રહી શકાય એમ ન હોય તે સિવાય, આવી બેઠકમાં હાજર રહેવા બંધાયેલા રહેશે।

પરંતુ આવો પત્ર મળ્યે, આવો અધિકારી જાતે હાજર રહી શકે તેમ ન હોય, તો તે કોઈ નાયબ અથવા મદદનીશ અધિકારીને અથવા બીજા તાબાના યોગ્ય અધિકારીને પોતાના વિચારો સંબંધમાં સૂચનો આપી શકશે અને એવી બેઠકમાં જાતે હાજર રહેવાને બદલે તેને પોતાના પ્રતિનિધિ તરીકે હાજર રહેવાને મોકલી શકશે.

**મુખ્ય અધિકારીએ નગરપાલિકાની દરેક બેઠકમાં હાજર રહેવું પણ કોઈ દરખાસ્ત ઉપર મત આપવો નહિ અથવા કોઈ દરખાસ્ત કરવી નહીં.**

૫૨. મુખ્ય અધિકારીએ નગરપાલિકાની દરેક બેઠકમાં હાજર રહેવું જોઈશે અને તે એવી બેઠકમાં ચર્ચા હેઠળ હોય તે કોઈ વિષય સંબંધી પ્રમુખની અથવા નગરપાલિકાની પરવાનગી લઈને, સ્પષ્ટીકરણ અથવા હકીકતોનું બ્યાન કરી શકશે, પણ આવી બેઠકમાં કોઈ દરખાસ્ત ઉપર મત આપી શકશે નહિ અથવા કોઈ દરખાસ્ત કરી શકશે નહિ.

## (૨) સમિતિઓ

**કારોબારી સમિતિ.**

૫૩. (૧) દરેક નગરપાલિકામાં નગરપાલિકા નક્કી કરે તેવા બાર કરતાં વધારે નહિ તેમજ છ કરતાં ઓછા નહિ તેટલા અને કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે ઘડેલા નિયમો અનુસાર નગરપાલિકાએ ચૂંટેલા સભ્યોની બનેલી કારોબારી સમિતિ તરીકે ઓળખાતી એક સમિતિ રહેશે. તે રીતે ચૂંટાયેલા સભ્યો એક વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

**કારોબારી સમિતિની સત્તા.**

(૨) કારોબારી સમિતિ આ અધિનિયમ અન્વયે પોતાને સોંપેલાં કાર્યો બજાવશે અને ખાસ કરીને આ અર્થે નગરપાલિકાએ અથવા સામાન્યત: કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે કરેલા નિયમોની ઠરાવેલી કોઈ મર્યાદાને અને કલમ ૪૯, ૫૪ અને ૫૫ ની જોગવાઈઓને અધીન રહીને, નગરપાલિકાની તમામ સત્તા વાપરશે.

**યાત્રાળુ સમિતિ.**

૫૪. (૧) રાજ્ય સરકારે આ અર્થે જાહેર કરેલી દરેક નગરપાલિકામાં ચાર સભ્યો કે જેમાંનો એક સભ્ય નગરપાલિકાનો પ્રમુખ હોવો જોઈએ અને બીજા ત્રણ સભ્યોને કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે કરેલા નિયમો અનુસાર ચૂંટવા જોઈએ. તેમની અને રાજ્ય સરકારે નીમેલી બે વ્યકિતઓ જેઓ રાજ્ય સરકારની પગારદાર નોકર હશે, તેમની બનેલી યાત્રાળુ સમિતિ તરીકે ઓળખાતી એક સમિતિ રહેશે.

(૨) યાત્રાળુ સમિતિના સભ્યો નગરપાલિકાની મુદત સુધી અને ત્યાર પછી જે તારીખે આ કલમની જોગવાઈઓ અનુસાર નવી યાત્રાળુ સમિતિ રચવામાં આવે તે તારીખ સુધી હોદ્દો ધરાવશે.

(૩) નગરપાલિકા અથવા યાત્રાળુ સમિતિને પદચ્યુત કરવામાં આવે ત્યારે વિકાસ કમિશનર નવી યાત્રાળુ સમિતિ રચશે. આવી સમિતિ વિકાસ કમિશનરે નીમેલી છ વ્યકિતઓની બનશે અને નગરપાલિકા ફરી સ્થાપવામાં ન આવે અને આ કલમની જોગવાઈઓ અનુસાર નવી યાત્રાળુ સમિતિ રચવામાં ન આવે ત્યાં સુધી અથવા યાત્રાળુ સમિતિ પદચ્યુત કરવામાં આવે ત્યારે યાત્રાળુ સમિતિ ફરી સ્થાપવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે.

(૪) યાત્રાળુ સમિતિ કલમ ૮૨ના પરંતુક (ગ) અન્વયે સ્થાપવામાં આવેલા યાત્રાળુ ફંડની વ્યવસ્થા તથા વહીવટ કરશે અને સદરહુ ફંડના અને સદરહુ ફંડમાંથી બાંધકામ કરેલાં અને નિભાવેલાં કામોના સંબંધમાં નગરપાલકાની સત્તા વાપરશે અને તેની ફરજો બજાવશે અને કલમ ૨૭૧ના ખંડ (ખ) અન્વયે આ અર્થે કરેલા નિયમોથી નગરપાલિકાઠરાવે તે મર્યાદા અને નિયંત્રણોને અધીન રહીને, નગરપાલિકા તેને સોંપે તે બીજી સત્તા વાપરશે અને તે બીજી ફરજો બજાવશે.

(૫) સભ્યોની ફરજો સત્તા જવાબદારીઓ, ગેરલાયકાતો અને અસમર્થતાને લગતી આ અધિનિયમની તમામ જોગવાઈઓ શકય તેટલે સુધી, યાત્રાળુ સમિતિનાં નિયુકત થયેલા સભ્યોને લાગુ પડશે.

(૬) નિયુકત કરેલા સભ્યની હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં, તેનું મૃત્યુ થાય, તે રાજીનામું આપે, તે ગેરલાયક થાય, અસમર્થ ઠરે અથવા તેને દૂર કરવામાં આવે ત્યારે ખાલી પડેલી જગા, તે અંગે કોઈ વ્યકિતની નિમણૂંક કરીને ભરવામાં આવશે અને આવી વ્યકિતને જેની જગા ઉપર તેને નીમવામાં આવે તે વ્યકિતને તે જગા ખાલી પડી ન હોત તો જેટલા સમય સુધી હોદ્દો ધરાવ્યો હોત તો તેટલા સમય સુધી જ હોદ્દો ધરાવશે.

(૭) કલમ ૬૩ યાત્રાળુ સમિતિને લાગુ પડશે નહિ, પરંતુ નગરપાલિકાને યાત્રાળુ સમિતિની કોઈ કાર્યવાહીમાંથી કોઈ ઉતારો તેમજ યાત્રાળુ સમિતિ તજવીજ કરતી હોય તેવી કોઈ બાબતને લગતા અથવા તેની સાથે સંબંધ ધરાવતા કોઈ પત્રક, હિસાબનું વિવરણપત્રક અથવા રિપોર્ટ કોઈપણ સમયે, મંગાવવાની સત્તા રહેશે અને યાત્રાળુ સમિતિએ આવા દરેક ફરમાનનું અવાજબી વિલંબ કર્યા સિવાય પાલન કરવું જોઈશે.

(૮) કલમો ૭૭, ૭૮ અને ૭૯ની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી, યાત્રાળુ ફંડ હિસાબને લાગુ પડશે, અને યાત્રાળુ સમિતિએ પોતાનું વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરી નગરપાલિકાને સાદર કરવાના સંબંધમાં નીચેની કાર્યરીતિ અનુસરવી જોઈશે, એટલે કે :—

યાત્રાળુ સમિતિએ પોતાનું વાર્ષિક અંદાજપત્ર અને તેમાંના તમામ ફેરફારો નગરપાલિકાને વિચારણા માટે અને જો નગરપાલિકા સહમત થાય તો સામાન્ય નગરપાલિકાના અંદાજપત્રમાં તેનો સમાવેશ કરવા માટે પૂરતા સમય અગાઉ સાદર કરવી જોઈશે. જો નગરપાલિકા યાત્રાળુ સમિતિએ તૈયાર કરેલાં અંદાજપત્ર સાથે સહમત ન થાય તો અંદાજપત્ર નગરપાલિકા ભલામણ કરે તે ફેરફારો સાથે પૂર્ણત: કે અંશત: ફરી વિચારણા માટે યાત્રાળુ સમિતિને તે નગરપાલિકા પાછું મોકલશે અને યાત્રાળુ સમિતિ તે ફેરફારો માટે સહમત થાય તો તેવી રીતે ફેરફાર કરેલા અંદાજપત્રનો સામાન્ય નગરપાલિકાના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવશે. જો નગરપાલિકા અને યાત્રાળુ સમિતિ સહમત ન થાય તો, વિવાદાસ્પદ મુદ્દાના પત્રક સહિતનું અંદાજપત્ર, નગરપાલિકા વિકાસ કમિશનરને મોકલશે અને આવા મુદ્દા અંગેનો તેનો નિર્ણય છેવટનો ગણાશે.

(૯) કલમો ૨૫૭, ૨૫૮, ૨૫૯, ૨૬૦ અને ૨૬૩ની જોગવાઈઓ યાત્રાળુ સમિતિને લાગુ પડશે અને યાત્રાળુ સમિતિને તે જોગવાઈઓ લાગુ પાડવામાં સદરહુ કલમોના અર્થ શકય હોય તેટલે સુધી, જાણે કે સદરહુ કલમોમાં આવતો 'નગરપાલિકા' એ શબ્દને બદલે 'યાત્રાળુ સમિતિ' એ શબ્દો દાખલ કરવામાં આવ્યા હોય તેમ, થાય છે એમ સમજવું.

**બીજી સમિતિઓ.**

૫૫. (૧) કલમ ૫૩ની પેટા-કલમ (૨)માં કોઈપણ મજકૂર હોય તે છતાં, નગરપાલિકા નક્કી કરે તેટલી સંખ્યાના સભ્યોની બનેલી બીજી સમિતિઓ, જો યાત્રાળુ સમિતિ નિમવામાં આવે તો કલમ ૫૪માં ઉલ્લેખેલી સત્તા અથવા ફરજો ન હોય તેવા કોઈ હેતુના સંબંધમાં નગરપાલિકાની સત્તા વાપરવા અને તેની ફરજો બજાવવા માટે, નીમી શકાશે. કારોબારી સમિતિએ જે કોઈ સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા આવી સમિતિ નીમવામાં આવી હોય તે સત્તા વાપરવી નહીં અથવા તેવી ફરજો બજાવવી નહિ.

(૨) આવી સમિતિના સભ્યોને કલમ ૨૭૧ના ખંડ (ક) અન્વયે ઘડેલા નિયમો અનુસાર નગરપાલિકા ચૂંટશે અને આવા સભ્યો એક વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

**મંત્રણા સમિતિઓ.**

૫૬. નગરપાલિકા, પોતાને યોગ્ય લાગે તેવા સભ્યોની બનેલી આવી બીજી સમિતિઓ વખતોવખત નીમી શકશે અને આ અધિનિયમના હેતુઓને લગતા નગરપાલિકાને યોગ્ય લાગે તેવા ખાસ વિષયો, તપાસ તથા રિપોર્ટ માટે અથવા અભિપ્રાય માટે આવી સમિતિઓને મોકલી શકશે અને આવી કોઈ સમિતિ કોઈપણ સમયે બંધ કરી શકશે અથવા તેની રચનામાં ફેરફાર કરી શકશે. નગરપાલિકા એવો આદેશ કરી શકશે કે આવી કોઈ સમિતિનો રિપોર્ટ નગરપાલિકાને બદલે સ્થાયી સમિતિને અથવા કલમ ૫૫ અન્વયે નીમેલી સમિતિને કરવો.

**સભ્યો સિવાયની વ્યક્તિઓ સમિતિમાં ક્યારે કામ કરી શકશે.**

૫૭. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, નગરપાલિકાની સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા અર્ધા સભ્યોએ ટેકો આપેલા ઠરાવથી જે કોઈ પુરૂષ કે સ્ત્રી સભ્ય ન હોય પણ આવી નગરપાલિકાના અભિપ્રાયમાં આવી સમિતિમાં કામ કરવા માટે ખાસ લાયકાત ધરાવતા હોય અથવા કોઈ સંસ્થા અથવા હિતોનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તે પુરૂષ કે સ્ત્રીને કલમ ૫૬ અન્વયે નીમેલી કોઈ સમિતિના સભ્ય તરીકે ચૂંટે તો તે કાયદેસર ગણાશે.

પરંતુ કોઈ સમિતિમાં તે રીતે ચૂંટાયેલી વ્યકિતઓની સંખ્યા, આવી સમિતિના સભ્યોની કુલ સંખ્યાના એક તૃતીયાંશ ભાગ કરતાં વધવી જોઈએ નહિ.

**આવી વ્યકિતઓની ફરજો વગેરે.**

સભ્યોની ફરજો, સત્તા, જવાબદારીઓ, ગેરલાયકાતો અને અસમર્થતાઓને લગતી આ અધિનિયમની તમામ જોગવાઈઓ શકય હોય તેટલે સુધી, આવી વ્યકિતઓને લાગુ પડશે.

**પ્રાસંગિક ખાલી પડતી જગાઓ; ફરી પાત્ર થવા બાબત.**

૫૮. કારોબારી સમિતિમાં અથવા કલમ ૫૫ અન્વયે નીમેલી સમિતિમાં ખાલી પડેલી કોઈ જગા, જેમ બને તેમ જલદી જેની જગા ભરવાની હોય તે સભ્યને જે જોગવાઈઓ અન્વયે ચૂંટવામાં આવ્યો હતો તે જોગવાઈઓને અધીન રહીને તેમાં સભ્યની ચૂંટણી કરીને ભરવામાં આવશે અને બીજી કોઈ સમિતિમાં ખાલી પડેલી જગા તેવી જોગવાઈઓને અધીન રહીને તેમાં સભ્યની ચૂંટણી કરીને ભરી શકાશે. આ કલમ અન્વયે ચૂંટાયેલી વ્યકિતએ જે વ્યકિતની જગાએ તેને ચૂંટવામાં આવી હોય તે વ્યકિતએ આવી ખાલી પડી ન હોત તો જ્યાં સુધી હોદ્દો ધરાવ્યો હોય ત્યાં સુધી જ હોદ્દો ધરાવશે. કોઈ વ્યકિત, અગાઉ આવી કોઈ સમિતિનો સભ્ય થઈ છે તે કારણે, તે સમિતિના સભ્ય તરીકે ચૂંટાવાને કોઈપણ સમયે ગેરલાયક થશે નહિ.

**હોદ્દાની રૂએના નિમાયેલા અધ્યક્ષ.**

૫૯. (૧) પ્રમુખ અથવા ઉપપ્રમુખને કોઈ સમિતિના સભ્ય તરીકે ચૂંટવામાં આવે તો તે તેના હોદ્દાની રૂએના અધ્યક્ષ થશે :

પરંતુ યાત્રાળુ સમિતિના સંબંધમાં પ્રમુખ તેનો હોદ્દાની રૂએ અધ્યક્ષ થશે.

(૨) જેના હોદ્દાની રૂએના અધ્યક્ષ ન હોય તે સમિતિ માટે નગરપાલિકા અધ્યક્ષ નીમી શકશે.

**અધ્યક્ષની ગેરહાજરી બાબત.**

(૩) જેમાં હોદ્દાની રૂએના અધ્યક્ષ હોય અથવા નગરપાલિકાથી નિમાયેલા અધ્યક્ષ હોય તે સમિતિ આવ અધ્યક્ષ હાજર હોય તે દરેક બેઠક માટે પોતાના સભ્યોમાંથી આવી બેઠક માટેના અધ્યક્ષ નીમશે.

(૪) જેના હોદ્દાની રૂએના અધ્યક્ષ અથવા નગરપાલિકાથી નિમાયેલા અધ્યક્ષ ન હોય તે સમિતિ પોતાના સભ્યોમાંથી અદયક્ષ વખતોવખત નીમશે.

**બેઠકોની કાર્યરીતિ.**

૬૦. (૧) કલમ ૫૧ના ખંડો (૪), (૯) અને (૧૪)ની જોગવાઈઓમાં આવતા નગરપાલિકાની બેઠકો વિશેના તમામ ઉલ્લેખોમાં સમિતિની બેઠકોનો સમાવેશ કરવામાં આવેલો હોય અને કલમ ૫૧ના ખંડ (૯) અને તેના ખંડ (૧૪)ના પેટા-ખંડ (ક)ના પરંતુકમાં જ્યાં "નગરપાલિકા" શબ્દ આવતો હોય ત્યાં તે શબ્દને બદલે "સમિતિ" શબ્દ દાખલ કરવામાં આવ્યો હોય તેમ સમિતિની તમામ કાર્યવાહીઓમાં તે જોગવાઈઓનું પાલન કરવું જોઈશે.

જો કોઈ સમિતિનો અધ્યક્ષ નગરમાંથી પંદર દિવસ કરતાં વધારે મુદત માટે ગેરહાજર હોય, તો પ્રમુખ અથવા ઉપ પ્રમુખ તેની ગેરહાજરીમાં તે સમિતિની બેઠક બોલાવી શકશે.

**સમિતિની બેઠકો તથા સભા મોકુફી.**

(૨) સમિતિ પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે મળી શકશે અને મુલતવી રહી શકશે. પરંતુ સમિતિનો અધ્યક્ષ પોતાને યોગ્ય લાગે, ત્યારે આવી સમિતિની ખાસ બેઠક બોલાવી શકશે; અને નગરપાલિકાના પ્રમુખે અથવા સમિતિના બે કરતાં ઓછા નહિ એટલા સભ્યોએ લેખિત વિનંતી કરી હોય, તો તેણે તેવી વિનંતી મળ્યા પછીની બે દિવસ કરતાં વધુ મોડી ન હોય એવી તારીખે એવી બેઠક બોલાવવી જ જોઈશે.

**કોરમ.**

(૩) સમિતિની બેઠકમાં તેના એક તૃતીયાંશ કરતાં વધારે સભ્યો હાજર ન હોય તો કશું કામકાજ ચલાવવું નહિ.

**પરિપત્ર દ્વારા કાર્યરીતિ.**

૬૧. (૧) કલમ ૬૦માં ગમે તે મજકૂર હોય તે છતાં, સમિતિના અધ્યક્ષ બેઠક બોલાવવાને બદલે પોતાની અથવા સમિતિના બીજા કોઈ સભ્યની અથવા નગરપાલિકાના કોઈ કાર્યપાલક અધિકારીની લેખિત દરખાસ્ત સભ્યોના મંતવ્ય અને મત માટે ફેરવી શકશે.

**દરખાસ્તો ઉપરથી સરકાર અથવા પંચાયતના અધિકારીઓને ઘેરા માટે ક્યારે મોકલવી.**

(૨) ઉપર કહ્યા પ્રમાણે આવી કોઈ દરખાસ્ત ફેરવતાં પહેલાં, અધ્યક્ષ જો પોતાને યોગ્ય લાગે તો જે સરકારના અથવા પંચાયતના કોઈ અધિકારીને કલમ ૫૧ના ખંડ (૧૪)ના પેટા-ખંડ (ખ)ની જોગવાઈઓ અનુસાર હાજર રહેવાનું જણાવવાનો નગરપાલિકાને હક હોય તે અધિકારી જો કાંઈ મંતવ્ય વ્યક્ત કરવા ઈચ્છતો હોય તો તેનું મંતવ્ય તે દરખાસ્ત ઉપર મેળવશે અને દરખાસ્ત જેને લગતી હોય તે કામકાજ કલમ ૫૧ના ખંડ (૧૩)માં જણાવેલા પ્રકારનું હોય, તો તેણે તે દરખાસ્ત ઉપર તે અધિકારીનું તેવું મંતવ્ય મેળવવું જ જોઈશે.

**ફેરવવામાં આવેલી દરખાસ્ત ઉપર કેવી રીતે નિર્ણય લેવો તે.**

(૩) આવી રીતે ફેરવેલી કોઈ દરખાસ્તનો નિર્ણય, તે દરખાસ્તના સંબંધમાં ઓછામાં ઓછા બે સભ્યોએ કરેલી વિનંતી ઉપરથી સદરહુ દરખાસ્ત વિચારમાં લેવા માટે ખાસ બેઠક બોલાવવામાં ન આવે, તો તેના ઉપર સમિતિના જે સભ્યો મત આપે તે સભ્યોની બહુમતી અનુસાર કરવો જોઈશે.

**અને કેવી રીતે નોંધવા જોઈશે.**

(૪) આ કલમ પ્રમાણે સમિતિએ કરેલો દરેક નિર્ણય કાર્યનોંધની ચોપડીમાં નોંધવો જોઈશે.

**સમિતિઓ નગરપાલિકાના તાબા હેઠળ હોવા બાબત.**

૬૨. (૧) સમિતિને નગરપાલિકા વખતોવખત જે કોઈ સૂચન આપે તે પ્રમાણે તેણે વર્તવું જોઈશે; નગરપાલિકા કોઈપણ વખતે કોઈપણ સમિતિની કોઈપણ કાર્યવાહીમાંથી કોઈ ઉતારો તથા જે કોઈ બાબતની તજવીજ કરવા માટે કોઈ સમિતિની અધિકૃત કરી હોય અથવા આદેશ કરવામાં આવ્યો હોય તે બાબતના સંબંધમાં કોઈ પત્રક, વિવરણપત્રક, હિસાબ અથવા રિપોર્ટ માંગી શકશે અને એવી કોઈપણ માંગણીનું એ રીતે જેની પાસે માંગણી કરવામાં આવી હોય તે સમિતિએ અયોગ્ય વિલંબ કર્યા સિવાય પાલન કરવું જોઈશે.

(૨) કલમ ૧૦૮ની પેટા-કલમ (૩) અન્વયેના હુકમો સિવાયનો કારોબારી સમિતિએ કરેલો દરેક હુકમ તેના સંબંધમાં કલમ ૨૭૧ અન્વયે તે સમયે અમલમાં હોય એવા નગરપાલિકાના કોઈ નિયમોથી ઠરાવ્યા પ્રમાણેની ફેર તપાસને અધીન રહેશે તથા તેના ઉપર સદરહુ નિયમોથી કરવા દેવામાં આવે તેવી અપીલ થઈ શકશે.

**સત્તા, ફરજો અને કાર્યો અધિકારીઓને સોંપી શકાશે અને તેમનું ખર્ચ આપી શકાશે.**

૬૩. જે કોઈ સત્તા અથવા ફરજો અથવા કારોબારી કાર્યો નગરપાલિકા ચલાવી અથવા બજાવી શકે અથવા તેમના વતી ચલાવી અથવા બજાવી શકાય તે કોઈ સત્તા, ફરજો અથવા કારોબારી કાર્યો, આ અર્થે નગરપાલિકાએ કરવાના નિયમો અનુસાર પ્રમુખને અથવા ઉપપ્રમુખને અથવા કોઈ સમિતિના અધ્યક્ષને અથવા એક અથવા વધારે વૈતનિક અથવા માનદ અધિકારીને સોંપી શકશે, પણ એવી સત્તા, ફરજો અથવા કાર્યો આ અધિનિયમથી મુખ્ય અધિકારીને અથવા કલમ ૫૩થી અથવા તે અન્વયે કોઈ સમિતિને આપવામાં આવેલાં હોય એવી સત્તાને બાધ આવે તે રીતે સોંપી શકશે નહિ અને આ પ્રમાણે સોંપેલ કોઈપણ સત્તા અથવા ફરજ અથવા કાર્ય ચલાવતી અથવા બજાવતી દરેક વ્યક્તિને તેણે એવી બાબતમાં કર્યું હોય તેવું તમામ જરૂરી ખર્ચ આપી શકાશે.

## (૩) બીજા મંડળો સાથે સંયુક્ત વ્યવહાર

**સ્થાનિક મંડળોની સંયુક્ત સમિતિઓ ઓક્ટ્રોયની સંયુક્ત વસૂલાત.**

૬૪. (૧) કોઈ નગરપાલિકા, વખતોવખત—

(ક) બીજી કોઈ નગરપાલિકા સાથે કેન્ટોનમેન્ટ અધિકારી, પંચાયત અથવા જાહેર વિસ્તાર માટે નિમાયેલ સમિતિ સાથે અથવા આવી નગરપાલિકાઓ, અધિકારીઓ, પંચાયતો અથવા સમિતિઓના કોઈ સમૂહ સાથે નીચેની બાબતો માટે જોડાઈ શકશે—

(૧) જેમાં તેઓ સંયુક્ત રીતે હિત ધરાવતા હોય તે હેતુ સારૂ પોતપોતાના મંડળમાંથી એક સંયુક્ત સમિતિ નીમવા બાબત તથા એવી સમિતિનો અધ્યક્ષ નીમવા બાબત; અને

(૨) કોઈ સંયુક્ત બાંધકામ કરવા અને ભવિષ્યમાં નિભાવવાના સંબંધમાં એવા દરેક મંડળને બંધનકર્તા થાય તેવી શરતો ઘડવાની સત્તા તેમજ આવાં કોઈ મંડળ વાપરી શકે તેવી કોઈ સત્તા એવી કોઈ સમિતિને સોંપવા બાબત; અને

(૩) એવી કોઈ સમિતિ જે હેતુ માટે નીમવામાં આવી હોય તે હેતુના સંબંધમાં એવી સમિતિની કાર્યવાહીનું નિયમન કરવા માટે નિયમો ઘડવા અને તેમાં ફેરફાર કરવા બાબત; અને

(ખ) ઓક્ટ્રોય અને ટોલ વસૂલ કરવા સારું રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહીને, કોઈ નગરપાલિકા, કેન્ટોનમેન્ટ અધિકારી, પંચાયત અથવા સમિતિ અથવા ઉપર કહ્યા પ્રમાણેના સમૂહ સાથે એવી કબૂલાત કરી શકશે કે જેનાથી એ રીતે કબૂલાત કરનાર મંડળો પોતે જે ઓક્ટ્રોય અને ટોલ વસૂલ કરે તે મંડળોના નિયંત્રણ હેઠળના વિસ્તારની હદમાં જુદાં જુદાં વસૂલ કરવાને બદલે ભેગાં વસૂલ કરી શકશે.

(ગ) ટેકનિકલ પ્રકારની સેવા મેળવવા માટે, નગરપાલિકાઓ વચ્ચે કબૂલ કરવામાં આવે તે (વ્યક્તિની સેવા સંબંધી શરતો સહિતની) શરતો અનુસાર નગરપાલિકાઓ પૈકી દરેક નગરપાલિકા હેઠળનાં પોતપોતાની સામાન્ય હોદ્દાઓ પર તેની તેજ વ્યક્તિની નિમણૂંક કરતી વખતે બીજી કોઈ પડોશની નગરપાલિકા સાથે જોડાઈ શકશે.

(૨) કોઈ બાબતમાં, નગરપાલિકાએ પેટા-કલમ (૧)ની જોગવાઈઓ અન્વયે બીજા કોઈ સ્થાનિક સત્તા મંડળને સહમતિ માટે વિનંતી કરી હોય અને આવા મંડળે સહમતિ આપવાની ના પાડી હોય ત્યારે ઉપર જણાવેલી બાબતમાં રાજ્ય સરકાર કેન્ટોનમેન્ટ અધિકારી મંડળ ન હોય એવા મંડળને સહમતિ આપવાનું ફરમાવતા, પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે; અને એવા મંડળે એવા હુકમોનું પાલન કરવું જોઈશે.

(૩) આ કલમ અન્વયે કોઈ હેતુ માટે કબૂલાતથી જોડાયેલી હોય અથવા એકબીજા સાથે કબૂલાત કરેલી હોય એવી મંડળીઓ વચ્ચે કોઈ મતભેદ ઊભો થાય તો તે અંગે રાજ્ય સરકારનો અથવા રાજ્ય સરકાર આ અર્થે નિમણૂંક કરે એવા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે:

પરંતુ લાગતાવળગતા મંડળો પૈકી એક મંડળ કેન્ટોનમેન્ટ અધિકારી મંડળ હોય, તો આવો કોઈ નિર્ણય કેન્દ્ર સરકારની સહમતિને અધીન રહેશે.

(૪) કરાર

**નગરપાલિકાને વેચવા, પટે આપવા તથા કરાર કરવાની સત્તા.**

૬૫. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, નગરપાલિકામાં નિહિત થઈ હોય અથવા તેણે સંપાદિત કરી હોય એવી કોઈ જંગમ અથવા સ્થાવર મિલકત, પેટા-કલમ (૨)માં જણાવેલા નિયંત્રણને અધીન રહીને, પટે આપવા, વેચવા અથવા બીજી રીતે તબદીલ કરવા અને આ અધિનિયમની જોગવાઈઓ અને હેતુઓ સાથે અસંગત ન હોય તેટલે અંશે સદરહુ જોગવાઈઓ અને હેતુઓ અમલમાં લાવવા માટે તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવાં તમામ કરારો કરવા અને પૂરાં કરવાને નગરપાલિકાને સત્તા રહેશે.

(૨) કલમ ૧૪૬ની પેટા-કલમ (૧) અન્વયેના જમીનના દરેક પટા અથવા વેચાણની બાબતમાં તથા દસ વર્ષ કરતાં વધુ મુદતના સ્થાવર મિલકતના પટાની બાબતમાં તથા જેની બજાર કિંમત એક લાખ રૂપિયા કરતાં વધુ હોય એવી સ્થાવર મિલકતનાં દરેક વેચાણ અથવા બીજી તબદીલી બાબતમાં રાજ્ય સરકારની પૂર્વ પરવાનગી આવશ્યક છે:

[1]પરંતુ કલમ ૧૪૬ની પેટા-કલમ (૧) હેઠળના જમીનના પટા અથવા વેચાણની બાબતમાં એવી જમીન કલમ ૧૪૮ મુજબ સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરેલો રસ્તો કે રસ્તાનો ભાગ બને તો એવી કોઈ પરવાનગી આપી શકાશે નહિ.

**અમુક કરારોની કાયદેસરતા માટે સામાન્ય બેઠકના ઠરાવ દ્વારા આપેલી મંજૂરી આવશ્યક છે.**

(૩)(ક) જેની બજાર કિંમત એક લાખ રૂપિયા કરતાં વધુ ન હોય તે સ્થાવર મિલકતના એક વર્ષ કરતાં વધુ મુદતના પટા અથવા વેચાણ અથવા બીજી તબદીલી અથવા કોઈ સ્થાવર મિલકતના ખરીદીના કરારની બાબતમાં,

(ખ) અંદાજપત્રમાં મંજૂર થયેલી રકમમાં જેનો સમાવેશ થતો ન હોય એવું ખર્ચ જે કરારને લીધે કરવું પડે એવા દરેક કરારની બાબતમાં;

(ગ) કરારની તારીખે ચાલુ હોય તેવા સરકારી વર્ષની અંદર પૂરો કરી ન શકાય એવા દરેક કરારની બાબતમાં; સામાન્ય બેઠકમાં ઠરાવ પસાર કરીને નગરપાલિકાએ આપેલી મંજૂરી આવશ્યક છે.

**નગરપાલિકાં વતી કરારો કરવા બાબત.**

(૪) નગરપાલિકામાં—

(ક) આ અધિનિયમ અન્વયેનો અથવા આ અધિનિયમના કોઈ હેતુ માટેનો દરેક કરાર નગરપાલિકા વતી મુખ્ય અધિકારીએ કરવો જોઈશે;

---

1. સને ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૫થી આ પરંતુક ઉમેર્યો છે.

(ખ) બીજા કોઈ નગરપાલિકા સત્તાધિકારીની મંજૂરી સિવાય જે કોઈ હેતુ પાર પાડવાનો અધિકાર આ અધિનિયમ અન્વયે મુખ્ય અધિકારીને આપેલો ન હોય તે હેતુ માટેનો કોઈ કરાર, આવી મંજૂરી પ્રથમ યોગ્ય રીતે આપી ન હોય તો અથવા ત્યાં સુધી તેણે કરવો નહિ ;

(ગ) જેમાં એક હજાર રૂપિયા કરતાં વધારે ખર્ચ થાય એવો કોઈ કરાર, આ અર્થે નગરપાલિકાએ તેને બીજી રીતે અધિકૃત કરેલો હોય તે સિવાય, મુખ્ય અધિકારીએ સંબંધિત સમિતિની મંજૂરી સિવાય કરવો નહિ ;

(ઘ) મુખ્ય અધિકારીએ કરેલાં પાંચસો રૂપિયા કરતાં વધારે અને એક હજાર કરતાં વધારે નહિ તેટલું ખર્ચ જેમાં થાય તેવા દરેક કરારની જાણ તે કરાર કરવામાં આવ્યા હોય તે પછીના પંદર દિવસની અંદર તેણે સંબંધિત સમિતિને કરવી જોઈશે.

(ચ) આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓ જેટલે સુધી અસલ કરારને લાગુ પડતી હોય તેટલે સુધી, અસલ કરારના દરેક ફેરફારને તથા તે પૂરો કરવાની બાબતને લાગુ પડશે.

(૫) આ કલમની આવશ્યકતાઓનું પાલન કરવામાં આવ્યું ન હોય તો કોઈ કરાર નગરપાલિકાને બંધનકર્તા થશે નહિ.

**કરાર કરવાની રીત.**

૬૬. (૧) મુખ્ય અધિકારીએ નગરપાલિકા વતી કરવાનો દરેક કરાર, જો તેણે એવો કરાર પોતાના વતી કર્યો હોત, તો જે રીતે અને જે નમૂના પ્રમાણે કરવાથી તે તેને બંધનકર્તા થાય તે રીતે અને તે જ નમૂના પ્રમાણે તેણે કરવો જોઈશે અને, તેવી જ રીતે અને તેવા જ નમૂના પ્રમાણે તેમાં ફેરફાર કરી શકાશે અથવા તે પૂરો કરી શકાશે:

પરંતુ—

(ક) આવો કોઈ કરાર મુખ્ય અધિકારીએ કર્યો હોત તો તે ઉપર સીલ મારવાની જરૂર હોત તો તે કરાર ઉપર નગરપાલિકાનું સામાન્ય સીલ લગાડવું જોઈશે ;

(ખ) જેમાં એક હજાર રૂપિયા કરતાં વધારે ખર્ચ થાય એવો કોઈ કામ કરવા માટેનો અથવા કોઈ સામાન અથવા માલ પૂરો પાડવા માટેનો દરેક કરાર લેખિત હોવો જોઈશે અને તેના ઉપર નગરપાલિકાનું સામાન્ય સીલ લગાડવું જોઈશે અને તેમાં યથાપ્રસંગ, કરવાનું કામ અથવા પૂરો પાડવાનો સામાન અથવા માલ, એવાં કામ, સામાન અથવા માલ માટે આપવાની કિંમત તથા કામના કરારની બાબતમાં જે વખતે અથવા વખતોએ તે કામ અથવા તેના નિર્દિષ્ટ કરેલા ભાગો પૂરા કરવાના હોય તે વખત અથવા વખતો નિર્દિષ્ટ કરવા જોઈએ.

(૨) બે સભ્યો હાજર હોય તે સિવાય, નગરપાલિકાનું સામાન્ય સીલ કોઈ કરાર અથવા બીજા લેખ ઉપર મારવું નહિ અને તે સભ્યોએ તે કરાર અથવા લેખ ઉપર તેમની હાજરીમાં સીલ મારવામાં આવ્યું છે તેની નિશાની તરીકે તેના ઉપર પોતાની સહીઓ કરવી જોઈશે. સદરહુ સભ્યોની સહીઓ, આવો કોઈ કરાર અથવા લેખ કરી આપ્યાના કોઈ સાક્ષીઓની સહીઓથી જુદી હોવી જોઈએ.

(૩) આ કલમમાં ઠરાવેલી રીતે કોઈ કરાર કરવામાં આવ્યો ન હોય, તો તે નગરપાલિકાને બંધનકર્તા થશે નહિ.

**જેમાં રૂ. ૫,૦૦૦ કરતાં વધારે ખર્ચ થાય એવા કરારો માટે ટેન્ડરો મંગાવવા બાબત.**

૬૭. (૧) પેટા-કલમ (૩)માં બીજી રીતે જોગવાઈ કરી હોય તે સિવાય જેમાં પાંચ હજાર રૂપિયા કરતાં વધારે ખર્ચ થાય એવો કોઈ કામ કરવા માટેનો અથવા કોઈ સામાન અથવા માલ પૂરો પાડવા માટેનો કોઈ કરાર કરતાં પહેલાં મુખ્ય અધિકારીએ વર્તમાનપત્રમાં જાહેરખબર પ્રસિધ્ધ કરીને તેવા કરાર માટે ટેન્ડરો મંગાવતી નોટિસ આપવી જોઈશે :

પરંતુ તે કામ અથવા પુરવઠામાં વીસ હજાર રૂપિયા કરતાં વધારે ખર્ચ થતું હોય તો જાહેરખબર, નગરપાલિકા મંજૂર કરે તેવાં એક અથવા વધારે દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવી જોઈશે :

વધુમાં ટેન્ડર મંગાવવા માટેની જાહેર ખબર વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખ અને મુખ્ય અધિકારીએ ટેન્ડરો મળવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખ વચ્ચે ઓછામાં ઓછા ચોખ્ખા સાત દિવસનો ગાળો રાખવો જોઈશે.

(૨) આવી નોટિસ અનુસાર જે કોઈ ટેન્ડર આપવામાં આવે તે કબૂલ રાખવાને મુખ્ય અધિકારી બંધાયેલા રહેશે નહિ. પણ આ રીતે આપેલાં ટેન્ડરોમાંથી જે કોઈ ટેન્ડર બધા સંજોગો ધ્યાનમાં લેતાં તેને સૌથી વધારે ફાયદાકારક લાગે તે ટેન્ડર કારોબારી સમિતિની મંજૂરી લઈને કબૂલ રાખી શકશે અથવા તેને સાદર કરવામાં આવેલા તમામ ટેન્ડરો કારણોની લેખિત નોંધ કરીને નામંજૂર કરી શકશે ;

(૩) આમાં જોગવાઈ કરી છે તે પ્રમાણે ટેન્ડરો મંગાવ્યા સિવાય અથવા ટેન્ડરો મંગાવ્યા પછી મુખ્ય અધિકારીને મળે તે કોઈપણ ટેન્ડરો મંજૂર રાખ્યા સિવાય કરાર કરવાને નગરપાલિકા મુખ્ય અધિકારીને અધિકૃત કરી શકશે. આ પ્રમાણે અધિકૃત કરવાનાં કારણો નગરપાલિકાની કાર્યવાહીમાં નોંધવાં જોઈશે.

૬૮. નગરપાલિકાએ આ અર્થે કરેલાં નિયમોને અધીન રહીને મુખ્ય અધિકારી કલમ ૬૭ અન્વયે દરેક કરાર યોગ્ય રીતે પૂરો કરવામાં આવે તે માટે તેણે તારણ માગવું જોઈશે અને આ અધિનિયમ અન્વયે તે કરે તેવો બીજો કોઈ કરાર યોગ્ય રીતે પૂરો કરવામાં આવે તે માટે તે પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે તારણ માગી શકશે.

કરાર પૂરો કરવા માટે ક્યારે તારણ લેવું.

## (૫) ફરજિયાત જમીન સંપાદન

સન ૧૮૯૪નો ૧લો.

૬૯. આ અધિનિયમના હેતુઓ માટે જોઈતી કોઈ જમીન અથવા ઈમારત પૈસા આપીને, કાયમને માટે અથવા કામચલાઉ સંપાદન કરવામાં નગરપાલિકાને કાંઈ અડચણ આવતી હોય, ત્યારે જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ અન્વયે તે જમીન અથવા ઈમારતનો કબજો પોતાને માટે મેળવ્યા પછી રાજ્ય સરકારને નગરપાલિકા ઠરાવાયેલ વળતર આપે તથા તે સંપાદન કરવા બદલ રાજ્ય સરકારને થયેલું તમામ ખર્ચ રાજ્ય સરકારને ભરપાઈ કરે તો જમીન અથવા ઈમારત નગરપાલિકાને સ્વાધીન કરી શકશે.

જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪નો આશ્રય લેવા બાબત.

## (૬) સભ્યો, અધિકારીઓ અને નોકરોની જવાબદારીઓ.

૭૦ (૧) દરેક સભ્ય જો પોતે જે કોઈ નાણાંના ગેરઉપયોગ કરવામાં સામેલ થયેલો હશે અથવા આવો ગેર-ઉપયોગ સભ્ય તરીકેની તેની ફરજ પ્રત્યેની ગંભીર ગફલતને કારણે થયેલો હશે અથવા ગંભીર ગફલતથી સરળ બન્યો હશે તો તે સભ્ય આવા ગેર ઉપયોગ માટે અંગત રીતે જવાબદાર થશે :

ગેરઉપયોગ માટે સભ્યોની જવાબદારી.

પરંતુ નગરપાલિકાએ અથવા તેના વતી કરેલા અથવા કરવામાં આવેલા કોઈ કરાર કે કબૂલાતના સંબંધમાં અથવા નગરપાલિકાએ અથવા તેના વતી કરેલાં અથવા કરવામાં આવેલાં કશા ખર્ચ માટે કોઈ સભ્ય અંગત રીતે જવાબદાર થશે નહિ. દરેક નગરપાલિકાને હસ્તક હોય તેવા નાણાંમાંથી કોઈ કરાર કે કબૂલાતના સંબંધમાં અર્પેલી રકમ અને આ તમામ ખર્ચ વસૂલ કરવા અને લેવામાં આવશે.

(૨) જો લાગતા વળગતા સભ્ય વિરુદ્ધનું કારણ દર્શાવીને તક આપ્યા પછી રાજ્ય સરકારે અધિકાર આપેલા અધિ-કારીને ખાતરી થાય કે સભ્ય નગરપાલિકાના કોઈ ફંડનો ગેરઉપયોગ કરવામાં સામેલ હતો અથવા તે ગેર-ઉપયોગ સભ્યની ગેરવર્તણૂંક અથવા ભારે ગફલતનું સીધું પરિણામ છે, તો એવી રીતે અધિકાર આપેલા અધિ-કારીએ લેખિત હુકમ કરીને, આવા સભ્યને એવો આદેશ કરવો કે આવા ગેરઉપયોગ બદલ નગરપાલિકાને ભરપાઈ કરવા માટે જોઈતી રકમ, તેણે નક્કી કરેલી તારીખ પહેલાં નગરપાલિકાને આપવી.

(૩) જો એવી રીતે રકમ આપવામાં ન આવે, તો તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે અને નગરપાલિકાના ફંડ ખાતે જમા કરવામાં આવશે.

(૪) એવી રીતે અધિકૃત કરેલા અધિકારીના નિર્ણય અથવા પગલાંથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ આવા નિર્ણય અથવા પગલાંની તારીખથી એક મહિનાની અંદર, તેની ફરિયાદના નિવારણ માટે જિલ્લા કોર્ટને અરજી કરી શકશે અને પોતાને જરૂરી લાગે તેવો પુરાવો લીધા પછી તે કોર્ટ તે હુકમને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અને તે સંજોગોમાં પોતાને યોગ્ય લાગે તેટલું ખર્ચ કરવા અંગે હુકમ પણ કરી શકશે.

૭૧. (૧) જે કોઈ વ્યક્તિ નગરપાલિકા સાથેના અથવા નગરપાલિકાના હુકમ અન્વયે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાના અધિકારી અથવા નોકર તરીકેની નોકરી સિવાયની નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કંઈપણ ભાગ કે હિત ધરાવતી હોય તે આવી નગરપાલિકાનો અધિકારી અથવા નોકર થવાને ગેરલાયક થશે.

નગરપાલિકાના અધિકારી અથવા નોકરનો એવી નગરપાલિકા સાથેના કરારમાં હિત-સંબંધ ન હોવા બાબત.

(૨) નગરપાલિકાનો જે કોઈ અધિકારી અથવા નોકર ઉપર જણાવ્યા પ્રમાણેના કોઈ કરાર અથવા નોકરીમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કંઈપણ ભાગ કે હિત સંપાદન કરે તે નગરપાલિકાનો અધિકારી અથવા નોકર હોતો બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

(૩) નગરપાલિકાની સાથેના અથવા તેના હુકમ અન્વયે કરેલા અથવા તેણે કે તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા તેની કે તેના તાબા હેઠળ કોઈ નોકરીમાં જે ભાગ કે હિત કલમ ૧૧ની પેટા--કલમ (૩)ના ખંડ (૧),(૨) અને (૪) અન્વયે કોઈ વ્યક્તિને રાખવાની છૂટ હોય અને જે રાખવાથી તે સભ્ય થવા માટે ગેરલાયક થતો નહોય તે ભાગ અથવા હિતને આ કલમનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

૭૨. (ક) કોઈ વ્યક્તિને જે ભાગ અથવા હિત કલમ ૧૧ અન્વયે રાખવાની છૂટ હોય અને જે રાખવાથી સભ્ય થવાને ગેરલાયક થતો ન હોય તે ભાગ અથવા હિત સિવાયનો બીજો ભાગ અથવા હિત જે કોઈ સભ્ય જે નગરપાલિકાનો પોતે સભ્ય હોય તે નગરપાલિકા સાથે અથવા તેના હુકમ, અન્વયે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જાણી જોઈને સંપાદન કરે, અને

નગરપાલિકા સાથેના કોઈ કરાર વગેરેમાં હિત ધરાવતા નગરપાલિકાના સભ્ય, અધિ-કારી અથવા નોકર માટે શિક્ષા.

(ખ) નગરપાલિકાનો જે કોઈ અધિકારી અથવા નોકર જે ભાગ અથવા હિત કોઈ વ્યક્તિને કલમ ૧૧ની પેટા-કલમ (૩)ના ખંડ (૧) તથા (૪) અન્વયે રાખવાની છૂટ હોય અને જે રાખવાથી સભ્ય થવાને ગેરલાયકતો હોય તે ભાગ અથવા હિત સિવાયનો બીજો કોઈ ભાગ અથવા હિત કે નગરપાલિકાનો પોતે અધિકારી અથવા નોકર હોય તે નગરપાલિકાની સાથે અથવા તેના હુકમ અન્વયે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાના અધિકારી અથવા નોકર તરીકેની તેની પોતાની નોકરીને લગતો હોય તે સિવાય, નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં, પ્રત્યક્ષ રીતે, જાણી જોઈને સંપાદન કરે, તે ફોજદારી કોર્ટ સમક્ષ દોષિત ઠર્યેથી એક હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

**સભ્યો વગેરે રાજ્ય સેવકો ગણાશે.**

૭૩. (૧) નગરપાલિકાનો દરેક સભ્ય, અધિકારી અથવા નોકર અને નગરપાલિકાનો કોઈ કર વસુલ કરવા માટેના કોઈ ઈજારદારે અથવા એવા ઈજારદારે નોકરીમાં રાખેલો દરેક નોકર અથવા બીજી વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ પ્રમાણે રાજ્ય સેવક ગણાશે.

**સન ૧૮૬૦નો ૪૫મો.**

(૨) તે અધિનિયમની કલમ ૧૬૧માંની "કાયદેસર મહેનતાણુ" ની વ્યાખ્યામાં આવતા "સરકાર" શબ્દમાં આ કલમની ની પેટા-કલમ (૧) ના હેતુઓ માટે નગરપાલિકાનો સમાવેશ થાય છે એમ ગણાશે.

## (૭) કાર્યવાહીની કાયદેસરતા.

**નગરપાલિકા સમિતિના કાર્યો તથા કાર્યવાહી નગરપાલિકાના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દૂષિત નહિ થવા બાબત.**

૭૪. (૧) સભ્ય તરીકે અથવા સામાન્ય બેઠકોના પ્રમુખ અથવા પ્રમુખસ્થાન લેનાર સત્તાધિકારી તરીકે અથવા આ અધિનિયમ અન્વયે નિમેલી સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે કામ કરતી કોઈ વ્યક્તિની કોઈ ગેરલાયકાતથી અથવા તેની ચૂંટણી અથવા નિમણુંકની ખામીથી, યથાપ્રસંગ નગરપાલિકાનાં અથવા એવી કોઈ સમિતિની જે કોઈ કાર્ય અથવા કાર્યવાહીમાં આવી વ્યક્તિઓ ભાગ લીધો હોય તે કોઈ કૃત્ય અથવા કાર્યવાહી એવાં કાર્ય અથવા કાર્યવાહીમાં સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી મોટા ભાગની વ્યક્તિઓને જે જે પ્રસંગે કામ કરવાનો હક હોય તે તે પ્રસંગે દૂષિત થાય છે એમ ગણાશે નહિ.

નગરપાલિકાનો અથવા આ અધિનિયમ અન્વયે નીમેલી કોઈ સમિતિનો કોઈ ઠરાવ કોઈ સભ્ય, ઉપર નોટિસ બજાવવામાં થયેલી કોઈ નિયમ બાહ્યતાને લીધે ગેરકાયદેસર થાય છે એમ ગણાશે નહિ, પરંતુ નગરપાલિકાની અથવા સમિતિની કાર્યવાહીને આવી નિયમબાહ્યતાને લીધે કોઈ પણ રીતે પ્રતિકૂળ અસર થયેલી હોવી જોઈશે નહિ.

**કાર્યવાહી યોગ્ય અને માન્ય હોવાનું અનુમાન કરવા બાબત.**

(૨) વિરૂધ્ધ સાબિત ન થાય ત્યાં સુધી, નગરપાલિકાની અથવા આ અધિનિયમ અન્વયે નીમેલી સમિતિની જે કોઈ બેઠકની કાર્યવાહીના સંબંધમાં આ અધિનિયમ અનુસાર કાર્યનોંધ કરવામાં આવી હોય અને તેના ઉપર સહી કરવામાં આવી હોય તે બેઠક યોગ્ય રીતે બોલાવવામાં અથવા ભરવામાં આવી હતી એમ ગણાશે અને તે બેઠકના તમામ સભ્યો યોગ્ય લાયકાત ધરાવે છે એમ ગણાશે; અને કાર્યવાહી કોઈ સમિતિની કાર્યવાહી હોય ત્યારે આવી સમિતિ યોગ્ય રીતે રચવામાં આવી છે અને કાર્યનોંધમાં ઉલ્લેખેલી બાબતોની તજવીજ કરવાની તેને સત્તા હતી એમ ગણાશે.

## (૮) નગરપાલિકાના હિસાબો.

**હિસાબ રાખવા બાબત.**

૭૫. દરેક નગરપાલિકાની આવક અને ખર્ચના હિસાબો દરેક દાખલામાં રાજ્ય સરકાર આદેશ કરે તેવા ફેરફારોને અધીન રહીને, નગરપાલિકાના હિસાબ બાબતના અધિનિયમ અનુસાર રાખવા જોઈશે.

**અંદાજપત્ર હિસાબો રજૂ કરવા બાબત.**

૭૬. (૧) નગરપાલિકાએ પોતાની સામયિક સામાન્ય બેઠકોમાં તેની તરત અગાઉના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી નગરપાલિકાના આવક તથા ખર્ચના પૂરેપૂરા હિસાબો તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવા જોઈશે અને નગરપાલિકાના નિયમોથી આ અર્થે ૧૦મી જાન્યુઆરી અને ૧૫મી માર્ચ વચ્ચેનો જે દિવસ નક્કી કરવામાં આવે તે દિવસે જે સામાન્ય બેઠક ભરવામાં આવે તેમાં, ત્યાર પછીના તરતના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ માટેના ખરેખરા અને સંભાવિત આવક તથા ખર્ચનો પૂરેપૂરો હિસાબ, ત્યાર પછીના તરતના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થનારા નાણાંકીય વર્ષ માટેનો નગરપાલિકાના આવક અને ખર્ચના અંદાજ પત્ર સાથે તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવો જોઈશે.

(૨) તેમ થયે, નગરપાલિકાએ, ત્યાર પછીના તરતના એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થનારા વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરેલા નાણાંના વિનિયોગ તથા નાણાં ઊભાં કરવાનાં સાધન બાબત નિર્ણય કરવો જોઈશે. આવી રીતે મંજુર કરેલાં અંદાજપત્રોમાં સંજોગો અનુસાર ઈચ્છનીય હોય તેવા ફેરફારો તે હેતુ માટે બોલાવેલી ખાસ સામાન્ય બેઠકમાં વખતોવખત કરી શકાશે:

પરંતુ કારોબારી સમિતિ અથવા આ અધિનિયમ અન્વયે નિમાયેલી બીજી કોઈ સમિતિ આવી રીતે મંજુર કરેલાં અંદાજપત્ર પ્રમાણે એક જ મુખ્ય સદર હેઠળના અને તે જ સમિતિના નિયંત્રણ હેઠળના એક પેટા-સદરમાંથી બીજા પેટા-સદરમાંથી અથવા એક ગૌણ સદરમાંથી બીજા ગૌણ સદરમાં રૂપિયા ૫૦૦૦ હજાર કરતાં વધે નહિ તેટલી રકમનો પુનર્વિનિયોગ કરવાનું મંજુર કરી શકશે. આવા પુનર્વિનિયોગનું પત્રક દરેક ત્રૈમાસિક સામાન્ય બેઠક વખતે નગરપાલિકાને સાદર કરવું જોઈશે.

(૩) પેટા-કલમ ૨માં જોગવાઈ કરવામાં આવેલ છે તે સિવાય જો કોઈ રકમનો ખર્ચ કરતી વખતે મંજૂર કરવામાં આવેલ અને અમલમાં હોય તેવા અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ ન હોય તો આવી રકમ નગરપાલિકાઓ અથવા તેમના વતી ખર્ચવી નહિ.

(૪) નગરપાલિકાએ ગયા વર્ષના હિસાબો એપ્રિલ મહિનાની સામાન્ય બેઠકમાં અથવા ગયા વર્ષના હિસાબોની તપાસણી સામાન્ય બેઠક પહેલાં થઈ ન હોય તો તે થયા પછી મંજૂર કરવા જોઈશે.

**હિસાબોની તપાસણી.**

સને ૧૯૬૩ નો ગુજરાત નો ૪૯મો.

૭૭. (૧) ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ ઠરાવેલી ઓડિટ ઉપરાંત નગરપાલિકાના હિસાબોનું ઓડિટ નગરપાલિકાના નિયમોમાં ઠરાવવામાં આવે તે ગાળાએ અને તે સાધનો દ્વારા કરી શકાશે.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, નગરપાલિકાના હિસાબોનું ઓડિટ રાજ્ય સરકાર એવો આદેશ કરે તો કોઈપણ સમયે કરવું જોઈશે

(૩) ઓડિટરને પોતાના હોદ્દાના હેતુઓ માટે નગરપાલિકાના તમામ હિસાબો તથા દફતરો જોવા માટે મેળવવાની છૂટ રહેશે.

**હિસાબો રાજ્ય સરકારને મોકલવા બાબત.**

૭૮. નગરપાલિકા ગયા વર્ષના હિસાબો તૈયાર કરે કે તરત જ તેની એક નકલ અથવા રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂના પ્રમાણેનો હિસાબ તેણે રાજ્ય સરકારને અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઈ અધિકારીને મોકલી આપવા જોઈશે અને રાજ્ય સરકાર અથવા આવો અધિકારી વખતોવખત આદેશ કરે તેવા તેને લગતાં વિગતો તથા ઓચરિયા પણ પૂરાં પાડવાં જોઈશે.

**હિસાબોની પ્રસિધ્ધિ.**

૭૯. ત્રૈમાસિક અને વાર્ષિક હિસાબો, આવક તથા ખર્ચ અને મંજૂર થયેલું અંદાજપત્ર લોકોને જોવા માટે ખુલ્લાં રહેશે અને નગરપાલિકા આ અર્થે ઠરાવે તેવી રીતે તે પ્રસિધ્ધ કરવાં જોઈશે.

## પ્રકરણ ૫મું.

## નગરપાલિકાનાં મિલકત અને ફંડ.

**આ અધિનિયમના હેતુ માટે મિલકત સંપાદન કરવાની અને ધારણ કરવાની સત્તા.**

૮૦ (૧) નગરપાલિકા, નગરની હદની અંદર અથવા બહાર જંગમ તથા સ્થાવર, બંને પ્રકારની મિલકત સંપાદન કરી શકશે અને ધારણ કરી શકશે.

(૨) આ કલમના ખંડોમાં નિર્દિષ્ટ કરેલા પ્રકારની તમામ મિલકત જે રાજ્ય સરકારે ખાસ પોતાની પાસે રાખી નહિ હોય તે નગરપાલિકાને પ્રાપ્ત થશે અને તેની માલિકીની થશે અને તે મિલકત તથા ગમે તે પ્રકારની અથવા જાતની બીજી જે મિલકત નગરપાલિકાને પ્રાપ્ત થાય તે તમામ મિલકત તેના દેખરેખ, વહીવટ અને નિયંત્રણ હેઠળ રહેશે અને આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને અને તેના હેતુઓ માટે તેણે તે ટ્રસ્ટી તરીકે ધારણ કરવી અને ઉપયોગમાં લેવી જોઈશે :—

(ક) તમામ સાર્વજનિક નગર-કોટ, દરવાજા, બજારો, કતલખાનાં, ખાતર તથા મળમૂત્ર રાખવાની જગાઓ.

(ખ) તમામ સાર્વજનિક વહેતા તળાવો, જલાશયો, ટાંકીઓ, કુવાઓ, ઝરાઓ, પાણીના માર્ગો નળો, વિવરમાર્ગો, નળીઓ, પંપો તથા પાણીનો બીજા કામો અને એવા પાણીનાં બીજા કામો સાથે જોડાયેલા અથવા તેમને લગતા તમામ પૂલો, ઈમારતો, એન્જીનો, કામો, સામાન અને વસ્તુઓ તેમજ સાર્વજનિક તળાવ અથવા કૂવાઓને લગતી ખાનગી મિલકત ન હોય તેવી પાસેની કોઈ જમીન.

(ગ) તમામ સાર્વજનિક ગટરો, અને મોરીઓ, કોઈ રસ્તામાંનાં અથવા રસ્તાની બાજુના અથવા રસ્તાની નીચેના તમામ ગટરો, મોરીઓ, વિવરમાર્ગો, ગરનાળાં અને જલપ્રવાહો તથા તેને લગતાં તમામ કામો, સામાન તથા વસ્તુઓ; તેમજ રસ્તાઓ, ઘરો, જાજરૂઓ, ગટરો, ખાળ કુવાઓ, અથવા બીજી કોઈ જગામાંથી નગરપાલિકાએ એકઠા કરેલા તમામ ધૂળ, રજ, છાણ, રાખ, કચરો, પાણીજન્ય પદાર્થ, ગંદવાડ અથવા કોઈપણ જાતનો કચરો પૂંજો.

(ઘ) તમામ સાર્વજનિક દીવા, દીવાના થાંભલા તથા તે સાથે જોડેલા અથવા તેને લગતાં સાધનો.

(ચ) સ્થાનિક સાર્વજાનિક હેતુઓ માટે તેને જે જમીન સરકાર તરફથી બક્ષિસથી અથવા બીજી રીતે તબદીલ કરવામાં આવી હોય તે તમામ જમીન અને સાર્વજાનિક ઈમારતો.

(છ) તમામ સાર્વજાનિક રસ્તાઓ તથા તેમનાં ફરસબંધી, પથરા અને બીજો તેમજ માલસામન તેમજ એવા રસ્તાઓ માટે જેનો પ્રબંધ કરવામાં આવ્યો હોય તેવા તમામ ઝાડો, બાંધકામો, માલસામાન, ઓજારો અને વસ્તુઓ:

પરંતુ રાજ્ય સરકારે ખંડ (ચ) અન્વયે નગરપાલિકાને તબદીલ કરેલી જમીનો અને સાર્વજાનિક ઈમારતો તબદીલીના લેખમાં સ્પષ્ટપણે બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય માલિકીના હકથી નગરપાલિકાની માલિકીની બનશે નહીં પણ તબદીલીના બોલીઓ અને શરતોને અધીન રહીને, તે નગરપાલિકાને પ્રાપ્ત થશે અને સદરહુ બોલીઓ અથવા શરતો પૈકી કોઈપણ બોલી અથવા શરતનો ભંગ, થયે, તે જમીનો તે સાથે જોડાયેલી તમામ વસ્તુઓ, તેની ઉપરના તમામ જડીત સામાન તથા બાંધકામો સહિત અને સાર્વજાનિક ઈમારતો રાજ્ય સરકારને ફરીથી પ્રાપ્ત થશે અને રાજ્ય સરકાર તેનો કબજો ફરીથી ધારણ કરે તો તે કાયદેસર ગણાશે.

(૩) સરકારને પ્રાપ્ત થયેલી કોઈ ખુલ્લી જગા અથવા પડતર ખાલી અથવા ચરણની જમીન આ અધિનિયમની શરૂઆતની પહેલાં અથવા તે પછી સરકાર દ્વારા નગરપાલિકાને પ્રાપ્ત કરાયેલ હોય ત્યારે જો તેવી જગા અથવા જમીન રાજ્ય સરકારને કોઈ સાર્વજાનિક હેતુ માટે જરૂરની હોય તો રાજ્ય સરકાર તેને કોઈપણ સમયે ખાલસા કરે તો તે કાયદેસર ગણાશે.

(૪) જે કોઈ શરતે કોઈ જમીન, ઈમારત અથવા જગા નગરપાલિકા ધારણ કરતી હતી તે શરતનાં ભંગ બદલ હોય તે સિવાય રાજ્ય સરકાર પેટા-કલમ (૨) અથવા (૩) અન્વયે તે જમીન, ઈમારત અથવા જગા ખાલસા કરે ત્યારે નગરપાલિકાએ કરેલ તે જમીન, ઈમારત અથવા જગાની કોઈ સુધારણાની કિંમત જેટલા વળતર માટે નગરપાલિકા હકદાર થશે અને આવી કિંમત જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની જોગવાઈઓ અનુસાર નક્કી કરવી જોઈશે. સન ૧૮૯૪ નો ૧લો.

**નગરપાલિકાએ અથવા નગરપાલિકા વિરૂદ્ધ કરેલા મિલકતના દાવાનો નિર્ણય.**

૮૧. (૧) સાધારણ રીતે ખેતીના કામ માટે જ વપરાતી જમીનો સિવાયની બીજી જમીનોની માપણી, તે સમયે, અમલમાં હોય તેવા કોઈ કાયદા અન્વયે જે કોઈ નગરને લાગુ પાડી હોય અથવા લાગુ પાડવામાં આવે તે નગરમાં કોઈ મિલકત માટે અથવા કોઈ મિલકતમાંના અથવા તે ઉપરના કોઈ હક માટે નગરપાલિકા દાવો કરે અથવા નગરપાલિકા વતી દાવો કરવામાં આવે અથવા નગરપાલિકા વિરૂદ્ધ કોઈ વ્યક્તિ દાવો કરે ત્યારે જેની યોગ્ય નોટિસ આપવામાં આવી હોય તેવી પદ્ધતિસર તપાસ કર્યા પછી, કલેક્ટર દાવાનો નિર્ણય કરતો હુકમ કરે તો તે કાયદેસર ગણાશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે કલેક્ટરે કરેલા કોઈ હુકમની તારીખથી અથવા એવા હુકમ વિરૂદ્ધ મુદતની અંદર એક અથવા વધારે અપીલો કરવામાં આવી હોય, તો જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૨૦૪ અનુસાર નક્કી કર્યા પ્રમાણેના આખરી અપીલ અધિકારીએ કરેલા કોઈપણ હુકમની તારીખથી એક વર્ષ પુરૂ થયાબાદ, કોઈપણ, કોર્ટમાં માંડેલો કોઈપણ દાવો, જો તે એવો હુકમ રદ કરવાને લાવવામાં આવ્યો હોય અથવા માંગેલી દાદ આવા હુકમ સાથે અસંગત હોય તો દાવો (દાવો મુદત બહાર હોવાનો બચાવ લેવામાં ન આવ્યો હોય તો તે પણ) રદ કરવો, પરતુ આવા હુકમની યોગ્ય નોટિસ વાદીને મળેલી હોવી જોઈશે.

(૩) (ક) આ કલમથી કલેક્ટરને આપેલી સત્તા મદદનીશ અથવા નાયબ કલેક્ટર અથવા જમીન મહેસૂલ અધિનિયમમાં વ્યાખ્યા પ્રમાણે નો માપણી અધિકારી પણ વાપરી શકશે.

(ખ) આ કલમમાં ઉલ્લેખેલી પદ્ધતિસર તપાસ ઉપર્યુક્ત અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવી જોઈશે.

(ગ) આ કલમ અન્વયેની કોઈ તપાસ અથવા હુકમની નોટીસ રાજ્ય સરકારે આ અર્થે કરેલા નિયમો અનુસાર આપવામાં આવી હોય, તો તેની કોઈ વ્યક્તિને યોગ્ય નોટિસ મળી છે એમ ગણાશે.

**નગરપાલિકા ફંડ.**

૮૨. આ અધિનિયમ અથવા બીજા કોઈ અધિનિયમની રૂએ નગરપાલિકાને અથવા નગરપાલિકા વતી મળેલાં તમામ નાણાં, કોઈ કોર્ટે નાખેલા દંડ સિવાયના આ અધિનિયમ અન્વયે નગરપાલિકાને આપેલી અથવા નગરપાલિકાએ વસૂલ કરેલ તમામ કર, દંડ અને ગુનેગારીઓ, નગરપાલિકાએ વેચેલી જમીન અથવા બીજી મિલકતની ઉપજેલી તમામ રકમ, તથા તેની જમીન અથવા મિલકતમાંથી પ્રાપ્ત થતાં તમામ ભાડાં તથા સરકારે અથવા ખાનગી વ્યક્તિઓએ આપેલી બક્ષિસોના અથવા કરેલી તબદીલીઓના કારણે અથવા બીજી કોઈ રીતે પ્રાપ્ત થતા તમામ વ્યાજ, નફો, તથા બીજા નાણાં, એ બધાનું નગરપાલિકા ફંડ બનશે અને કલમ ૮૦ માં નિર્દિષ્ટ કરેલી મિલકત પ્રમાણે તે ધારણ કરવું જોઈશે અને તેનો વહીવટ કરવો જોઈશે:

સન ૧૮૯૦ નો ૬ઠ્ઠો

(ક) કોઈ નગરપાલિકાએ અથવા તેના વતી કરેલા કોઈ ટ્રસ્ટથી અથવા કોઈ ટ્રસ્ટના વહીવટ માટે ધર્માદા દેણગી અધિનિયમ, ૧૮૯૦ અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ અન્વયે નક્કી કરેલી કોઈ યોજના- થી અથવા આ પરંતુકના ખંડ (ખ) માં નિર્દિષ્ટ કરેલા પ્રકારના ટ્રસ્ટથી કોઈ નગરપાલિકાને સ્વીકારેલી અથવા તેના ઉપર નાખેલી કોઈ જવાબદારીને આ કલમ અથવા કલમ ૭૭માંના કોઈપણ મજકૂરથી કોઈપણ રીતે અસર થશે નહિ.

સન ૧૯૫૦ નો મુંબઈ નો ૨૯મો.

(ખ) આ અધિનિયમથી અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે અન્વયે નગરપાલિકા ઉપર મૂકેલી અથવા મૂકવામાં આવે તે તમામ જવાબદારીઓ પૂરી કરવા માટે વાજબી પ્રબંધ કરવાની શરતને અધીન રહીને, નગરપાલિકા શાળાઓ અથવા દવાખાનાં અથવા પાણીના કામો અથવા અગ્નિ-શામક દળોના હેતુઓ માટે અથવા આ અર્થે વિકાસ કમિશનર મંજૂર કરે એવા બીજા હેતુઓ માટે પોતાને ખાસ મળેલાં અથવા પોતે અલાયદો રાખેલો નગરપાલિકા ફંડનો કોઈ ભાગ નગરપાલિકાના હિસાબમાં જુદા સદર હેઠળ જમા કરી શકશે અને વિકાસ કમિશનરે તેમ ફરમાવ્યું હોય તો તેણે તેમ કરવું જોઈશે. આ પ્રમાણે યોગ્ય રીતે જમા કરેલી કોઈ રકમ જે ખાસ હેતુઓ માટે તે મળેલી હોય અથવા અલાયદી રાખેલી હોય તે હેતુઓ માટે જ નગરપાલિકા તેનો ઉપયોગ કરી શકશે.

(ગ) (૧) જે કાઈ નગરપાલિકાની હદમાંના કોઈ પવિત્ર સ્થાનમાં મુદતે મુદતે જતા યાત્રિકો પાસેથી કર વસૂલ કરવામાં આવતો હોય તે દરેક નગરપાલિકાએ ખંડ (૨)માં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે વાજબી પ્રબંધ કરવાની શરતને અધીન રહીને, સદરહુ કરની આવક નગરપાલિકાના હિસાબમાં "યાત્રિક ખાતું" એ નામના જુદા સદર હેઠળ જમા કરવી જોઈશે.

(૨) યાત્રિકો પાસેથી વસૂલ કરવામાં આવતા કરની ઊપજ યાત્રિક ફંડના ખાતામાં જમા કરવામાં આવે તે પહેલાં નગરપાલિકાએ જે હેતુ માટે પ્રબંધ કરવો જોઈશે તે હેતુ, નગરપાલિકા વિકાસ કમિશનરની મંજૂરીથી વખતોવખત નક્કી કરે તેટલા સદરહુ કરની ઉપજના ટકા નગરપાલિકાને નીચેનાને માટે આપવાનો રહેશે, એટલે કે:-

(૧) આ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કાઈ કાયદાથી અથવા તે અન્વયે નગરપાલિકા પર મૂકેલી અથવા મૂકવામાં આવે તેવી તમામ જવાબદારીઓ પૂરી કરવા માટે વાજબી પ્રબંધ કરવા માટે;

(૨) યાત્રિકોના આરોગ્ય, સગવડ અને સુરક્ષિતતા સાથે સંબંધ ધરાવતી હોય તેવી નગરપાલિકાની સામાન્ય ફરજો માટે; અને

(૩) સદરહુ કરની વસૂલાતનાં ખર્ચ માટે.

(૩) ખંડ (૧) અન્વયે જમા કરેલી રકમો સદરહુ યાત્રિકોના આરોગ્ય, સગવડ અને સુરક્ષિતતામાં વૃદ્ધિ કરે એવાં વિકાસ કમિશનર મંજૂર કરે તેવાં કામો માટે વાપરવી જોઈશે.

**નગરપાલિકાની મિલકત તથા ફંડનો-ઉપયોગ નગરમાં તથા તેની બહાર કેવી રીતે કરવો તે બાબત.**

૯૩. નગરપાલિકાને પ્રાપ્ત થયેલા નગરપાલિકા ફંડ તથા તમામ મિલકતનો ઉપયોગ આ અધિનિયમના હેતુઓ માટે તે નગરની હદમાં કરવો જોઈશે:

પરંતુ રાજ્ય સરકારની અથવા તેણે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા કાઈ અધિકારીની મંજૂરીથી નગરપાલિકા-

(ક) નગરના રહેવાસીઓ માટે જોઈતું પાણી મેળવવા માટે અથવા સદરહુ નગરના રહેવાસીઓના ઉપયોગ માટે, વિદ્યુત શકિત પૂરી પાડવા માટે અથવા કતલખાના અથવા મળમૂત્ર અથવા ગટરની ગંદકી અથવા પશુઓના મુડદાંની વ્યવસ્થા માટેની જગાઓ સ્થાપવા માટે અથવા પાણીના નિકાલ માટેનાં કામો અથવા લોકોને લઈ જવા માટે યંત્રથી ચાલતી હેરફેરની સગવડો પૂરી પાડવાના હેતુ માટે અથવા નગરના રહેવાસીઓના
૧ લાભ માટે દૂધ અથવા દૂધની બનાવટો પૂરી પાડવા, તેની વહેંચણી કરવા અને તેના પર પ્રક્રિયા કરવા માટે દુગ્ધાલયો અથવા પશુક્ષેત્રો સ્થાપવાના હેતુ માટે અથવા સદરહુ નગરના રહેવાસીઓના આરોગ્ય, સુરક્ષિતતા અથવા સગવડમાં વૃદ્ધિ કરે તેવા બીજા કાઈ હેતુ માટે સદરહું હદની બહાર જમીન સંપાદન કરવામાં અથવા કામો બાંધ-વામાં નિભાવવામાં અથવા તેમની મરામત કરવામાં અથવા તે ખરીદવામાં ખર્ચ કરે; અથવા

(ખ) લોકોના આરોગ્ય, શિક્ષણ, સુરક્ષિતતા અથવા સગવડને લગતા અને જેનાથી ફાળો આપનાર નગર-પાલિકાની હદના રહેવાસીઓને લાભ થાય એવાં પગલાં માટે બીજા કોઈ સ્થાનિક સત્તામંડળોએ કરેલા અથવા સાર્વજનિક ફંડમાંથી કરવામાં આવેલા ખર્ચમાં ફાળો આપે; અથવા

(ગ) નગરની હદની બહાર મળ્યા કરે એવી શિષ્યવૃત્તિઓ સ્થાપે, તો તે કાયદેસર ગણાશે :

વધુમાં કોઈ નગરપાલિકાએ ઉપર કહ્યા પ્રમાણેની મંજૂરીથી ઉપર કહ્યા પ્રમાણે પાણી અથવા વિદ્યુત શકિત પૂરી પાડવા માટે અથવા પાણીના નિકાલ માટે નગરની હદની બહાર કામો બાંધ્યા હોય ત્યારે તે નગરપાલિકા-

(ક) સદરહુ નગરની હદમાં હોય અથવા ન હોય એવી કોઈ જગામાંની કોઈ વ્યક્તિની સાથે અથવા એવી જગામાંની કોઈ ઈમારતો અથવા જમીનોના ભોગવટો કરનાર અથવા માલિકની સાથે કબૂલાત કરીને, પૈસા આપવા સંબંધી અથવાપાણી અથવા વિદ્યુત શક્તિનો પુરવઠો ચાલુરાખવા સંબંધી અથવા પાણીનો નિકાલ માટેનાં કામોને લાભ આપવાનું ચાલુ રાખવા સંબંધી જે બોલીઓ અને શરતો નક્કી કરવામાં આવે તે બોલીઓ અને શરતોએ એવી કોઈ વ્યક્તિને અથવા ઈમારતો અથવા જમીનોને અથવા તેમના લાભ માટે સદરહુ નગરની અંદર આ અધિનિયમના હેતુઓ માટે જોઈતો ન હોય તેટલો પાણીનો અથવા વિદ્યુત શક્તિનો જથ્થો પૂરો પાડે અથવા પહોંચાડે અથવા પાણીના નિકાલ માટેનાં કામોનો લાભ આપે અથવા પહોંચાડે; અથવા

(ખ) પૈસા આપવા સંબંધી જે બોલીઓ ઉપર કહ્યા પ્રમાણે નક્કી કરવામાં આવે તે બોલીઓ તેવી રીતે પાણી અથવા વિદ્યુત શક્તિ પૂરી પાડવા માટે અથવા પાણીના નિકાલ માટેના કામોનો લાભ આપવા સારૂ જરૂરની એવી હોય એવી કોઈપણ જોડાણ માટેની પાઈપો અથવા વિદ્યુત શક્તિ પૂરી પાડવા માટેની લાઈનો અથવા બીજા કામો કરવા, નિભાવવા, તેની મરામત કરવા અને તેમાં ફેરફાર કરવા માટે કોઈપણ ખર્ચ કરે;

તે આ કલમની અથવા આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈના મજકૂરથી કાયદા વિરૂધ્ધ બને છે એમ ગણાશે નહિ.

**નગરપાલિકાની હદની બહારની વ્યક્તિને અથવા મિલકતને સરકારે અધિકાર આપ્યો હોય ત્યારે સેવાનો લાભ આપવાની નગરપાલિકાની સત્તા.**

૮૪. (૧) કલમ ૮૩ અથવા આ અધિનિયમની બીજી કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા કોઈ નગરપાલિકાને નગરની બહારની વ્યક્તિઓને અથવા મિલકતને સદરહુ નગરની અંદર નગરપાલિકાએ પ્રબંધ કરેલી અને હુકમમાં નિર્દિષ્ટ કરેલી કોઈ સેવાનો લાભ આપવાને અધિકૃત કરી શકશે અને તે ઉપરથી આવી નગરપાલિકા સદરહુ વ્યક્તિઓ અથવા મિલકતને તેવી સેવાનો લાભ આપી શકશે.

(૨) આવી રીતે સેવાનો લાભ આપવાથી નગરમાં સેવા અપૂરતા પ્રમાણમાં અપાશે નહિ તેવી નગરપાલિકાને ખાતરી થાય તે સિવાય આવી સેવાનો લાભ આપવો નહિ અને આ અર્થે કરેલા ઉપનિયમો દ્વારા ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતો અનુસાર સેવાનો લાભ આપવો જોઈશે.

(૩) નગરપાલિકા રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી જો તેના નાણાંમાંથી બની શકે, તો શિક્ષણ અથવા તબીબી રાહત માટે પોતાની હકુમતની બહાર ખર્ચ કરી શકશે.

**નગરપાલિકાએ તેની સેવા તેની હદની બહારનાવિસ્તારમાં વિસ્તૃત કરવા બાબત.**

૮૫. (૧) આગ અથવા ચેપી રોગચાળો ફાટી નીકળવાથી અથવા બીજી કોઈ કુદરતી આફતથી અસર પહોંચેલા કોઈ વિસ્તારમાં જાન અને માલનું રક્ષણ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાના હેતુ માટે કલેક્ટરને અથવા મામલતદારને એમ ખાતરી થાય કે, નગરની અંદર કોઈ નગરપાલિકા તરફથી પ્રબંધ કરવામાં આવેલ અથવા રાખવામાં આવેલ કોઈ સેવા, સાધનસામગ્રી અથવા સ્ટાફની માગણી કરવાનું જરૂરી છે તો, યથાપ્રસંગ, કલેક્ટર અથવા મામલતદાર લેખિત હુકમ કાઢીને નગરપાલિકાને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ એવા હેતુ માટે અને એવી મુદત માટે તે વિસ્તારને પૂરાં પાડવાને નગરપાલિકાને આદેશ કરી શકશે અને નગરપાલિકા આદેશનું પાલન કરવાને બંધાયેલી રહેશે.

(૨) કોઈ આદેશ પેટા-કલમ (૧) અન્વયે નગરપાલિકા ઉપર કાઢવામાં આવે ત્યારે નગરપાલિકા પેટા-કલમ (૩) ની જોગવાઈઓને અધીન રહીને આદેશ અનુસાર સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ પૂરાં પાડવામાં થતા ખર્ચ માટે હકદાર થશે.

(૩) (ક) ખર્ચ તરીકે પેટા-કલમ (૨) અન્વયે નગરપાલિકાને આપવાની રકમ પેટા-કલમ (૧) અન્વયે માગણી કરનાર અધિકારી નક્કી કરશે.

(ખ) જે વિસ્તારને સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ એવી રીતે પૂરા પાડવામાં આવે તે વિસ્તાર કોઈ નગરપાલિકા, ગ્રામપંચાયત અથવા નગરપંચાયતની સ્થાનિક હદમાં હોય તો યથા પ્રસંગ, આવી નગરપાલિકા ગ્રામપંચાયત અથવા નગરપંચાયત ખંડ (ક) અન્વયે નક્કી કરાયેલી રકમ નગરપાલિકાને ભરવાને જવાબદાર થશે અને તે રકમ નક્કી કરનાર અધિકારી આદેશ કરે તેટલી મુદતની અંદર નગરપાલિકાને સદરહુ રકમ આવી નગરપાલિકાએ યથાપ્રસંગ, ગ્રામ પંચાયત અથવા નગરપંચાયતે ભરવી જોઈશે. બીજા કોઈપણ પ્રસંગે ખંડ (ક) અન્વયે નક્કી કરવામાં આવેલી રકમ રાજ્ય સરકારે નગરપાલિકાને ભરવી જોઈશે.

(૪) નગરની બહારનો કોઈ વિસ્તાર આગમાં, ચેપી રોગચાળામાં અથવા બીજી કોઈ કુદરતી આફતમાં સપડાઈ ગયો હોય અને નગરપાલિકાને એમ ખાતરી થાય કે તે વિસ્તારમાં જાન અને માલનું રક્ષણ કરવા માટે તેની કોઈ સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ તે વિસ્તારને પૂરા પાડવાને તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી છે, તો પેટા-કલમ (૧) અન્વયે માગણી કરવામાં આવી હોય કે ન હોય તો પણ, નગરપાલિકા પોતાને યોગ્ય લાગે તેવી સેવા, સાધનસામગ્રી અને સ્ટાફ તે વિસ્તારને મફત પૂરા પાડે તો તે કાયદેસર ગણાશે.

**નાણાં અનામત મૂકવા બાબત અને વધારાનાં નાણાંનું રોકાણ બાબત.**

૮૬. (૧) પેટા-કલમો (૨) અને (૩)ની જોગવઈઓને અધીન રહીને, નગરપાલિકાને અથવા તેના વતી મળેલાં નગરપાલિકા કાયદા બનતાં સઘળાં નાણાં, સરકારી તિજોરીમાં અથવા નગરપાલિકાનાં નિયમો દ્વારા ઠરાવવામાં આવે તેવા બીજા સુરક્ષિત સ્થળે અનામત મૂકવાં.

(૨) નગરપાલિકાના નિયમોથી ઠરાવવામાં આવે તેટલી હદ સુધી નગરપાલિકા રોકડ રકમ, પોતાની પાસે રાખી શકશે

(૩) નગરપાલિકાનાં હસ્તકનાં જે વધારાનાં નાણાં ચાલુ ખર્ચ માટે જોઈતા ન હોય તે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં અથવા અમદાવાદ ખાતેની સરકારી તિજોરીનું કામકાજ કરવાને હવે પછી નીમવામાં આવે તેવી બીજી બેન્કમાં અથવા બીજી કોઈ અનુસૂચિત બેન્કમાં અથવા કોઈ સહકારી બેન્કમાં અથવા રાજ્ય સરકારની મંજૂરીથી ગુજરાત રાજ્યમાંની કોઈ બેન્કમાં નગરપાલિકા અનામત મૂકે અને તેવાં નાણાં નગરપાલિકાના નામે સરકારી જામીનગીરીઓમાં રોકે અને જરૂર પડે તે પ્રમાણે એવી જામીનગીરીઓનો વખતોવખત નિકાલ કરે, તો તે કાયદેસર ગણાશે.

સને ૧૯૩૪ નો ૨ જો

સ્પષ્ટીકરણ— આ પેટા-કલમના હેતુ માટે અનુસુચિત બેન્ક એટલે, ભારતના રીઝર્વ બેન્ક બાબતના અધિનિયમ, ૧૯૩૪ની બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ કરેલી બેન્ક.

## પ્રકરણ ૬ઠું

## નગરપાલિકાઓનાં કાર્યો.

**નગરપાલિકાઓની ફરજો.**

૮૭. નગરની હદની અંદર નીચેની બાબતો માટે વાજબી અને પૂરતો પ્રબંધ કરવાની દરેક નગરપાલિકાની ફરજ રહેશે, એટલે કે :—

ક. જાહેર બાંધકામના ક્ષેત્રે-

(ક) રસ્તાઓનાં નામ પાડવા તથા જગાઓને ક્રમાંક આપવા બાબત ;

(ખ) નગરની હદમાં પૂર, આગ અથવા ધરતીકંપ જેવી કુદરતી આફતથી નિરાધાર થયેલા લોકોને તાત્કાલિક રાહત આપવા બાબત.

ખ. શિક્ષણના ક્ષેત્રે

પ્રાથમિક શાળાઓ સ્થાપવા તથા નિભાવવા બાબત.

ગ. જાહેર આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે-

(ક) અહિતકારક અથવા જોખમકારક ધંધાઓ અથવા કામોનું નિયમન કરવા બાબત અથવા તે ઓછાં કરવા બાબત ;

(ખ) જોખમકારક ઈમારતો અથવા જગાઓ સુરક્ષિત કરવા અથવા કાઢી નાખવા બાબત, અને આરોગ્યને હાનિ કરે તેવા લત્તાઓ સુધારવા બાબત ;

(ગ) વર્તમાન પાણીનો પુરવઠો અપૂરતો અથવા રોગકારક હોવાને લીધે રહેવાસીઓના આરોગ્યને થતું જોખમ અટકાવવા માટે યોગ્ય અને પૂરતો પાણીનો પુરવઠો અથવા વધારાનો પૂરવઠો જ્યારે વાજબી ખર્ચ મળી શકે એમ હોય ત્યારે તે મેળવવા બાબત;

(ઘ) લોકોને શીતળા ટાંકવા બાબત ;

(ચ) સાર્વજનિક રસ્તાઓ અને જગાઓ પર પાણી છાંટવા બાબત ;

(છ) સાર્વજનિક રસ્તાઓ, જગાઓ અને ગટરો તથા ખાનગી મિલકત ન હોય પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી તમામ જગાઓ, પછી આવી જગાઓ નગરપાલિકાને પ્રાપ્ત થઈ હોય અથવા ન થઈ હોય તો પણ તે સાફ કરવા બાબત; ઉપદ્રવકારક ઝાડપાલો કાઢી નાખવા બાબત; અને તમામ લોકોપકારક કૃત્યો ઓછાં કરવા બાબત.

(જ) મળમૂત્રના ડબા, ગાડી અથવા બીજાં સાધનથી મળમૂત્ર લઈ જવાનું ટાળી શકાય તેવી રીતે વોટર ક્લોઝેટની યોજના દાખલ કરવા અને નિભાવવા બાબત ;

(ઞ) મળમૂત્ર અને કચરાપૂંજાનો નિકાલ કરવા બાબત અને જો રાજ્ય સરકાર ફરમાવે, તો તેવા મળમૂત્ર અને કચરાપૂંજામાંથી મિશ્ર ખાતર બનાવવા બાબત ;

(ટ) ભયંકર રોગ વખતે માંદા માણસોને ખાસ તબીબી મદદ અને રહેવાની સગવડ પૂરી પાડવા બાબત અને આવો રોગ ફાટી નીકળતો અટકાવવા માટે અથવા તે રોગને દાબી દેવા માટે તથા તે ફરી ન થાય તે માટે જરૂરનાં હોય તેવાં પગલાં લેવા બાબત ;

(ઠ) સાર્વજનિક ચિકિત્સાલયો, દવાખાનાં અને કુટુંબનિયોજન કેન્દ્રો સ્થાપવા તથા નિભાવવા બાબત અને સાર્વજનિક તબીબી રાહત પૂરી પાડવા બાબત;

(ડ) મુડદાંનો નિકાલ કરવા માટેની જગાઓ સંપાદન કરવા તથા નિભાવવા, બદલવા અને તેમનું નિયમન કરવા બાબત અને નધણીયાતાં મુડદાં અને મૃત્યુ પામેલાં પશુઓનાં શબોની વ્યવસ્થા કરવા બાબત ;

(ઢ) સાર્વજનિક જાજરૂઓ અને મુતરડીઓ બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત.

ઘ. વિકાસ ક્ષેત્રે—

(ક) સાર્વજનિક રસ્તાઓ, ગરનાળાં, નગરપાલિકાનાં હદ નિશાનો, બજારો, કતલખાનાં, પાયખાનાં, નીકો, ગટરો, પાણીનાં નિકાલ માટેનાં કામો, સ્નાનગૃહો, ધોવાની જગ્યાઓ, પાણી પીવાના ફુવારા, તળાવો, કૂવાઓ, બંધો અને તેવાં બીજાં કામો બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત;

(ખ) પશુની રસીના પુરવઠા માટે નગરની અંદર જોઈતાં વાછરડાં, ગાયો અથવા ભેંસોની યોગ્ય જગાનો પ્રબંધ કરવા બાબત;

(ગ) રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા જરૂરી હોય તેવા નગરના નગરપાલિકાના વહીવટ વિષેના વાર્ષિક રિપોર્ટો છપાવવા બાબત ;

(ઘ) આ અધિનિયમના હેતુઓ માટે અથવા નગરપાલિકાની કોઈ મિલકતના રક્ષણ માટે નગર-પાલિકાને જોઈતા હોય તેવા પોલીસ અથવા રક્ષકો બદલ વેતન તથા નૈમિતિક ખર્ચ આપવા બાબત ;

(ચ) પાકનું રક્ષણ અને પાકના અખતરા સહિત યોગ્ય પગલાંથી ખેતીવાડીની સુધારણા બાબત.

ચ. નગર આયોજના ક્ષેત્રે—

તે સમયે અમલમાં હોય તેવાં નગર આયોજન સંબંધી કાયદા અનુસાર નગરની હદની અંદર, નગર આયોજન કરવા બાબત.

ચ. વહીવટના ક્ષેત્રે—

(ક) સાર્વજનિક રસ્તાઓ, જગાઓ અને ઈમારતો પર દીવાબત્તી કરવા બાબત ;

(ખ) આગ ઠારવા બાબત અને જ્યારે આગ લાગે ત્યારે જિંદગી તથા મિલકતનું રક્ષણ કરવા બાબત ;

(ગ) સાર્વજનિક રસ્તાઓ અથવા જગાઓમાંની તથા ખાનગી મિલકત ન હોય, પણ લોકોના ઉપયોગ માટે ખુલ્લી હોય એવી જે જગાઓ નગરપાલિકા અથવા સરકારને પ્રાપ્ત થઈ હોઈ તેમાંની હરકતો અને બહાર નીકળેલા ભાગો કઢાવી નાખવા બાબત.

(ઘ) કલેક્ટર મંજૂર કરે એવા વર્ણનનાં અગર નગરની હદ અથવા તેમાંનો કોઈપણ ફેરફાર જણાવતાં મજબૂત હદ નિશાનો તે મંજૂર કરે તેવી જગાઓ ઊભી કરવા બાબત.

(ચ) જન્મો, લગ્નો અને મૃત્યુઓ નોંધવા બાબત.

**ગરીબ વ્યક્તિઓ માટે હડકવા વિરોધી ઉપચાર કરવા માટેનો પ્રબંધ.**

૮૮. રાજ્ય સરકાર જાહેરનામું પ્રસિદ્ધ કરીને, નગરમાંની અથવા તેની બહારની જે કોઈ સંસ્થાને ઉપચારના હેતુ માટે અનુકૂળ જાહેર કરે તેમાં, એવી સંસ્થાને લાગુ પડતા નિયમો અનુસાર ગરીબ વ્યક્તિઓ તરીકે હડકવા વિરોધી ઉપચાર કરાવતી વ્યક્તિઓના નિભાવનો તથા ઉપચારનો અને બીજા જરૂરી ખર્ચ, દરેક નગરપાલિકાએ રાજ્ય સરકાર, વખતોવખત સામાન્ય અથવા ખાસ હુકમ કરીને નક્કી કરે તેવા દરે અને તેવી શરતોને અધીન રહીને પોતાની મિલકત અને ફંડમાંથી આપવું જોઈશે ;

પરંતુ ઉપર કહ્યા પ્રમાણે આવી સંસ્થામાં ગરીબ વ્યક્તિ તરીકે હડકવા વિરોધી ઉપચાર કરાવતી કોઈ વ્યક્તિને તે સંસ્થામાં દાખલ કરવામાં આવી હોય તે પહેલાં તે ઓછામાં ઓછા એક વર્ષ સુધી તે નગરમાં રહી હોય તે સિવાય, તેના નિભાવ, ઉપચાર અને બીજા જરૂરી ખર્ચ માટે નગરપાલિકા આ કલમ અન્વયે જવાબદાર રહેશે નહિ.

૮૯. વળી, દરેક નગરપાલિકાએ નગરપાલિકાના મિલકત તથા ફંડમાંથી-- પાગલ માણસો અને રક્તપિત્તિયાઓ માટે પ્રબંધ.

(ક) જે વ્યક્તિઓને કેદમાં રાખવા માટે ફોજદારી અધિનિયમ, ૧૮૯૮ના પ્રકરણ ૩૪ અન્વયે કોઈ હુકમ અમલમાં હોય તે વ્યક્તિઓ સિવાયના જે પાગલ માણસો, અને

સન ૧૮૯૮ નો ૫ મો.

(ખ) રક્તપિત્તથી પીડાતી જે વ્યક્તિઓ--

નગરમાં રહેતા હોય અથવા તે સમયે અમલમાં હોય તે કોઈ અધિનિયમ અન્વયે નગરની હદમાંથી બહાર મોકલવામાં આવ્યા હોય તેમને, નગરમાં અથવા એવા નગરનાં અથવા એવા નગર બહારના જે કોઈ આશ્રયસ્થાન, ચિકિત્સાલય અથવા ગૃહ રાજ્ય સરકાર, જાહેરનામું પ્રસિદ્ધ કરીને, એવા હેતુ માટે યોગ્ય છે એમ જાહેર કરે તેમાં તેમના નિભાવ તથા ઉપચાર માટે રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમ કરીને વખતો વખત ઠરાવે તેવા દરે ખર્ચ આપવો જોઈશે :

પરંતુ ઉપર કહ્યા પ્રમાણે આવાં કોઈ આશ્રયસ્થાન, ચિકિત્સાલય અથવા ગૃહમાં કોઈ પાગલ માણસ અથવા રક્તપિત્તિયો દાખલ કરવામાં આવ્યો હોય તેની તરતજ પહેલાં ઓછામાં ઓછાં એક વર્ષ સુધી તે નગરમાં રહ્યો ન હોય, તો તેના નિભાવ તથા ઉપચાર માટે નગરપાલિકા આ કલમ અન્વયે જવાબદાર રહેશે નહિ :

વધુમાં ભારતના પાગલપણ બાબતના અધિનિયમ, ૧૯૧૨ની કલમ ૮૮ની જોગવાઈઓ અન્વયે હાઈકોર્ટ અથવા
સન કોઈ જિલ્લા કોર્ટને અરજી કરવામાં આવી હોય ત્યારે પાગલ માણસ પાસે તેના નિભાવ માટે ઉપયોગમાં લેવાય
૧૯૧૨ એવી સંપત્તિ છે અથવા તેના નિભાવ માટે કાયદેસર રીતે બંધાયેલી અને સાધન ધરાવતી હોય એવી કોઈ વ્યક્તિ
નો છે એમ સાબિત કરવાની નગરપાલિકાને તક આપ્યા સિવાય, એવા પાગલ માણસના નિભાવનો ખર્ચ નગરપાલિકાએ
૪ થો. આપવો એવો કોઈ હુકમ કરવો નહિ. આ કલમ અન્વયે જે પાગલ માણસોના નિભાવ તથા ઉપચાર માટે નગરપાલિકા જવાબદાર હોય તે પાગલ માણસોને જ્યાં દાખલ કરવામાં આવે તે આશ્રયસ્થાનના ઈનચાર્જ અધિકારીએ તે આશ્રયસ્થાનમાં અટકમાં રાખેલા દરેક પાગલ માણસ બદલ થયેલા નિભાવ તથા ઉપચારના ખર્ચનો જુદો હિસાબ રાખવો જોઈશે અને અરજી કરવામાં આવે તેની એક નકલ નગરપાલિકાને પૂરી પાડવી જોઈશે.

૯૦. જો કોઈ નગરપાલિકા પાઈપો દ્વારા પાણી પુરૂ પાડતી હોય તો એવી રીતે પૂરા પાડેલા પાણી અંગે તપાસ કરીને તથા આ અર્થે રાજ્ય સરકારે મંજૂર કરેલી પ્રયોગશાળામાં તેનું પૃથક્કરણ કરીને, તેવા પાણીની સ્થિતિ નક્કી કરવા માટે રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નક્કી કરે તે પગલાં, તે વખતે અને તે ફી, આપીને નગરપાલિકાએ લેવાં જોઈશે : નળીઓ દ્વારા પૂરાં પાડવામાં આવતાં પાણીનું પૃથક્કરણ અને નિરીક્ષણ

પરંતુ રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, કોઈ નગરપાલિકાને આ અધિનિયમની જોગવાઈમાંથી મુક્ત રાખી શકશે.

૯૧. કોઈ નગરપાલિકા, નગરપાલિકાના મિલકત તથા ફંડમાંથી નગરની હદની અંદર, નીચેની બાબતો માટે, સર્વાંશે અથવા અંશત: સ્વવિવેક અનુસાર પ્રબંધ કરી શકશે, એટલે કે.-- સ્વવિવેક અનુસારનાં કાર્યો.

ક. જાહેર બાંધકામના ક્ષેત્રે

(ક) દુષ્કાળ અથવા અછતના સમયે નગરની હદમાં નિરાધાર લોકોને રાહત આપવા બાબત અથવા તેઓ માટે રાહતના કામો ઉભાં કરવા તથા નિભાવવા બાબત ;

(ખ) સાર્વજનિક ઉદ્યાનો, બગીચાઓ, પુસ્તકાલયો, સંગ્રહસ્થાનો, પાગલખાનાં, સભાખંડો, કાર્યાલયો, દુકાનો, બજારો, ધર્મશાળાઓ, વિશ્રાંતિગૃહો, આનંદપ્રમોદના સ્થળો, અશક્ત અને નિરાધાર માટેનાં ગૃહો અને બીજી સાર્વજનિક ઈમારતો બાંધવા, સ્થાપવા અથવા નિભાવવા બાબત ;

(ગ) ટેલિફોન લાઈનો નાખવા, નિભાવવા, તેની વ્યવસ્થા કરવા, તેને સંગઠિત કરવા અથવા તે ખરીદવા બાબત અથવા નગરની હદની બહાર ટેલીફોન લાઈન જાય ત્યારે વિકાસ કમિશનરની પૂર્વ મંજૂરીને અધીન રહીને, ટેલીફોન લાઈન નાખવા માટે ખર્ચવામાં આવેલાં નાણાં ઉપર વ્યાજ આપવાની બાંહેધરી આપવા બાબત;

(ઘ) લોકોને લાવવા લઈ જવા માટે યાંત્રિક શક્તિથી ચાલતા હેરફેરનાં વાહનો બાંધવા, ખરીદવા, તેમને સંબંધિત કરવા, તે નિભાવવા, વધારવા તથા તેમની વ્યવસ્થા કરવા બાબત;

(ચ) જેમાં અગાઉ બાંધકામ કરેલ હોય કે ન હોય તે વિસ્તારોમાં નવા સાર્વજનિક રસ્તાઓ આંકવા બાબત અને તે હેતુ માટે તથા તેવા રસ્તાઓની બાજુ ઉપર ઈમારતો બાંધવા અથવા તેમના આંગણા માટે જોઈતી જમીન સંપાદન કરવા બાબત ;

(છ) રસ્તાની બાજુએ અને બીજી જગાએ ઝાડો રોપવા અને નિભાવવા બાબત ;

(જ) વિદ્યુત શક્તિ અથવા ગેસ પૂરો પાડવા માટેનાં કોઈ કામો બાંધવા, નિભાવવા, તેની મરામત કરવા તથા તે ખરીદવા બાબત ;

(ઝ) ગરીબ વર્ગના લોકો માટે હવા-ઉજાસવાળા સ્વચ્છ રહેઠાણો બાંધવા બાબત ;

(ટ) નગરપાલિકાઓએ નોકરીએ રાખેલા કર્મચારીઓના તમામ વર્ગો માટે રહેઠાણની સગવડ પૂરી પાડવા બાબત.

ખ. શિક્ષણના ક્ષેત્રે :

(ક) પૂર્વ પ્રાથમિક શાળાઓ જેવી બાલવાડીઓ, બાલમંદિરો વગેરે સ્થાપવા તથા નિભાવવા બાબત;

(ખ) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવા બાબત;

(ગ) પૂર્વ પ્રાથમિક શાળાઓને, માધ્યમિક શાળાઓને, ઉચ્ચ અથવા ટેકનિકલ શિક્ષણ પૂરું પાડતી સંસ્થાઓને અને શૈક્ષણિક મંડળીઓની સંસ્થાઓને સહાય તરીકે ફાળો આપવા બાબત ;

(ઘ) માધ્યમિક શાળાઓ અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ સ્થાપવા તથા નિભાવવા બાબત;

(ચ) સ્થાનિક સ્વશાસન સંસ્થાના ફંડમાં ફાળો આપવા બાબત ;

(છ) (કેફી પદાર્થોના વપરાશ ઉપરના પ્રતિબંધ અને અસ્પૃશ્યતા નિવારણ સહિત) નગરની વસ્તીની સામાજિક અને નૈતિક સુખાકારીને વેગ આપવા માટે પગલાં લેવા બાબત;

(જ) અખાડા, ક્રીડાંગણો, નાટ્યગૃહો, પુસ્તકાલયો, વાંચનાલયો અને બીજા આનંદ પ્રમોદના કેન્દ્રો સ્થાપવા અને તે નિભાવવા બાબત.

ગ. જાહેર આરોગ્ય અને સફાઈના ક્ષેત્રે

(ક) આ અધિનિયમની કલમ ૧૯૦ અન્વયે અથવા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૪૪ અન્વયે જેનો નાશ કરી શકાય અથવા અટકમાં રાખી શકાય, એવાં કૂતરાંનો નાશ કરવા અથવા તેમને અટકમાં રાખવા અને તેમનું રક્ષણ કરવા માટે ગોઠવણ કરવા બાબત; સન ૧૯૫૧નો મુંબઈનો ૨૨ મો.

(ખ) કલમ ૧૨૧ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા અહિતકારક ધંધાઓ ચલાવવા માટે યોગ્ય જગાઓ મેળવી આપવા બાબત અથવા મેળવી આપવામાં સહાય કરવા બાબત ;

(ગ) ખાનગી જગાઓની ગટરની ગંદકી લેવા માટે અને તે નગરપાલિકાના નિયંત્રણ હેઠળની ગટરોમાં છોડવા માટે તેવી ખાનગી જગાઓમાં અથવા તેના ઉપયોગ માટે ડબ્બા, જોડાણો, પાઈપો તથા બીજા ગમે તે સાધનો પૂરાં પાડવા, બાંધવા તથા નિભાવવા બાબત ;

(ઘ) ગટરોની ગંદકીના નિકાલ માટે કોઈ પ્રક્ષેત્ર (ફાર્મ) અથવા કારખાનું સ્થાપવા તથા નિભાવવા બાબત ;

(ચ) નગરના રહેવાસીઓના લાભ માટે દૂધ અથવા દૂધની બનાવટો પૂરી પાડવા, તેની વહેંચણી કરવા અને તેના પર પ્રક્રિયા કરવા માટે દૂગ્ધાલયો સ્થાપવા બાબત ;

(છ) નગરપાલિકાના નોકરો અથવા નગરપાલિકાના નોકરોનાં કોઈ વર્ગનું તથા તેમના આશ્રિતોનું કલ્યાણ કરવા બાબત ;

ઘ. વિકાસ ક્ષેત્રે—

(ક) ઘર વિનાની વ્યક્તિઓને રહેવા માટે રહેઠાણ માટેની વસાહતો બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત;

(ખ) ગૃહ નિર્માણ સહકારી મંડળીઓની રચના કરવામાં મદદ કરવા અને રહેઠાણ માટેની વસાહતો બાંધવામાં તે મંડળીઓને સહાયભૂત થવા બાબત ;

(ગ) બાંધકામનો માલસામાન બનાવવાનું હાથ ધરવા બાબત અને વાજબી કિંમતે તેમની વહેંચણી કરવા બાબત;

(ઘ) કોઈ વિસ્તાર સાફ કરવાની અથવા તેનો ફરી વિકાસ કરવાની યોજના હાથ પર લેવા બાબત.

[1][(ચ) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે યોજનાઓ તૈયાર કરવી ;

(છ) ભારતના સંવિધાનની બારમી અનુસૂચિમાં દર્શાવેલી બાબતો સંબંધી હોય તે બાબતો સહિત, રાજ્ય, સરકાર તેને સોંપે તેવા કાર્યોની બજવણી અને યોજનાઓનું અમલીકરણ.]

**છ. વહીવટના ક્ષેત્રે :**

(ક) રાજ્ય સરકારે આ અર્થે કરેલા નિયમો અનુસાર નગરની અંદર કોઈ જાહેર સ્વાગત, સમારોહ, મનોરંજન કાર્યક્રમ અથવા પ્રદર્શન ગોઠવવા બાબત ;

(ખ) વસ્તી ગણતરી કરવા બાબત અને જીવન વિષયક આંકડાની બરાબર નોંધ થાય તેવી માહિતી બદલ ઈનામો આપવા બાબત ;

(ગ) મોજણી કરવા બાબત;

(ઘ) કોઈ વૈતાનિક અથવા માનદ મેજિસ્ટ્રેટની કોર્ટમાંના નિભાવને આનુષંગિક હોય તેવા વેતન તથા ભથ્થાં, ભાડું તથા બીજું ખર્ચ અથવા એવાં કોઈ ખર્ચનો કોઈ ભાગ આપવા બાબત.

**છ. ખેતીવાડી અને સહકારના ક્ષેત્રે :**

(ક) જીવનનાં જુદા જુદા ક્ષેત્રમાં સહકારના વિચારને વેગ આપવા બાબત અને સહકારી સંસ્થાઓને સંગઠિત કરવા અને તેને ઉત્તેજન આપવા બાબત ;

(ખ) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, પડતર જમીનને નવસાધ્ય કરવા બાબત અને પડતર જમીનને ખેતી તળે લાવવા બાબત ;

(ગ) પરસ્પર સહકારના સિધ્ધાંત પર શહેરના જનસમુદાયને સ્વાશ્રય અને સ્વયંપૂર્ણતા અંગે તાલીમ આપવા બાબત ;

(ઘ) અનાજના કોઠારો સ્થાપવા બાબત ;

(ચ) અનાજ અને શાકભાજીની સુરક્ષા માટે વખારો અને ભંડાર બાંધવા, તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત ;

(છ) ખાતરની ઉત્પાદક સામગ્રીનું સંરક્ષણ કરવા બાબત, ખાડાનું ખાતર, રાસાયણિક ખાતર અને મિશ્રણ તૈયાર કરવા બાબત અને તે સહેલાઈથી પ્રાપ્ય થાય તે માટે ગોઠવણ કરવા બાબત ;

(જ) ફળાઉ ઝાડો અને શાકભાજી માટે ઉછેર-બગીચા સ્થાપવા અને નિભાવવા બાબત અને તેમાં ઉગતાં ફળો અને શાકભાજીઓનો સંગ્રહ કરવા અને તેની વહેંચણી કરવા માટે ગોઠવણ કરવા બાબત ;

(ઝ) ખેતીવાડી અને ઢોરની ઓલાદ સુધારવા માટે પગલાં લેવા બાબત ;

(ટ) મોટા પાયાના, નાના પાયાના કુટીર અને હાથકારીગરીના ઉદ્યોગોની સ્થાપના કરવા મદદ કરવા બાબત.

**જ. સામાન્ય**

આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓમાં અથવા કલમ ૮૭માં નિર્દિષ્ટ કરેલાં ન હોય તેવાં જે પગલાંથી જાહેર સુરક્ષિતતા, આરોગ્ય, સગવડ, કલ્યાણ અથવા શિક્ષણની વૃધ્ધિ થવાનો સંભવ હોય તેવું કોઈ પગલું લેવા બાબત.

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૭થી પરિચ્છેદો "(ચ)" અને "(છ)" દાખલ કરેલ છે.

**જે ગોઠવણો કાયમને માટે અથવા થોડા વર્ષોને માટે બંધનકર્તા હોવાનું અભિપ્રેત હોય તેવી ગોઠવણો બાબત.**

૯૨. જ્યારે નગરપાલિકાએ કોઈ શિક્ષણ અથવા ધર્માદા સંસ્થાને નગરપાલિકાની મિલકત અથવા ફંડમાંથી વાર્ષિક ફાળો આપવાનું ચાલુ રાખવા માટે પોતાના ઉપર અથવા પોતાના અનુગામી ઉપર અમુક વર્ષની મુદતનું અથવા કોઈ અમર્યાદિત મુદતનું બંધન મૂકવાનું અભિપ્રેત હોય તેવી કોઈ ગોઠવણ કરી હોય ત્યારે તે નગરપાલિકા અથવા તેના અનુગામીઓએ રાજ્ય સરકારની મંજૂરી લઈને આવી ગોઠવણ અથવા એવું વચન રદ કરે અથવા આવો વાર્ષિક ફાળો આપવાનું બંધ કરે અથવા ઓછો કરે તો તે કાયદેસર ગણાશે, પણ તેમ કરવાના પોતાના ઈરાદાની ઓછામાં ઓછી બાર મહિનાની નોટિસ આવી સંસ્થાના વ્યવસ્થાપકને અથવા વ્યવસ્થાપકોને તેણે આપેલી હોવી જોઈશે.

## પ્રકરણ ૭મું.

## કેટલાંક કાર્યો સોંપવા સંબંધી જોગવાઈઓ.

### (ક) જમીન મહેસૂલ અધિનિયમ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાયદા અન્વયે જમીન મહેસૂલ અને ઉપકર વસૂલ કરવાને લગતા કાર્યોની સોંપણી

**નગરપાલિકાઓએ જમીન મહેસૂલની વસૂલાત કરવા બાબત.**

૯૩. જમીન મહેસૂલ અધિનિયમમાં અથવા કોઈ ઉપકરની વસૂલાતને લગતા રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, જમીન મહેસૂલ અધિનિયમ અથવા કોઈ ઉપકરની વસૂલાતને લગતા રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે અન્વયે નાખેલ અને આકારેલ હોય તેવા (ઉપકર સહિત) જમીન મહેસૂલ અને અને જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની લેણી રકમની વસૂલાતને લગતા તલાટી અથવા પટેલનાં કોઈ અથવા તમામ કાર્યો અને ફરજો અથવા ગમે તે નામે ઓળખાતી બીજી કોઈપણ વ્યક્તિનાં તેવાં કાર્યો અને તે અધિનિયમ અન્વયે તલાટીનાં બીજાં કાર્યો અને તે અધિનિયમ અન્વયે તલાટીનાં બીજાં કાર્યો અને ફરજો દરેક નગરપાલિકાને સોંપી શકશે.

**નગરપાલિકાઓની જવાબદારી.**

૯૪. કલમ ૯૩ અન્વયે જેને એવી સોંપણી કરવામાં આવી હોય તે નગરપાલિકા જમીન મહેસૂલ અધિનિયમનાં અને તે અન્વયે કરેલા અથવા કાઢેલા નિયમો, સૂચનાઓ અને હુકમોના અને એવા ઉપકરની ઉઘરાણીને લગતા કાયની જોગવાઈઓ અનુસાર (ઉપકાર સહિત) જમીન મહેસૂલની અને ગામનાં બીજાં લેણાંની લેણાની વસૂલાત અને ઉઘરાણી માટે જવાબદાર રહેશે.

**જમીન મહેસૂલની ઉઘરાણી માટેની સત્તા અને ફરજો નગરપાલિકાને આપવા બાબત.**

૯૫. કલમ ૯૩ અન્વયે (ઉપકર સહિત) જમીન મહેસૂલ અને બીજી લેણી રકમોની ઉઘરાણીને લગતા કાર્યો અને ફ.જો નગઠપાલિકાને સોંપવામાં આવ્યાં હોય ત્યારે રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતોને અધીન રહીને, એવી નગરપાલિકાને જમીન મહેસૂલ અધિનિયમ અન્વયે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાય તેવાં બીજાં લેણાં વસુલ કરવા માટેના અને ઉપકરને લગતા કાયદા અન્વયે ઉપકરોની ઉઘરાણી માટે કલેકટરની તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા સોંપવા અને આ અર્થે એવી રીતે આપેલી તમામ સત્તા અથવા તે પૈકી કોઈ સત્તા એવી રીતે અધિકૃત કરેલી નગરપાલિકા વાપરે તો યોગ્ય ગણાશે.

**જમીન મહેસૂલ વસૂલ કરવાના રાજ્ય સરકારના હકને અસર ન થવા બાબત.**

૯૬. આમાં પૂર્વે આવેલી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જમીન મહેસૂલ અને કોઈ ઉપકર વસૂલ કરવાના રાજ્ય સરકારના હકને અસર થશે નહિ અને રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જો નગરપાલિકા આ પ્રકરણ અન્વયે તેની સત્તા મર્યાદાની બહાર જઈને સત્તા વાપરે અથવા તેનો દુરૂપયોગ કરે અથવા તે વાપરવાનું ચૂકે અથવા મૂકેલી ફરજો બજાવી ન શકે તેમ હોય અથવા તેની બજવણીમાં દુરાગ્રહપૂર્વક કસૂરો કરે અથવા સદરહુ સત્તા પૈકી કોઈ સત્તા વાપરવાના કલેકટરના હુકમો પૈકી કોઈ હુકમનું દુરાગ્રહપૂર્વક પાલન ન કરે તો, રાજ્ય સરકાર, નગરપાલિકાને ખૂલાસો આપવાની તક આપ્યા પછી રાજપત્રમાં હુકમ કરીને આ પ્રકરણ અન્વયે નગરપાલિકાને આપેલી સત્તા પાછી ખેંચી લઈ શકશે અને પોતાના મહેસુલી અધિકારીઓને યથાપ્રસંગ, જમીન મહેસૂલ અથવા તમામ ઉપકર વસૂલ કરવાનો આદેશ કરી શકશે.

**નગરપાલિકાની સત્તા તહકૂબ રાખવામાં આવ્યેથી કલેકટરે અધિકારીની નિમણૂંક કરવા બાબત.**

૯૭. નગરપાલિકાને આપવામાં આવેલી સત્તા કલમ ૯૬ અન્વયે પાછી ખેંચી લેવામાં આવે, કલેકટરે જમીન મહેસૂલની વસૂલાત અથવા નગરમાંના ઉપકરોની ઉઘરાણી માટે એક અધિકારીની નિમણૂંક કરવી જોઈશે.

## (ખ) રાજ્ય સરકારનાં કાર્યોની સોંપણી.

૯૮. (૧) તે સમયે અમલમાં હોય હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્યસરકાર રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, રાજ્ય વિધાનમંડળને જે કોઈ અધિનિયમ પસાર કરવાને સત્તા હોય તે અધિનિયમ અન્વયે અથવા અન્યથા રાજ્યની કારોબારી સત્તા હેઠળ રાજ્ય સરકારે અથવા સરકારના કોઈ અધિકારી દ્વારા બજાવવામાં આવતાં હોય તેવાં કોઈ બાબતને લગતાં અને નગરની અંદર ઉપસ્થિત થતી બાબતોને લગતાં અને વહીવટી પ્રકારના હોવાનું જણાતાં કોઈ કાર્યો અને ફરજો, પોતાને [illegible] યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, નગરપાલિકાને સોંપી શકશે અને આવી રીતે કાર્યો અને ફરજો સોંપવામાં આવે એટલે, નગરપાલિકા એવી રીતે સોંપાયેલ કાર્યો અને ફરજો બજાવી શકે તે માટે આવશ્યક હોય તેટલુ ભંડોળ અને તેટલો સ્ટાફ નગરપાલિકાને તેણે ફાળવવાં જોઈશે.

**નગરપાલિકાઓને રાજ્ય સરકારના કાર્યોની સોંપણી.**

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકાર, રાજ્યના નીચેનાં ખાતા દ્વારા બજાવાતા કાર્યો અને ફરજો નગરપાલિકાને સોંપી શકશે, એટલે કે :—

(૧) ખેતી;

(૨) પશુપાલન;

(૩) જાહેર આરોગ્ય અને તબીબી રાહત;

(૪) જિલ્લામાંની જાહેર બાંધકામ ખાતાની પ્રવૃત્તિઓ;

(૫) સમાજ કલ્યાણ;

(૬) મહેસૂલ ખાતું

(૭) નશાબંધીને લગતા પ્રચાર પૂરતું નશાબંધી ખાતું;

(૮) સહકારી ખાતું;

(૯) કુટિર ઉદ્યોગો અને નાના પાયા પરના ઉદ્યોગો;

(૧૦) જિલ્લા આંકડા અધિકારીનું કાર્યાલય.

(૩) કોઈ અધિનિયમ અથવા તે અન્વયે સોંપાયેલ કાર્યો અને ફરજો એવી રીતે સોંપ્યા હોય અથવા આપ્યા હોય ત્યારે તે અધિનિયમનો, જાણે આ કલમ તે અધિનિયમમાં દાખલ કરવામાં આવી હતી તેમ, અમલ થશે.

## ૧ [પ્રકરણ ૭—ક.

## રાજ્ય સરકારે વેરો નાખવા બાબત.

૯૮-ક. (૧) રાજ્ય સરકાર, આમાં હવે પછી વર્ણવેલી શરતોએ અને તે રીતે નીચેની રકમના દરેક રૂપિયા ઉપર પચાસ પૈસાના દરેક ઉપ-કર નાખશે—

**જમીન મહેસૂલના દરેક રૂપિયા ઉપર પચાસ પૈસાનો ઉપકરનાખવા બાબત.**

(ક) પેટા-કલમ (૨)માં જણાવેલા કોઈપણ ચાર્જ અંગે ભરવાની રકમો-સિવાયની તેમજ રાજ્ય સરકાર આ માટે જાહેર કરે તેવા કોઈ ચાર્જ અંગે ભરવાની રકમો સિવાયની રાજ્ય સરકારને સામાન્ય મહેસૂલ તરીકે ભરવાની દરેક રકમ ;

(ખ) જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૪૫ના સ્પષ્ટીકરણમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેના નાના જમીન ધારણ કરનારે ખેતીના હેતુ માટે તે સમયે ધરાવેલી જમીનના સંબંધમાં સદરહુ કલમ હેઠળ જમીન મહેસૂલ ભરવાનું થયું હોત, તો તેણે જમીનના સંબંધમાં જમીન મહેસૂલ તરીકે ભરવાની થયેલી હોત તે દરેક રકમ ; અને

(ગ) કોઈ જમીન ઉપરના જમીન મહેસૂલ સ્વત્વાર્પણ થયું ન હોત, તો જમીન પર જમીન મહેસૂલ તરીકે આકારવાની થાત તે દરેક રકમ ;

૧. સન ૧૯૭૮ના ગુજરાત અધિનિયમ ૫ની કલમ ૨થી આ પ્રકરણ દાખલ કર્યું છે.

પરંતુ પચીસ પૈસાથી ઓછી હોય તે રકમ ઉપર આ કલમ હેઠળ કાંઈપણ ઉપ-કર લેવામાં આવશે નહિ.

(૨) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે નીચેની રકમો ગણતરીમાં લેવામાં આવશે નહિ :—

(૧) કસૂરની બાબતમાં, 'દંડ' અથવા 'વ્યાજ' તરીકે 'જમીન મહેસૂલ અધિનિયમ' ની કલમ ૧૪૮ હેઠળ નાખવામાં આવેલાં કોઈ ચાર્જ સહિતનાં શિક્ષા અને દંડ, પણ ખેતી સાથે સંકળાયેલાં ન હોય તેવા હેતુ માટે જમીનનો ઉપયોગ કરવાની પરવાનગી આપતી વખતે સદરહુ અધિનિયમની કલમ ૬૫ હેઠળ માંગેલા કોઈ નજરાણાનો તેમાં સમાવેશ થતો નથી.

(૨) ઢોરના માથા દીઠ લેવામાં આવતી હોય, ત્યારે ચરાઈ માટેની ફી.

**પિયાવા ઉપર ઉપ-કર નાખવા બાબત.**

૯૮-ખ. 'મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯' ની જોગવાઈઓ હેઠળ લેવાપાત્ર પિયાવાના દરેક રૂપિયા ઉપર વીસ પૈસાથી વધુ નહિ તેટલો ઉપ-કર રાજ્ય સરકાર નાંખી શકશે. **સન ૧૮૭૯નો મુંબઈનો ૭મો.**

**કલમ ૯૮-કમાં વર્ણવેલો ઉપ-કર લેવાની રીત.**

૯૮-ગ. કલમ ૯૮-કમાં વર્ણવેલો ઉપ-કર શક્ય હોય તેટલે સુધી, જમીન મહેસૂલ જે રીતે અને કાયદાની જે જોગવાઈઓ હેઠળ લેવામાં આવે છે તે જ રીતે અને તે જ જોગવાઈઓ હેઠળ લેવામાં આવશે: **સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો.**

પરંતુ ગણોતિયાના કબજામાંની કોઈ જમીનની બાબતમાં, આવો ગણોતિયો, 'મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮, અથવા 'મુંબઈ ગણોતવહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ વિસ્તાર) અધિનિયમ, ૧૯૫૮' ની જોગવાઈઓ હેઠળ આવી જમીનના સંબંધમાં જમીન મહેસૂલ ભરવાને પાત્ર હોય, તો આવો ગણોતિયો આવી જમીનના સંબંધમાં ઉપ-કર ભરવાને મુખ્યત્વે જવાબદાર રહેશે. **સન ૧૯૫૮નો મુંબઈનો ૯૯મો.**

**કલમ ૯૮-ખમાં વર્ણવેલો ઉપ-કર લેવાની રીત.**

૯૮-ઘ. કલમ ૯૮-ખમાં વર્ણવેલો ઉપ-કર શક્ય હોય તેટલે સુધી 'મુંબઈ સિંચાઈ અધિનિયમ, ૧૮૭૯, હેઠળ રાજ્ય સરકારને ભરવાનો પિયાવો જે રીતે અને કાયદાની જે જોગવાઈઓ હેઠળ લેવામાં આવે છે તે જ રીતે અને તે જ જોગવાઈઓ હેઠળ લેવામાં આવશે. **સન ૧૮૭૯નો મુંબઈનો ૭મો.**

**જમીન મહેસૂલ અને પિયાવા ઉપરના સ્થાનિક ઉપ-કરની વસૂલાત અને તે જમા કરવા બાબત.**

૯૮-ચ. કોઈ જમીનના સંબંધમાં કલમ ૯૮-ક હેઠળ જમીન મહેસૂલ ઉપર અને કલમ ૯૮-ખ હેઠળ પિયાવા ઉપર લેવાનો સ્થાનિક ઉપ-કર, આવી જમીન જે નગરપાલિકાની હકૂમતની અંદર આવેલી હોય તે નગરપાલિકાને વસૂલાતના ખર્ચ તરીકે રાજ્ય સરકારે નિયમોથી ઠરાવે તેટલો તેનો ભાગ બાદ કર્યા પછી, રાજ્ય સરકારે ચૂકવવાનો રહેશે.

**સ્થાનિક ઉપ-કર મુલતવી રાખવા અને માફ કરવા બાબત.**

૯૮-છ. જે નગરપાલિકાને ઉપ-કર ચૂકવવાનો હોય તેની અરજી ઉપરથી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી એવી નગરપાલિકાની હકૂમતની હેઠળના કોઈ વિસ્તારમાં કોઈ વર્ષમાં ઉપ-કર કે તેના કોઈ ભાગની વસૂલાત મુલતવી રાખી શકશે અથવા તે માફ કરી શકશે.]

---

## પ્રકરણ ૮મું.

## [નગરપાલિકાના કરવેરા

### (૧) કરો નાખવા બાબત

**ક્યાં કર નાખી શકાય.**

૯૯. (૧) રાજ્ય સરકાર આ અર્થે કરે તે કોઈ સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને તથા કલમો ૧૦૧ અને ૧૦૨ની જોગવાઈઓને અધીન રહીને નગરપાલિકા આ અધિનિયમના હેતુઓ માટે નીચેના કોઈ કર નાખી શકશે:—

(૧) નગરમાં આવેલી ઈમારતો અથવા જમીનો ઉપર તે ઈમારતોની અથવા જમીનોની અથવા બન્નેનાં વાર્ષિક ભાડાં અથવા મૂડીરૂપી કિંમત અથવા મૂડીરૂપી કિંમતની ટકાવારી પર આધારિત હોય તેવો કર ;

(૨) સદરહુ નગરની અંદર ઉપયોગ માટે રાખેલાં તમામ વાહનો અથવા હોડીઓ ઉપર અથવા સવારી કરવા જોડવા અથવા ભાર લઈ જવા માટે વપરાતા પશુઓ ઉપર કર, પછી આવા વાહનો, હોડીઓ અથવા પશુઓ સદરહુ નગરની હદથી અંદર અથવા હદની બહાર ખરેખર રાખેલાં હોય ;

પરંતુ કોઈ મોટર વાહન સદરહુ નગરની અંદર તેમજ બીજા નગરમાં ઉપયોગમાં લેવા માટે રાખેલાં હોય તો એવું વાહન જેની હદમાં અથવા જેની હદની સૌથી નજીક તે ખરેખર રાખેલું હોય તેજ નગરપાલિકા તેના ઉપર કર લઈ શકશે;

(૩) સદરહુ નગરમાં બહારથી આવનારાં પણ આ પેટા-કલમના ખંડ (૨) અન્વયે કરને પાત્ર ન હોય એવાં વાહનો ઉપર તથા ઉપર કહ્યા પ્રમાણે વપરાતાં પશુઓ ઉપર ટોલ;

(૪) ઓકટ્રોયની હદની અંદર વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે લાવવામાં આવેલાં પશુઓ અથવા માલ અથવા બંને પર ઓકટ્રોય;

(૫) સદરહુ નગરમાં રાખેલાં કૂતરાં ઉપર કર;

(૬) આમાં હવે પછી ઠરાવ્યા પ્રમાણે નોટિસ આપ્યા પછી, નગરપાલિકાનાં સાધનો દ્વારા સાફ કરવામાં આવતાં ખાનગી પાયખાનાં, જગાઓ, અથવા આંગણા પર ખાસ સફાઈ ઉપકર;

(૭) સાર્વજનિક પાયખાનાં બાંધવા તથા નિભાવવા માટે તથા કચરો-પૂંજો ખસેડવા અથવા તેનો નિકાલ કરવા માટે સામાન્ય સફાઈ ઉપકર;

(૮) મોરીઓનો કર;

(૯) નગરપાલિકાએ પૂરાં પાડેલા પાણી બદલ સામાન્ય પાણીનો આકાર અથવા ખાસ પાણીના આકાર અથવા બન્ને; આ આકાર ઈમારતો તથા જમીનો ઉપર આકારેલ કરના રૂપમાં અથવા આ રીતે પાણી પુરું પાડવા બદલ કેસોના કોઈ વર્ગના અથવા કોઈપણ વ્યકિતગત કેસ જુદા જુદા સંજોગોને [illegible] રીતે અનુકૂળ [illegible] તેવી રીતે અથવા રીતોએ નક્કી કરેલા ચાર્જ સહિત બીજા કોઈ રૂપમાં નાખી શકાશે;

(૧૦) દીવાબત્તીનો કર;

(૧૧) નગરની હદમાંનાં કોઈ પવિત્ર સ્થાનમાં મુદતે મુદતે જનારા યાત્રિકો પર ફી;

(૧૨) ખાસ શૈક્ષણિક ઉપકર;

(૧૩) નગરમાં નગરપાલિકાએ સ્થાપેલી હોય કે ન હોય તેવી તેવી કોઈ બજારમાં અથવા આવા વેચાણ માટે બજાર તરીકે જુદી રાખેલી કોઈ જગામાં ઢોરનાં વેચાણ પર કર;

(૧૪) વિસ્તાર સાફ કરવા અથવા તેનો ફરી વિકાસ કરવાની યોજના અન્વયે વિસ્તારમાંની જમીનો અથવા ઈમારતો ઉપર સુધારણા કર ;

(૧૫) રાજ્યના વિધાનમંડળને સંવિધાન અન્વયે રાજ્યમાં ૧[(વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર ઉપરનો કર ન હોય તેવો)]૨[કોઈ મનોરંજનમાં દાખલ થવા માટે આપવાની રકમો ઉપરનો કર ન હોય તેવો] જે કોઈ બીજો કર નાખવાની સત્તા છે તે કર;

પરંતુ મુંબઈ મોટર વાહન કર અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૦માં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય, મોટર વાહનો પર કોઈ કર અથવા ટોલ નાખવો નહિ; સન. ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

પરંતુ વધુમાં—

(ક) ખાસ સફાઈ ઉપકર અથવા મોરીઓના કર અથવા પાણીના આકાર સિવાયનો બીજો ઉપર જણાવ્યા પ્રમાણે નાખેલો કોઈ કર સરકારની માલિકીનાં હોય અને સાર્વજનિક હેતુઓ માટે જ વપરાતાં હોય અને નફો કરવાના હેતુઓ માટે વપરાતાં ન હોય અથવા વાપરવાનો ઈરાદો ન હોય એવી કોઈ ઈમારત અથવા તેનો ભાગ અથવા કોઈ વાહનો, પશુ અથવા બીજી મિલકતના સંબંધમાં સરકારની સ્પષ્ટ સંમતિ સિવાય લઈ શકાશે નહિ; અને સૈન્યને પસાર થવા માટે અથવા સરકારી માલસામાન અથવા બીજી કોઈ સરકારી મિલકત લઈ જવા માટે અથવા ફરજ ઉપરના લશ્કરી અથવા પોલીસ અધિકારીઓને પસાર થવા માટે અથવા તેમની કસ્ટડીમાંની કોઈ વ્યકિતને પસાર થવા માટે અથવા મિલકતને લઈ જવા માટે વપરાતા કોઈ પશુ અથવા વાહનના સંબંધમાં કોઈ ટોલ લઈ શકાશે નહિ;

૧. સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ૧૧ની અનુસૂચિ ૨ની બાબત ૩થી આ કૌંસ અને શબ્દો દાખલ કર્યા છે.

૨. સન ૧૯૭૭ના ગુજરાત અધિનિયમ ૧૬ની કલમ ૩૨, અનુસૂચિની બાબત ૩ થી આ શબ્દો દાખલ કર્યા છે

(ખ) નિયમો દ્વારા રાજ્ય સરકાર ઠરાવે તે અપવાદો અને શરતોને અધીન રહીને, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ , ૧૯૬૩ના જોગવાઈઓ અનુસાર, તે અધિનિયમ અન્વયે ઓક્ટ્રોઈ હદમાં સ્થાપેલા બજારમાં વેચાણ માટે તેવા હદના અંદર લાવેલા ખેતોના ઉત્પન્ન પર કંઈપણ ઓક્ટ્રોય નાખો શકાશે નહિ;

સન ૧૯૬૪નો ગુજરાતનો ૨૦મો.

(ગ) ખંડ (૧) માં જણાવેલ અને ઉપર કહ્યા પ્રમાણે નાખેલ કોઈ કર જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયત-ની સ્પષ્ટ સંમતિ સિવાય તે જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયતની માલિકીની અથવા તેને પ્રાપ્ત થયેલી અને કોઈ સાર્વજનિક હેતુ માટે માત્ર વપરાતા અને નફાના હેતુઓ સારૂ વપરાતા ન હોય અથવા વાપરવા ધારા ન હોય તેવો કોઈ ઈમારત અથવા તેના ભાગના સંબંધમાં નાંખી શકાશે નહિ;

(ઘ) ખાસ સફાઈ ઉપકર, કોઈ ખાનગી પાયખાનાં, જગાઓ અથવા વાડાના સંબંધમાં, નગરપાલિકાએ—

(૧) તે ખાનગી પાયખાના, જગાઓ અથવા આંગણાં હસ્તશ્રમ દ્વારા સાફ કરાવવા માટે અથવા તેમાંની ગંદકી નગરપાલિકાની ગટરોમાં છોડવા અથવા લેવા માટે પ્રબંધ કર્યો ન હોય તો અને ત્યાં સુધી, અને

(૨) આ પ્રમાણે સાફ કરવાના તથા આવો ઉપકર લેવાના નગરપાલિકાના ઈરાદાની એક મહિનાની નોટિસ જે વ્યક્તિઓ પાસેથી તે લેવાનો હોય તે વ્યક્તિઓ ઉપર પૃથક પૃથક રીતે અથવા તેવો ઉપકર નગર અથવા તેના ભાગના જે રહેવાસીઓ પાસેથી લેવાનો હોય તેમના ઉપર સામાન્યત: કાઢી ન હોય તો અને ત્યાં સુધી લઈ શકાશે નહિ;

(ચ) ખાસ પાણીના દર સિવાય ખંડ (૧), (૭), (૯) અને (૧૦)માં વર્ણવેલા કોઈ બે અથવા વધારે કરો જુદા જુદા નાખવાને બદલે નગરપાલિકા, નગરની હદના અંદર આવેલી ઈમારતો અથવા જમીનો અથવા બંને પર કર તરીકે આકારેલો એકત્રિત કર નાખી શકશે.

(૨) સંવિધાન અન્વયે રાજ્યના વિધાનમંડળને રાજ્યમાં જે કર નાખવાનો અધિકાર ન હોય તેવો કોઈ કર નાખવાનો આ કલમના કોઈપણ મજકૂરથી અધિકાર મળે છે એમ સમજવું નહિ.

સરકારે અથવા લાગતી વળગતી જિલ્લા પંચાયતે અથવા તાલુકા પંચાયતે ઈમારત ઉપરના કરને બદલે નગરપાલિકાને નાણા આપવા બાબત.

૧૦૦. (૧) સરકારને અથવા લાગતી વળગતી જિલ્લા પંચાયતને અથવા તાલુકા પંચાયતને પ્રાપ્ત થયેલી જે ઈમારતો કલમ ૯૯ની પેટા-કલમ (૧) ના પરંતુક (ક) અથવા (ખ)થી મુક્ત રાખવામાં આવી હોય તે ઈમારતો પરના કરને બદલે નગરપાલિકાને સરકારે અથવા જિલ્લા પંચાયતે અથવા તાલુકા પંચાયતે દર વર્ષે પેટા-કલમ (૨) અને (૩) માં ઠરાવેલી રીતે નક્કી કર્યા પ્રમાણેની રકમ આપવી જોઈશે.

(૨) સરકારને અથવા જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયતને, પ્રાપ્ત થયેલી તથા હિતકર ભોગવટામાં હોય તેવી જે ઈમારતો સંબંધી જો સદરહુ મુક્તિ આપવામાં આવી ન હોત, તો યથા પ્રસંગ, સરકાર, અથવા લાગતીવળગતી જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયત પાસેથી કર વસૂલ કરી શકાત, તે ઈમારતોની યોગ્ય કિંમત આ અર્થે રાજ્ય સરકારે વખતોવખત નીમેલ વ્યક્તિએ નક્કી કરવી જોઈશે. સદરહુ વ્યક્તિએ જે મિલકત ઉપર મિલકત કર આકારી શકાતો હોય તે મિલકતની કિંમત આકારવાને લગતી આમાં હવે પછી આવતી જોગવાઈઓ પર સામાન્ય ધ્યાન રાખીને પોતાને ઉચિત તથા વાજબી લાગે તેટલી કિંમત નક્કી કરવી જોઈશે. એવી રીતે નિમાયેલ વ્યક્તિનો નિર્ણય પાંચ વર્ષની મુદત માટે અમલમાં રહેશે, પણ જો તે દરમિયાન સદરહુ નગરમાં સરકારને અથવા જિલ્લા પંચાયત અથવા તાલુકા પંચાયતને પ્રાપ્ત થયેલી ઈમારતોની સંખ્યા અથવા વિસ્તારમાં મહત્વની વધઘટ થાય, તો તે વધઘટના પ્રમાણમાંના ફેરફારને અધીન રહેશે.

(૩) સરકારે અથવા લાગતીવળગતી પંચાયતે નગરપાલિકાને દર વર્ષે આપવાની રકમ પેટા-કલમ (૨) અન્વયે, નક્કી કરેલી રકમ જેટલી જ રકમની કરપાત્ર કિંમત ઉપર ઈમારતો ઉપરના કર બદલ જે રકમ સદરહુ નગરની ઈમારતોના સાધારણ માલિકે આપવાની થાય તે રકમના આઠ દશાંશ જેટલી રહેશે.

કર નાખતાં પહેલાં અનુસરવાની કાર્યરીતિ.

૧૦૧. નગરપાલિકાએ કોઈ કર નાખતાં પહેલાં નીચે પ્રમાણેની પ્રારંભિક કાર્યરીતિ અનુસરવી જોઈશે :—

(ક) તેણે સામાન્ય બેઠકમાં ઠરાવ પસાર કરીને, કલમ ૯૯માં નિર્દિષ્ટ કરેલા કર પૈકી એક અથવા બીજો કર નાખવા માટે પસંદ કરવો જોઈશે; અને પસંદ કરેલો કર ઠરાવતી કલમ ૨૭૧ના ખંડ (ઢ) ના હેતુઓ માટે તૈયાર કરેલા નિયમો મંજૂર કરવા જોઈશે અને એવા નિયમોમાં નીચેની બાબતો નિર્દિષ્ટ કરવી જોઈશે :—

(૧) વ્યક્તિઓના અથવા મિલકતના અથવા બન્નેના જે વર્ગને નગરપાલિકા કરપાત્ર બનાવવા માગતી હોય તે વર્ગ અથવા વર્ગો અને તે આપવા માગતી હોય તે મુક્તિ;

(૨) આવા દરેક વર્ગ ઉપર જે રકમનો અથવા જે દરે નગરપાલિકા કર નાખવા માગતી હોય તે રકમ અથવા દર;

(૩) ઈમારતો અથવા જમીનો અથવા બન્ને ઉપરના કરની બાબતમાં જે કિંમત પર આવો કર આકારવાનો હોય તે કિંમત;

(૪) રાજ્ય સરકાર તેમાં નિર્દિષ્ટ કરવાને ફરમાવે તેવી બીજી તમામ બાબતો;

(ખ) આવો ઠરાવ પસાર થાય ત્યારે આ રીતે મંજુર કરેલા નિયમો, નગરપાલિકાએ તેની પૂર્વ અનુસૂચિ-૧લી ના નમૂના પ્રમાણેની નોટિસ દાખલ કરીને પ્રસિધ્ધ કરવા જોઈશે.

(ગ) નગરના જે કોઈ રહેવાસીને સદરહુ કર નાખવા સામે અથવા સૂચિત રકમ અથવા દર સામે અથવા તે કરને, રકમને અથવા દરને પાત્ર બની હોય તે વ્યક્તિઓ અથવા મિલકતના વર્ગ સામે અથવા સૂચિત કોઈપણ મુક્તિ સામે વાંધો હોય તે રહેવાસી સદરહુ નોટિસ પ્રસિધ્ધ થયા પછી એક મહિનાની અંદર પોતાનો વાંધો લખીને નગરપાલિકાને મોકલી શકશે; નગરપાલિકાએ આવા તમામ વાંધા વિચારમાં લેવા જોઈશે અથવા તે વિચારમાં લેવાને તથા તે વિશે નિવેદન કરવાને એક સમિતિને અધિકૃત કરવી જોઈશે અને જો તે સૂચિત કર નાખવાનું માંડી વાળવાનો નિર્ણય ન કરે, તો તેણે એવા વાંધાઓ તે ઉપરનો પોતાનો અભિપ્રાય તથા તે અનુસાર સૂચવેલા કોઈપણ ફેરફારો ઉપર કલમ પ્રમાણેની નોટિસ અને નિયમો સાથે રાજ્ય સરકારને સાદર કરવા જોઈશે.

**મંજૂર કરવી, ફેરવવી અથવા શરતો નાખવા ની સત્તા.**

૧૦૨. રાજ્ય સરકાર, કલમ ૧૦૧ અન્વયે સાદર કરેલા નિયમો મંજૂર કરવાની ના પાડી શકશે અથવા વધુ વિચાર માટે નગરપાલિકાને પાછા મોકલી શકશે અથવા સૂચિત કર સામે કલમ ૧૦૧ અન્વયે ઠરાવેલી મુદતની અંદર, કોઈ વાંધો અથવા પોતાના અભિપ્રાય પ્રમાણે પૂરતો હોય એવો કોઈ વાંધો લેવામાં આવ્યો ન હોય તો સદરહુ નિયમો ફેરફાર કર્યા વિના અથવા નાખવાની રકમમાં વધારો નહિ કરતાં પોતાને યોગ્ય લાગે તેવા ફેરફારોને અધીન રાખીને મંજુર કરી શકશે.

**મંજૂર કરેલ નિયમોની નોટિસ સાથે પ્રસિધ્ધિ.**

૧૦૩. કલમ ૧૦૨ અન્વયે મંજુર કરવામાં આવેલા નિયમો અને જે કોઈ ફેરફારોને અધીન રાખીને, મંજુરી આપવામાં આવી હોય તે ફેરફારો નગરપાલિકાએ એવી મંજૂરી તથા તેની તારીખ અને તેના અનુક્રમાંક જેમાં લખ્યા હોય એવી એક નોટિસ સાથે નગરમાં પ્રસિધ્ધ કરવા જોઈશે અને તે રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલા નિયમોથી ઠરાવ્યા પ્રમાણેનો કર, તે નોટિસમાં નિર્દિષ્ટ કરવાની અને એવી નોટિસની પ્રસિધ્ધિ પછીના એક મહિનાની અંદરની ન હોય તેવી તારીખથી તદનુસાર નાખવો જોઈશે;

પરંતુ—

(ક) વર્ષે વર્ષે લેવાનો કર નીચે જણાવેલી કોઈપણ તારીખ, એટલે કે કોઈપણ વર્ષની એપ્રિલની પહેલી તારીખ, જુલાઈની પહેલી તારીખ, ઓકટોબરની પહેલી તારીખ અથવા જાન્યુઆરીની પહેલી તારીખ સિવાયની કોઈપણ તારીખે અમલમાં આવશે નહિ; અને જો તે એપ્રિલની પહેલી તારીખ સિવાયની બીજી કોઈપણ તારીખે અમલમાં આવે તો ત્યારપછી તરત આવતા એપ્રિલની ૧લી તારીખ સુધી દર ત્રણ મહિને વસૂલ કરી શકાશે;

(ખ) આ કલમ અન્વયે જે દિવસે નોટિસ કાઢવામાં આવે તે દિવસે અથવા તે દિવસ પહેલાં નગરપાલિકાએ જરૂરી જણાય તેવા અને રાજ્ય સરકારે કલમ ૨૭૧ના પરંતુકના ખંડ (ક) અન્વયે મંજૂર કર્યા હોય તેવા વધારાના વિગતવાર નિયમો, તેમાં નિર્દિષ્ટ કરેલા કર લેવા તથા વસૂલ કરવાની રીત અને તે કર અથવા તેના હપ્તા હોય, તો તે આપવાની તારીખો ઠરાવીને પ્રસિદ્ધ કરવા જોઈશે.

(ગ) જો કોઈ કર અથવા કરનો ખાસ ભાગ ફક્ત નક્કી કરેલી મુદત માટે લેવાની મંજૂરી આપી હોય, તો તે કર અથવા ભાગ તે મુદત દરમિયાન લેણી થઈ હોય તેવી ભરાયા વગરની કોઈપણ બાકી વસૂલ કરવાની હોય તે સિવાય, તે મુદતની આખરે લેવાનું બંધ થશે.

**રાજ્ય સરકારે નગરપાલિકાને કર લેવાની અથવા કરની રકમ અથવા દરમાં ફેરફાર કરવાની સત્તા આપવાબાબત.**

૧૦૪. (૧) કલમ ૯૯ અન્વયે કોઈ કર, રાજ્ય સરકાર રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને રકમ અથવા દરના સંબંધમાં વધારેમાં વધારે તથા ઓછામાં ઓછી જે મર્યાદા એવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મર્યાદાની અંદર લેવાનો અથવા લેવામાં આવતા કોઈ કરની રકમ અથવા દર વધારવાનો અથવા ઘટાડવાનો આદેશ કોઈપણ નગરપાલિકા આપી શકશે.

(૨) એવો કર કેટલી રકમનો અથવા કેટલા દર પ્રમાણે લઈ શકાય તે નિર્દિષ્ટ કરતા કલમ ૧૦૧ અન્વયેના કોઈ ઠરાવ અથવા નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં પેટા-કલમ (૧) અન્વયે અધિકાર આપેલો કોઈનગરપાલિકા સામાન્ય બેઠકમાં ઠરાવ પસાર કરીને આવો કર લેવાનો અથવા જે દરપ્રમાણે એવો કર લઈ શકાય તે રકમ અથવા તે દર વધારવાનો અથવા ઘટાડવાનો નિર્ણય કરી શકશે.

(૩) જયારે કોઈ નગરપાલિકાએ પેટા-કલમ (૨) અન્વયે ઠરાવ પસાર કરીને, કોઈ કર લેવાનો અથવા જે રકમના અથવા જે દર પ્રમાણે કર લઈ શકાય તે રકમ અથવા તે દર વધારવાનો અથવા ઘટાડવાનો નિર્ણય કર્યો હોય ત્યારે તે નગરપાલિકાએ તે ઠરાવ જે તારીખથી કર લેવામાં આવે તે તારીખ અથવા જે રકમનો અથવા જે દર પ્રમાણે કોઈપણ કર લઈ શકાય તે રકમ અથવા તે દર જે તારીખથી એવી રીતે વધારવામાં અથવા ઘટાડવામાં આવશે તે

તે તારીખ નિર્દિષ્ટ કરતી નોટિસ સહિત નગરમાં પ્રસિધ્ધ કરવો જોઈશે. આવી તારીખ આવી નોટિસની પ્રસિદ્ધિની પછીના એક મહિનાની અંદરની હોવી જોઈએ નહિ. તેમ થયે એવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી કર લેવામાં આવશે અથવા યથાપ્રસંગ. તેની વધારેલી અથવા ઘટાડેલી રકમનો અથવા વધારેલા અથવા ઘટાડેલા દર પ્રમાણેનો કર લેવામાં આવશે.

(૨) ઈમારતો અથવા જમીનો ઉપરના કરની આકારણી તથા તેવા કર માટેની પાત્રતા.

આકારણીની યાદી તૈયાર કરવા બાબત.

૧૦૫. (૧) જ્યારે ઈમારતો ઉપર અથવા જમીનો ઉપર અથવા એ બંને ઉપર કર નાખવામાં આવે ત્યારે મુખ્ય અધિકારીએ નગરમાંની તમામ ઈમારતો અથવા જમીનોની અથવા જમીનો તથા ઈમારતોની એક આકારણીની યાદી તૈયાર કરાવવી જોઈશે અને તેમાં નીચેની વિગતો જણાવવી જોઈશે.—

(ક) જેમાં મિલકત આવેલી હોય તે મહોલ્લા અથવા વિભાગનું નામ;

(ખ) મિલકત ઓળખી શકાય તેવું તેનું પૂરતું વર્ણન;

(ગ) માલિક તથા ભોગવટો કરનારાનાં નામ જો જાણવામાં હોય તો;

(ઘ) વાર્ષિક ભાડાના અથવા મૂડી રૂપી કિંમતના ટકાવારીના ધોરણે આંકેલી જે કિંમતે; ઉપરથી મિલકત આંકરવામાં આવે તે કિંમત અને;

(ચ) તે ઉપર આકરેલા કરની રકમ.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ઘ) અન્વયે નક્કી કરેલી કિંમત, વાર્ષિક ભાડું હોય ત્યારે ઈમારત અથવા જમીન ઉપર કર આંકારતી વખતે સદરહુ કિંમતના સેંકડે દસ ટકા જેટલી રકમ તેમાંથી મરામત માટેની અથવા બીજા ગમે તે કોઈપણ કારણ માટેની બધી છૂટછાટ બદલ બાદ કરવી જોઈશે.

નિરીક્ષણ કરવાની તથા પત્રકો માગવાની સત્તા.

(૩) એવી આકારણીની યાદી તૈયાર કરવા માટે મુખ્ય અધિકારી અથવા તેના અધિકાર અન્વયે કામ કરતી કોઈ વ્યક્તિ નગરમાંની કોઈ ઈમારત અથવા જમીનની તપાસણી કરી શકશે અને મુખ્ય અધિકારીની માગણી ઉપરથી એવી કોઈ ઈમારત અથવા જમીનનો માલિક અથવા ભોગવટો કરનાર તે માગણીમાં નિર્દિષ્ટ કરેલી વાજબી મુદતની અંદર પોતાના જાણવા તથા માનવા પ્રમાણે હોય એવું અને પોતાની સહી વાળું એક પત્રક પૂરું પાડવાને બંધાયેલી રહેશે; તે પત્રકમાં માલિક અથવા ભોગવટો કરનારા અથવા બંનેનાં નામ તથા રહેવાનાં સ્થળ અને એવી ઈમારત અથવા જમીનનું વાર્ષિક ભાડું તથા એવી ઈમારત અથવા જમીનની કિંમતનો પોતાનો અંદાજ લખવાં જોઈશે.

ઈમારત અથવા જમીન પરના અથવા બંને પરના કર માટે પ્રથમ જવાબદાર હોનાર વ્યક્તિનું નામ નક્કી ન કરી શકાય તો તેને નામોદિષ્ટ કેવી રીતે કરવી.

૧૦૬. (૧) કોઈ જગા સંબંધમાં, ઈમારતો અથવા જમીનો અથવા બંને ઉપરના કર આપવા માટે પ્રથમતઃ જવાબદાર હોય એવી વ્યક્તિનું નામ નક્કી કરી શકાય એમ ન હોય, ત્યારે આકારણીની ચોપડીમાં તથા આ અધિનિયમ અન્વયે સદરહુ વ્યક્તિ ઉપર બજાવવાની જરૂર હોય એવી કોઈ નોટિસમાં વધુ વિગત આપ્યા સિવાય આવી "જગાનો ધારણ કરનાર" એ પ્રમાણે તેને નામોદિષ્ટ કરવો તે પૂરતું છે.

માહિતી આપે નહિ ત્યાં સુધી ઈમારતો અથવા જમીનો અથવા બંને ઉપરના કર માટે ભોગવટો કરનાર જવાબદાર રહેશે.

(૨) આવા કોઈ દાખલામાં જગાનો ભોગવટો કરનાર કોઈ વ્યક્તિ ઉપર કહ્યા પ્રમાણે કઈ વ્યક્તિ પ્રથમતઃ જવાબદાર છે તે નક્કી કરવા માટે જરૂરી માહિતી આપવાને ના પાડે, તો તે જગા તે વ્યક્તિના ભોગવટાના હોય તે જગા ઉપર લઈ શકાય તેવી ઈમારતો અથવા જમીનો અથવા બંને પરના તમામ કર માટે વ્યક્તિ પોતે આવી માહિતી મળે નહીં ત્યાં સુધી જવાબદાર થશે.

**આકારણીની યાદીની નોટિસ પ્રસિદ્ધ કરવા બાબત**

૧૦૭. આકારણીની યાદી પૂરી થાય ત્યારે મુખ્ય અધિકારીએ તે બાબતની તથા યાદી અથવા તેની નકલ જે સ્થળે જોવા મળી શકશે તે બાબતની જાહેર નોટિસ આપવી જોઈશે; અને જે દરેક વ્યક્તિ પોતે એવી યાદીમાં સમાવિષ્ટ કરેલી મિલકતનો માલિક અથવા ભોગવટો કરનાર હોવાનો દાવો કરતી હોય તેને તથા એવી વ્યક્તિના કોઈ એજન્ટને યાદી જોવાની તથા તેમાંથી મફત ઉતારો લેવાની છૂટ રહેશે.

**વાંધાઓ રજૂ કરવા માટે નક્કી કરેલા વખતની જાહેર નોટિસ.**

૧૦૮. (૧) મુખ્ય અધિકારીએ, કલમ ૧૦૭ અન્વયે યાદી પ્રસિદ્ધ કરતી વખતે એવી યાદીમાંની કિંમત અથવા આકારણી સામેના વાંધા જે તારીખ પહેલાં રજૂ કરવા જોઈશે તે તારીખની જાહેર નોટિસ આપવી જોઈશે. આ તારીખથી યાદીની પ્રસિદ્ધી પછીના એક મહિનાની અંદરની હોવી જોઈશે નહીં; અને કોઈપણ મિલકત ઉપર પહેલીવાર કર નાખવામાં આવે અથવા મૂલ્યાંકનમાં ફેરફાર થવાને અંગે આકાર વધારવામાં આવે તે તમામ દાખલાઓમાં તેણે તે બાબતની નોટિસ મિલકતનો માલિક અથવા ભોગવટો કરનાર, જાણવામાં હોય, તો તેને પણ આપવી જોઈશે; અને જો મિલકતનો માલિક અથવા ભોગવટો કરનાર જાણવામાં ન હોય, તો તેણે નોટિસ મિલકત ઉપરના કોઈ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ ચોંટાડવી જોઈશે.

**વાંધાઓ કેવી રીતે રજૂ કરવા.**

(૨) એવી યાદીમાંની કોઈ મિલકતની કિંમત તથા આકારણી સામેના વાંધા, જો એવી મિલકતનો માલિક અથવા ભોગવટો કરનાર વાંધા લેવા માંગે તો એવા માલિકે અથવા ભોગવટો કરનારે અથવા એવા માલિક અથવા ભોગવટો કરનારના એજન્ટે ઉપર જણાવેલી જાહેર નોટિસમાં નક્કી કરેલા વખત પહેલાં લેખિત અરજી કરીને કારોબારી સમિતિને રજુ કરવા જોઈશે અને તે અરજીમાં જે કારણોસર કિંમત તથા આકારણી સામે તકરાર ઉઠાવવામાં આવતી હોય તે કારણો જણાવવાં જોઈશે, એવી રીતે કરવામાં આવેલી તમામ અરજીઓ તે હેતુ માટે કારોબારી સમિતિએ રાખવાની એક ચોપડીમાં નોંધવી જોઈશે.

**વાંધાઓની સુનાવણી.**

(૩) કારોબારી સમિતિએ, અરજદારને જે કહેવું હોય તે જાતે અથવા એજન્ટ મારફત કહેવાને તક આપ્યા પછી

(ક) વાંધાની તપાસ કરી તેનો નિકાલ કરવો જોઈશે,

(ખ) તેમનાં પરિણામની નોંધ પેટા-કલમ (૨) અન્વયે રાખેલી ચોપડીમાં કરાવવી જોઈશે; અને

(ગ) આવા પરિણામ અનુસાર કરવાની જરૂર હોય તેવો કોઈ સુધારો આકારણીની યાદીમાં કરાવવો જોઈશે :

પરંતુ આવો કોઈ સુધારો કરવામાં આવે તે પહેલાં, તે કરવા માટેનાં કારણો પેટા-કલમ (૨) અન્વયે રાખેલી ચોપડીમાં નોંધવા જોઈશે:

વધુમાં, આ પેટા-કલમ અન્વયેની કારોબારી સમિતિની સત્તા અને ફરજો નગરપાલિકાએ નીમેલી બીજી કોઈ સમિતિને અથવા વિકાસ કમિશનરની પરવાનગીથી કોઈ સરકારી અધિકારી અથવા નિવૃત્ત અધિકારીને તબદીલ કરી શકશે.

**યાદીનું પ્રમાણીકરણ**

(૪) જેમ જેમ અને જ્યારે જ્યારે કોઈ મિલકતનાં સંબંધમાં આ કલમ અન્વયે રજૂ કરેલા તમામ વાંધાનો નિકાલ કરવામાં આવ્યો હોય અને પેટા-કલમ (૩) થી કરવા જોઈતા તમામ સુધારા આકારણીની યાદીમાં કરવામાં આવ્યા હોય તેમ તેમ અને ત્યારે ત્યારે, સદરહુ યાદી, જેટલે અંશે તે મિલકત સાથે સંબંધ ધરાવતી હોય તેટલે અંશે કારોબારી સમિતિના અધ્યક્ષની અને ઓછામાં ઓછા કારોબારી સમિતિના એક બીજા સભ્યની અથવા પેટા-કલમ (૩) અન્વયેના કારોબારી સમિતિની સત્તા અને કાર્યો બીજી કોઈ સમિતિને અથવા કોઈ સરકારી અધિકારી અથવા નિવૃત્ત અધિકારીને સોંપવામાં આવ્યા હોય તો તે સમિતિના ઓછામાં ઓછા બે સભ્યોની અથવા ઉપર કહયા પ્રમાણેના અધિકારી અથવા નિવૃત્ત અધિકારીની સહીથી પ્રમાણિત કરવી જોઈશે. આ રીતે યાદી પ્રમાણિત કરનાર વ્યક્તિ તથા વ્યક્તિઓએ એવું પ્રમાણપત્ર આપવું કે યાદીમાં જે બાબતો અંગે સુધારા કરવામાં આવ્યા છે તે બાબતો સિવાય મિલકતની યાદીમાં જણાવેલી કિંમત તથા આકારણી સામે કોઈપણ માન્ય વાંધો લેવામાં આવ્યો નથી.

**યાદીનો રાખવો અને તે જોવા બાબત.**

(૫) આ રીતે પ્રમાણિત કરેલી યાદી નગરપાલિકાની કચેરીમાં રાખવી જોઈશે અને તેમાં દાખલ કરેલી મિલકતના તમામ માલિકો અને ભોગવટો કરનારાઓને અથવા આવી વ્યક્તિઓના એજન્ટોને કચેરીના સમય દરમિયાન જોવા માટે કચેરીમાં ખુલ્લી રહેશે અને તે એ રીતે ખુલ્લી છે તે અંગેની નોટિસ તરત જ પ્રસિદ્ધ કરવી જોઈશે.

**પ્રમાણિત કરેલું પત્રક કેટલે અંશે નિર્ણાયક ગણાય તે બાબત.**

(૬) કલમ ૧૦૯ ની જોગવાઈઓ અન્વયે કરવામાં આવે તે ફેરફારોને તથા કલમ ૧૩૮ અન્વયે કરેલી કોઈ અપીલ અથવા ફેર તપાસના પરિણામને અધીન રહીને, આ રીતે પ્રમાણિત કરેલી તથા રાખેલી આકારણીની યાદીમાંની નોંધો તથા કલમ ૧૦૯ ની જોગવાઈઓ અન્વયે સદરહુ યાદીમાં કોઈ નોંધ દાખલ કરવામાં આવી હોય તો તે નોંધો.--

(૧) નગરપાલિકાના તમામ કરોના હેતુઓ માટે આવી નોંધો અનુક્રમે જે ઈમારતો, જમીનો તથા ઈમારતો અને જમીનો એ બંને ને લગતી હોય તે ઈમારતો, જમીનો તથા ઈમારતો અને જમીનો, એ બંનેના કરનું નિયમન કરતા નિયમોમાં ઠરાવેલા ધોરણ પ્રમાણેની કિંમત અથવા વાર્ષિક ભાડાનો; અને

(૨) જેના માટે આવી આકારણીની યાદી તૈયાર કરવામાં આવી હોય તે કરના હેતુઓ માટે આવી યાદી જે કોઈ સરકારી વર્ષમાં અમલમાં હોય તે વર્ષમાં ઈમારતો અથવા જમીનો અથવા ઈમારતો તથા જમીનો એ બંને ઉપર લઈ શકાય એવા કરની રકમનો;

નિર્ણાયક પુરાવો છે એ રીતે સ્વીકારવામાં આવશે.

**આકારણીની યાદીનો સુધારો, નવી ઈમારતોની નોટીસ.**

૧૦૯. (૧) કારોબારી સમિતિ, કોઈપણ વખતે, કોઈ મિલકતના સંબંધમાં કોઈ નોંધ આકારણીની યાદીમાં કપટથી, અકસ્માતથી અથવા ભૂલથી દાખલ કરવાની રહી ગઈ હોય અથવા કોઈ ખોટી રીતે દાખલ કરવામાં આવી હોય અથવા સર્વાંશે અથવા અંશત : બાંધેલી, ફેરફાર કરેલ, વધારેલી અથવા ફરી બાંધેલી કોઈ ઈમારત-ના સંબંધમાં જ્યાં આવા બાંધકામ, ફેરફાર, વધારો અથવા ફરી કરેલું બાંધકામ આકારણીની યાદી તૈયાર કર-વામાં આવી હોય તે પછી પૂરાં થયાં હોય ત્યારે કોઈ નોંધ દાખલ કરીને અથવા તેમાં ફેરફાર કરીને તે આકારણીની યાદીમાં ફેરફાર કરી શકશે; પણ એ પ્રમાણે કરતાં પહેલાં યાદીના ફેરફારમાં હિત ધરાવનાર કોઈ વ્યકિતને એવા ફેરફાર સામેનો કોઈ વાંધો તેણે જે તારીખ પહેલાં રજૂ કરવો જોઈએ તે તારીખની નોટિસ આપવી જોઈશે. આ તારીખ આવી નોટિસની બજવણીની તારીખથી એક મહિના કરતાં વહેલી હોવી જોઈશે નહીં.

**વાંધા અંગે કેવી રીતે કાર્યવાહીકરવી.**

(૨) એવા કોઈપણ ફેરફારમાં હિત ધરાવનાર કોઈ વ્યકિતએ આવી નોટિસમાં નક્કી કરાયેલા વખત પહેલા અને કલમ ૧૦૮ની પેટા-કલમ (૨) થી ઠરાવેલી રીતે રજૂ કરેલાં વાંધાની તમામ બાબતો અંગેની કોઈ કાર્યવાહી જાણે તે વાંધો સદરહુ કલમ અન્વયેની અરજી હોય તેમ કરવાની રહેશે.

**સુધારાનો અમલ.**

(૩) આ કલમ અન્વયે કોઈ નોંધ અથવા ફેરફાર બાંધેલી, ફેરફાર કરેલી, વધારેલી અથવા ફરી બાંધેલી ઈમારતની બાબતમાં જે દિવસે આવાં બાંધકામ, ફેરફાર, વધારો અથવા ફરી કરેલું બાંધકામ પૂરાં થયાં હોય તે દિવસે અથવા જે દિવસે નવા બાંધકામનો, ફેરફારનો, વધારાનો અથવા ફરી કરેલાં બાંધકામનો પહેલીવાર ભોગ વટો કરવામાં આવ્યો હોય તે દિવસ, એ બે દિવસ પૈકી જે દિવસ પહેલો આવતો હોય તે દિવસે અથવા બીજી બાબતોમાં ચાલુ સરકારી વર્ષના વહેલામાં વહેલા જે દિવસે નોંધ અથવા ફેરફાર કરવાનું ન્યાયી ઠરાવનારા સંજોગો હતા તે દિવસે, જાણે તે કરવામાં આવ્યા હોય તે રીતે, કલમ ૧૩૮ ની જોગવાઈઓને અધીન રહીને, અમલમાં આવશે અને યથાપ્રસંગ, કર અથવા વધારેલો કર, એ દિવસ પછીના વર્ષનો બાકીનો ભાગ. આખા વર્ષ સાથે જે પ્રમાણ ધરાવે તે પ્રમાણ મુજબ એવા વર્ષમાં લેવામાં આવશે.

**કોઈ ઈમારતને તોડી નાંખવામાં અથવા પાડી નાંખવામાં આવ્યાની કારોબારી સમિતિને નોટિસ આપવા બાબત.**

૧૧૦. (૧) જે કોઈ ઈમારત અથવા ઈમારતનો કોઈપણ ભાગ, ઈમારતો અથવા બંને પરનો કર ભરવાને પાત્ર હોય તે ઈમારત અથવા ભાગ, કારોબારી સમિતિના હુકમ સિવાય બીજી રીતે તોડી નાખવા અથવા પાડી નાખવામાં આવે ત્યારે સદરહુ કર ભરવાને પ્રથમ જવાબદાર હોય એવી વ્યકિતઓ તે બાબતની લેખિત નોટિસ મુખ્ય અધિકારીને આપવી જોઈશે.

(૨) આવી નોટિસ આપવામાં ન આવે ત્યાંસુધી ઉપર કહ્યા પ્રમાણેની વ્યકિત એવી ઈમારતના સંબંધમાં જો તે ઈમારત અથવા તેનો કોઈ ભાગ તોડી અથવા પાડી નાખવામાં ન આવ્યો હોત, તો જે કર ભરવાને તે જવાબદાર હોત તે દરેક કર ભરવાને જવાબદાર હોતો ચાલુ રહેશે.

(૩) આ કલમનો કોઈપણ મજકૂર જે કોઈ ઈમારત અથવા ઈમારતનો ભાગ પડી ગયો હોય અથવા બળી ગયો હોય તેના સંબંધમાં લાગુ પડશે નહિ.

**નવી આકારણીની યાદી દર વર્ષે તૈયાર કરવાની જરૂર નથી.**

૧૧૧. (૧) દરેક વર્ષે નવી આકારણીની યાદી તૈયાર કરવાની જરૂર રહેશે નહિ. આકારણીની યાદી દર ચાર વર્ષે પૂરેપૂરી સુધારવી જોઈશે એવી શરતને અધીન રહીને, મુખ્ય અધિકારી કોઈ વર્ષ માટેની યાદીમાંની કિંમત તથા આકારણ જરૂરનાં જણાય તેવા ફેરફારો સાથે, તે પછી તરત સાથે આવતા વર્ષ માટે સ્વીકારી શકશે.

(૨) પણ કલમો ૧૦૭, ૧૦૮ અને ૧૦૯ની જોગવાઈઓ જાણે નવી આકારણીની યાદી સરકારી વર્ષની શરૂઆત વખતે પૂરી કરી હોય તે રીતે, દરેક વર્ષે લાગુ પડશે નહિ.

નગરપાલિકા કસૂર કરે ત્યારે યાદી પ્રમાણિત કરવા વ્યકિતઓને નીમવાની રાજ્ય સરકારની સત્તા.

યાદી સુધારવામાં આવે અથવા
૧૧૨. (૧) કોઈ વર્ષમાં નવી આકારણીની યાદી તૈયાર કરવામાં આવે અથવા યાદી સુધારવામાં આવે અથવા ફેરફાર સાથે અથવા ફેરફાર વિના સ્વીકારવામાં આવે
યાદીમાંની કિંમત અને આકારણી તે પછીના તરતના વર્ષ માટે ફેરફાર સાથે અથવા ફેરફાર વિના સ્વીકારવામાં આવે ત્યારે સરકારી વર્ષના
ત્યારે આવી નવી સુધારેલી અથવા સ્વીકારેલી આકારણીની યાદી જે સરકારી વર્ષને લગતી હોય તે સરકારી વર્ષના
જુલાઈ મહિનાની ૩૧મી તારીખથી મોડામાં મોડા તે વખતે કલમ ૧૦૮થી ઠરાવેલી રીતે પ્રમાણિત કરવી જોઈશે અને જો
એ રીતે પ્રમાણિત કરવામાં આવી ન હોય, તો રાજ્ય સરકારે પોતાને યોગ્ય જણાય તેવી વ્યકિત અથવા વ્યકિતઓને
[૧][આકારણીની યાદી તૈયાર કરવાને, તે સુધારવાને અથવા તે સ્વીકારવાને અને પ્રમાણિત કરવાને] નીમવી જોઈશે, અને તેમ
થયે, આવી વ્યકિત અથવા વ્યકિતઓનાએ આવી યાદી જે સરકારી વર્ષને લગતી હોય તે વર્ષની આખર તારીખ પહેલાં
કોઈપણ વખતે યોગ્ય રીતે [૨][યથાપ્રસંગ, તૈયાર કરવી તેની ફેર તપાસ કરવી કે સ્વીકારવી જોઈશે અથવા પ્રમાણિત કરવી
જોઈશે] અને કલમ ૧૦૫થી ૧૦૮ અથવા કલમ ૧૧૧, યાદી પ્રમાણિત કરવાને રાજ્ય સરકારે નીમેલી વ્યકિત અથવા
વ્યકિતઓને યથાપ્રસંગ, યાદી તૈયાર કરવાના, તે સુધારવાના અથવા તે સ્વીકારવાના સંબંધમાં જરૂરી હોય તેટલે અંશે
લાગુ પડશે.

(૨) રાજ્ય સરકાર પેટા-કલમ (૧) અન્વયે આકારણીની યાદી તૈયાર કરવા, તે સુધારવા અથવા તે સ્વીકારવાના
અને તે પ્રમાણિત કરવાના હેતુ માટે કોઈ વ્યકિત અથવા વ્યકિતઓને નીમે ત્યારે આવી વ્યકિત અથવા વ્યકિતઓને
આવા હેતુ માટે કરેલા ખર્ચની રકમ તથા આવી વ્યકિત અથવા વ્યકિતઓને આપવાનાં વાજબી મહેનતાણાંની રકમ
કલમ ૨૬૧થી ઠરાવેલી રીતે રાજ્ય સરકાર વસૂલ કરશે.

કર પ્રથમતઃ કોની પાસેથી વસૂલ કરી શકાય.

૧૧૩. (૧) પેટા-કલમો (૪) અને (૬)ની જોગવાઈઓને અધીન રહીને ઈમારતો અથવા જમીનો ઉપર અથવા
એ બંને ઉપરના કરના રૂપમાં નાંખેલા કર, જે મિલકત ઉપર તે આકારવામાં આવ્યો હોય તેનો ખરેખર ભોગવટો
કરનાર એ મિલકતનો માલિક હોય, અથવા સરકાર પાસેથી અથવા નગરપાલિકા પાસેથી મળેલા ઈમારત-પટા અથવા બીજા
પટાની રૂએ અથવા કોઈ વ્યકિત પાસેથી મળેલા ઈમારત પટાની રૂએ ધારણ કરતો હોય, તો તેની પાસેથી પ્રથમતઃ
વસૂલ કરી શકાશે. તે સિવાયના પ્રસંગે કર નીચે પ્રમાણે પ્રથમતઃ વસૂલ કરી શકાશે, એટલે કે—

(ક) જો મિલકત ભાડે આપી હોય, તો ભાડે આપનાર પાસેથી,

(ખ) જો મિલકત પેટા ભાડે આપી હોય, તો વરિષ્ઠ ભાડે આપનાર પાસેથી,

(ગ) જો મિલકત ભાડે આપી નહિ હોય, તો જે વ્યકિતને તે ભાડે આપવાનો હક હોય તે વ્યકિત પાસેથી:

પરંતુ સરકારને પ્રાપ્ત થયેલી અને ભાડું ભરીને સરકારી કર્મચારીઓ, દ્વારા અથવા બીજી વ્યકિતઓ, દ્વારા ભોગવટા
કરાતી ઈમારતોના સંબંધમાં લેણો થતો કર સરકાર પાસેથી પ્રથમતઃ વસૂલ કરવા પાત્ર થશે.

(૨) કોઈ જમીન એક વર્ષ કરતાં વધુ મુદત માટે કોઈ ભાડૂતને ભાડે આપવામાં આવી હોય અને આવા ભાડૂતે
અથવા આવા ભાડૂત મારફત ગમે તે પ્રકારનો ઈલાખો મેળવનાર કોઈ વ્યકિતએ આવી જમીન પર
બાંધકામ કર્યું હોય ત્યારે સદરહુ જમીન પર આકારેલો કર પટે આપનાર પાસેથી પ્રથમતઃ વસૂલ કરવા પાત્ર થશે
અને તેના પર બાંધેલી ઈમારત પર આકારેલો કર સદરહુ ભાડૂત અથવા વ્યકિત પાસેથી, પછી આવા ભાડૂત
અથવા વ્યકિતના ભોગવટામાં તે જગા હોય કે ન હોય તો પણ, પ્રથમતઃ વસૂલ કરવા પાત્ર થશે.

(૩)(ક) જે કોઈ જગા ઉપર કર, તે વાર્ષિક ભાડાના ધોરણે નાખવામાં આવ્યો હોય તે જગા ભાડે આપી હોય
અને જે વ્યકિત પાસેથી પેટા-કલમ (૧) અન્વયે કર વસૂલ કરવાપાત્ર થતો હોય તે વ્યકિતને તે જગાના
સંબંધમાં આપવાના ભાડાની રકમ કરતાં આવું વાર્ષિક ભાડું વધુ થાય ત્યારે સદરહુ વ્યકિત તેની પાસેથી વસૂલ
કરેલી કરની રકમ અને કર તેને આપવાના ભાડાની રકમ ઉપર ગણવામાં આવ્યો હોત તો જે રકમ તેની પાસેથી
વસૂલ કરવાપાત્ર થાત તે રકમ વચ્ચેનો તફાવત તેના ભાડૂત પાસેથી મેળવવા હકદાર થશે.

(ખ) જે જગા પર પેટા-ભાડે આપી હોય અને તેનું વાર્ષિક ભાડુ ભાડૂતને તેના પેટા-ભાડૂતને જે જગાના
સંબંધમાં આપવાના ભાડાની રકમ અથવા તેની મારફત ધારણ કરતી વ્યકિતએ પેટા-ભાડૂતને તે જગાના સંબંધમાં
આપવાના ભાડાની રકમ કરતાં વધુ થાય ત્યારે સદરહુ ભાડૂત પાસેથી, અથવા યથા પ્રસંગ સદરહુ પેટા-ભાડૂત
તેની મારફત ધારણ કરતી વ્યકિત પાસેથી, આ કલમ અન્વયે આવા ભાડૂત અથવા પેટા ભાડૂત પાસેથી
વસૂલ કરેલી કોઈ રકમ અને જો જગાનું વાર્ષિક ભાડું આવા ભાડૂત અથવા પેટા-ભાડૂતને જે ભાડાની રકમ મળતી
હોય તે રકમ અને તે જે ભાડાંની રકમ ભરતો હોય તે રકમ વચ્ચેનો તફાવત જેટલું થાત તો તે જગાના સંબંધમાં
વસૂલ કરવાપાત્ર થાય તે કરની રકમ વચ્ચેનો તફાવત મેળવવા હકદાર રહેશે.

---

૧. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૬થી "આકારણીની યાદી પ્રમાણિત કરવાને" એ શબ્દોને બદલે, આ શબ્દો મૂકયા છે.
૨. એજનથી "પ્રમાણિત કરવી જોઈશે" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

(ગ) આ પેટા-કલમ અન્વયે કોઈ રકમ મેળવવાને હકદાર કોઈ વ્યક્તિને તે રકમની વસૂલાત માટે જાણે આવી
રકમ, જેની પાસેથી સદરહુ રકમ મેળવવા તે હકદાર હોય તે વ્યક્તિએ તેને આપવાપાત્ર ભાડું હોય તો તે વસૂલ
કરવા જે હક અને ઉપાયો હોય તેવા જ હક અને ઉપાયો રહેશે.

(૪) કર વાર્ષિક ભાડાના ધોરણે નાખવામાં આવ્યો હોય ત્યારે, એવા કર બદલ લેણી થયેલી કોઈ રકમ તે પ્રથ-
મત: આપવાને જવાબદાર હોય તેવા વ્યક્તિ પાસેથી વસૂલ ન થાય તો જે મિલકતના સંબંધમાં તે લેણી થઈ હોય
તેના કોઈ ભાગના ભોગવટો કરનાર પાસેથી સદરહુ આખા મિલકતના સંબંધમાં એવી રીતે આપવાના ભાડાની
એકંદર રકમ અથવા પ્રમાણિત આકારણીના યાદીમાં તેના એકંદર ભાડાની રકમ, જો કોઈ જણાવ્યા હોય તો, તે બે
રકમો પૈકી જે વધારે હોય તે રકમની સાથે એવા ભોગવટો કરનારે દર વર્ષે આપવાના ભાડાની રકમ જે પ્રમાણ
ધરાવતી હોય તે પ્રમાણ મુજબ તે રકમની લેણી રકમનો ભાગ વસૂલ કરી શકાશે.

(૫) જે કોઈ વ્યક્તિ પોતે કર ભરવા માટે પ્રથમત : જવાબદાર હોય તે વ્યક્તિ સરકાર અથવા નગરપાલિકા
સિવાય બીજી વ્યક્તિને જે જગા ઉપર કર આકાર્યો હોય તે જગાના સંબંધમાં ભાડું ભરતા હોય ત્યારે તેણે આપ-
વાના ભાડાની રકમ સદરહુ જગાઓનું વાર્ષિક ભાડું હોત તો કરને અંગે વસૂલ કરવા જોગ થાત તેવી રકમ આવી
બીજી વ્યક્તિની પાસેથી જમે કરાવવા હકદાર થશે. ...

(૬) આ કલમ અન્વયે કરની રકમ આપવાને પ્રથમત: જવાબદાર ન હોય એવા કોઈ ભોગવટો કરનાર [illegible]
પણ રકમ આપી હોય અથવા તેની પાસેથી વસૂલ કરવામાં આવી હોય, તો તે રકમ આપવાને પ્રથમત: જવાબદાર
હોય તે વ્યક્તિ સાથેના હિસાબમાં તે રકમ મજરે લેવાનો તેવા ભોગવટો કરનારને હક રહેશે.

**ખાલી રહેલી ઈમારત અથવા જમીનની બાબતમાં કરની માફી અથવા માફી ક્યારે આવશ્ય આપવી જોઈએ તે બાબત.**

૧૧૪. (૧) જે કોઈ ઈમારત અથવા જમીન ઉપર વાર્ષિક ભાડાના ધોરણે લેવાનો કર આકારવામાં આવેલ હોય
અને તે વર્ષે વર્ષે આપવાનો હોય અથવા જેના સંબંધમાં કોઈ ખાસ સફાઈ ઉપ-કર વર્ષે વર્ષે અથવા હપ્તે હપ્તે
આપવાનો હોય તે ઈમારત અથવા જમીન જે વર્ષ માટે અથવા વર્ષના જે ભાગ માટે કર વસૂલ કરી શકાય એમ
હોય તે આખા વર્ષ સુધી અથવા વર્ષના તે ભાગ સુધી, અથવા આવો કોઈ હપ્તો જે મુદતના સંબંધમાં આપવાનો
હોય તે તમામ મુદત સુધી ખાલી તથા ભાડું ઉત્પન્ન થયા વગર રહી હોય, તો કારોબારી સમિતિએ, યથાપ્રસંગ, તે
કરની, ઉપ-કરની અથવા ઉપ-કરના હપ્તાની એક દ્વિતીયાંશ કરતાં વધારે ન હોય તેટલી રકમ માફ કરવી અથવા
પાછી આપવી જોઈશે :

પરંતુ તે ઈમારત અથવા જમીન ખાલી તથા ભાડું ઉત્પન્ન થયા વગર રહી છે તે બાબતની લેખિત નોટિસ મુખ્ય
અધિકારીને આપવામાં આવી હોય તે સિવાય, કોઈ રકમ આ રીતે માફ કરવામાં આવશે નહિ અથવા પાછી આપ-
વામાં આવશે નહિ અને એવી નોટિસ પહોંચાડવામાં આવી હોય તે દિવસ અગાઉની કોઈ મુદત માટે કોઈ રકમ
આ રીતે માફ કરવામાં આવશે નહિ અથવા પછી આપવામાં આવશે નહિ.

(૨) આ કલમ અન્વયે માફ કરવાની અથવા પાછી આપવાની રકમની ગણતરી કરવા માટે --

(૧) આખા અંગ્રેજી મહિના ગણતરીમાં લેવા અને આખા અંગ્રેજી મહિના કરતાં ઓછી હોય તેવી કોઈ મુદત
ધ્યાનમાં લેવી નહિ ;

(૨) વર્ષના કોઈ ભાગના સંબંધમાં, ત્રણ અંગ્રેજી મહિના કરતાં વધારે ભાગ ગણતરીમાં લેવો જોઈશે.

(૩) ઉપર કહ્યા પ્રમાણેની આવી કોઈ ઈમારત અથવા જમીન પૂર્ણત: અથવા મોટે ભાગે તોડી પાડવામાં આવે
અથવા આગથી બળી જાય અથવા તેની કિંમત બીજી રીતે નહિવત્ થઈ જાય ત્યારે કારોબારી સમિતિ પૂરેપૂરો કર,
ઉપકર અથવા હપ્તો માફ કરી શકશે અથવા પાછો આપી શકશે.

**પુરાવાનો બોજો દાવેદાર ઉપર રહેશે.**

(૪) કોઈ વ્યક્તિને જે હકીકત ઉપરથી આ કલમ અન્વયે દાદ માગવાનો હક પ્રાપ્ત થાય તે હકીકત સાબિત
કરવાનો બોજો તેના ઉપર રહેશે.

**સ્પષ્ટીકરણ આપતો ખંડ.**

(૫) આ કલમના હેતુઓ માટે (ક) રાજ્ય સરકારે હવા ખાવાનું સ્થળ હોય એવાં નગર તરીકે અધિસૂચિત
કરેલાં નગરની હદમાંના રહેવાનાં ઘરનો બીજી રીતે ભોગવટો થતો ન થાય, તો તેમાં હંમેશ વપરાતું રાચરચીલું હોય
તે છતાં, તે ખાલી છે એમ ગણાશે અને (ખ) કોઈ ઈમારત અથવા જમીનનો ભોગવટો કરવાનો જેને ચાલુ હક
હોય એવા ભાડૂતને તે ભાડે આપી હોય, તો તે ઈમારત અથવા જમીનનું ભાડું ઉત્પન્ન થાય છે એમ ગણાશે,
પછી તે ઈમારત અથવા જમીન આવા ભાડૂતના ખરેખરા ભોગવટામાં હોય અથવા ન હોય.

**ઈમારત અથવા જમીન ઉપરનો કર આપવાને પ્રથમત: જવાબદાર હોય એવી વ્યક્તિના ઈલાખાની તમામ તબદીલીઓની નોટિસ મુખ્ય અધિકારીને આપવી.**

૧૧૫. (૧) ઈમારત અથવા જમીન અથવા બંને પરના કર ભરવાને પ્રથમત: જવાબદાર હોય એવી કોઈ વ્યક્તિનો એવી ઈમારત અથવા જમીન અથવા બંને પરનો અથવા તે સંબંધી ઈલાખો તબદીલ કરવામાં આવે ત્યારે ત્યારે જે વ્યક્તિનો ઈલાખો આવી રીતે તબદીલ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ તથા જે વ્યક્તિને તે તબદીલ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિએ તબદીલીનો લેખ કરવામાં આવ્યો હોય તે પછીના અથવા જો તે લેખ રજિસ્ટર કરવામાં આવ્યો હોય તો તે રજિસ્ટર કરવામાં આવ્યો હોય તે પછીના અથવા જો કોઈ લેખ કરવામાં આવ્યો ન હોય તો તબદીલી કરવામાં આવી હોય તે પછીના ત્રણ મહિનાની અંદર આવી તબદીલીની લેખિત નોટિસ મુખ્ય અધિકારીને આપવી જોઈશે.

(૨) ઉપર કહ્યા પ્રમાણે પ્રથમત: જવાબદાર હોય તેવી કોઈ વ્યક્તિના મૃત્યુના પ્રસંગે, મૃત્યુ પામનારનો ઈલાખો જે વ્યક્તિને વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યક્તિએ મૃત્યુ પામનારનાં મૃત્યુની તારીખથી એક વર્ષની અંદર મુખ્ય અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે.

(૩) પેટા--કલમ (૧) અથવા (૨)માં ઉલ્લેખેલી નોટિસ આપવાને જવાબદાર વ્યક્તિ એવી નોટિસ આપવાને ચૂકે, તો તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**નોટિસનો નમૂનો.**

૧૧૬. (૧) કલમ ૧૧૫ અન્વયે આપવાની નોટિસ યથાપ્રસંગ, અનુસૂચિ-૨માં અથવા અનુસૂચિ-૩માં જણાવેલા નમૂના પ્રમાણે હોવી જોઈશે અને તેમાં સદરહુ નમૂના પ્રમાણે જરૂરી હોય એવી તમામ વિગતો સ્પષ્ટપણે અને ખરે-ખરી જણાવવી જોઈશે.

**સને ૧૯૦૮નો ૧૬મો.**

(૨) આવી કોઈ નોટિસ મળ્યે, મુખ્ય અધિકારી પોતાને જરૂરી જણાય તો આવી તબદીલીનો કોઈ લેખ કર-વામાં આવ્યો હોય તો તે તે લેખ અથવા ભારત રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ની કલમ ૫૭ અન્વયે મેળવેલી તેની નકલ રજૂ કરવાનું ફરમાવી શકશે.

**તબદીલીની કોઈ નોટિસના અભાવે ઈમારત અથવા જમીન ઉપરના અથવા બંનેના કર આપવાની જવાબદારી ચાલુ રહેવા બાબત.**

૧૧૭. (૧) ઈમારત અથવા જમીન અથવા બંને પરનો કર આપવાને પ્રથમત: જવાબદાર હોય તેવી જે દરેક વ્યક્તિ તે ઈમારત અથવા જમીન અથવા બંને અંગેના અથવા તે ઉપરના પોતાના ઈલાખાની તબદીલી, તેવી તબદીલીની નોટિસ ઉપર કહ્યા પ્રમાણે મુખ્ય અધિકારીને આપ્યા સિવાય કરે તે વ્યક્તિ આવી ગફલતને લીધે બીજી જે કોઈ જવાબદારી વહોરે તે ઉપરાંત તે ઈમારત અથવા જમીન અથવા બંને ઉપરનો સદરહુ કર, આવી નોટિસ તે ન આપે ત્યાં સુધી અથવા કારોબારી સમિતિએ તબદીલીની નોંધ કરી ન હોય ત્યાં સુધી, આપવાને જવાબદાર હોય તો ચાલુ રહેશે.

(૨) પણ આ કલમના કોઈપણ મજકૂરથી તે ઈમારત અથવા જમીન તબદીલ કરી લેનારની સદરહુ કર માટેની જવાબદારી ઓછી થાય છે અથવા તે ઈમારત અથવા જમીન અથવા બંને ઉપરનો કર વસૂલ કરવા માટે કલમ ૧૪૦ થી સદરહુ ઈમારત અથવા જમીન ઉપર નગરપાલિકાને આપેલા હકને અસર થાય છે એમ સમજવું નહિ.

## (૩) ફી લેવાની સત્તા.

**અમુક લાઈસન્સો માટે ફી લઈ શકાશે.**

૧૧૮. (૧) આ અધિનિયમ અન્વયે કોઈ લાઈસન્સ આપવામાં આવે અથવા કોઈ કામચલાઉ બાંધકામ કરવા માટે અથવા બહાર નીકળી આવતો કોઈ ભાગ મૂકવા માટે અથવા નગરપાલિકાને પ્રાપ્ત થયેલ કોઈ સાર્વજનિક રસ્તા અથવા બીજી જમીનનો કામચલાઉ ભોગવટો કરવા માટે તે લાઈસન્સ અન્વયે પરવાનગી આપવામાં આવે, ત્યારે એવું લાઈસન્સ અથવા એવી પરવાનગી આપનાર અધિકારી તે બદલ ફી લઈ શકશે :

પરંતુ બહાર નીકળી આવતો ભાગ મૂકવા માટે પરવાનગી આપવામાં આવી હોય, ત્યારે એવી પરવાનગી આપ-નાર અધિકારી એવો બહાર નીકળી આવતો ભાગ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી દર વર્ષે આવર્તક ફી લઈ શકશે.

**અનધિકૃત ભોગવટા અથવા બહાર નીકળી આવતા ભાગ માટે ફી વસૂલ કરવા બાબત.**

(૨) કોઈ વ્યક્તિ નગરપાલિકાની પરવાનગી અથવા લાઈસન્સ સિવાય કોઈ બાંધકામ કરે, અથવા બહાર નીકળી આવતો ભાગ મૂકે અથવા નગરપાલિકાને પ્રાપ્ત થયેલ કોઈ સાર્વજનિક રસ્તા અથવા બીજી જમીનનો ઉપ-યોગ અથવા ભોગવટો કરે, તો નગરપાલિકા તેની પાસેથી ગુનેગારી તરીકે વધારે ફી લઈ શકશે, આવી ફી આપ-વાને જવાબદાર હોય તે વ્યક્તિ આ અધિનિયમના અથવા તે સમયે અમલમાં હોય એવા બીજા કોઈ કાયદાની જોગ-વાઈ અન્વયે બીજી જે કોઈ શિક્ષા અથવા જવાબદારીને પાત્ર હોય તે શિક્ષા અથવા જવાબદારી ધ્યાનમાં લીધા સિવાય આવી ફી વસૂલ કરી શકાશે.

આવી વધુ ફીના દર નિયમોથી નક્કી કરવા જોઈએ.

બજાર બાબતની બીજી ફી.

(૩) મુખ્ય અધિકારી નગરપાલિકાની માલિકીની હોય તેવી કલમ ૨૭૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં જણાવેલી કોઈ જગાના ઉપયોગ માટે તે જ ખંડ અન્વયે કરેલા ઉપ-નિયમોથી નક્કી કરવામાં આવે તેવી ફી પણ લઈ શકશે.

## (૪) અમુક કરોના સંબંધમાં ખાસ જોગવાઈઓ.

પૂરા પાડેલા પાણી માટેના કરને બદલે નક્કી કરેલા ચાર્જ તથા પૈસા આપ-વાની કબૂલાતો

૧૧૯. (૧) નગરપાલિકા પાણીનો આકાર નાખવાને બદલે અથવા જ્યાં પાણીનો આકાર નાખવામાં આવ્યો હોય ત્યાં વ્યક્તિગત કિસ્સામાં નાખેલો આકાર વસૂલ કરવાને બદલે કોઈ ખાનગી જમીનનો અથવા ઈમારતનો અથવા તેવી જમીનો અથવા ઈમારતો અંગે વાપરવા માટે નગરપાલિકાની માલિકીનું પાણી પુરું પાડવાના સંબંધમાં--

(ક) એવી રીતે પાણી પૂરું પાડવા માટે માપ ઉપરથી નક્કી કરેલા પાણીના વપરાયેલા જથ્થા પ્રમાણે કલમ ૨૭૧ અન્વયે અમલમાં હોય એવા નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે એવા દર કરતાં વધુ ન હોય એવા દરે ચાર્જ નક્કી કરી શકશે ; અથવા

(ખ) કોઈ વ્યક્તિની અરજી ઉપરથી તે વ્યક્તિને મુદતે મુદતે પૈસા લઈને અથવા બીજી રીતે નગરપાલિકાની માલિકીનું પાણી નગરપાલિકા તે વ્યક્તિની સાથે કબૂલાત કરીને પોતે નક્કી કરે તેટલા જથ્થામાં અથવા નક્કી કરે તેવા ઘરગથ્થું શોભાના અથવા સિંચાઈના અથવા વેપારના અથવા માલ બનાવવાના અથવા બીજા કોઈપણ હેતુ માટે નક્કી કરે તેવી બોલીઓ અને શરતોને આધીન રહીને પૂરું પાડવા બદલ તે વ્યક્તિ ગોઠવણ કરી શકશે :

પરંતુ--

(ક) એવી રીતે પાણી પૂરું પાડવા માટે જરૂરનાં તથા આનુષાંગિક હોય એવાં મીટરો, જોડાણ પાઈપો તથા બીજા તમામ કામો તથા એવાં કામોની તમામ મરામત, તેમાં કરવાના વધારા તથા ફેરફાર નગરપાલિકાના નિયંત્રણ હેઠળ રહેશે અને તે બાબતનું ખર્ચ, નગરપાલિકાના નિયમો અને ઉપનિયમો સાથે અસંગત ન હોય તેટલે અંશે એવી રીતે પાણી પૂરું પાડવાના સંબંધમાં નક્કી કરેલા ચાર્જ અથવા પૈસા આપવાને જવાબદાર હોય તે વ્યક્તિઓએ આપવું જોઈશે; અને

(ખ) એવી રીતે પૂરું પાડવાનું પાણી, કલમ ૨૭૫ અન્વયે તે સમયે અમલમાં હોય તે ઉપનિયમોમાં તે કેટલું પૂરું પાડવું તેના પ્રમાણ બાબત અથવા તે બંધ કરવા બાબત અને તે નકામું જતું અથવા તેનો ગેરઉપયોગ થતો અટકાવવા બાબત જે શરતો ઠરાવી હોય તે શરતોને અધીન રહીને, પૂરું પાડવામાં આવશે અથવા પૂરું પાડવામાં આવ્યું છે એમ ગણાશે.

ખાસ સફાઈ ઉપકરને બદલે ખાસ પટ્ટી નક્કી કરવાની સત્તા.

(૨) નગરપાલિકાએ કોઈ કારખાનું, હોટેલ અથવા ક્લબ અથવા કોઈ એક જ હેતુ માટે ઉપયોગમાં લેવાતી અથવા એક જ વહીવટ હેઠળની ઈમારતો અથવા જમીનોના સમૂહને સાફ કરવાનો પ્રબંધ કર્યો હોય, ત્યારે તેના સંબંધમાં આ પ્રકરણ અન્વયે નાખેલો કોઈ ખાસ સફાઈ ઉપ-કર બેસાડવાને બદલે નગરપાલિકા ખાસ પટ્ટી નક્કી કરી શકશે અને તેના પૈસા મુદતે મુદતે ભરવાની તારીખો તથા બીજી શરતો નક્કી કરી શકશે; આવી પટ્ટી, તારીખો અને શરતો—

(૧) કલમ ૨૭૧ અન્વયે તે સમયે અમલમાં હોય તેવા નિયમો અનુસાર, અથવા

(૨) જે વ્યક્તિ ઉપ-કર ભરવાને બીજી રીતે પાત્ર થાય તે વ્યક્તિ સાથે લેખિત કબૂલાત કરીને નક્કી કરવાં જોઈશે :

પરંતુ આવી પટ્ટીની રકમ નક્કી કરતી વખતે, જે સેવા બજાવવાની હોય તે બદલ નગરપાલિકાને, જે ખર્ચ થવાનો સંભવ હોય તે પ્રત્યે યોગ્ય લક્ષ આપવું જોઈશે.

વાહનો અથવા પશુઓ ઉપરના કર બદલ તોડજોડ કરવાની સત્તા.

(૩) નગરપાલિકાએ નગરની અંદર સવારી કરવા, ખેંચવા અથવા ભાર લઈ જવા માટે વપરાતાં અને વપરાશ માટે રાખેલાં વાહનો અથવા પશુઓ પર કર નાખ્યો હોય ત્યારે કોઈપણ અશ્વશાળા રાખનાર અથવા વેચાણ અથવા ભાડે આપવા માટે ઘોડા અથવા વાહનો રાખનાર, ઉપર કહ્યા પ્રમાણે નાખેલા કર બદલ જે કોઈ રકમ આપવાને બીજી રીતે જવાબદાર થાત તે રકમને બદલે, નગરપાલિકાએ એકી વખતે એક વર્ષ કરતાં વધારે ન હોય તેવી કોઈપણ મુદત માટે એકસામટી રકમ આપવા બાબત તે રાખનારની સાથે તોડજોડ કરી શકશે.

(૪) પેટા-કલમ (૧) અન્વયે ચાર્જ આપવાના પૈસા આવા ખાસ ચાર્જ તરીકે અથવા પેટા-કલમ (૨) અન્વયે ખાસ પટ્ટી તરીકે અથવા પેટા-કલમ (૩) અન્વયે એક સામટી રકમ તરીકે આપવા હોય તે રીતે નગરપાલિકા તરફથી માગવામાં આવતી દરેક રકમ પ્રકરણ ૯ના હેતુઓ માટે સદરહુ પ્રકરણ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈ દર બદલ માગવામાં આવતી રકમ તરીકે ગણાશે અને તે રીતે જ વસૂલ કરી શકાશે.

આ કલમ અન્વયે માગવામાં આવતી રકમોની વસૂલાત.

પરંતુ નગરપાલિકાની માલિકીના હોય પણ આ અધિનિયમના હેતુઓ માટે જરૂરના ન હોય એવા પાણીનો કોઈપણ જથ્થો નગરની હદની બહાર વાપરવા માટે નગરપાલિકાને યોગ્ય લાગે તે દરે તથા તેની શરતોએ પૂરો પાડવા માટે કોઈ વ્યકિત સાથે કરાર કરવાના નગરપાલિકાના હક અથવા સત્તાને આથી આ કલમના કોઈપણ મજકૂરને અસર થશે નહિ.

૧૨૦. નગરની હદમાંના પવિત્ર સ્થાનમાં મુદતે મુદતે જતા યાત્રિકો ઉપર આ અધિનિયમ અન્વયે કોઈ કર નાંખવામાં આવે, ત્યારે વિકાસ કમિશનર, આવા કર બાબત એકંદરે વસૂલ થયેલી રકમનો પોતાને યોગ્ય લાગે તેટલો ભાગ જિલ્લા પંચાયત માટે અથવા આવું નગર જે તાલુકામાં હોય તે તાલુકા ઉપર જે તાલુકા પંચાયતના અધિકાર હોય તે તાલુકા પંચાયત માટે અથવા અંશત: સદરહુ જિલ્લા પંચાયત માટે અને અંશત: તાલુકા પંચાયતો માટે મુકરર કરવાનું તથા તેને આપવાનું આવા નગરની નગરપાલિકાને ફરમાવી શકશે; અને એવી રીતે મુકરર કરેલો ભાગ સદરહુ પંચાયત અથવા પંચાયતોએ પોતપોતાના અધિકાર હેઠળનાં ક્ષેત્રોમાં સદરહુ યાત્રિકોના આરોગ્ય, સગવડ અને સુરક્ષિતતામાં વૃદ્ધિ કરે એવા કામોમાં વાપરવો જોઈશે.

યાત્રિકો ઉપરના કરનો કાંઈક ભાગ પંચાયતો માટે મુકરર કરી શકાશે.

## (૫) ઓકટ્રોય અને ટોલ

૧૨૧. જે કોઈ પશુ અથવા માલના પ્રવેશ માટે ઓકટ્રોઈ ભરવાની હોય તેવાં પશુ અથવા માલને લઈ જતી કોઈ વ્યકિતને ઓકટ્રોય ભર્યા સિવાય નગરમાં દાખલ થતો અટકાવવા માટે આવશ્યક હોય એવા અસરકારક પગલાં નગર ઓકટ્રોય હદ ઉપર નગરપાલિકા લે તો તે કાયદેસર ગણાશે:

પરંતુ આવા કોઈ અસરકારક પગલાં લેતી વખતે ઓકટ્રોય હદ ઉપર સામાન્ય અવરજવરને ઓછામાં ઓછી અગવડ થાય તે જોવાની સંભાળ લેવી જોઈશે.

ઓકટ્રોય ભર્યા સિવાય પ્રવેશ થતો અટકાવવા માટે અસરકારક પગલાં લેવાની સત્તા.

૧૨૨. નગરપાલિકાએ ઓકટ્રોઈ નાખવા માટેની દરખાસ્ત મંજૂરી માટે સાદર કરતી વખતે તેની સાથે કલમ ૨૭૫ના પેટા-કલમ (૩), (૪) અને (૫)ના ફરમાનોને અનુસરીને તે કલમના પેટા-કલમ (૧) ના ખંડ (ઢ)ના હેતુઓ માટેના ઉપનિયમોનો ખરડો મંજૂરી માટે સાદર કરવો જોઈશે.

ઓકટ્રોય નાખવા માટેની દરખાસ્ત સાથે ઓકટ્રોય ઉપનિયમો સાદર કરવા બાબત.

૧૨૩. (૧) નગરની ઓકટ્રોય હદમાં જેના ઉપર ઓકટ્રોય કરવાની હોય તે પશુ અથવા માલ લાવનાર અથવા તેવા હદના બહારથી આવેલા કોઈ પશુ અથવા માલ લેનાર કોઈ વ્યકિતએ, મુખ્ય અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલો અધિકાર ફરમાવે ત્યારે અને લેવાના કરની રકમ નક્કી કરવા માટે જરૂરી હોય તેટલે અંશે.

ઓકટ્રોય પાત્ર ચીજો તપાસવાની સત્તા.

(ક) એવા પશુ અથવા માલની અધિકારીને તપાસણી કરવા દેવી જોઈશે, તે તપાસવા દેવો જોઈશે, તોળવા દેવો જોઈશે અને તેની બીજી વ્યવસ્થા કરવા દેવી જોઈશે; અને

(ખ) તેવા પશુ અથવા માલને લગતી તેની પાસે હોય તેવી માહિતી તે અધિકારીને જણાવવી જોઈશે તથા તેવા પશુ અથવા માલને લગતાં તેના કબજામાં હોય તેવા કોઈ બિલ, ભરતિયું અથવા તેવા પ્રકારનો દસ્તાવેજ દેખાડવા જોઈશે;

(ગ) તેને દેખાડેલો દસ્તાવેજ ખરો અને બરાબર હોવા બાબતનો લેખિત એકરાર તે અધિકારી સમક્ષ કરવો જોઈશે.

**ઓક્ટ્રોય લઈ શકાય એમ હોય તે પ્રસંગે ઝડતી લેવાની સત્તા.**

(૨) નગરની જે ઓક્ટ્રોઈ હદમાં ઓક્ટ્રોઈ લઈ શકાય એમ હોય તે હદમાં કોઈ વાહન અથવા દાગીનો લાવનાર અથવા તે હદની બહારથી કોઈ વાહન અથવા દાગીનો લેનાર કોઈ વ્યકિત મુખ્ય અધિકારીએ આ અર્થે અધિકૃત કરેલો કોઈ અધિકારી માગણી કરે એટલે તેને, તે વાહન અથવા દાગીનામાં ઓક્ટ્રોઈ આપવાની હોય તેવા કોઈ વસ્તુ છે કે નહિ તે નક્કી કરવા માટે તે વાહન અથવા દાગીનામાંની ચીજોની તપાસણી કરવાની ના પાડે તો તે અધિકારી તે વાહન અથવા દાગીનો બિનજરૂરી વિલંબ કર્યા સિવાય મેજિસ્ટ્રેટ સમક્ષ અથવા રાજ્ય સરકાર આ અર્થે નામ અથવા પદથી નગરપાલિકાના જે અધિકારીને નીમે તેના સમક્ષ લેવડાવવી જઈ શકશે અને તે મેજિસ્ટ્રેટે અથવા અધિકારીએ પોતાની હાજરીમાં તપાસણી કરાવવી જોઈશે.

**ઓક્ટ્રોય બદલ બિલ આપવા બાબત.**

૧૨૪. નગરપાલિકાએ આપેલા અધિકાર ઉપરથી ઓક્ટ્રોઈ માગનાર અધિકારીએ જે કોઈ વસ્તુ ઉપર કર માગવામાં આવતો હોય તે વસ્ત લાવનાર અથવા લેનાર દરેક વ્યક્તિને એક બિલ આપવું જોઈશે અને તે બિલમાં તે કર જેના ઉપર લેવાના હોય તે પશુ અથવા માલ, માગેલાં રકમ અને જે દરે ગણ્યાં હોય તે દર નિર્દિષ્ટ કરવા જોઈશે.

**ઓક્ટ્રોય ભરવાનું ટાળવા બદલ શિક્ષા.**

૧૨૫. નગરમાં આવતું કોઇ પશુ અથવા માલ ઓક્ટ્રોઇ આપવાને પાત્ર હોય તે ત્યારે જે કોઈ વ્યક્તિ નગરપાલિકાને ઠપકાના ઈરાદાથી, એવું કોઈ પશુ અથવા એવો કોઈ માલ નગરની ઓક્ટ્રોઈ હદમાં લાવવામાં આવે એટલે તેના ઉપર જે ઓક્ટ્રોઈ ભરવી પડે તે ઓક્ટ્રોઈ આપ્યા સિવાય અથવા આપવા માંડયા સિવાય તે હદમાં બીજા મારફત લાવે અથવા લાવવાનાં કામમાં મદદગારી કરે અથવા જાતે લાવે અથવા લાવવાની કોશિશ કરે અથવા ઓક્ટ્રોઈ હદમાં કોઈ પશુ અથવા માલ લાવવાના સંબંધમાં ક્લમ ૧૨૪માં ઉલ્લેખેલ અધિકારીઓએ આપેલ કોઈ આદેશનું પાલન કરવામાં ચૂક કરે તે વ્યક્તિને તે ઓક્ટ્રોઈની દસ ગણી રકમ અથવા પચાસ રૂપિયા એ બેમાંથી જે રકમ વધારે હોય તે રકમ સુધીના દંડની શિક્ષા થઈ શકશે.

**ટોલના કોષ્ટકો માંગવામાં આવે એટલે બતાવવા.**

૧૨૬. આ અધિનિયમ અન્વયે કોઈ ટોલ નાખનારી નગરપાલિકાએ તે ટોલ વસૂલ કરવાનો હોય તે દરેક સ્થળે નિયમોમાં ઠરાવેલા તમામ દાખલામાં વસૂલ કરવાની રકમો દર્શાવનારું એક કોષ્ટક, એવા ટોલ આપવાની જવાબદારીની તોડજોડ મદતે મદતે પૈસા ભરીને જે બોલીઓએ કરી શકાય તેવી કોઈ બોલીઓ હોય તો તે બોલીઓ સહિત ગુજરાતીમાં અને અંગ્રેજી ભાષામાં રખાવવું જોઈશે અને ટોલ આપવાની માગણી કરવાને અધિકૃત કરેલી વ્યક્તિની એ ફરજ રહેશે કે તેણે જે કોઈ વ્યક્તિ પાસે એવી માગણી કરવામાં આવે તે વ્યક્તિ માગે એટલે તેને આવું કોષ્ટક બતાવવું જોઈશે.

**ઓક્ટ્રોય અથવા ટોલ ભરવામાં ન આવે તો વાહન અથવા પશુ અથવા માલ પકડવા દેવાની સત્તા.**

૧૨૭. (૧) નગરપાલિકાએ વસુલ કરવાની કોઈ ઓક્ટ્રોઈ અથવા કોઈ ટોલની માગણી થયેથી ભરવામાં ન આવે ત્યારે આવી ઓક્ટ્રોઈ અથવા ટોલ વસૂલ કરવા માટે નીમેલી કોઈ વ્યકિત જે પશુ અથવા માલ ઉપર એવી ઓક્ટ્રોય લેવાની હોય તે પશુ અથવા માલ, અથવા જે વાહન અથવા પશુ બદલ ટોલ લેવાનો હોય તે વાહન, પશુ અથવા માગણી ભરપાઈ કરવા માટે પૂરતો હોય તેટલા કિંમતનો તે વાહન અથવા પશુ ઉપરના ભારનો કોઈ ભાગ પકડી શકશે તથા અટકાવી રાખી શકશે. તેમ થયેથી પકડેલાં વાહન અથવા પશુ અથવા ચીજ જેના કબજામાં હોય તે વ્યકિતઓને તેણે તે મિલકતની યાદી આપવી જોઈશે અને તે યાદી સાથે અનુસૂચિ છઠ્ઠીમાં નિર્દિષ્ટ કરેલા નમૂના પ્રમાણેની લેખિત નોટિસ આપવી જોઈશે.

**પકડેલી મિલકત તરતોતરત વેચી દેવાની સત્તા.**

(૨) જ્યારે પકડેલી કોઈ મિલકત જલ્દી બગડી જાય એવી હોય અથવા તેને રાખવાનું ખર્ચ, તેના ઉપર લેવાની ઓક્ટ્રોઈ અથવા ટોલની રકમમાં ઉમેરતાં તેની કિંમત વધી જવાનો સંભવ હોય, ત્યારે એવી મિલકત પકડનાર વ્યકિત તે મિલકત તરતોતરત વેચી દેવામાં આવશે એવી ખબર જેના કબજામાં તે હતી તે વ્યકિતને આપી શકશે; અને માગવામાં આવેલી ઓક્ટ્રોઈ અથવા ટોલની રકમ તરત ભરવામાં ન આવે, તો તેણે તે મિલકત તદનુસાર વેચી અથવા વેચાવી દેવી.

**રકમ ભર્યે મિલકત છૂટી કરવા.**

(૩) વેચાણ શરૂ થયું હોય તે પહેલાં કોઈપણ વખતે જે વ્યકિતના કબજામાંથી મિલકત પકડવામાં આવી હોય તે વ્યકિત થયેલ તમામ ખર્ચ તથા ભરવાની થતી ઓક્ટ્રોઈ તથા ટોલની રકમ નગરપાલિકાની કચેરીમાં ભરે તો મુખ્ય અધિકારીએ પકડેલી મિલકત તેને તરત સોંપી દેવી જોઈશે.

**વેચાણ.**

(૪) આવી રીતે રકમ ભરવામાં ન આવે તો, પકડેલી મિલકત વેચી શકાશે અને તેવા વેચાણની ઉપજ, તેવી ઓક્ટ્રોઇ અથવા ટોલની રકમ તથા તે મિલકત પકડવાને, અટકાવી રાખવાને અને વેચવાને આનુષંગિક હોય એવું ખર્ચ આપવાના કામમાં લેવામાં આવશે.

**વધેલી રકમની વ્યવસ્થા કેવી રીતે કરવી.**

(૫) વેચાણની ઉપજમાંથી જો કંઈપણ રકમ વધે તો તે નગરપાલિકાના ફંડ ખાતે જમા કરવી જોઈશે અને તે રકમ વેચાણ પછીના તરતના ત્રણ વર્ષની અંદર મુખ્ય અધિકારીને લેખિત અરજી કરવામાં આવ્યે, મિલકત પકડવામાં આવી હોય તે વખતે તે જેના કબજામાં હોય તે વ્યકિતને આપી શકાશે, એવી કોઈપણ અરજી કરવામાં ન આવે, તો તે રકમ નગરપાલિકાની મિલકત થશે.

**કોઈ વ્યકિત અથવા પેઢી અથવા સાર્વજનિક મંડળ પાસેથી માલ હદમાં લાવતી વખતેઓકટ્રોઈ વસૂલ કરવાને બદલે તેની સાથે ચાલુ ખાતું રાખવાની સત્તા.**

૧૨૮. કારોબારી સમિતિ, જે પશુ અથવા માલ સંબંધમાં ઓકટ્રોઈ વસૂલ કરવાની હોય તે પશુ અથવા માલ નગરની ઓકટ્રોઈ હદમાં લાવવામાં આવે તે વખતે કોઈ વ્યકિત, વેપારી, પેઢી અથવા સાર્વજનિક મંડળ પાસે લેણી થતી ઓકટ્રોઈ આપવાનું તેને ફરમાવવાને બદલે, પોતાને યોગ્ય લાગે તો કોઈપણ વખતે એવો આદેશ કરી શકશે કે એવી વ્યકિત, પેઢી અથવા મંડળ પાસે એવી રીતે લેણી થતી, ઓકટ્રોઈનું એક ચાલુ ખાતું નગરપાલિકા વતી રાખવું એવા ખાતાનો હિસાબ ત્રણ મહિના કરતાં વધારે ન હોય તેટલી મુદતે પતાવવો અને તેવી વ્યકિતએ, પેઢીએ અથવા સાર્વજનિક મંડળે ઓકટ્રોયનાં એવા લેણાં સંબંધમાં પોતાના કબજામાં હોય તેવી માહિતી અથવા વિગતે આપવી અને એવી વ્યકિત, પેઢી અથવા મંડળ પાસેથી કોઈપણ વખતે લેણી થાય તે રકમ ભરપાઈ કરવા માટે કારોબારી સમિતિ અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલો અધિકારી પૂરતી ગણે એટલી રકમ અનામત મૂકવી અથવા તેટલી રકમનું તારણ આપવુ. એવી કોઈપણ મુદત પૂરી થાય તે વખતે એ રીતે લેણી થયેલી કોઈપણ રકમ પ્રકરણ ૯માંના હેતુઓ માટે સદરહુ પ્રકરણ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈપણ કર બદલ માગવામાં આવતી, રકમ હોય એમ ગણાશે અને તેવી રકમ વસૂલ કરી શકાય તે રીતે જ વસૂલ કરી શકાશે.

**એક સાર્વજનિક મંડળે બીજા સાર્વજનિક મંડળો વતી ઓકટ્રોઈ વસૂલ કરવા બાબત.**

૧૨૯. કલમ ૬૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલી કોઈ કબૂલાત કરવામાં આવી હોય ત્યારે કબૂલાત કરનાર મંડળો પૈકી, કબૂલાતની બોલીઓમાં આ અર્થે નિર્દિષ્ટ કરવી પડતી હોય એવી એક મંડળને જે વિસ્તારમાં ઓકટ્રોઈ વસૂલ કરવાની હોય તે આખા વિસ્તાર માટે પોતાને જરૂરી જણાય તેવી ઓકટ્રોઈની હદો તથા જરૂર જણાય તેવી ઓકટ્રોયના નાકા સ્થાપવાની સત્તા રહેશે અને તેવી રીતે સ્થાપવામાં આવેલી હદોની અંદર લાવવામાં આવેલાં પશુઓ અથવા માલ અથવા તે બંને ઉપર તેને ઓકટ્રોઈ વસૂલ કરવાની તેવી જ સત્તા રહેશે અને તે મંડળ જે અધિનિયમ અન્વયે રચવામાં આવ્યું હોય તે અધિનિયમની ઓકટ્રોઈને લગતી જોગવાઈઓ એવી રીતે સ્થાપવામાં આવેલી હદો જાણે તે મંડળના તાબા હેઠળના વિસ્તારની અંદર પૂર્ણતઃ આવેલી હોય તેવી જ રીતે લાગુ પડશે, અને વસૂલ કરેલી રકમ તથા વસૂલ કરવામાં થયેલું ખર્ચ કબૂલાતમાં નક્કી કરવામાં આવ્યો હશે તેવા પ્રમાણમાં કબૂલાત કરતાં મંડળો વચ્ચે કલમ ૬૧ની જોગવાઈઓને અધીન રહીને વહેંચી આપવામાં આવશે.

**ઓક્ટ્રોય ઉઘરાવવા બાબત.**

[૧૨૯-ક. (૧) રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, ઓકટ્રોય વસૂલ કરવા માટે નગરપાલિકા, જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ઈજારો આપે, તો તે કાયદેસર ગણાશે.

(૨) ઈજારાની શરતો મુજબ આપવાની સઘળી રકમો ચુકવવામાં આવે નહિ, તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૩) ઈજારદાર અને ઓકટ્રોય એકઠી કરવામાં પોતાને મદદ કરવા સારુ ઈજારદારે નોકરીમાં રાખેલી દરેક વ્યકિત આ અધિનિયમ હેઠળ તે એકઠી કરવા માટે નગરપાલિકાએ નીમેલી વ્યકિતઓ હોવાનું ગણાશે અને આ અધિનિયમ હેઠળ આવી ઓકટ્રોય એકઠી કરવા માટે નીમાયેલી વ્યકિતઓની બધી સત્તા વાપરશે અને તેમની જવાબદારીઓને અધીન રહેશે.

(૪) આવી કોઈ ઓકટ્રોઈ લેવા, એકઠી કરવા અને વસૂલ કરવા માટેના કોઈ નિયમ અથવા હુકમો, આ કલમની જોગવાઈઓને અધીન રહીને, અમલમાં આવશે.]

## (૬) નગરપાલિકાના કરના સંબંધમાં રાજ્ય સરકારની સત્તા.

**વાંધાપાત્ર યોગ્ય કર લેવાનું મોકૂફ રાખવાની રાજ્ય સરકારની સત્તા.**

૧૩૦. (૧) કરવામાં આવેલી ફરીયાદ ઉપરથી અથવા બીજી રીતે રાજ્ય સરકારને કોઈપણ વખતે એવું જણાય કે નગરપાલિકાએ લેવાનો કોઈ કર તેની વ્યાપ્તિની દષ્ટિએ અયોગ્ય છે અથવા તે કર અથવા તેનો કોઈ ભાગ લેવો તે લોકસમસ્તના હિતને અનિષ્ટકર્તા છે તો રાજ્ય સરકાર, હુકમ કરીને સદરહુ કર બાબત જે કાંઈ વાંધા હોવાનું પોતાને જણાતું હોય તે વાંધા પોતે આ અર્થે નક્કી કરે તેવી મુદતમાં દૂર કરવા માટે પગલાં લેવા નગરપાલિકાને ફરમાવી શકશે; અને આવી રીતે નક્કી કરેલી મુદતની અંદર આવા ફરમાનનો અમલ રાજ્ય સરકારને ખાતરી થાય તેવી રીતે કરવામાં ન આવે, તો રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આવો કર અથવા તેનો તેવો ભાગ લેવાનું તેની સામેનો વાંધો દૂર કરવામાં ન આવે ત્યાં સુધી મોકૂફ રાખી શકશે:

પરંતુ આવો કોઈ હુકમ અથવા જાહેરનામું શા માટે કરવા ન જોઈએ તેનું કારણ દર્શાવવાની તક નગરપાલિકાને આપવામાં આવી હોય તે સિવાય આવો હુકમ કે જાહેરનામું કરવાં નહિ;

(૨) રાજ્ય સરકાર કોઈપણ વખતે તેવું જ જાહેરનામું પ્રસિદ્ધ કરીને, પેટા-કલમ (૧) અન્વયે લેવાતા કરની કોઈપણ મોકૂફી રદ કરી શકશે.

---

૧. સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ-૩થી નવી કલમ ૧૨૯-ક દાખલ કરેલ છે.

**નગરપાલિકાને કર નાખવાનું ફરમાવવાની રાજ્ય સરકારની સત્તા.**

૧૩૧. કોઈ નગરપાલિકાની નગરપાલિકા ફંડની સિલક, કલમ ૨૫૯ અન્વયે કરેલા કોઈ ખર્ચ માટે અથવા જે ફરજ બજાવવા માટે મુદત નક્કી કરવાનો રાજ્ય સરકારે કલમ ૨૬૨ અન્વયે વિકાસ કમિશનરને આદેશ કર્યો હોય તે ફરજ બજાવવા માટે અપૂરતી છે એવું રાજ્ય સરકારને જણાય ત્યારે રાજ્ય સરકાર, જાહેરનામું પ્રસિદ્ધ કરીને, તેમાં નિર્દિષ્ટ કરેલા તથા કલમ ૯૯ અન્વયે સદરહુ નગરમાં નાખી શકાય હોય એમ પણ તે સમયે નાંખેલો ન હોય તે કોઈ કર નગરમાં નાખવાનું અથવા કોઈ વિદ્યમાન કર, પોતાને યોગ્ય લાગે તે રીતે અથવા તેટલે અંશે વધારવાનું નગરપાલિકાને ફરમાવી શકશે; અને નગરપાલિકાને તે ફરમાન અનુસાર આવો કર કલમ ૧૦૧ અન્વયે તે હેતુ માટે જાણે નગરપાલિકાનો ઠરાવ પસાર થયો હોય તે પ્રમાણે જ, આ પ્રકરણની જોગવાઈઓ અન્વયે નાખવાને અથવા વધારવાને તરત આગળ કાર્યવાહી કરવી જોઈશે;

પરંતુ—

(ક) આવો કર નાખવા અથવા વધારવા સામે નગરપાલિકા અથવા નગરની કોઈ રહેવાસી જે કોઈ વાંધો લે તે રાજ્ય સરકારે વિચારણામાં લેવો જોઈશે.

(ખ) આવો કર નાખવામાં આવ્યા પછી નગરપાલિકા તે વસૂલ કરવાનું માંડી વાળે અથવા તેમાં ફેરફાર કરે અથવા તે રદ કરે તો તે કાયદેસર ગણાશે નહિ;

(ગ) આ કલમ અન્વયે પોતે કર્યું હોય તે ફરમાન રાજ્ય સરકાર કોઈપણ વખતે રદ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અને ત્યારપછી તે કરની જે બાકી તે વખત સુધી લેણી થઈ હશે તે બાકી સિવાય, તે કર અથવા તેનો વધારો તેમ થયેથી વસૂલ કરવાનું બંધ થશે અથવા તદનુસાર તેમાં ફેરફાર કરવામાં આવશે.

## પ્રકરણ ૯મું.

### નગરપાલિકાના માગણાંની વસૂલાત

**કર માટે બિલ આપવા બાબત.**

૧૩૨. (૧) જે કોઈ રકમ—

(ક) આ અધિનિયમની કોઈ જોગવાઈથી અથવા તે અન્વયે આ પ્રકરણમાં ઠરાવેલી રીતે વસૂલ કરી શકાય એવી જાહેર કરવામાં આવી હોય, અથવા

(ખ) કલમ ૧૨૭ની પેટા-કલમ (૧) અન્વયે વસૂલ કરી શકાય એવી ન હોઈને અથવા કોઈ ઓક્ટ્રોઈ અથવા ટોલ બદલ માગણી થાય એટલે તરત ભરવાની ન હોઈને કોઈ નગરમાં હાલ નાંખેલા અથવા હવે પછી નાખવામાં આવે એવા બીજા કોઈ કર બદલની રકમ અથવા તેના હપ્તા તરીકે માગી શકાય એવી હોય, તે લેણી થાય ત્યારે મુખ્ય અધિકારીએ વ્યવહાર્ય હોય તેટલો ઓછો વિલંબ કરીને, તે રકમ ભરવાને જવાબદાર હોય તેવી કોઈ વ્યક્તિને લેણી રકમ તરીકે માગવામાં આવતી રકમ બદલ બિલ અપાવવું જોઈશે.

**બિલમાં કેવી વિગત હોવી જોઈશે.**

(૨) એવા દરેક બીલમાં તે રકમ જે મુદત માટે માગી હોય તે મુદત અને જે મિલકત, ધંધો અથવા વસ્તુના સંબંધમાં માગવામાં આવતી હોય તે મિલકત, ધંધો અથવા વસ્તુ નિર્દિષ્ટ કરવા અને તેમાં તે રકમ ભરવામાં કસુર થાય તો જે જવાબદારી વહોરવામાં આવે તે બાબત અને આમાં હવે પછી ઠરાવ્યા પ્રમાણે તેવી માગણી વિરુદ્ધની અપીલ જે મુદતની અંદર કરી શકાય તે મુદત બાબત નોટિસ પણ આપેલી હોવી જોઈશે.

(૩) જે વ્યક્તિને ઉપર કહયા પ્રમાણે કોઈ બિલ આપવામાં આવ્યું હોય તે વ્યક્તિ તે બિલ આપ્યાની તારીખથી પંદર દિવસની અંદર જો—

(ક) તે બિલમાં લેણી તરીકે માગેલી રકમ આપે નહિ, અથવા

(ખ) મુખ્ય અધિકારીને ખાતરી થાય એવી રીતે તે રકમ ભરવાને તે શા માટે જવાબદાર નથી તેનું કારણ દર્શાવે નહિ, અથવા

(ગ) કલમ ૧૩૮ની જોગવાઈઓ અનુસાર તે માગણાં સામે અપીલ દાખલ કરે નહિ,

તો, સદરહુ રકમ ભરવાને જવાબદાર હોય તે વ્યક્તિ ઉપર મુખ્ય અધિકારી અનુસૂચિ ૪થીમાં નિર્દિષ્ટ કરેલા નમૂના પ્રમાણેની અથવા તેવી મતલબની માગણીની નોટિસ બજાવડાવી શકશે.

નગરપાલિકાની લેણી રકમની વસૂલાત માટેના જપ્તીના પગલાં.

અન્વયે માગણીની નોટિસ જેની ઉપર બજાવવામાં આવી હોય તે
૧૩૩. (૧) કલમ ૧૩૨ની પેટા-કલમ (૩) અન્વયે માગણીની નોટિસ ... ભરે નહિ તો,—

૧૩૩. (૧) કલમ ૧૩૨ની પેટા-કલમ (૩) નોટિસમાં માગણી કરેલી રકમ ભરે નહિ તો,—
વ્યકિત તે નોટિસ બજાવ્યાના પંદર દિવસની અંદર નોટિસમાં માગણી કરેલી રકમ ભરે નહિ તો,—

(૧) તેવી રકમ તે વસૂલ કરવામાં તમામ ખર્ચ સહિત પ્રમુખની સાથે વિચાર વિનિમય કરીને, મુખ્ય અધિકારીએ સહી કરેલા અનુસૂચિ ૫માં નિર્દિષ્ટ કરેલા નમૂના પ્રમાણેનાં અથવા તેવી મતલબના વોરંટ અન્વયે રકમ ભરવામાં કસૂર કરનારની જંગમ મિલકત ટાંચમાં લઈને અને વેચીને અથવા તેની સ્થાવર મિલકત જપ્ત કરીને અને વેચીને વસૂલ કરી શકાશે, અને

(૨) એવી રીતે માગણી કરેલી રકમ આ અધિનિયમ અન્વયે નગરપાલિકા તરફથી પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો, સફાઈ સેવા અથવા બીજી કોઈ સેવાના સંબંધમાં લીધેલા કોઈ કરના કારણે હોય ત્યારે આ અધિનિયમમાં રકમ વસૂલ કરવા માટે ઠરાવેલા બીજા કોઈ ઉપાયને બાધ આવ્યા સિવાય મુખ્ય અધિકારી પાણી પુરવઠો અથવા યથાપ્રસંગ, સેવા બંધ કરવા અથવા ફરી ચાલુ કરવા માટે નગરપાલિકાને થયેલા ખર્ચ સહિત એવી રીતે માંગેલી રકમ નગરપાલિકાને ચૂકવવામાં આવે અથવા આ પ્રકરણ અન્વયે વસૂલ કરવામાં આવે નહિ ત્યાં સુધી કસૂર કરનારને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો અથવા સંબંધિત સેવા બંધ કરે તો તે કાયદેસર ગણાશે.

(૨) જ્યારે એવી કોઈ મિલકતના સંબંધમાં રાજ્ય સરકાર તરફથી માગવામાં આવેલી કોઈ રકમ વસૂલ કરવા માટે કોઈ પૂર્વોપાયનાં અથવા બીજા કાંઈ પગલાં લેવામાં આવ્યા હોય ત્યારે આવી મિલકતના સંબંધમાં આ પ્રકરણ અન્વયેની કોઈપણ કાર્યવાહી બંધ પડશે.

વોરંટ કોને મોકલવું.

(૩) (ક) મિલકત બીજા નગરમાં આવેલી હોય ત્યારે વોરંટ નગરપાલિકાના કોઈ અધિકારીને મોકલવું.

(ખ) મિલકત બીજા નગરમાં આવેલી હોય ત્યારે વોરંટ નગરના મુખ્ય અધિકારીને મોકલવું;

(ગ) મિલકત મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અન્વયે રચાયેલી અમદાવાદ શહેર માટેની હોય તે સિવાયની કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલી હોય ત્યારે વોરંટ આવા મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનરને મોકલવું.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(ઘ) મિલકત કેન્ટોનમેન્ટમાં આવેલી હોય ત્યારે વોરંટ તે કેન્ટોનમેન્ટના કારોબારી અધિકારીને મોકલવું.

(ચ) મિલકત આવા મ્યુનિસિપલ કોર્પોરેશનની અથવા નગરની અથવા કેન્ટોનમેન્ટની હદમાં આવેલી ન હોય, ત્યારે વોરંન્ટ મહાલકારીથી ઊતરતા દરજ્જાનો ન હોય તેવા કોઈ સરકારી અધિકારીને મોકલવું.

(છ) મિલકત અમદાવાદ શહેરમાં આવેલી હોય ત્યારે વોરંટ અમદાવાદની સ્મોલ કોઝ કોર્ટના રજિસ્ટ્રારને મોકલવું:

પરંતુ આવો મુખ્ય અધિકારી મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, કારોબારી અધિકારી, સરકારી અધિકારી અથવા રજિસ્ટ્રાર આવું વોરંટ તેના ઉપર શેરો કરીને તાબાના અધિકારી ઉપર મોકલી શકશે.

ખાસ હુકમ અન્વયે દાખલ થવાની સત્તા.

(૪) પેટા-કલમ (૧) અન્વયે કાઢવામાં આવેલું વોરંટ જે કોઈ અધિકારીને મોકલવામાં આવ્યું હોય અથવા શેરો કરીને મોકલવામાં આવ્યું હોય તે અધિકારી વોરંટમાં તેને આ અર્થે ખાસ હુકમ આપીને અધિકૃત કર્યો હોય તો તે વોરંટ અન્વયે કબજે કરવાને પાત્ર હોય એવી મિલકત કોઈ ઈમારતમાં છે એમ માનવાને તેને વાજબી કારણ હોય અને પોતાનો અધિકાર તથા હેતુ જાહેર કરીને દાખલ થવા માટે યોગ્ય રીતે માગણી કર્યા પછી તે બીજી રીતે એમાં દાખલ થઈ શકે એમ ન હોય તો વોરંટમાં આદેશ કરેલી કોઈપણ ટાંચ મૂકવા માટે સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેના કોઈપણ વખતે તેવી ઈમારતનું કોઈપણ બહારનું અથવા અંદરનું બારણું અથવા બારી તોડીને ઉઘાડશે તો તે કાયદેસર ગણાશે :

પરંતુ સ્ત્રીઓ માટે અલાયદા રાખેલા કોઈ ઓરડામાં દાખલ થવાના અથવા તેનું બારણું તોડીને ઉઘાડવાના પોતાના ઈરાદાની નોટિસ ત્રણ કલાક અગાઉ એવા અધિકારીએ આપી હોય તે સિવાય તથા તેમાંની સ્ત્રીઓને તે ઓરડામાંથી ચાલ્યા જવાની તક આપી હોય તે સિવાય તેણે તેમ કરવું નહિ.

વોરંટ કેવી રીતે બજાવવું.

(૫) આવો કોઈ અધિકારી વોરંટથી જો તેને અધિકૃત કરવામાં આવ્યો હોય તો પેટા-કલમ (૧) અન્વયે કાઢેલા વોરંટમાં કસૂર કરનાર તરીકે જેનું નામ આપવામાં આવ્યું હોય તે વ્યકિતની કોઈ જંગમ મિલકત જ્યાં મળે ત્યાંથી નીચેની શરતો, અપવાદો અને મુકિતને અધીન રહીને તેના પર ટાંચ મૂકે અથવા તેની કોઈ સ્થાવર મિલકત જપ્તીમાં લે તો તે કાયદેસર ગણાશે, એટલે કે.—

(ક) નીચેની મિલકત ઉપર ટાંચ મૂકવી નહિ.—

(૧) કસૂર કરનારનાં, તેની પત્નીના તથા બાળકોના જરૂરનાં પહેરવાના કપડાં તથા બિછાનાં,

(૨) કારીગરનાં ઓજારો ;

(૩) કસૂર કરનાર ખેડૂત હોય ત્યારે તેનાં ખેતી ઓજાર, બીયારણ અને પોતાનું ગુજરાન ચલાવવા માટે જરૂરનાં હોય તેવાં ઢોર ;

(ખ) ટાંચમાં લીધેલી મિલકતની કિંમત વોરંટ અન્વયે વસૂલ કરવાની રકમ જેટલી લગભગ હોવી જોઈશે અને મુખ્ય અધિકારીના અથવા વોરંટ જેને મોકલવામાં આવ્યું હોય તે વ્યકિતના અભિપ્રાય પ્રમાણે ટાંચમાં લેવી જોઈતી ન હતી તેવી કોઈ મિલકત ટાંચમાં લેવામાં આવી હોય તો તે કસૂર કરનારને તરત પાછી આપવી ;

(ગ) તે અધિકારીએ મિલકત ટાંચમાં અથવા જપ્તીમાં લીધા પછી તરત તેની યાદી કરવી અને ટાંચમાં અથવા જપ્તીમાં લેતી વખતે તે જેના કબજામાં હોય તે વ્યકિત અનુસૂચિ છઠ્ઠીમાં નિર્દિષ્ટ કરેલા નમૂના પ્રમાણે લેખિત નોટિસ આપવી ;

(ઘ) (૧) મિલકત સ્થાવર મિલકત હોય ત્યારે કોઈ પણ રીતે તબદીલ કરવાનો અથવા તેના ઉપર કોઈપણ રીતે બોજો ઉત્પન્ન કરવાનો કસૂર કરનાર ઉપર પ્રતિબંધ કરવો તથા એવી તબદીલ અથવા બોજામાંથી કોઈ લાભ મેળવવાનો તમામ લોકો ઉપર પ્રતિબંધ કરતો હુકમ કરીને જપ્તી કરવી ;

(૨) તે હુકમ તે મિલકત ઉપરની અથવા તેની બાજુની કોઈ જગાએ દાંડી પીટીને અથવા રૂઢી પ્રમાણે બીજી રીતે જાહેર કરવો અને તે હુકમની એક નકલ મિલકતના સહેલાઈથી દેખાઈ આવે તેવા ભાગ ઉપર ચોડવી અને મિલકત રાજ્ય સરકારને જેના ઉપર મહેસૂલ ભરવામાં આવતું હોય એવી જમીન હોય ત્યારે તે જમીન જે જિલ્લામાં આવી હોય તે જિલ્લાના કલેકટરની કચેરીમાં પણ ચોડવી ;

(ચ) જપ્તીમાં લીધેલી મિલકતની અથવા તેમાંના કોઈ હિતની મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરવામાં આવેલી કોઈ તબદીલી અથવા તેવી મિલકત ઉપર કરેલો કોઈ બોજો, જપ્તી અન્વયે જેનો અમલ કરાવી શકાય એવાં નગરપાલિકાના તમામ માગણાં સામે નિરર્થક થશે.

ખાસ દાખલામાં ટાંચમાં લીધેલા માલનું વેચાણ.

૧૩૪. (૧) કબજે કરેલી મિલકત જલ્દી તથા કુદરતી રીતે બગડી જાય એવી હોય અથવા કસ્ટડીમાં રાખવાનું ખર્ચ તથા વસુલ કરવાની રકમ તેની કિંમત કરતાં વધી જવાનો સંભવ હોય ત્યારે તે મિલકત તરતોતરત વેચી દેવામાં આવશે. એવી નોટિસ મુખ્ય અધિકારીએ મિલકત ટાંચમાં લેતી વખતે જેના કબજામાં હોય તે વ્યકિતને તરતોતરત આપવી; અને વોરંટમાં જણાવેલી રકમ તરત ભરવામાં ન આવે તો તે મિલકત તદનુસાર તેણે વેચી દેવી.

ટાંચમાં લીધેલી અથવા જપ્તીમાં લીધેલી મિલકતનું વેચાણ અને ઉપજનો ઉપયોગ.

(૨) કબજે કરેલી મિલકત પેટા-કલમ (૧) અન્વયે તરતોતરત વેચી દેવામાં ન આવે તો ટાંચમાં અથવા જપ્તીમાં લીધેલી મિલકત અથવા સ્થાવર મિલકતની બાબતમાં તેનો જરૂર પૂરતો ભાગ મુખ્ય અધિકારી વોરંટનો અમલ મોકૂફ ન રાખે અથવા કસૂર કરનાર પાસે લેણી થયેલી રકમ નોટિસ, વોરંટ અને મિલકતની ટાંચ અથવા જપ્તી અને અટકાયતને આનુષાંગિક તમામ ખર્ચ સાથે ભરવામાં આવી ન હોય તો વોરંટનો અમલ કરનાર અધિકારીએ બજાવેલી નોટિસમાં નિર્દિષ્ટ કરેલો વખત પૂરો થયેથી મુખ્ય અધિકારીના હુકમ અન્વયે જાહેર લીલામ કરીને વેચી દઈ શકાશે અને વેચાણની ઉપજ અથવા તેનો જરૂરી હોય તેવો ભાગ રાજ્ય સરકારની આવી મિલકતનાં સંબંધમાં લેણી થતી કોઈ રકમ અદા કરવાના કામમાં પ્રથમત: ઉપયોગમાં લેવામાં આવશે અને પછી લેણી થયેલી રકમ અને ઉપર કહયા પ્રમાણેનું તમામ આનુષાંગિક ખર્ચ અદા કરવાના કામમાં લેવામાં આવશે લેણી થતી રકમ ખર્ચ સાથે ઉપર કહયા મુજબ કસૂર કરનાર ભરે તે પ્રસંગે સ્થાવર મિલકત પર કોઈ જપ્તી હશે તો તે ઉઠાવી લેવામાં આવી છે. એમ ગણાશે. આ પેટા-કલમ અન્વયે સ્થાવર મિલકતનું વેચાણ તે અર્થે કરેલા નિયમોમાં ઠરાવેલી રીતે કરવું.

(૩) ઉપર કહયા પ્રમાણે સ્થાવર મિલકતનું લીલામથી વેચાણ થયા પછી ખરીદનાર તરીકે જાહેર થયેલી વ્યકિતને મુખ્ય અધિકારીએ તે મિલકતનો કબજો અપાવવો તથા તેને એવી મતલબનું પ્રમાણપત્ર આપવું કે તે પ્રમાણપત્ર જે મિલકતને લગતું હોય તે મિલકત તેણે ખરીદી છે.

(૪) લીલામમાં મૂકેલી કોઈ સ્થાવર મિલકતની બાબતમાં નગરપાલિકા નામની માંગણી કરે તો તે કાયદેસર ગણાશે, પરંતુ આવી માંગણી કરતાં પહેલાં કલેકટરની પૂર્વ મંજૂરી મેળવેલી હોવી જોઈશે.

કંઈપણ રકમ વધી હોય તો તેની વ્યવસ્થા કેવી રીતે કરવી.

(૫) કંઈપણ રકમ વધી હોય તો તે તરત નગરપાલિકા ફંડ ખાતે જમા કરવી અને એ પ્રમાણે જમા કર્યાની નોટિસ મિલકત ટાંચમાં લીધી હોય અથવા જપ્તીમાં લીધી હોય ત્યારે તે જેના કબજામાં હોય તે વ્યકિતને તે જ વખતે આપવી. જો આવી વ્યકિત આ પેટા-કલમ અન્વયે આપેલી નોટિસની તારીખથી ત્રણ વર્ષની અંદર મુખ્ય અધિકારીને લેખિત અરજી કરીને આવી વધારાની રકમ માગે તો મુખ્ય અધિ-
પાછી આપી દેવી. જો કોઈ રકમ આવી નોટિસની તારીખથી ત્રણ વર્ષની અંદર માંગવામાં ન આવે તો તે નગર-
પાલિકાની મિલકત થશે.

**નગરની બહાર વેચાણ.**

૧૩૫. વોરંટ નગરની બહાર મોકલવામાં આવ્યું હોય ત્યારે મુખ્ય અધિકારી શેરો કરીને જે અધિકારી અથવા અમદાવાદની સ્મોલ કોઝ કોર્ટના રજિસ્ટ્રારને વોરંટ મોકલવામાં આવ્યું હોય તે અધિકારી અથવા રજિસ્ટ્રારને ટાંચમાં લીધેલી અથવા જપ્તીમાં લીધેલી મિલકત વેચી દેવાનો આદેશ આપી શકશે. આવા દાખલામાં તે અધિકારી અથવા રજિસ્ટ્રાર મિલકત વેચી દે અથવા કલમ ૧૩૪ની જોગવાઈઓ અનુસાર વેચાણને આનુષાંગિક જે તમામ કાર્યો કરે તથા વોરંટ તહકૂબ કરવાની સત્તા સિવાયના એવા વેચાણના સંબંધમાં કલમ ૧૩૪ના પેટા-કલમ (૧) અને (૨) અન્વયેના મુખ્ય અધિકારીની સત્તા વાપરે અને તેની ફરજો બજાવે તો તે કાયદેસર ગણાશે. આવા અધિકારીએ અથવા રજિસ્ટ્રારે વોરંટ અન્વયે વસૂલ કરવામાં આવેલી રકમ વસૂલાત માટે પોતાને થયેલ તમામ ખર્ચ બાદ કર્યા પછી જે મુખ્ય અધિકારીએ વોરંટ કાઢ્યું હોય તે મુખ્ય અધિકારીને મોકલી આપવી. તે મુખ્ય અધિકારી કલમ ૧૩૪ની જોગવાઈઓ અનુસાર તેનો નિકાલ કરશે.

**લેવાની ફી તથા ખર્ચ.**

૧૩૬. કલમ ૧૩૨ની પેટા-કલમ (૩) અન્વયે કાઢેલી દરેક નોટિસની ફી કલમ ૧૩૩ની પેટા-કલમ (૧) અન્વયે કાઢેલા દરેક વોરંટની ફી અથવા સદરહુ કલમની પેટા--કલમ (૪) અન્વયે મૂકવામાં આવેલી ટાંચ અથવા કરેલી જપ્તીની ફી અને સદરહુ પેટા-કલમ અન્વયે કબજે કરેલા કોઈ પશુનો નિભાવ કરવાનું ખર્ચ નગરપાલિકાના નિય-મોમાં અનુક્રમે તે અર્થે નિર્દિષ્ટ કરેલા દરે લઈ શકાશે અને કલમ ૧૩૩ અન્વયે લેવાના વસૂલાતના ખર્ચમાં તેનો સમાવેશ થશે.

**નગર છોડી ન જવાની તૈયારીમાં હોય એવી વ્યક્તિઓ સામે સંક્ષિપ્ત કાર્યવાહી થઈ શકશે.**

૧૩૭. (૧) મુખ્ય અધિકારીને કોઈપણ વખતે એમ માનવાને કારણ હોય કે જે કોઈ વ્યક્તિ પાસે આ પ્રક-રણની જોગવાઈઓ અન્વયે વસૂલ કરી શકાય એવી કોઈ રકમ લેણી છે અથવા લેણી થવાની તૈયારીમાં છે, તે વ્યક્તિ નગરમાંથી પોતે ચાલી જવાની તૈયારીમાં છે, તો મુખ્ય અધિકારી આ પ્રમાણે લેણી થયેલી અથવા લેણી થવાની રકમ આવી વ્યક્તિએ તાત્કાલિક આપવી એવો તેને આદેશ કરી શકશે અને તે માટેનું બિલ તેને આપાવી શકશે.

(૨) એવું બિલ આપવામાં આવ્યે સદરહુ વ્યક્તિ તેની પાસે લેણી થયેલી અથવા લેણી થવાની રકમ તરત ભરે નહિ તો તે રકમ આમાં અગાઉ ઠરાવેલી રીતે કસૂર કરનારની જંગમ મિલકત પર ટાંચ મૂકીને તથા તેનું વેચાણ કરીને અથવા તેની સ્થાવર મિલકત જપ્તીમાં લઈને તથા તેનું વેચાણ કરીને વસૂલ કરી શકાશે, પણ કસૂર કરનાર ઉપર માંગણીની કોઈ નોટિસ બજાવવાની જરૂર રહેશે નહિ અને ટાંચ તથા વેચાણ માટેનું મુખ્ય અધિકારીનું વોરંટ કોઈપણ વિલંબ કર્યા સિવાય કાઢી શકાશે તથા તેની અમલ બજવણી કરી શકાશે.

**મેજિસ્ટ્રેટ કોર્ટે અપીલ.**

૧૩૮. (૧) કલમ ૧૩૨ની પેટા-કલમ (૧) અન્વયે આપેલાં બિલમાં સમાવિષ્ટ કરેલા કોઈ માગણાં વિરુદ્ધની અપીલો સેશન ન્યાયાધીશના આદેશ અન્વયે આવા વર્ગના મુકદ્દમાનો ઈન્સાફ જે જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ અથવા એવા મેજિસ્ટ્રેટોની બેન્ચે કરવાનો હોય તેને કરી શકાશે.

(૨) (ક) જે બિલ વિરુદ્ધ ફરિયાદ હોય તે આપ્યાની તરત પછીના પંદર દિવસની અંદર અપીલ કરવામાં આવી હોય તે સિવાય; અને

(ખ) જે કારણસર નગરપાલિકાના માગણાં વિરુદ્ધ તકરાર લેવામાં આવતી હોય તે કારણો જેમાં લખ્યાં હોય એવી લેખિત અરજી ઈમારત અથવા જમીન અથવા તે બંને પરના કરની બાબતમાં તે કરનું બિલ જે આકાર અથવા ફેરવેલા આકાર પ્રમાણે તૈયાર કર્યું હોય તે આકાર અથવા ફેરવેલા આકારની કલમ ૧૦૮ અથવા ૧૦૯ અન્વયે આપેલી નોટિસમાં નક્કી કરેલી મુદતની અંદર કારોબારી સમિતિને કરવામાં આવી હોય તે સિવાય; અને

(ગ) અપીલ કરનાર પાસેથી માગેલી રકમ તેણે નગરપાલિકાની કચેરીમાં અનામત મૂકી હોય તે સિવાય; એવી કોઈ અપીલ ધ્યાનમાં લેવી નહિ.

(૩) પેટા-કલમ (૧) અન્વયે કરેલી અપીલમાં મેજિસ્ટ્રેટના અથવા મેજિસ્ટ્રેટોની બેન્ચનો નિર્ણય બેમાંથી કોઈ પક્ષકારના કહેવા ઉપરથી એવા મેજિસ્ટ્રેટના અથવા મેજિસ્ટ્રેટોની બેન્ચનો નિર્ણય વિરુદ્ધ જે કોર્ટને સાધારણ રીતે અપીલ થઈ શકતી હોય તે કોર્ટની ફેરતપાસને આધીન રહેશે.

**આકારણીના યાદીમાંની નોંધો અને કરો અને નિર્ણયો છેવટના હોવા બાબત.**

૧૩૯. (૧) આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે આકારણીની યાદીમાં કરેલી જે નોંધ વિરુદ્ધ આમાં અગાઉ ઠરાવ્યા પ્રમાણે કોઈ વાંધો લેવામાં આવ્યો ન હોય તે દરેક નોંધ તથા કોઈ કર બદલ આ અધિનિયમ અન્વયે કોઈ વ્યક્તિ પાસેથી માગવામાં આવતી દરેક રકમ આમાં અગાઉ ઠરાવ્યા પ્રમાણે કોઈ અપીલ કરવામાં આવી ન હોય તો અને કલમ ૧૩૮ની પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, તેના ઉપરનો થયેલ કોઈ અપીલ પરનો મેજિસ્ટ્રેટનો અથવા મેજિસ્ટ્રેટોની બેન્ચનો નિર્ણય છેવટનો ગણાશે.

(૨) આવી કોઈ નોંધ અથવા આવા કોઈ કર વિરુદ્ધ કરેલી કોઈ અપીલ પરના સદરહુ મેજિસ્ટ્રેટના અથવા મેજિસ્ટ્રેટોની બેન્ચના દરેક નિર્ણયનો અથવા એવી અપીલ ઉપરની ફેરતપાસમાં કરવામાં આવે તો કોઈ નિર્ણયનો મુખ્ય અધિકારીએ અમલ કરવો જોઈશે.

**જમીનો, ઈમારતો વગેરેની કર માટેની જવાબદારી.**

૧૪૦. જમીનો ઉપર અથવા ઈમારતો ઉપર અથવા તે બંને ઉપર નાખેલા કોઈ કર બદલ લેણી થયેલી તમામ રકમો, તે જમીનો અથવા ઈમારતો ઉપર સરકારનું જે કોઈપણ જમીન મહેસૂલ લેણું થયું હોય, તો તે અગાઉ ભરવાની શરતને અધીન રહીને, એવો કર જે ઈમારત અથવા જમીનના સંબંધમાં વસૂલ કરવાનો હોય તે ઈમારત અથવા જમીન ઉપર તથા એવી ઈમારત તથા જમીનની અંદર અથવા ઉપર જો કંઈ જંગમ મિલકત મળી અને આવે તે મિલકત એવો કર આપવાને જવાબદાર હોય એવી વ્યક્તિની માલિકીની હોય, તો તે જંગમ મિલકત ઉપર પ્રથમ બોજો ગણાશે :

પરંતુ આવા કોઈ કરની બાકી એક વર્ષ કરતાં વધા મુદતની હોય અથવા માલિક ન હોય એવા ભોગવટો કરનાર તે ઈમારત અથવા જમીનનો ભોગવટો જેટલી મુદત દરમિયાન કર્યો ન હોય તેટલી મુદતની લેણી હોય, તો તે બાકી આવા કોઈ ભોગવટો કરનાર પાસેથી વસૂલ કરવી નહિ.

**ભરેલી તમામ રકમો બદલ પહોંચ આપવી.**

૧૪૧. આ અધિનિયમ અન્વયે કોઈ કર બદલ ભરેલી તમામ રકમો માટે એવી રકમ લેનારે પહોંચ આપવી જોઈશે તથા તે પહોંચમાં ભરેલી રકમ અને જે કર બદલ તે ભરવામાં આવી હોય તે કર જણાવવા જોઈશે.

**અમુક રકમો જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી.**

૧૪૨. કલમ ૧૩૨ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ કોઈ રકમ લેણી થઈ હોય અને તે ભરવાને પાત્ર હોય એવી વ્યક્તિ ગુજરાત રાજ્યની બહાર રહેતી હોય અથવા તેની કંઈપણ અથવા પૂરતી મિલકત ન હોય અને આવી વ્યક્તિ પાસે રાજ્યની બહાર મિલકત હોય તે જ કારણે સદરહુ પ્રકરણની અગાઉની જોગવાઈઓ અન્વયે વસૂલ કરી શકાય એમ ન હોય ત્યારે, આવી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાપાત્ર થશે અને મહેસૂલ વસૂલાત અધિનિયમ, ૧૮૯૦ની જોગવાઈઓ તેની વસૂલાત કરવા માટે લાગુ પડશે.

સન ૧૮૯૦નો ૧લો

## ૧ પ્રકરણ—૯—ક

## નાણાં આયોગ.

**નાણાં આયોગ.**

૧૪૨-ક (૧) નાણાં આયોગે, નગરપાલિકાની નાણાંકીય સ્થિતિની પુનર્વિચારણા કરવી જોઈશે અને રાજ્ય સરકારને નીચેના સંબંધી ભલામણો કરવી જોઈશે :—

(ક) (૧) રાજ્યે નાંખેલ કર, ડ્યુટી, ટોલ અને ફીની ચોખ્ખી ઉપજ જે રાજ્ય અને નગરપાલિકાઓ વચ્ચે વહેંચી શકાય તે તેમની વચ્ચે વહેંચવાને અને તમામ સ્તરે આવી ઉપજનો તેમનો સંબંધિત હિસ્સો નગરપાલિકાઓ વચ્ચે ફાળવવાને,

(૨) નગરપાલિકાઓને સોંપી શકાય અથવા તેમના દ્વારા તેનો વિનિયોગ કરી શકાય, તેવા કર, ડ્યુટી, ટોલ અને ફી નક્કી કરવાને,

(૩) રાજ્યના એકત્રિત ફંડમાંથી નગરપાલિકાઓને સહાયક અનુદાન આપવાને, લાગુ પાડવા જોઈએ તે સિધ્ધાંતો;

(ખ) નગરપાલિકાની નાણાંકીય પરિસ્થિતિ સુધારવા માટેના જરૂરી પગલાં બાબત ;

(ગ) નગરપાલિકાઓની નાણાંકીય સધ્ધરતાના હિતમાં નાણાં આયોગને મોકલેલ બીજી કોઈ બાબત.

(૨) નાણાં આયોગે કરેલી દરેક ભલામણ, તેના ઉપર લેવાના પગલાં સંબંધી સ્પષ્ટીકરણાત્મક યાદી સાથે રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવી જોઈશે.]

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૮ થી નવું પ્રકરણ ૯—ક દાખલ કરેલ છે.

## પ્રકરણ ૧૦મું

### નગરપાલિકાઓને આર્થિક સહાય.

**જમીન મહેસૂલ વગેરે ઉઘરાવવાના ખર્ચના સંબંધમાં આપવાના વળતર બાબત.**

૧૪૩. કોઈ નગરપાલિકા, (ઉપ-કરો સહિત) જમીન મહેસૂલ ઉઘરાવવાના અને કલમ ૯૩ અન્વયે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાપાત્ર રકમો ઉઘરાવવાના ખર્ચના સંબંધમાં, રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા નક્કી કરે તે દરે વળતર મેળવવાને હકદાર થશે અને જુદી જુદી નગરપાલિકાઓ માટે જુદા જુદા દરો નક્કી કરી શકાશે.

**ગ્રાન્ટ આપવાની સરકારની સત્તા.**

૧૪૪. ૧[(૧) રાજ્ય સરકાર, ૨[નાણાં આયોગની ભલામણો વિચારણામાં લીધા પછી અથવા અન્યથા] આ અધિનિયમના કોઈપણ હેતુઓ માટે નગરપાલિકાનું નાણાં ભંડોળ વધારવા માટે નગરપાલિકાને કંઈ ગ્રાન્ટ આપવાની જરૂર છે કે કેમ તે અને જો તેમ હોય, તો તેની રકમ નક્કી કરી શકશે.

(૨) એ રીતે નક્કી કરેલી ગ્રાન્ટ પ્રત્યેક વર્ષે નગરપાલિકાને આપવી જોઈશે, પણ નગરપાલિકાઓને આપવાની ગ્રાન્ટોમાં ફેરફાર કરવા સંબંધી ૨[ નાણાં આયોગને ભલામણો વિચારણામાં લીધા પછી અથવા અન્યથા પ્રત્યેક પાંચ વર્ષની મુદત પછી તેમા ફેરફાર કરી શકાશે.]

(૩) આ કલમ અન્વયેની દરેક ગ્રાન્ટ રાજ્ય વિધાનમંડળે આ અર્થે કાયદા દ્વારા યોગ્ય વિનિયોગ કર્યા પછી આપવામાં આવશે.

**ગ્રાન્ટની શરત.**

૧૪૫. કોઈ નગરપાલિકાને ગ્રાન્ટની ચૂકવણી એ શરતને અધીન રહેશે કે જો રાજ્ય સરકારની નગરપાલિકા પાસેથી કંઈ રકમ લેણી થતી હોય, તો રાજ્ય સરકાર, રકમ નગરપાલિકા પાસેથી કલમ ૧૪૪ની પેટા-કલમ (૨)અન્વયે નગરપાલિકાને આપવાપાત્ર ગ્રાન્ટમાંથી રકમમાંથી કાપી લઈને વસૂલ કરે તો તે કાયદેસર ગણાશે.

---

## પ્રકરણ ૧૧મું

### નગરપાલિકાની સત્તા અને નગરપાલિકા સંબંધી ગુના

#### (૧) રસ્તા સંબંધી સત્તા.

**સાર્વજનિક રસ્તા બાબતની સત્તા.**

૧૪૬. (૧) નગરપાલિકા નવા સાર્વજનિક રસ્તા આંકે તથા કરે, ટનલ તથા સાર્વજનિક રસ્તાને લગતાં બીજા સહાયકારી કામો બાંધે, કોઈ સાર્વજનિક રસ્તો પહોળો કરે, ખુલ્લો કરે, મોટો કરે, અથવા બીજી રીતે સુધારે તથા ફેરવે વાળે, લંબાવે, ચાલુ ન રાખે અથવા બંધ કરે; અને એવા રસ્તાઓને માટે નગરપાલિકાએ અગાઉ વાપરેલી અથવા સંપાદન કરેલી જે જમીન કોઈ સાર્વજનિક રસ્તા માટે અથવા અધિનિયમના બીજા કોઈ હેતુઓ સારૂ જરૂરી ન હોય તે જમીન કલમ ૬૫ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, પટે આપે અથવા વેચે, તો તે કાયદેસર ગણાશે:

પરંતુ કોઈ સાર્વજનિક રસ્તો કાયમને માટે બંધ કરવાની દરખાસ્તોનો જે બેઠકમાં નિર્ણય લેવાયો હોય તે બેઠકના નિદાન એક મહિના અગાઉ સદરહુ દરખાસ્ત અંગે રહેવાસીઓને ખબર આપતી મુખ્ય અધિકારીએ સહી કરેલી એક નોટિસ નગરપાલિકાની કચેરીમાં અને જે રસ્તો અથવા રસ્તાનો ભાગ તેવી રીતે બંધ કરવા ધાર્યું હોય તે રસ્તા અથવા રસ્તાના ભાગમાં નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવી હોય તે સિવાય અને સદરહુ બેઠકની તારીખ અગાઉ કોઈપણ સમયે સદરહુ દરખાસ્તના સંબંધમાં લેખિત કરવામાં આવેલા અને મળેલાં વાંધા, જે કંઈ હોય તો, તેના પર નગરપાલિકાએ વિચારણા કરી ન હોય ત્યાં સુધી નગરપાલિકાએ તે દરખાસ્ત મંજૂર કરવી નહીં.

---

૧. સન ૧૯૯૯ના ગુજરાત અધિનિયમ ૧૨ની કલમ ૩૦ની અનુસૂચિની બાબત ૨થી પેટા--કલમો (૧) અને (૨) ને બદલે, આ પેટા--કલમો મૂકી છે.

૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૧૯થી "ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડની ભલામણો વિચારણામાં લીધા પછી " એ શબ્દોને બદલે, આ શબ્દો મૂકયા છે.

**રસ્તો બનાવવા માટે બાજુની જમીન સંપાદન કરવા બાબત.**

(૨) કોઈ સાર્વજનિક રસ્તો આંકતી વખતે, કરતી વખતે, ફેરવતી વખતે, વાળતી વખતે, લંબાવતી વખતે, વિસ્તૃત કરતી વખતે, વાળતી વખતે, પહોળો કરતી વખતે, ખુલ્લો કરતી વખતે, મોટો કરતી વખતે,અથવા બીજી રીતે સુધારતી વખતે, તે રસ્તાના ગાડા રસ્તા તથા પગ રસ્તાના તથા તેમની મોરીઓ માટે જોઈતી હોય તેવી જમીન ઉપરાંત સદરહું રસ્તો બનાવવા માટે તેની ઉપર બાંધવાનાં ઘરો તથા ઈમારતો માટે જોઈતી હોય તેટલી જમીન નગરપાલિકા સંપાદન કરી શકશે; અને કલમ ૬૫ની પેટા-કલમ (૨)માંની જોગવાઈઓને આધીન રહીને, તેવી વધારાની જમીન ઉપર બાંધવાના ઘરો અથવા ઈમારતોના વર્ગ અને પ્રકાર બાબત પોતાને યોગ્ય જણાય તે શરતોથી તે તેવી વધારાની જમીન વેચી શકશે તથા તેની કાયમી વ્યવસ્થા કરી શકશે અથવા તે અમુક વર્ષોની મુદત માટે પટે આપી શકશે.

**ખાનગી રસ્તાની મરામત વગેરે કરવાનું ફરમાવવાની સત્તા.**

**૧૪૭.** (૧) કારોબારી સમિતિને એવું લાગે કે નગરમાંનો સાર્વજનિક રસ્તો ન હોય એવા કોઈ રસ્તામાં અથવા તેવા રસ્તાના કોઈ ભાગમાં લોકોનાં આરોગ્ય, સગવડ અથવા સુરક્ષિતતા માટે તે રસ્તો અથવા તેનો ભાગ સપાટ કરવા સારું, તેમાં ફરસબંધી કરવા સારું, કાંકરા પૂરવા સારું, ચોરસ જડવા સારું પાણીનો નિકાલ કરવા સારું, મોરી બાંધવા સારં, દીવાબત્તી કરવા સારં અથવા તે સાફ કરવા સારું કંઈપણ કામ કરવાની જરૂરછેત્યારે કારોબારી સમિતિ, તે રસ્તાની અથવા તેના ભાગની સામે તેને લાગીને, તેની હદ ઉપર આવેલી જમીનો અથવા ઈમારતોના જુદા જુદા માલિકોએ લેખિત નોટિસ આપીને, એવું કામ આવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રીતેઅને નિર્દિષ્ટ કરેલા મુદતની અંદર કરવાનું ફરમાવી શકશે.

**અને આવા રસ્તાને સાર્વજનિક જાહેર કરવા બાબત.**

(૨) આવું કામ આવા માલિકોએ અથવા કલમ ૨૩૯માં ઠરાવ્યા પ્રમાણે આવા માલિકોના ખર્ચે, નગરપાલિકાએ કર્યું હોય ત્યાર પછી, જે રસ્તામાં અથવા રસ્તાના જે ભાગમાં એવું કામ કરવામાં આવ્યું હોય તે રસ્તામાં અથવા તે ભાગમાં, કારોબારી સમિતિ જાહેર નોટિસ ચોડીને તે સાર્વજનિક રસ્તો છે એમ જાહેર કરી શકશે અને સદરહું માલિકો બહુમતિથી સંયુક્ત રીતે માગણી કરે, તો તેણે તેમ કરવું જોઈશે.

**કસૂરના પ્રસંગે ખર્ચની ફાળવણી.**

(૩) પેટા-કલમ (૧) અન્વયેની નોટિસનું પાલન કરવામાં આવે નહિ અને એવું કામ કલમ ૨૩૯માં ઠરાવ્યા પ્રમાણે નગરપાલિકાએ કર્યું હોય, તો તેમ કરવામાં થયેલું ખર્ચ, કારોબારી સમિતિએ પોતાને યોગ્ય લાગે તેવી રીતે એવા માલિકોમાં ફાળવી નાખવો, પણ તેમ કરવામાં પોતાને જરૂરી જણાય તો તેવી કોઈપણ જમીન, અથવા ઈમારતના માલિકે અથવા ભોગવટો કરનારે અગાઉ કરેલા કોઈપણ કામ માટે ખર્ચેલી રકમ તથા તેની કિંમત ધ્યાનમાં લેવી જોઈશે.

**માલિકોના વાંધાને આધીન રહીને કોઈપણ રસ્તાને સાર્વજનિક રસ્તો જાહેર કરવાની સત્તા.**

**૧૪૮.** કારોબારી સમિતિ કોઈપણ વખતે, [1][નગરપાલિકાએ નિભાવવાના ન હોય પરંતુ લોકો કાયમ માટે અવરજવર કરી શકતા હોય તેવા કોઈ ખાનગી રસ્તામાં] નોટિસ મૂકીને તે રસ્તા અથવા ભાગને સાર્વજનિક રસ્તો જાહેર કરવાના પોતાના ઈરાદાની ખબર આપી શકશે અને આવી નોટિસ આવી રીતે મૂકાયા પછીના તરતનાં એક મહિનાની અંદર તેવા રસ્તાનો અથવા તેના મોટા ભાગનો માલિક તે બાબત વાંધો નગરપાલિકા કચેરીમાં નોંધાવે તે સિવાય, નગરપાલિકા તેવા રસ્તા અથવા ભાગમાં લેખિત નોટિસ મૂકીને તે સાર્વજનિક રસ્તો હોવાનું જાહેર કરી શકશે.

[2][સ્પષ્ટીકરણ.—આ કલમમાં, "ખાનગી રસ્તો" એટલે સાર્વજનિક રસ્તો ન હોય તેવો કોઈ રસ્તો, પગવાટ, ચોક, પ્રાંગણ, ગલી અથવા માર્ગ પછી તે રાહદારીનો માર્ગ હોય કે ન હોય.]

**નવા ખાનગી રસ્તા.**

**૧૪૯.** (૧) કોઈ નવો રસ્તો આંકવાના અથવા કરવાનો ઈરાદો રાખનાર દરેક વ્યક્તિએ તે બાબતની લેખિત નોટિસ મુખ્ય અધિકારીને આપવી અને એવા રસ્તાનાં રાખવા ધારેલ સપાટી, પાણીના નિકાલ માટેનાં સાધનો, દિશા તથા પહોળાઈ દર્શાવતા નકશા અને છેદનાકૃતિ, તથા આ અંગે તે સમયે અમલમાં હોય તેવા ઉપ-નિયમો પ્રમાણે જોઈતી બીજી વિગતો પૂરી પાડવા જોઈએ અને આમાં હવે પછી ઠરાવ્યું છે તે સિવાય, આવા દરેક રસ્તાનાં સપાટી, પાણીના નિકાલ માટેનાં સાધનો, દિશા તથા પહોળાઈ કારોબારી સમિતિએ નક્કી કરવા અથવા મંજૂર કરવાં.

**વચગાળાના હુકમો કરવાની નગરપાલિકાની સત્તા.**

(૨) પેટા-કલમ (૧) અન્વયે હુકમ કરતાં પહેલાં કારોબારી સમિતિ કામચલાઉ હુકમ કરીને એવા હુકમની તારીખથી એક મહિના કરતાં વધારે ન હોય એવી તેમાં નિર્દિષ્ટ કરેલી મુદત સુધી, કરવા ધારેલું કામ આગળ કરવું નહિ એવો આદેશ કરી શકશે અથવા તે વધુ વિગતો માટે માંગણી કરી શકશે.

---

૧. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ-૩ની કલમ ૭(૧)થી "નગરપાલિકાએ નિભાવવાના ન હોય એવા કોઈ-પણ રસ્તાના ભાગમાં" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. એજનની કલમ ૭(૨) થી આ સ્પષ્ટીકરણ ઉમેર્યુ છે.

અમુક કિસ્સામાં કામ આગળ કરવાનો હક.

(૩) જો [illegible]

(ક) પેટા-કલમ (૧) અન્વયે આપેલી નોટિસ મળ્યા પછી, એક મહિનાની અંદર કારોબારી સમિતિએ-

(૧) રસ્તાનાં સપાટી પાણીના નિકાલ માટેનાં સાધનો, દિશા અને પહોળાઈ સંબંધી પેટા-કલમ (૧) અન્વયે સાદર કરવામાં આવેલી દરખાસ્તો નક્કી કરવાનો અથવા નામંજૂર કરવાનો હુકમ કર્યો ન હોય તથા તેની નોટિસ બજાવી ન હોય, અથવા

(૨) પેટા-કલમ (૨) અન્વયે કામચલાઉ હુકમ કર્યો ન હોય અથવા વધુ વિગતો માટે માગણી કરી ન હોય, અથવા

(ખ) કારોબારી સમિતિએ વધુ વિગતો માટે એવી માંગણી કરી હોય અને તેવી માંગણી અનુસાર વધુ વિગતો મળી હોય તે પછી એક મહિનાની અંદર જો કોઈ વધુ હુકમ તેણે કર્યો ન હોય,

તો પેટા-કલમ (૧) અન્વયે નોટિસ આપનાર વ્યકિત જે તારીખે રસ્તો આંકવાને અથવા કરવાને હકદાર બને તે તારીખથી એક વર્ષની અંદર પેટા-કલમ (૧) અન્વયેની નોટિસમાં નિર્દિષ્ટ કરી હોય અને આ અધિનિયમના અથવા તે સમયે અમલમાં હોય તેવા તે અન્વયેના કોઈ ઉપ-નિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી રીતે રસ્તો આંકી શકાશે તથા કરી શકાશે.

શિક્ષા.

(૪) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧) થી ફરમાવેલી નોટિસ આપ્યા સિવાય અથવા પેટા-કલમ (૩) ની જોગવાઈઓ અનુસાર હોય તે સિવાય, કારોબારી સમિતિએ આપવાના અનુદેશોની સાથ જોયા વગર અથવા એવા અનુદેશો અનુસાર હોય તે સિવાય બીજી રીતે, અથવા આ અધિનિયમના અથવા તે સમયે અમલમાં હોય એવા તે અન્વયેના કોઈ ઉપનિયમોની જોગવાઈઓ વિરૂધ્ધ કોઈપણ રીતે આવો કોઈ રસ્તો આંકે અથવા કરે તેને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે; અને એ રીતે આંકેલા અથવા કરેલા કોઈ રસ્તામાં કારોબારી સમિતિ ફેરફાર કરાવી શકશે, તથા એવા રસ્તામાં બાંધેલી કોઈપણ ઈમારતમાં ફેરફાર કરાવી શકશે અથવા તે કઢાવી નાખી શકશે અને તેમ કરવામાં થયેલું ખર્ચ ગુનેગારે તેને આપવું પડશે, અને તે ખર્ચ પ્રકરણ-૯ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈ કર બદલ માગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકશે.

સાર્વજનિક રસ્તાની સીધી લીટી.

૧૫૦. (૧) મુખ્ય અધિકારીઓ નગરપાલિકાની મંજૂરીને અધીન રહીને નગરની હદમાં દરેક સાર્વજનિક રસ્તાની દરેક બાજુએ એક લીટી ઠરાવવી અને તે એ રીતે ઠરાવેલી લીટી અથવા તેનો કોઈ ભાગને બદલે, નવી લીટી વખતોવખત ઠરાવી શકશે :

પરંતુ-

(ક) યથાપ્રસંગ, એવી લીટી અથવા નવી લીટી ઠરાવતાં પહેલાં ઓછામાં ઓછા એક મહિના અગાઉ મુખ્ય અધિકારીએ તે દરખાસ્તની જાહેર નોટિસ આપવી જોઈશે અને જે રસ્તા અથવા તેના ભાગ માટે તેવી લીટી અથવા તેવી નવી લીટી ઠરાવવા ધાર્યું હોય તે રસ્તા અથવા તે રસ્તાના ભાગમાં તે બાબતમાં ખાસ નોટિસ ચોડવી જોઈશે;

(ખ) એવી જાહેરાત અથવા ખાસ નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વખતની અંદર આવી દરખાસ્તના સંબંધમાં નગરપાલિકાની કચેરીમાં પહોંચાડવામાં આવેલો, કોઈ લેખિત વાંધો અથવા સૂચન વિચારમાં લીધા પછી નગરપાલિકાએ કરેલા કોઈ હુકમોનું મુખ્ય અધિકારીએ પાલન કરવું જોઈશે :

વધુમાં એક વખત ઠરાવેલી લીટી પ્રમાણેના રસ્તાની પહોળાઈ કમી કરવામાં આવશે નહિ અથવા એક વખત ઠરાવેલી લીટી કલેકટરની મંજૂરી સિવાય રસ્તાના મધ્ય બિન્દુ તરફ ખસેડવામાં આવશે નહિ.

(૨) એવી રીતે તે સમયે ઠરાવેલી લીટીને "સાર્વજનિક રસ્તાની સીધી લીટી" કહેવામાં આવશે.

**(૩) (ક) કલમ ૧૭૬ની જોગવાઈઓ અન્વયે હોય તે સિવાય કોઈપણ વ્યકિતએ કલમ ૧૫૫ અન્વયે મુખ્ય અધિકારીની પરવાનગી વિના સાર્વજનિક રસ્તાની સીધી લીટીની અંદર કોઈ ઈમારતનો કોઈ ભાગ બાંધવો નહિ અથવા ફરી બાંધવો નહિ.**

**(ખ) મુખ્ય અધિકારી સાર્વજનિક રસ્તાની સીધી લીટીની અંદરના કોઈ વિસ્તારમાં કોઈ ઈમારત બાંધવાની અથવા ફરી બાંધવાની પરવાનગી આપવાની ના પાડે ત્યારે આવા વિસ્તારને જે તારીખે પરવાનગી આપવાની તેવી રીતે ના પાડી હતી તે તારીખથી એક વર્ષની મુદત પુરી થયેથી અથવા સદરહુ મુદત પૂરી થાય તે પહેલાં નગરપાલિકાની મંજૂરીથી રસ્તામાં દાખલ કરવામાં આવશે અને ત્યાર બાદ તે વિસ્તાર સાર્વજનિક રસ્તાના ભાગ તરીકે ગણાશે અને નગરપાલિકાને પ્રાપ્ત થશે.**

(ગ) ખંડ (ખ) અન્વયે રસ્તામાં દાખલ કરેલી કોઈ જમીનની કિંમત બદલ સદરહુ જમીનના માલિકને અને સદરહુ પેટા-કલમ અન્વયે મુખ્ય અધિકારીએ લીધેલા પગલાં અથવા કરેલાં હુકમના પરિણામ કોઈ ઈમારતના માલિકને થયેલ ખોટ, નુકશાન અથવા ખર્ચ બદલ તેવી ઈમારતના માલિકને નગરપાલિકાએ વળતર આપવું જોઈશે. આ વળતરની રકમ તકરારના પ્રસંગે કલમ ૨૬૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નક્કી કરવી :

પરંતુ કલમ ૧૮૨ લાગુ પડતી હોય તે કિસ્સામાં આવું કોઈપણ વળતર આપવું નહિ.

(૪) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૩)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ત્રણ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે દાખલામાં આવા પહેલાં ઉલ્લંઘન બદલ તે દોષિત ઠર્યા પછી આવું ઉલ્લંઘન જે દરેક દિવસ દરમિયાન ચાલુ રહે તે દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે તથા મુખ્ય અધિકારી—

(ક) તે ઈમારતનું કામ બંધ કરવાનો આદેશ કરી શકશે, તથા

(ખ) કારોબારી સમિતિની પૂર્વ મંજરીથી લેખિત નોટિસ આપીને ઈમારત અથવા તેના ભાગમાં આવી નોટિસની જોગવાઈઓ અનુસાર ફેરફાર કરવાનું અથવા તે તોડી પાડવાનું ફરમાવી શકશે.

## (૨) ઈમારતો વગેરેનું નિયમન કરવાની સત્તા

**બહાર નીકળી આવતી ઈમારત પાછી હઠાવવા બાબત.**

૧૫૪. (૧) કોઈ ઈમારતનો કોઈ ભાગ કલમ ૧૫૦ અન્વયે ઠરાવ્યા પ્રમાણેની સાર્વજનિક રસ્તાની સીધી લીટીની બહાર નીકળી આવતો હોય અથવા તે લીટીની કોઈ એક બાજુ પરની ઈમારતના આગળના ભાગની બહાર નીકળી આવતો હોય તો નગરપાલિકા—

(ક) કોઈ ઈમારતનો બહાર નીકળી આવતો ભાગ ઓસરી, પગથિયું અથવા મુખ્ય ઈમારત બહારનું કોઈ બીજુ બાંધકામ હોય તો કોઈપણ વખતે, અથવા

(ખ) બહાર નીકળી આવતો ભાગ ઉપર કહયા પ્રમાણેનું કોઈ બહારનું બાંધકામ ન હોય તો આવી ઈમારતનો ઘણોખરો ભાગ અથવા એવા બહાર નીકળી આવતા ભાગનો કોઈ અગત્યનો ભાગ ઉતારી નાખવામાં આવ્યો હોય અથવા બળી ગયો હોય અથવા પડી ગયો હોય તે વખતે લેખિત નોટિસ આપીને એવું ફરમાવી શકાશે કે સદરહુ સીધા લીટીની બહાર નીકળી આવતો અથવા તે લીટીનો કોઈ એક બાજુની ઈમારતના સદરહુ આગળના ભાગની બહાર નીકળી આવતો ભાગ અથવા તે ભાગનો કેટલોક અંશ કાઢી નાખવો અથવા આવી ઈમારત જ્યારે ફરીથી બાંધવામાં આવતી હોય ત્યારે તે ભાગને સદરહુ સીધી લીટી અથવા એવી ઈમારતના આગળના ભાગ સુધી અથવા તરફ પાછો હટાવવો. આ રીતે ભાગ પાછો હટાવવાથી અથવા કાઢી નાખવાથી રસ્તામાં દાખલ કરવામાં આવેલો જમીનનો ભાગ ત્યારબાદ સાર્વજનિક રસ્તાનો ભાગ ગણાશે અને નગરપાલિકાને પ્રાપ્ત થશે.

**રસ્તાની સીધી લીટીની અંદર હોય તથા ખુલ્લી હોય અથવા જેના ઉપર માત્ર ચોતરો વગેરે હોય તેવી જમીન સંપાદન કરવા બાબત.**

(૨) (ક) નગરપાલિકાને પ્રાપ્ત થઈ ન હોય એવી કોઈ ખુલ્લી અથવા વાડ બંધ જમીન સાર્વજનિક રસ્તાની સીધી લીટીની અંદર આવેલી હોય અને તેના ઉપર ચોતરો, ઓસરી પગથિયાં અથવા મુખ્ય ઈમારતની બહારની બાંધકામ સિવાયનું બીજુ કોઈ બાંધકામ આવેલું ન હોય તો નગરપાલિકા તે જમીનના માલિકને પોતાના ઈરાદાની ઓછામાં ઓછા પંદર દિવસની લેખિત નોટિસ આપીને અથવા જમીન સરકારને પ્રાપ્ત થયેલી હોય તે કલેકટરની લેખિત મંજૂરી મેળવીને સદરહુ જમીનને તેને બંધ કરતી કોઈ ભીંત, વાડ અથવા ટટ્ટી હોય તો તે સાથે કબજે લઈ શકશે અને જરૂર હોય તો, તે ચોખ્ખી કરી શકશે અને એ રીતે સંપાદન કરેલી જમીન ત્યારબાદ સાર્વજનિક રસ્તાનો ભાગ ગણાશે અને નગરપાલિકાને પ્રાપ્ત થશે.

(ખ) આવી કોઈ જમીન કોઈ ઈમારતથી રોકાયેલી હોય અને નગરપાલિકાના અભિપ્રાય પ્રમાણે સાર્વજનિક રસ્તા પરથી સલામત અને સગવડ પૂર્વક આવ-જા માટે તે મકાનનો બહાર નીકળતો ભાગ અડચણરૂપ હોય, તો નગરપાલિકા તે બહાર નીકળતા ભાગને ખસેડવાના હેતુ માટે તે સાર્વજનિક રસ્તાની સીધી લીટીની અંદર જે જમીન આવેલી હોય તેની ઉપરનાં બાંધકામ સહિત સંપાદન કરવાને આગળ વધી શકશે અને આવા સંપાદનને કલમ ૬૯ની જોગવાઈઓ લાગુ પડશે.

**નગરપાલિકાએ આપવાનું વળતર.**

(૩) પેટા-કલમ (૧) અન્વયે રસ્તામાં દાખલ કરેલી અથવા પેટા-કલમ (૨) અન્વયે સંપાદન કરેલી કોઈ જમીનની કિંમત બદલ સદરહુ જમીનના માલિકના અને સદરહુ પેટા-કલમો પૈકી કોઈ પેટા-કલમ અન્વયે નગર-પાલિકાએ લીધેલા પગલાંના પરિણામે કોઈ ઈમારતના માલિકને થયેલ કોઈ ખોટ, નુકશાન અથવા ખર્ચ બદલ તેવી ઈમારતના માલિકને નગરપાલિકાએ વળતર આપવું જોઈશે; આ વળતરની રકમ, તકરારના પ્રસંગે, કલમ ૨૬૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત અને નક્કી કરવી જોઈશે: પરંતુ જેમને કલમ ૧૮૨ લાગુ પડતી થાય તે બાબતોમાં આવું કંઈપણ વળતર આપવું નહિ.

(૪) વળતરની રકમ એવી રીતે નિશ્ચિત અને નક્કી કરવામાં આવી હોય અથવા પેટા-કલમ (૧)માં આવતી કોઈ જીર્ણ અથવા જોખમકારક ઈમારત કલમ ૧૮૨ની જોગવાઈઓ અન્વયે ઉતારી નાખવામાં આવી હોય ત્યારે નગરપાલિકા જો કંઈ વળતરની રકમ આપવાની હોય તો તે આપીને, રસ્તામાં એ રીતે દાખલ કરવામાં આવેલી જમીનનો કબજો લઈ શકશે અને જરૂર હોય તો તે ચોખ્ખી કરી શકશે.

**રસ્તાની સીધી લીટી સુધી ઈમારત આગળ લાવવા બાબત.**

૧૫૨. (૧) કારોબારી સમિતિ, પોતાને યોગ્ય લાગે એવી શરતોએ, કોઈ ઈમારત જે કોઈ સાર્વજનિક રસ્તામાં આવેલી હોય તે રસ્તાની સીધી લીટી સુધારવા માટે તેને આગળ લાવવાની પરવાનગી આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે ઈમારત આગળ લાવવાની પરવાનગી જે કોઈ વ્યકિતને આપવામાં આવી હોય તે વ્યકિતની જગામાં જે જમીનનો સમાવેશ થવાનો હોય તે જમીન નગરપાલિકાની માલિકીની હોય તો ઈમારત આગળ લાવવા માટે કારોબારી સમિતિએ આપેલી પરવાનગી સદરહુ માલિક માટે સદરહુ જમીનનું પુરતું તબદીલીપત્ર ગણાશે. અને એવી જમીન માટે સદરહુ માલિકે નગરપાલિકને આપવાની કિંમત તથા જમીનના તબદીલીપત્રની બીજી બોલીઓ અને શરતો સદરહુ પરવાનગીમાં જણાવવાં.

**ઈમારતનાં છાપરાં તથા બહારની ભીંતો જવાલાગ્રાહી પદાર્થોના બનાવવાં નહિ.**

૧૫૩. (૧) આ અધિનિયમ અમલમાં આવ્યા પછી, બાંધવામાં આવેલી અથવા ફરીથી બાંધવામાં આવેલી ઈમારતોના બહારનાં છાપરાં તથા ભીંતો, મુખ્ય અધિકારીની લેખિત સંમતિ સિવાય, ઘાસ, લાંકડા, કાપડ કંતાન, પાંદડાં, સાદડી અથવાં બીજા જવાલાગ્રાહી પદાર્થના બનાવવાં નહિ. ઉપર કહયા પ્રમાણેની લેખિત સંમતિ વ્યકિતગત કિસ્સામાં વિશેષત: અથવા તેવી સંમતિમાં નિર્દિષ્ટ કરેલા કોઈ વિસ્તારમાં સામાન્યત: આપી શકાશે.

**છાપરાં અથવા ભીંતો જવાલાગ્રાહી હોય તો તે કાઢી નાંખવાનું ફરમાન કરવાની સત્તા.**

(૨) જે કોઈ ઈમારતનું બહારનું છાપરું અથવા ભીંત ઉપર કહયા પ્રમાણેના કોઈ પદાર્થનું હોય તે ઈમારતનાં માલિકને મુખ્ય અધિકારી કોઈપણ વખતે લેખિત નોટિસ આપીને, તેમાં જણાવેલ વાજબી વખતની અંદર તે છાપરું અથવા ભીંત કાઢી નાંખવા ફરમાવી શકશે, પછી તે છાપરું અથવા ભીંત આ અધિનિયમ અમલમાં આવતાં પહેલાં બનાવેલ હોય અથવાં બનાવેલ ન હોય, તથા તે મુખ્ય અધિકારીની સંમતિથી અથવા સંમતિ વગર બનાવેલ હોય.

(૩) પેટા-કલમ (૧) અન્વયે સંમતિ આપવાની ના પાડવા બાબતના મુખ્ય અધિકારીનાં કોઈ હુકમ વિરૂધ્ધ અથવા પેટા-કલમ (૨) અન્વયે મુખ્ય અધિકારીએ આપેલી કોઈ નોટિસ વિરૂદ્ધ કારોબારી સમિતિને અપીલ થઈ શકશે, પણ તે યથાપ્રસંગ, આવો ના પાડવા બાબતનો હુકમ અથવા આવી નોટિસ મળ્યા પછી, પંદર દિવસની અંદર કરેલી હોવી જોઈશે.

**શિક્ષા.**

(૪) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧)થી ફરમાવ્યાં પ્રમાણેની સંમતિ લીધા વગર, ઉપર કહયા પ્રમાણેના પદાર્થનું કોઈ છાપરું અથવા ભીંત બનાવે અથવા બનાવડાવે અથવા પેટા-કલમ (૨) અન્વયે આપેલી નોટિસના ફરમાનોની અવજ્ઞા કરીને, એવું છાપરું અથવાં ભીંત રહેવા દે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે તથા પ્રથમ વાર દોષિત ઠર્યાની તારીખથી સાત દિવસ પૂરા થાય તે પહેલાં ગુનો ચાલુ રહેતા બંધ થાય તે સિવાય જેટલા દિવસ સુધી ચાલુ રહે તે દરેક દિવસ માટે તેને દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**ઈમારતોની સપાટી.**

૧૫૪. હવે પછી કોઈ ઈમારત બાંધવાની હોય ત્યારે તેનું પાણી તે વખતે અસ્તિત્વમાં હોય એવી અથવા નગરપાલિકાએ યોજી હોય એવી કોઈ સાર્વજનિક ગટર અથવા મોરીમાં અથવા કોઈ વહેળામાં અથવા નદીમાં અથવા સમુદ્રમાં અથવા કોઈ ખાળ કુવામાં અથવા મુખ્ય અધિકારી મંજુર કરે એવી બીજી યોગ્ય જગામાં જેટલી સપાટી ઉપરથી લઈ જઈ શકાય તેના કરતાં નીચ સપાટી ઉપર બાંધવી નહિ.

**નવી ઈમારતોની નોટિસ.**

૧૫૫. (૧) કોઈ ઈમારત બાંધવાનો અથવા અસ્તિત્વમાં હોય એવી કોઈ ઈમારતમાં બહારનો ફેરફાર કરવાનો અથવા કાંઈ વધારો કરવાનો, અથવા ઈમારતના બહાર નીકળી આવતા જે કોઈ ભાગના સંબંધમાં તે કાઢી નાંખવાની અથવા પાછળ હઠાવવાની ફરજ પાડવાનો કારોબારી સમિતિને કલમ ૧૫૧થી અધિકાર હોય, અથવા તે બાંધવાની અથવા ફરી બાંધવાની પરવાનગી આપવાનો કલમ ૧૫૦થી મુખ્ય અધિકારીને અધિકાર હોય તે ભાગ બાંધવાનો અથવા ફરી બાંધવાનો જે વ્યકિતનો ઈરાદો હોય તેણે તે પ્રમાણે બાંધવા માંડતાં પહેલાં અથવા ફેરફાર અથવા વધારો કરવા માંડતાં પહેલા અથવા ફરીથી બાંધવા માંડતાં પહેલાં તે બાબત મુખ્ય અધિકારીને લેખિત નોટિસ આપવી અને જો કોઈ ઉપનિયમથી અથવા રાજ્ય સરકારના ખાસ હુકમથી ફરમાવેલ હોય, તો તેણે મુખ્ય અધિકારીને, મુખ્ય અધિકારીની જાણમાં હોય એવી કોઈ સપાટીનો ઉલ્લેખ કરીને, એવી ઈમારતના પાયો તથા ભોંયતળિયું જેટલી ઉંચી સપાટીએ રાખવાનું ધાર્યું હોય તે સપાટી દર્શાવતો તે હેતુ માટે નગરપાલિકાએ માન્ય કરેલ લાયકાત ધરાવતી વ્યકિતએ પ્રમાણિત કરેલ નકશો પૂરો પાડવો તથા સૂચિત ઈમારતનાં હદ, ઘાટ, હવાની આવ-જાનાં સાધન તથા માલ સામાન બાબત તેમજ તે ઈમારતના સંબંધમાં જો કોઈ મોટી, ગટર, જાજરૂ, વોટરકલોઝેટ તથા ખાળકૂવો વાપરવાનો હોય, તો તે કયાં અને કેવી રીતે બાંધવાનો ઈરાદો છે તે બાબત તથા અસ્તિત્વમાં હોય તેવા અથવાં સૂચિત કોઈ રસ્તાને અનુલક્ષીને તે ઈમારત કયા સ્થાન પર આવવાની છે તે સ્થાન બાબત તથા જે હેતુ માટે તે ઈમારત વાપરવાની હોય તે હેતુ બાબત ઉપનિયમથી ફરમાવેલ હોય અથવા મુખ્ય અધિકારી માંગે તેવી સઘળી માહિતી તેણે પૂરી પાડવી.

**મુખ્ય અધિકારીની હુકમ કરવાની સત્તા.**

(૨) આ અધિનિયમમાં અથવા તે અન્વયેના નિયમો તથા ઉપનિયમોમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય મુખ્ય અધિકારી, પોતાને પૂરા પાડેલા નકશા તથા માહિતી અનુસાર ઈમારત બાંધવાની, તેમાં ફેરફાર કરવાની, વધારો કરવાની અથવા તે ફરી બાંધવાની પરવાનગી આપી શકશે. અથવા સપાટી પાણીનો નિકાલ, સફાઈ તથા માલસામાન બાબત અથવા ઓરડા, બારણાં, બારીઓ તથા હવાની આવજા માટેના બાકીનાં માપ તથા ઘનફળ બાબત અથવા બાંધવાના માળની સંખ્યા બાબત, અથવા અસ્તિત્વમાં હોય

એવા અથવા સૂચિત કોઈ રસ્તાના સંબંધમાં તે ઈમારતના સ્થાન બાબત અથવા જે હેતુ માટે ઈમારત વાપરવાની હોય તે હેતુ બાબત, આ અધિનિયમ અનુસાર અથવા તે અન્વયે કરેલા નિયમો તથા ઉપનિયમો અનુસાર લેખિત શરતો મૂકી શકશે અથવા એવો આદેશ કરી શકશે કે તે ઈમારત તથા એવા કોઈ રસ્તાના સ્થાનને લગતા તમામ પ્રશ્નોનો પોતાને સંતોષ થાય એવી રીતે નિકાલ ન થાય, તો અને ત્યાં સુધી, તે કામ આગળ કરવું નહિ અથવા કારણોની લેખિત નોંધ કરીને પેટા-કલમ (૧) અન્વયે આપેલી નોટિસનો ઈન્કાર કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) અન્વયે મુખ્ય અધિકારીએ આપેલી કોઈ પરવાનગી અનુસાર કોઈ લેખિત કામ શરૂ કરવામાં આવ્યું હોય તે પહેલાં, તે નગરપાલિકા પરવાનગી પાછી ખેંચી લઈ શકશે તથા તેને બદલે સદરહુ પેટા-કલમમાં જણાવેલી બાબતને અનુલક્ષીને, આ અધિનિયમ તથા તે અન્વયે કરેલા નિયમો તથા ઉપનિયમો અનુસાર, પોતાને યોગ્ય જણાય તેવી શરતોએ નવી પરવાનગી આપી શકશે અને એવો આદેશ કરી શકશે કે તે ઈમારત તથા એવા કોઈ રસ્તાના સ્થાનને લગતા તમામ પ્રશ્નોના પોતાનો સંતોષ થાય એવી રીતે નિકાલ ન થાય, તો અને ત્યાં સુધી, તે કામ આગળ કરવું નહિ.

કામ મોકૂફ રાખવાનો અથવા વધુ વિગત માગવાની સત્તા.

(૪) પેટા-કલમ (૨) અન્વયે કોઈ હુકમ કરતાં પહેલાં મુખ્ય અધિકારી, આવી નોટિસ મળ્યા પછી એક મહિનાની અંદર--

(ક) એવા હુકમની તારીખથી એક મહિના કરતાં વધારે ન હોય એવી મુદત સુધી, કરવા ધારેલું કામ આગળ કરવું નહિ એવો આદેશ કરતો હંગામી હુકમ કરી શકશે, અથવા

(ખ) વધુ વિગતો માટે માગણી કરી શકશે.

અમુક પ્રસંગોએ કામ આગળ કરવાનો હક.

(૫) પેટા-કલમ (૧) અન્વયે આપેલી નોટિસમાં કરવા ધારેલું કામ તેવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તથા આ અધિનિયમના અથવા તે અન્વયેના તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ ઉપનિયમની કોઈ જોગવાઈ સાથે અસંગત ન હોય તેવી રીતે નીચેના પ્રસંગોએ ચાલુ કરી શકાશે, એટલે —

(ક) પેટા-કલમ (૧) અન્વયે આપેલી નોટિસ મળ્યા પછી, એક મહિનાની અંદર, મુખ્ય અધિકારીએ;

(૧) કરવા ધારેલ કામના સંબંધમાં પેટા-કલમ (૨) અન્વયે હુકમ કર્યો નહિ હોય અને તેની નોટિસ આપી નહિ હોય ; અથવા

(૨) પેટા-કલમ (૪) અન્વયે કોઈ હંગામી હુકમ કર્યો નહિ હોય અથવા વધુ વિગતો માટે કોઈ માગણી કરી નહિ હોય તે પ્રસંગે.

(ખ) મુખ્ય અધિકારીએ આવી વધુ વિગતો માટે માગણી કરી હોય અને તે વિગતો મળી હોય તે પછી એક મહિનાની અંદર કોઈ વધુ હુકમ કર્યો ન હોય તે પ્રસંગે.

કામની શરૂઆત. સન ૧૯૦૧ના મુંબઈના ૩જા, સન ૧૯૨૫નો મુંબઈનો ૧૮મો.

(૬) કરવા ધારેલા જે કામના સંબંધમાં પેટા-કલમ (૧) અન્વયે નોટિસની જરૂર હોય તે કામ ચાલુ કરવાનો હક પેટા-કલમ (૨) અથવા (૫) અન્વયે જેને પ્રાપ્ત થયો હોય તેવી કોઈ વ્યકિતએ એવી રીતે કામ ચાલુ કરવાનો હક તેને પ્રથમ પ્રાપ્ત થયો હોય તે તારીખથી એક વર્ષની મુદત પૂરી થયા બાદ આવું કામ શરૂ કરવું નહિ, સિવાય કે પેટા-કલમ (૧)થી(૫) સુધીની જોગવાઈઓનું નવેસર પાલન કરીને તેણે એવી રીતે ફરીથી હક પ્રાપ્ત કર્યો હોય અને મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧ની અથવા સૌરાષ્ટ્ર વિસ્તારને અનુકૂળ અને લાગુ કર્યા પ્રમાણેના તે અધિનિયમની કલમ ૯૬ અન્વયે અથવા મુંબઈ નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ની અથવા કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેના તે અધિનિયમની કલમ ૧૨૩ અન્વયે નગરપાલિકાએ જે કોઈ વ્યકિતને કોઈ ઈમારત બાંધવાને અથવા તેમાં ફેરફાર કરવાને અથવા તેમાં વધારો કરવાને પરવાનગી આપી હોય તે વ્યકિતને આ અધિનિયમ જે તારીખે અમલમાં આવે તે તારીખથી એક વર્ષ પૂરું થયા પછી, આવું કામ શરૂ કરવાનો હક રહેશે નહિ.

(૭) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧) થી ફરમાવેલી નોટિસ આપ્યા સિવાય અથવા આ કલમથી અથવા તે અન્વયે ફરમાવેલ કોઈ નકશો, માહિતી અથવા વિગતો પૂરી પાડયા સિવાય અથવા પેટા-કલમ (૫)માં ઠરાવ્યું હોય તે સિવાય, આ કલમ અન્વયે કાઢવામાં આવે તેવા મુખ્ય અધિકારીને કાયદેસર હુકમોની રાહ જોયા વગર અથવા તેવા હુકમોની વિરુધ્ધ કોઈપણ રીતે અથવા પેટા-કલમ (૫) અથવા (૬) ની જોગવાઈઓ વિરુધ્ધ અથવા બીજી કોઈપણ બાબતમાં આ અધિનિયમ અથવા તે અન્વયે તે સમયે અમલમાં હોય તેવા કોઈ ઉપનિયમની જોગવાઈઓ વિરુધ્ધ કોઈ ઈમારત બાંધવાનું તેમાં ફેરફાર કરવાનું, વધારો કરવાનું અથવા તે ફરી બાંધવાનું શરૂ કરે તેને યથાપ્રસંગ, ઈમારત બાંધવાના, તેમાં ફેરફાર કરવાના, વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના ખર્ચના પચાસ ટકા જેટલી રકમ અથવા એક હજાર રૂપિયા, બેમાંથી જે વધારે હોય તે રકમ સુધીના દંડની શિક્ષા થશે; અને ઉપર જણાવેલી જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન ચાલુ રહે તે પ્રસંગે, એવાં પહેલાં ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યા પછી જેટલા દિવસ દરમિયાન, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે ખર્ચના એક ટકા, જેટલી રકમ અથવા દશ રૂપિયા, બેમાંથી જે વધારે હોય તે રકમ સુધીના વધારાના દંડને તે પાત્ર થશે; અને મુખ્ય અધિકારી—

(ક) એવો આદેશ કરી શકશે કે તે ઈમારત બાંધવાનું, તેમાં ફેરફાર કરવાનું, વધારો કરવાનું અથવા તે ફરી બાંધવાનું કામ બંધ રાખવું, અને

(ખ) પેટા-કલમ (૭) અન્વયે તે વ્યકિત દોષિત ઠર્યેથી લેખિત નોટિસ આપીને, આવા બાંધવાના, તેમાં ફેરફાર કરવાના, વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના કામમાં તેવી નોટિસની જોગવાઈઓ અનુસાર, ફેરફાર કરવાનું અથવા તે તોડી નાંખવાનું ફરમાવી શકશે.

(૮) મુખ્ય અધિકારી પેટા-કલમ (૧) થી જેની નોટિસ આપવાનું ફરમાવેલ છે એવા કોઈ કામની તપાસણી કરવાના પોતાના ઈરાદાથી નોટિસ આપ્યા વિના કોઈ વખતે તેમ કરી શકશે; અને ઉપર કહ્યા પ્રમાણેનું આવું કોઈ કામ કરવામાં આવતું હોય તે દરમ્યાન કોઈપણ વખતે લેખિત નોટિસ આપીને જે કોઈપણ બાબતમાં એવું કામ કરવાનું આ અધિનિયમના અથવા તે અન્વયે કરેલો અને તે સમયે અમલમાં હોય તેવા કોઈ ઉપનિયમની કોઈ જોગવાઈ વિરુધ્ધ હોય અથવા આ કલમ અન્વયે કરેલા હુકમ વિરુધ્ધ હોય તે બાબત નિર્દિષ્ટ કરી શકશે અને એવું કામ જે વ્યકિત કરતી હોય તે વ્યકિતને એવી કોઈ જોગવાઈ અથવા ઉપનિયમ વિરુધ્ધ અથવા હુકમ વિરુધ્ધ જે કાંઈ કામ કરવામાં આવ્યું હોય તે કામ સુધરાવવાનું અથવા એવી કોઈ જોગવાઈ અથવા ઉપનિયમથી અથવા હુકમથી જે કાંઈ કામ તેણે કરવાનું ફરમાવેલ હોય અને તે કરવામાં આવેલ ન હોય તે કરવાનું ફરમાવી શકશે.

સ્પષ્ટીકરણ.– આ આખા પ્રકરણમાં "ઈમારત બાંધવી" એ શબ્દપ્રયોગમાં, નીચેનાનો સમાવેશ થાય છે.–

(ક) કોઈ ઈમારતમાં અથવા ઈમારતનો ભાગ હોય કે ના હોય તેવાં કોઈ ભીંત, વંડી તથા વાડ સહિત ઓસરી જડેલા ચોતરા, ઊભણી, બારણાના પગથિયાં વગેરેમાં મહત્વનો ફેરફાર કરવાનો, વધારો કરવાનો અથવા તે ફરી બાંધવાનો;

(ખ) માનવ વસવાટ માટે પ્રથમ બાંધેલી નહિ હોય એવી કોઈ ઈમારતનું માનવ વસવાટ માટેની જગામાં રૂપાંતર કરવાનો;

(ગ) માનવ વસવાટ માટેની એકજ જગા તરીકે પ્રથમ બાંધેલી હોય એવી ઈમારતનું માનવ વસવાટ માટેની એક કરતાં વધારે જગામાં રૂપાંતર કરવાનો ;

(ઘ) માનવ વસવાટ માટેની બે અથવા વધારે જગાનું તે કરતાં વધારે સંખ્યાની જગામાં રૂપાંતર કરવાનો;

(ચ) ઈમારતની અંદરની વ્યવસ્થામાં કરેલા જે ફેરફાર ઉપરથી તેના પાણીના નિકાલ, હવાની આવજા અથવા સફાઈની બીજી વ્યવસ્થાને અથવા તે ઈમારતની સુરક્ષા અથવા મજબૂતીને અસર થતી હોય તેવા ફેરફાર કરવાનો; અને

(છ) કોઈ ઈમારતમાં કોઈ ઓરડા, ઈમારત અથવા બીજા બાંધકામનો વધારો કરવાનો અને એ રીતે ફેરફાર કરેલી, વધારો કરેલી, ફરી બાંધેલી, રૂપાંતર કરેલી અથવા વધારેલી ઈમારતનો આ આખા પ્રકરણમાં 'નવી ઈમારત' એ પ્રયોગમાં સમાવેશ થાય છે.

**પરવાનગી આપવાની ના પાડવાની નગરપાલિકાની સત્તા.**

૧૫૬. (૧) કોઈ વ્યકિતએ કોઈ ઈમારત બાંધવાના, તેમાં વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના પોતાના ઈરાદાના સંબંધમાં, કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયે મુખ્ય અધિકારીને નોટિસ આપી હોય, ત્યારે જે જમીન ઉપર કોઈ ઈમારત ઊભી કરવાનું ધાર્યું હોય અથવા જેના પર આવેલી કોઈ ઈમારતમાં ફેરફાર કરવાનું, વધારો કરવાનું અથવા તે ફરી બાંધવાનું ધાર્યું હોય તે જમીન સંપાદન કરવાની દરખાસ્ત કરતો ઠરાવ નગરપાલિકા કરે, તો અથવા જો સૂચિત બાંધકામ, ફેરફાર, વધારો અથવા ફરી કરવાના બાંધકામથી સરકારની અથવા નગરપાલિકાની માલિકીની જમીન પર દબાણ થવાનો સંભવ, હોય તો માગેલી પરવાનગી આપવાની ના પાડવાનું મુખ્ય અધિકારી માટે કાયદેસર ગણાશે.

(૨) આ રીતે ના પાડવાની બાબત નીચેની શરતોને અધીન રહેશે.–

(ક) મિલકત સંપાદન કરવામાં આવે અને કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયેની નોટિસ આપનાર વ્યકિતને આપવાના વળતરની રકમના સંબંધમાં કોઈપણ કબૂલાત ન થાય, તો તે રકમ કલમ ૨૬૮ની જોગવાઈઓ અ-અનુસાર નક્કી કરવી અને એવી વ્યકિતને પરવાનગી આપવાની ના પાડવામાં આવી ન હોત, તો તેને જે લાભ થવાનો સંભવ હોત તો તે લાભ લક્ષમાં રાખીને ઉપર પ્રમાણે રકમ નક્કી કરવી ;

સન ૧૮૯૪નો ૧લો.

(ખ) જો જમીન સંપાદન કરવાની દરખાસ્ત બાબતના નગરપાલિકાના ઠરાવની તારીખથી છ મહિનાની મુદતની અંદર, કબૂલાત કરીને નગરપાલિકા નાણાં આપીને જે જમીન સંપાદન ન કરે, અથવા એવી મુદત દરમિયાન જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની જોગવાઈઓ અન્વયે ફરજ પાડીને સંપાદન કરવા માટેની કાર્યવાહી માંડવા માટે કલેક્ટરને અરજી કરવામાં આવી ન હોય અથવા જમીન સંપાદન કરવા માટેની દરખાસ્ત નગરપાલિકા માંડી વાળે તો કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયે આપેલી નોટિસ, યથાપ્રસંગ, છ મહિનાની સદરહુ મુદત જે તારીખે પૂરી થતી હોય તે તારીખથી અથવા જે તારીખે દરખાસ્ત માંડી વાળવાનો નગરપાલિકાનો નિર્ણય થયો હોય તે તારીખથી ફરી ચાલુ થયેલી ગણાશે. આવો નિર્ણય તે થયાની તારીખથી પંદર દિવસની અંદર, નોટિસ આપનાર વ્યક્તિને જણાવવો અને તે નોટિસ અંગેની કાર્યવાહી જાણે નગરપાલિકાએ જમીન સંપાદન કરવાનો કોઈ ઠરાવ કર્યો ન હોય તે પ્રમાણે કરવી. નગરપાલિકાએ પરવાનગી આપવાની ના પાડવાને કારણે પોતાને જે નુકશાન થયાનું એવું વ્યક્તિ સાબિત કરે તે નુકશાનના સંબંધમાં, નગરપાલિકા સદરહુ વળતર આપવાને જવાબદાર રહેશે :

પરંતુ કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયે નોટિસ જમીન સંપાદન કરવાનો નગરપાલિકાએ ઠરાવ કર્યા પછી આપવામાં આવી હોય, તો નગરપાલિકા વળતર આપવાને જવાબદાર રહેશે નહિ.

કામ પૂરું થયા બાબતનું પ્રમાણપત્ર; ભોગવટો કરવાની અથવા વાપરવાની પરવાનગી.

૧૫૭. (૧) કલમ ૧૫૫ની પેટા-કલમ (૧)માં વર્ણવ્યા પ્રમાણેની કોઈ ઈમારત ઊભી કરનાર અથવા તે પ્રમાણેનું કોઈ કામ કરનાર દરેક વ્યક્તિએ આવી ઈમારત ઊભી કરવાનું અથવા આવું કરવાનું કામપૂરું થયા પછી એક મહિનાની અંદર તે પૂરું થયા બાબતની લેખિત નોટિસ મુખ્ય અધિકારીને તેની કચેરીમાં પહોંચાડવી અથવા મોકલવી જોઈશે અથવા પહોંચાડવી અથવા મોકલાવવી જોઈશે અને આવી ઈમારત અથવા આવા કામની તપાસણી માટેની તમામ જરૂરી સગવડ તેણે મુખ્ય અધિકારીને આપવી જોઈશે.

(૨) કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયે પ્રમાણિત કરેલી યોજના અનુસાર કોઈ ઈમારત બાંધવાની હોય અથવા કોઈ કામ કરવાનું હોય ત્યારે પેટા-કલમ (૧) અન્વયેની નોટિસ સાથે એ હેતુ સારું નગરપાલિકાએ માન્ય કરેલ લાયકાત ધરાવતી વ્યક્તિએ સહી કરેલ, ઈમારત કે કામ પૂરું થયાનું પ્રમાણપત્ર સામેલ કરવું જોઈશે.

(૩) (ક) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ તપાસણી કામ પૂરું થયા બાબતની નોટિસ મળ્યાની તારીખથી સાત દિવસની અંદર શરૂ કરવી જોઈશે ; અને

(ખ) મુખ્ય અધિકારી કામ પૂરું થયા બાબતની નોટિસ જે વ્યક્તિ પાસેથી મળી હોય તે વ્યક્તિને કામ પૂરું થયા બાબતની નોટિસ મળ્યાની તારીખથી મોડામાં મોડી એક મહિનાની અંદર લેખિત ખબર આપીને અને તેવી નોટિસમાં જણાવ્યા મુજબના તેના સરનામે પહોંચાડીને અથવા આવું સરનામું જણાવ્યું ન હોય, તો આવી નોટિસ જે ઈમારતને લગતી હોય તે ઈમારતના સહેલાંઈથી દેખાઈ આવે એવા ભાગ પર ચોડીને,—

(૧) આવી ઈમારતનો ભોગવટો કરવાની અથવા આવું કામ જે ઈમારત અથવા તેના જે ભાગ પર કરવામાં આવ્યું હોય તે ઈમારત અથવા તે ભાગ વાપરવાની પરવાનગી આપી શકશે, અથવા

(૨) આવી ઈમારત એવી રીતે ઊભી કરવામાં આવી હોય અથવા આવું કામ એવી રીતે કરવામાં આવ્યું હોય કે જેથી આ અધિનિયમના અથવા આ અધિનિયમ અન્વયે કરેલા અને તે સમયે અમલમાં હોય એવા કોઈ ઉપનિયમના અથવા કલમ ૧૫૫ અન્વયે કરેલા કોઈ હુકમની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન થતું હોય ત્યારે આવી પરવાનગી આપવાની ના પાડી શકશે અને એવી રીતે ના પાડવા માટેનાં કારણોની ખબર કલમ ૧૫૫ની પેટા-કલમ (૧) અન્વયે નોટિસ આપવાને જવાબદાર હોય એવી વ્યક્તિ એવી નોટિસ આપતી વખતે એવી ઈમારત અથવા એવા કામનો માલિક ન હોય તો એવા માલિકને, આ અધિનિયમના અથવા તે અન્વયે કરેલા અને તે સમયે અમલમાં હોય એવા કોઈ ઉપનિયમની અથવા કલમ ૧૫૫ અન્વયે કરેલા કોઈ હુકમની કોઈ જોગવાઈ વિરુદ્ધ જે કાંઈ કામ કરવામાં આવ્યું હોય તે કામ સુધારવાનું અથવા એવી કોઈ જોગવાઈથી અથવા ઉપનિયમથી અથવા હુકમથી જે કાંઈ કામ કરવાનું તેને ફરમાવેલ હોય પણ કરવામાં આવેલું ન હોય તે કરવાનું ફરમાવશે.

(૪) જ્યાં સુધી—

(ક) પેટા-કલમ (૩)ના ખંડ (ખ)માં ઉલ્લેખેલી પરવાનગી મળી ન હોય, અથવા

(ખ) કામ પૂરું થયા બાબતની નોટિસ મળ્યા પછી, એક મહિના સુધી, મુખ્ય અધિકારીએ, સદરહુ પરવાનગી આપવાની પોતે ના પાડયાની ઉપર કહ્યા પ્રમાણે ખબર આપી ન હોય ત્યાં સુધી, કોઈ વ્યક્તિએ આવી કોઈ ઈમારતપેનો ભોગવટો કરવો નહિ અથવા ભોગવટો કરવાની પરવાનગી આપવી નહિ અથવા આવી જે ઈમારત અથવા તેના જે ભાગોમાં કામ કરવામાં આવ્યું હોય તે ઈમારત અથવા ભાગ વાપરવો નહિ અથવા વાપરવાની પરવાનગી આપવી નહિ.

(૫) જે કોઈ વ્યક્તિ આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા તે અન્વયે કરેલા કોઈ હુકમ અથવા ફરમાનનું પાલન કરવાને ચૂકે તેને, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે. આવું ઉલ્લંઘન અથવા અપાલન ચાલુ રહે તે પ્રસંગે, એવા પ્રથમ ઉલ્લંઘન અથવા અપાલન બદલ દોષિત ઠર્યા પછી તેવું આવું ઉલ્લંઘન અથવા અપાલન જે દરેક દિવસ દરમિયાન ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂપિયા દસ સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**ઝૂંપડાનું નિયમન.**

૧૫૮. મુખ્ય અધિકારીને અગાઉથી નોટિસ આપ્યા સિવાય, કોઈ વ્યક્તિ કોઈ ઝૂંપડું અથવા છાપરું અથવા ઝૂંપડાં અથવા છાપરાંની કોઈ હાર અથવા સમૂહ ઉભા કરે અથવા આ અધિનિયમ અમલમાં આવે તે વખતે અસ્તિત્વમાં હોય એવાં ઝૂંપડાં અથવા છાપરાના કોઈ હાર અથવા સમૂહમાં કોઈ ઝૂંપડું અથવા છાપરું વધારે તો તે કાયદેસર ગણાશે નહિ; મુખ્ય અધિકારી, એવાં ઝૂંપડાં અથવા છાપરાં આવે તે પ્રમાણે તથા હવાની આવજા થાય અને કચરો કાઢવાનું સરળ થાય તે સારુ પોતાને યોગ્ય જણાય તેટલા પહોળા માર્ગ અથવા રસ્તો દરેક બે હારની સામે તથા તેની વચ્ચે રહે તે પ્રમાણે તથા તેનાં પાણીનો પૂરતો નિકાલ થાય તેવી રીતે સપાટી પર એવાં ઝૂંપડાં અથવા છાપરાં બાંધવાનું ફરમાવી શકશે; અને મુખ્ય અધિકારી એવાં ઝૂંપડાં સારુ પોતાને જરૂર જણાય તેટલી સંખ્યાના જાજરૂઓ અને તેવાં પાણીના નિકાલ માટેના સાધનોનો પ્રબંધ કરવાનું ફરમાવી શકશે. જો મુખ્ય અધિકારીને આવી નોટિસ આપ્યા વગર અથવા મુખ્ય અધિકારીએ ફરમાવ્યું હોય તે સિવાય બીજી રીતે કોઈ ઝૂંપડું અથવા છાપરું અથવા તેની કોઈ હાર અથવા સમૂહ બાંધવામાં આવે, તો મુખ્ય અધિકારી તેના માલિક અથવા બાંધનારને અથવા જે જમીન ઉપર તે ઊભાં કરવામાં આવ્યાં હોય અથવા ઊભાં કરવામાં આવતાં હોય તે જમીનના માલિક અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ આપી શકશે અને તેમાં એવું ફરમાવી શકશે કે એવી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા વાજબી વખતની અંદર તેણે તે ઉતારી નાખવાં અને ખસેડી લઈ જવાં અથવા આરોગ્ય રક્ષણની દૃષ્ટિએ મુખ્ય અધિકારીને યોગ્ય જણાય તેવા તેમાં ફેરફાર અથવા વધારા કરવા.

**ઝૂંપડાંનો સુધારો.**

૧૫૯. (૧) કોઈ ઝૂંપડું અથવા છાપરું રહેઠાણ તરીકે અથવા તબેલા તરીકે અથવા બીજા કોઈપણ હેતુ સારુ વપરાતું હોય, અને આ અધિનિયમ અમલમાં આવે તે વખતે અસ્તિત્વમાં હોય અથવા ત્યારપછી ઊભું કર્યું હોય—

(ક) તેમાં હવાની અપુરતી આવજાને લીધે અથવા ઝૂંપડું અથવા છાપરું બીજાં ઝૂંપડાં અથવા છાપરા સાથે ગીચોગીચ હોવાને લીધે, અથવા

(ખ) ઊભણી ન હોવાને લીધે અથવા અપૂરતી ઊભણી ન હોવાને લીધે, અથવા પાણીના નિકાલનાં પૂરતા સાધનો ન હોવાને લીધે, અથવા

(ગ) કચરો કાઢવાનું અશક્ય હોવાને લીધે તેની પડોશના રહેવાસીઓને રોગ થવાની ધાસ્તી છે એવો કારોબારી સમિતિનો અભિપ્રાય હોય ત્યારે, તે એવાં ઝૂંપડાના અથવા છાપરાના સહેલાઈથી દેખાય આવે તેવા કોઈ ભાગ ઉપર એક નોટિસ ચોંટાડાવશે અને તેમાં તે ઝૂંપડાં અથવા છાપરાંના માલિકને અથવા તેનો ભોગવટો કરનારને આ અર્થે કારોબારી સમિતિ નક્કી કરે એવા વાજબી વખતની અંદર એવું ઝૂંપડું અથવા છાપરું ઉતારી નાખવા અને ખસેડી લઈ જવાનું અથવા એવી ધાસ્તી ટાળવા માટે કારોબારી સમિતિને જરૂર જણાય તેવા ફેરફાર અથવા કામ કરવાનું ફરમાવશે.

(૨) આવો કોઈ માલિક અથવા ભોગવટો કરનાર નક્કી કરેલા વખતમાં આવું ઝૂંપડું અથવા છાપરું ઉતારી નાખવાની અને ખસેડી લઈ જવાની અથવા તેમાં એવા ફેરફાર અથવા કામ કરવાની ના પાડે અથવા તેમ કરવામાં ગફલત કરે ત્યારે મુખ્ય અધિકારી, આવું ઝૂંપડું અથવા છાપરું ઉતારી નંખાવી શકશે અથવા કારોબારી સમિતિના ફરમાન અનુસાર એવા ફેરફાર અથવા કામ કરાવી શકશે.

(૩) આવું ઝૂંપડું અથવા છાપરું મુખ્ય અધિકારીએ ઉતારી નંખાવ્યું હોય ત્યારે, સદરહુ અધિકારીએ તે ઝૂંપડાં અથવા છાપરાંનો માલસામાન વેચી શકાય તો વેચાવવો અને તેની ઉપજમાંથી તમામ ખર્ચ બાદ કરતાં જે રકમ વધે તે રકમ ઝૂંપડાનાં અથવા છાપરાનાં માલિકને આપવી, અથવા માલિક જાણવામાં ન હોય અથવા તેના ઈલાખા બાબત તકરાર હોય, તો જે વ્યક્તિનો તેમાં હિતસંબંધ હોય તે વ્યક્તિ રકમ મેળવવા માટે યોગ્ય કોર્ટનો હુકમ ન મેળવે ત્યાં સુધી તે રકમ નગરપાલિકાએ અનામત રાખવી;

પરંતુ કોઈ જમીન કોઈ નગરનો પહેલી વાર ભાગ બને તે વખતે તેની ઉપર જે કોઈ ઝૂંપડું અથવા છાપરું હોય તે આ કલમ અન્વયે ઉતારી નાખવામાં અને ખસેડી લઈ જવામાં આવે ત્યારે, વધુમાં તેના માલિક અથવા માલિકોને વળતર આપવું અને તકરારને પ્રસંગે, તેની રકમ કલમ ૨૬૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નક્કી કરવી.

## (૩) પાણીના નિકાલ વગેરેની લગતી સત્તા.

**મોરીઓ વગેરે પર નગરપાલિકાનું નિયંત્રણ.**

૧૬૦. (૧) નગરમાંના તમામ ગટરો, મોરીઓ, જાજરૂઓ, સંડાસો, ઘરની ગલીઓ તથા ખાળ કૂવાઓ નગરપાલિકાની દેખરેખ અને નિયંત્રણ નીચે રહેશે.

(૨) સાર્વજનિક અથવા ખાનગી તમામ ઢાંકણાવાળાં ગટરો, મોરીઓ તથા ખાળકૂવાઓમાં નગરપાલિકાએ અથવા તે જુદા જુદાં બીજી જે વ્યક્તિઓના હોય તે વ્યક્તિઓને યોગ્ય ફટકિયા અથવા હવાની આવજા માટેની યોગ્ય સાધનોનો પ્રબંધ કરવો જોઈશે અને મુખ્ય અધિકારી આવા ઢાંકણાવાળાં ગટરો, મોરીઓ તથા ખાળ કૂવાઓના માલિકને લેખિત નોટિસ આપીને તદનુસાર પ્રબંધ કરવાનું ફરમાવી શકશે.

મોરીઓ કરવા અથવા તેની મરામત કરવા માટેની સત્તા.

૧૬૧. (૧) નગરપાલિકા અથવા તેના અધિકાર હેઠળ કામ કરતી કોઈ વ્યકિત પાણીનો નિકાલ કરવાના હેતુ માટે કોઈ મોરી, ગટર, નળ, વિવરમાર્ગ, ગરનાળુ, નળી અથવા જલમાર્ગ, કોઈપણ રસ્તામાંથી તેની આડે અથવા તેની નીચેથી અથવા રસ્તા તરીકે આંકેલી અથવા જેમાં રસ્તો કરવા ધાર્યુ હોય એવી કોઈપણ જગામાંથી તેની આડે અથવા તેની નીચેથી, અથવા કોઈ રસ્તા નીચે હોય એવા કોઈ ભોંયરા નીચેથી નગરમાંની ગમે તે જમીનમાં જમીન માંથી અથવા જમીન નીચેથી તે જમીનના માલિક અથવા ભોગવટો કરનારને વાજબી લેખિત નોટિસ આપ્યા પછી અને નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તે માલિક અથવા ભોગવટો કરનારે રજુ કરેલા કોઈ વાંધા ધ્યાનમાં લીધા પછી લઈ જશે, તો તે કાયદેસર ગણાશે.

(૨) નગરપાલિકા અથવા તેના અધિકાર હેઠળ કામ કરતી કોઈ વ્યકિત જે કોઈ જમીનમાં નગરપાલિકાને પ્રાપ્ત થયેલી કોઈ મોરી અગાઉથી બાંધેલી હોય તે જમીનમાં હોય તેવી મોરીને બદલે નવી મોરી બાંધી શકશે અથવા નગરપાલિકાને પ્રાપ્ત થયેલી કોઈ મોરીનો મરામત કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા આવી જે કોઈ મોરી પોતાના અભિપ્રાય પ્રમાણે બિન ઉપયોગી થઈ હોય અથવા અનાવશ્યક થઈ હોય તેવી મોરી ચાલુ ન રાખવાનું ફરમાવી શકશે, બંધ કરી શકશે, અથવા તોડી નાખી શકશે અથવા આવી કોઈ મોરીનો સર્વાશે અથવા ગંદા પાણીની મોરીના કે ખુલ્લી મોરીના હેતુ સારુ ઉપયોગ કરવાની મનાઈ કરી શકશે.

પરંતુ આવી રીતે મોરી ચાલુ ન રાખવાને, બંધ કરવાને, તોડી પાડવાને અથવા મનાઈ કરવાને કારણે કોઈ વ્યકિતને કોઈ ગટરના કાયદેસર ઉપયોગ કરવામાંથી વંચિત કરવામાં આવે તો નગરપાલિકાએ, જેમ બને તેમ જલદી એવી રીતે ચાલુ ન રાખેલી બંધ કરેલી તોડી પાડેલી મોરી અથવા જેનો ઉપયોગ કરવાને મનાઈ કરી હોય તેવી મોરી જેટલી અસરકારક બીજી ગટરનો તેના ઉપયોગ માટે પ્રબંધ કરવો જોઈશે.

(૩) આ કલમ અન્વયેની કોઈ સત્તા ચલાવતાં કોઈ બિન-જરૂરી નુકશાન કરવું નહિ અને તેવી સત્તા વાપરવાથી જે કોઈ વ્યકિતને નુકશાન થાય તેને નગરપાલિકાએ વળતર આપવું. એવા વળતરની રકમ તકરારને પ્રસંગે, કલમ ૨૬૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નકકી કરવી.

ઘરના પાણીનો પૂરતો નિકાલ થાય તેમ કરવાનું ફરમાવવાની સત્તા.

૧૬૨. જો કોઈપણ વખતે કોઈ ઈમારત અથવા જગાનાં પાણીનાં નિકાલ માટે વ્યવસ્થા કરેલ ન હોય અથવા તેના પાણીનો નિકાલ મુખ્ય અધિકારીને સંતોષ થાય તે રીતે ન હોય તો તે ઈમારત અથવા જમીનનું પાણી—

(ક) એવી ઈમારત અથવા જમીનના કોઈ ભાગથી પચાસ ફૂટની અંદર કોઈ યોગ્ય મોરી અથવા ગટર હોય, તો તે મોરી અથવા ગટરમાં, અથવા

(ખ) એવી ઈમારતના અથવા જમીનના માલિકે રાખવાના તથા મુખ્ય અધિકારીએ મંજૂર કરેલા ઢાંકણાંવાળા ખાળકુવામાં—

લઈ જવા સારું મુખ્ય અધિકારીને જરૂરી જણાય તેટલા કદની, તેવા પદાર્થની તથા તેવી ઉંચાઈની અને તેવા ઢાળની મોરી અથવા નળી તે ઈમારત અથવા જમીન આગળથી બાંધવા અથવા મૂકવા માટે તે ઈમારત અથવા જમીનના માલિકને મુખ્ય અધિકારી, કારોબારી સમિતિનાં નિયંત્રણને અધીન રહીને, લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે.

મોરીઓ સિવાય નવી ઈમારતો ઉભી કરવી નહિ.

૧૬૩. (૧) કોઈપણ ઈમારત બાંધવી અથવા ફરી બાંધવી તે અથવા નવી બાંધેલી અથવા ફરી બાંધેલી કોઈપણ ઈમારતના ભોગવટો કરવો અથવા ભોગવટો કરવા દેવો તે નીચે પ્રમાણે કરવામાં ન આવે તો અને ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ, એટલે કે:—

(ક) આવી ઈમારતના પાણીનો સારી રીતે નિકાલ થાય તે માટે મુખ્ય અધિકારીને જરૂરી જણાય તેવા કદની, તેવા પદાર્થની તથા તેવા પ્રકારની અને તેવી ઉંચાઈની તથા તેવા ઢાળની મોરી બાંધવામાં ન આવે તો અને ત્યાં સુધી;

(ખ) સદરહુ ઈમારતમાંનું તથા તેને લગતી જમીનમાંથી પાણી ભેગું કરવા તથા લેવા સારુ તથા તેમાંથી બહાર લઈ જવા સારુ તથા સદરહુ ઈમારતની મોરી તથા તેને લગતા દરેક જડિત સામાનને પાણી વતી સારી રીતે ધોવા સારુ મુખ્ય અધિકારીને જરૂરનાં જણાય તેવાં સઘળાં સાધનો તથા જોડકામોની આવી ઈમારત તથા જમીન માટે વ્યવસ્થા કરીને તે તેમાં બેસાડવામાં ન આવે તો અને ત્યાં સુધી.

(૨) ઉપર કહયા પ્રમાણે બાંધવાની મોરીનું પાણી, એવી ઈમારતથી પંદર મીટર વધારે ન હોય એવા અંતરે આવેલી નગરપાલિકાની મોરીમાં અથવા પાણીના નિકાલ સારું નગરપાલિકાએ અલાયદી રાખેલી કોઈપણ જગામાં ખાલી થવું જોઈએ, પણ એવા અંતરમાં આવી મોરી અથવા જગા ન હોય, તો આવી મોરીનું પાણી આવી ઈમારતના માલિકે રાખેલા અને મુખ્ય અધિકારીએ મંજૂર કરેલા ખાળ કુવામાં ખાલી થવું જોઈશે.

**ઈમારતો અથવા જમીનોના માલિકોની તથા ભોગવટો કરનારાઓની પોતાની મોરીનું પાણી નગરપાલિકાની મોરીમાં જસેવડાવવાની સત્તા.**

૧૬૪. (૧) નગરમાંની કોઈપણ ઈમારત અથવા જમીનના માલિક અથવા ભોગવટો કરાવનારને પોતાની પાણી નગરપાલિકાની મોરીમાં ખાલી કરવાનો હક રહેશે: પરંતુ તેમ કરવા માટેનો તેણે પ્રથમ મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી મેળવવી જોઈશે અને એવી રીતે ખાલી કરાવવાના પદાર્થનો જથ્થો અને પ્રકાર બાબત અને નગરપાલિકાને પ્રાપ્ત ન થયેલી હોય તેવી મોરીઓ તથા તેને પ્રાપ્ત થયેલી હોય તેવી મોરીઓનું જે રીતે તથા જે દેખરેખ હેઠળ જોડાણ કરવું જોઈએ તે રીતે તથા દેખરેખ બાબત મુખ્ય અધિકારી લેખિત હુકમથી જે શરતો ઠરાવે તે શરતોનું તેણે પાલન કરવું જોઈશે.

(૨) મુખ્ય અધિકારીના પેટા-કલમ (૧) અન્વયેના કોઈપણ હુકમ સામે કારોબારી સમિતિનો અપીલ થઈ શકશે, પણ એવી અપીલ એવો હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર કરવી જોઈશે.

**બીજી વ્યકિતઓની માલિકીની જમીનમાંથી અથવા મોરીમાં મોરી લઈ જવાનો હક.**

૧૬૫. (૧) કોઈપણ ઈમારત અથવા જમીનનો માલિક અથવા ભોગવટો કરનાર, તે ઈમારત અથવા જમીન, બીજી કોઈપણ વ્યકિતની માલિકીની અથવા ભોગવટાની અથવા વપરાશની જમીનમાંથી મોરી બાંધીને અથવાબીજી કોઈપણ વ્યકિતની માલિકીની અથવા ભોગવટાની અથવા વપરાશની મોરી સાથે મોરી જોડીને સાથે મોટી નગરપાલિકાની કોઈપણ મોરી સાથે જોડવા માંગતી હોય, તો તે મુખ્ય અધિકારીને તે અર્થે લેખિત અરજી કરી શકશે.

(૨) તેમ થયે મુખ્ય અધિકારી એવી અરજીની બાબતમાં કોઈપણ વાંધો હોય તો તે જણાવવાની તેવી બીજી વાજબી તક આપ્યા પછી, જો કાંઈપણ વાંધો લેવામાં આવ્યો ન હોય અથવા લેવામાં આવ્યો હોય તેવા કોઈપણ વાંધો તેના અભિપ્રાય પ્રમાણે, અપૂરતો હોય, તો તે અરજદારને લેખિત હુકમ આપીને તેની મોરી પ્રસંગ પ્રમાણે. સદરહુ જમીનમાં અથવા તે જમીનમાંથી અથવા તેની નીચેથી અથવા સદરહુ મોરીમાં પોતાને પૂરતી અને ન્યાયી જણાય તો એ રીતે તથા ભાડુ અથવા આપવા સંબંધી અને સદરહુ મોરીઓ નિભાવવા તેમની મરામત કરવા, તેમને પાણી વતી ધોવા સાફ કરવા તથા ખાલી કરવા માટેની પક્ષકારોની પોતેપોતાની જવાબદારી સંબંધી પોતાને પૂરતી અને ન્યાયી લાગે તેવી શરતે લઈ જવાને, કારોબારી સમિતિના નિયંત્રણને આધીન રહીને, અધિકૃત કરી શકશે.

(૩) જે વ્યકિતની તરફેણમાં આવો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યકિતને અથવા આ હેતુ માટે તેણે રોકેલા કોઈ એજન્ટ અથવા બીજી વ્યકિતને તે દરેક હુકમ ઉપરથી, તે હુકમમાં જો કોઈ વળતર અથવા ભાડું નિર્દિષ્ઠ કરેલું હોય, તો તે સદરહુ જમીન અથવા મોરીના માલિકને અથવા ભોગવટો કરનારને અથવા વાપરનારને આપ્યા પછી અથવા આપવા માંડીને તથા બીજી રીતે સદરહુ હુકમની શરતો શક્ય હોય તેટલે સુધી પુરી કરીને તથા સદદહુ માલિક ભોગવટો કરનાર અથવા વાપરનારને વાજબી લેખિત નોટિસ આપ્યા પછી સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલી જમીનમાં સહાયકો તથા કામદારો સાથે સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેના કોઈપણ વખતે દાખલ થવા માટે તથા આ અધિનિયમની તમામ જોગવાઈઓને અધીન રહીને—

(ક) સદરહુ હુકમથી અધિકૃત કરવામાં આવે તે પ્રમાણે મોરી બાંધવા અથવા જોડવા માટે;

(ખ) તે મોરી જરૂર પડે તે પ્રમાણે વખતોવખત નવેસર કરવા, તેની મરામત કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે; અથવા,

(ગ) તે મોરી અથવા તેનો કોઈ ભાગ નિભાવવા, તેની મરામત કરવા, તેને પાણી વતી ધોવા, સાફ કરવા અથવા ખાલી કરવા સંબંધી તે હુકમની બોલીઓ અન્વયે તેના ઉપર જે જવાબદારી આવતી હોય તે અદા કરવા માટે;

જરૂરી હોય તેવાં તમામ કામ કરવા માટે યોગ્ય સત્તા રહેશે.

(૪) આ કલમ અન્વયે કોઈ કામ કરતી વખતે બને તેટલું થોડું નુકશાન કરવું અને કામ જે ઈમારતોના અથવા જમીનોના લાભ માટે કરવામાં આવતું હોય તે ઈમારતો અથવા જમીનોના માલિકે અથવા ભોગવટો કરનારે—

(ક) વ્યવહાર્ય હોય તેટલો ઓછો વિલંબ કરીને તે કામ કરાવવું;

(ખ) સદરહુ કામ કરવા માટે તે જમીન અથવા કોઈ ઈમારતોનો અથવા બીજા બાંધકામનો જે કોઈ ભાગ ખુલ્લો કરવામાં તોડવામાં અથવા કાપી નાખવામાં આવ્યો હોય તે જમીન અથવા તે ભાગ પોતાને ખર્ચે તથા વ્યવહાર્ય તેટલો ઓછો વિલંબ કરીને પૂરી નાખવો, પૂર્વવત કરવો તથા દુરસ્ત કરવો; અને

(ગ) સદરહુ કામ કર્યાથી જે કોઈ વ્યકિતને નુકશાન થાય તે વ્યકિતને વળતર આપવું.

**જે જમીનમાં થઈને મોરી લઈ જવામાં આવે તે જમીનના માલિકને તે જમીન પર પછીથી ઈમારત બાંધવાને હક.**

૧૯૬. જ્યારે કોઈ જમીન પર બાંધકામ કરવામાં આવ્યું ન હોય ત્યારે તેમાં અથવા તેમાં થઈને અથવા તેની નીચેની કલમ ૧૯૫ અન્વયે કોઈ મોરી લઈ જવામાં આવી હોય તે જમીનનો માલિક તે પછીના કોઈપણ વખતે તે જમીન પર ઈમારત બાંધવા માગતો હોય તો કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી જો આવી ઈમારત બાંધવાની મંજૂરી આપે, તો તેણે જે ઈમારતના અથવા જમીનના લાભ માટે એવી મોરી બાંધવામાં આવેલી હોય તે ઈમારત અથવા જમીનના માલિક અથવા ભોગવટો કરનારને સૂચિત ઈમારત બાંધી શકાય તે માટે અથવા તેનો સુરક્ષિત પણે ઉપયોગ થઈ શકે તે માટે પોતાને જરૂરી જણાય તેવીરીતે તે મોરી બંધ કરવાનું, કાઢી નાખવાનું અથવા વાળવાનું અને જમીન પૂરી નાખવાનું અને પૂર્વવત કરવાનું અને દુરસ્ત કરવાનું લેખિત નોટિસ આપીને ફરમાવવું જોઈશે.

**જાજરૂઓ વગેરેનો પ્રબંધ કરવા બાબત.**

૧૯૭. (૧) મુખ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે ઈમારતમાં અથવા જમીન ઉપર કોઈ જાજરૂ અથવા ખાળ કુવા અથવા વધારાના જાજરૂઓ અથવા ખાળ કુવાઓનો પ્રબંધ કરવો જોઈએ અથવા જે કોઈ નગરમાં 'વોટરકલોઝેટ' વ્યવસ્થા દાખલ કરવામાં આવી હોય તે નગરમાંની કોઈ ઈમારતમાં અથવા જમીન ઉપર વોટર કલોઝેટ અથવા વધારાના વોટર કલોઝેટનો પ્રબંધ કરવો જોઈએ અથવા અસ્તિત્વમાં હોય એવા જાજરૂઓ બદલ તેને જરૂરી લાગે તેટલી સંખ્યામાં વોટર-કલોઝેટ કરવાં જોઈએ, ત્યારે કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી, એવા જાજરૂઓ, ખાળકુવાઓ, અથવા વોટર-કલોઝેટ, કરવાનું અથવા પોતાનો યોગ્ય લાગે, તેવા સ્થાને અસ્તિત્વમાં હોય તેવાં જાજરૂઓને બદલે વોટર-કલોઝેટ નો પ્રબંધ કરવાનું એવી ઈમારતના અથવા જમીનના માલિકને લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે.

(૨) જે કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓ વીસ કરતાં વધારે કામદારો અથવા મજુરો રોકતા હોય અથવા કોઈ બજાર, શાળા અથવા નાટ્યગૃહના અથવા લોકોને આવવા જવાની બીજી જગાના માલિક હોય અથવા તેની વ્યવસ્થા કરતા હોય તેને અથવા તેમને કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી લેખિત નોટિસ આપીને, પોતે આદેશ કરે તેવાં સ્થાને તેવાં પાયખાનાં તથા મૂતરડીઓનો પ્રબંધ કરવાનું તથા તે સારી સ્થિતિમાં રખાવવાનું તથા દરરોજ સાફ કરાવવાનું ફરમાવી શકશે.

(૩) કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી કોઈ જમીનમાં જાજરૂ અથવા મૂતરડી હોય તે જમીનના માલિકને અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ આપીને એવું ફરમાવી શકશે કે એવા માલિકે અથવા ભોગવટો કરનારે તે જાજરૂ અથવા મૂતરડી આવતીજતી વ્યક્તિઓ અથવા પડોશના રહેવાસીઓની દૃષ્ટિએ ન પડે તે રીતે તેના ઉપર પૂરતું છાપરૂ અને તેની ફરતી ભીંત અથવા વાડ કરીને બંધ કરાવવું, અથવા જે કોઈ જાજરૂનું બારણું અથવા ફટકાબારી કોઈ રસ્તામાં પડતી હોય અને જે અપકારક હોવાનું લાગતું હોય તે બારણું અથવા બારી પોતે આદેશ કરે તે પ્રમાણે ફેરવવી.

**વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે માલિકને ફરમાવવાની મુખ્ય અધિકારીની સત્તા**

[1]૧૯૭-ક.(૧) મુખ્ય અધિકારીના અભિપ્રાયમાં એમ લાગે કે નગરપાલિકાએ તે અર્થે ઉપનિયમો અનુસાર કોઈ જગામાં પૂરતા અને યોગ્ય વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ નથી. ત્યારે મુખ્ય અધિકારી, એવી જગાઓના માલિકને લેખિત નોટિસ આપીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયની અંદર નગરપાલિકાએ તે અર્થે કરેલા ઉપ-નિયમો અનુસાર તે જગામાં એવા વોટર-કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવા માટે ફરમાવી શકશે અને માલિક એવી રીતે નિર્દિષ્ટ કરેલા સમયમાં અથવા માલિકની અરજી ઉપરથી, મુખ્ય અધિકારી કોઈ વાજબી કારણસર લંબાવે તેટલા સમયમાં એવા ફરમાનનું પાલન ન કરે, તો મુખ્ય અધિકારી, નગરપાલિકા ફંડમાંથી એવી સગવડ કરે, તો તે કાયદેસર રહેશે. એવી સગવડ કરવામાં મુખ્ય અધિકારીને થયેલું ખર્ચ, મુખ્ય અધિકારીએ, માગણી કર્યે, માલિકે ભરપાઈ કરવું પડશે અને માગણી કર્યે તે ભરે નહિ, તો મુખ્ય અધિકારી આવું ખર્ચ આ અધિનિયમના પ્રકરણ ૯માં જોગવાઈ કરેલી રીતે, વસૂલ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકુર હોય તે છતાં, કોઈ જગાનો માલિક, પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલ મુદતમાં એવા ફરમાનનું પાલન કરે તે પ્રસંગે મુખ્ય અધિકારી જો માલિક પોતે એવી જગાનો ભોગવટેદાર ન હોય અને જો એવી જગાનો ભોગવટેદાર એવા વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરવાને ખુશી હોય, તો મુખ્ય અધિકારી જાતે એવી સગવડ કરવાને બદલે, એવા ભોગવટેદારને માલિકના ખર્ચે તેમ કરવાની પરવાનગી આપી શકશે. એવી સગવડ કરનાર આવો કોઈપણ ભોગવટેદાર પોતે એવી સગવડ કરી છે અને સગવડ કરવામાં તેને થયેલ ખર્ચની રકમ અને એવા ખર્ચના વાજબીપણા વિષે મુખ્ય અધિકારી પાસેથી જરૂરી પ્રમાણપત્ર મેળવ્યા પછી, મુખ્ય અધિકારીએ વાજબી હોવાનું પ્રમાણિત કર્યું હોય તેવી ખર્ચની રકમ માલિકને તેણે આપવાના ભાડામાંથી અથવા બીજી કોઈ રકમમાંથી કાપી લેવાને અથવા માલિક પાસેથી એવી રકમ બીજી કોઈ કાયદેસર રીતે વસૂલ કરવાને હકદાર રહેશે.

(૩) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ સગવડ કરવાના હેતુ માટે, મુખ્ય અધિકારીને તે હેતુ માટે જરૂરી તમામ કાર્યો કરવાની સત્તા રહેશે અને આવી સગવડ કરવામાં જગાને વાજબી નુકશાન થયું હોય, તો તે માટે, તે જગાના માલિકને કંઈ વળતર આપવાને માટે નગરપાલિકા જવાબદાર રહેશે નહિ.

(૪) પેટા-કલમ (૧) હેઠળ મુખ્ય અધિકારીએ, કોઈ વોટર કલોઝેટ અથવા જાજરૂની સગવડ કરી હોય અથવા તે બનાવરાવ્યું હોય અને તેમ કરવામાં, મુખ્ય અધિકારીને થયેલું ખર્ચ, માલિકે પૂરેપૂરૂં ભર્યું હોય અથવા તેની પાસેથી વસૂલ કર્યું હોય ત્યારે, આવું વોટર કલોઝેટ અથવા જાજરૂ જગાના માલિકને રહેશે અને તેને સારી રીતે અને યોગ્ય સ્થિતિમાં રાખવાનું ખર્ચ માલિકે ઉપાડવાનું રહેશે.

---

૧. સન ૧૯૮૦ ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૭ થી કલમ ૧૯૭-ક દાખલ કરી છે.

(૫) પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળ ઉપર પ્રમાણે કરેલી સગવડ મુંબઇ ભાડાં, હોટેલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટે કાયમી બાંધકામ છે એમ ગણાશે નહિ. સન ૧૯૪૭નો મુંબઈનો ૫૭મો.

સ્પષ્ટીકરણ:- આ કલમના હેતુ માટે 'વોટર ક્લોઝેટ' એટલે સંડાસ તરીકે વપરાતું ક્લોઝેટ, જેમાં પાણીથી મળ ધકેલાતો અથવા લઈ જવાતા હોય અને તેમાં એકવા પ્રીવિ, ગેસ પ્લાન્ટ સાથે જોડાયેલ લેટ્રીન પી.આર. એ.આઈ (પ્લાનીંગ રીસર્ચ એકશન ઈન્સ્ટીટયૂટ) ટાઈપ સેપ્ટિક ટેન્ક ટાઈપ, હેન્ડ ફ્લશ ટાઈપ, બોર હોલ ટાઈપ ટ્રેપ ટાઈપ તરીકે ઓળખાતા ટાઈપના અથવા રાજ્ય, સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી બીજી કોઈ ટાઈપના ક્લોઝેટનો સમાવેશ થાય છે. ].

૧૬૮. (૧) નગરમાંના તમામ ગટરો, મોરીઓ, જાજરૂઓ, 'વોટર ક્લોઝેટ' મૂતરડીઓ, ઘરની ગલીઓ તથા ખાળકૂવાઓ નગરપાલિકાના ખર્ચે બાંધેલા હોય તે સિવાય તે જે જમીનો અથવા ઈમારતોને લગતાં હોય અથવા જે જમીનોના અથવા ઈમારતોના વપરાશ માટે બાંધ્યા હોય અથવા ચાલુ રાખ્યા હોય તે જમીનોના અથવા ઈમારતોના માલિકોના ખર્ચે તેમાં ફેરફાર કરવો જોઈશે. તેની મરામત કરવી જોઈશે. સાફ કરવાં કરવાં જોઈશે તથા તેને સારી સ્થિતિમાં રાખવાં જોઈશે અને કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી પોતાને યોગ્ય જણાય તે રીતે તેમાં ફેરફાર કરવાનું, તેની મરામત કરવાનું તથા તે સારી સ્થિતિમાં રાખવાનું તેવા કોઈપણ માલિકને લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે. માલિકને મોરીઓ વગેરે સારી સ્થિતિમાં રાખવાનું જાજરૂ અથવા ખાળ અથવા કૂવા તોડી નાખવાનું અથવા બંધ કરવાનું ફરમાવવાની સત્તા

(૨) આ અધિનિયમ અમલમાં આવતાં પહેલાં અથવા તે પછી બાંધેલું જે કોઈ જાજરૂ અથવા ખાળકુવો, મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે અપકારક હોય અથવા એવી રીતે બાંધેલ હોય કે તેમાંનો કચરો કાઢવા સારૂ જવાને રસ્તો ન હોય અથવા તે યોગ્ય રીતે સાફ કરી શકાય અથવા સારી સ્થિતિમાં રાખી શકાય તેમ ન હોય તો કારોબારી સમિતિનાં નિયંત્રણને અધીન રહીને, મુખ્ય અધિકારી લેખિત નોટિસ આપીને તે જાજરૂ અથવા ખાળકૂવો તોડી નાખવાનું અથવા બંધ કરવાનું તેના માલિકને ફરમાવી શકશે.

૧૬૯. નગરમાંની કોઈ ઈમારત અથવા જમીનની મોરીનું જોડાણ કોઈ ખાળકુવા અથવા ગટર સાથે હોય ત્યારે, મુખ્ય અધિકારીને જો એમ લાગે કે એવી મોરી એવી ઈમારત અથવા જમીનના પાણીના નિકાલ માટે પૂરતી હોય તથા તે બીજી રીતે વાંધો લેવા લાયક ન હોય તો પણ તે મોરી તે લત્તાની સામાન્ય ગટરો સાથે અનુકૂળ થાય તેવી રીતે કરેલાં નથી. તો તે ઈમારત અથવા જમીનના પાણીનો નિકાલ તે મોરીના જેવી જ સારીરીતે થાય તેવી એક અથવા વધારે મોરી કરીને તે મોરી તથા તે ખાળકૂવો તથા તે ખાળકૂવો અથવા ગટર, પછી તે નગરપાલિકાને પ્રાપ્ત થયેલી જમીનમાં હોય અથવા ન હોય તો પણ, મુખ્ય અધિકારી કારોબારી સમિતિના નિયંત્રણને અધીન રહીને બંધ કરી શકશે અને મુખ્ય અધિકારી ઉપર કહયા મુજબના નિયંત્રણને અધીન રહીને તે હેતુ માટે જરૂરી હોય એવું કોઈ કામ કરી શકશે. અસ્તિત્વ હોય તેવી ખાનગી મોરીઓ બંધ કરાવવાની સત્તા.

૧૭૦. નગરમાંની કોઈ જમીન પર બાંધેલા ફરી બાંધેલા, અથવા ઉઘડેલાં જે ગટર, મોરી, જાજરૂ, વોટરક્લોઝેટ' મૂતરડી ઘરની ગલી અથવા ખાળકૂવો – અનધિકૃત રીતે બાંધેલી ફરી બાંધેલી, અથવા ઉઘાડેલી ગટરો વગેરેના સંબંધમાં સત્તા.

(ક) તેવી જમીન નગરનો ભાગ બન્યા પછી, અને

(ખ) નગરપાલિકાની સંમતિ વિના અથવા તેના હુકમ, આદેશ અથવા સામાન્ય વિનિયમો અથવા ઉપ-નિયમ વિરૂદ્ધ અથવા તે જયારે એવીરીતે બાંધેલા ફરી બાંધેલા અથવા ઉઘડેલાં હોય તે વખતે અમલમાં હોય એવી કોઈ અધિનિયમની જોગવાઈઓ વિરૂદ્ધ બાંધેલા, ફરી બાંધેલાં અથવા ઊઘડેલાં હોય તે જે વ્યકિતએ બાંધેલા, ફરી બાંધેલા અથવા ઉઘાડેલાં હોય તે વ્યકિતએ કારોબારી સમિતિને યોગ્ય રીતે તેમ તે તોડી નાંખવાં, સુધારવાં અથવા તેમાં ફેરફાર કરવો એવું કારોબારી સમિતિ લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે, અને આવા કોઈ ગટર, મોરી, જાજરૂ, (વોટરક્લોઝેટ) મૂતરડી, ઘરની ગલી અથવા ખાળકુવા એવીરીતે બાંધનાર, ફરીથી બાંધનાર અથવા ઊઘાડનાર દરેક વ્યકિતને પછી તેને આવી નોટિસ મળે અથવા ન મળે અથવા તે નોટિસનું તે પાલન કરે અથવા ન કરે તો પણ, તે નોટિસના અપાલન બદલ જે કોઈ શિક્ષાને તે પાત્ર થાય તે તે શિક્ષા ઉપરાંત, એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**નગરપાલિકાની મોરીઓ વગેરેના દબાણ બાબત.**

**૧૭૧. (૧) નગરપાલિકાને પ્રાપ્ત થયેલી કોઈ ગટરમાં અથવા મોરીમાં અથવા ગટરમાંથી અથવા મોરીમાં** જે કોઈ વ્યક્તિ મુખ્ય અધિકારીની લેખિત સંમતિ અથવા પરવાનગી અગાઉથી મેળવ્યા સિવાય અથવા આ અધિનિયમ અન્વયે નાખવામાં આવેલી અથવા ઠરાવેલી કોઈ શરતોનું ઉલ્લંઘન કરીને કોઈ મોરી મૂકશે, અથવા ખાલી કરશે અથવા મૂકાવશે, અથવા ખાલી કરાવશે, તેને દોષિત ઠર્યેથી એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને મુખ્ય અધિકારી પોતાને યોગ્ય જણાય તે પ્રમાણે એવી મોરી તોડી નાખવાનું, તેમાં ફેરફાર કરવાનું અથવા તે ફરી કરવાનું અથવા તેની બીજી રીતે તજવીજ કરવાનું તે વ્યક્તિને લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે.

(૨) (ક) નગરપાલિકાને પ્રાપ્ત થયેલાં કોઈ ગટર, મોરી અથવા ગરનાળાં ઉપર, મુખ્ય અધિકારીની લેખિત સંમતિ વિના કોઈ નવી ઈમારત બાંધવી નહિ અથવા ફરી બાંધવી નહિ અને જે કોઈપણ વ્યક્તિએ કોઈ ઈમારત એવી લેખિત સંમતિ વિના બાંધી હોય અથવા ફરી બાંધી હોય તે વ્યક્તિને મુખ્ય અધિકારી પોતાને યોગ્ય લાગે તે પ્રમાણે ઈમારત પાડી નાખવાનું અથવા તેની બીજી તજવીજ કરવાનું લેખિત નોટિસ આપીને ફરમાવી શકશે.

(ખ) કોઈ વ્યક્તિ ખંડ (ક)નું ઉલ્લંઘન કરીને, કોઈ મકાન બાંધે અથવા ફરી બાંધે તેને દોષિત ઠર્યેથી એક સો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**મોરીઓ વગેરેની તપાસણી.**

૧૭૨. (૧) મુખ્ય અધિકારી, ભોગવટો કરનારને યોગ્ય નોટિસ આપ્યા પછી, કોઈ ગટર, મોરી, જાજરૂ, 'વોટર-ક્લોઝેટ' મૂતરડી, ઘરની ગલી અથવા ખાળકૂવા તપાસી શકશે અને તે હેતુ સારૂ સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેના કોઈપણ વખતે કોઈ જમીનો અથવા ઈમારતોમાં સહાયકો તથા કામદારો સાથે દાખલ થઈ શકશે અને પોતાને અથવા તેમને યોગ્ય લાગે તે જગા બને તેટલું ઓછું નુકશાન કરીને ખોદાવી શકશે.

**તપાસણીનું ખર્ચ નગરપાલિકાએ ક્યારે ભોગવવું.**

(૨) આવી તપાસણીનું અને જગા પૂરી નખાવવાનું તથા પૂર્વવત કરાવવાનું ખર્ચ નગરપાલિકાએ ભોગવવું જોઈશે, સિવાય કે તે ગટર, મોરી, જાજરૂ, વોટર ક્લોઝેટ, મૂતરડી, ઘરની ગલી અથવા ખાળ કવો ખરાબ હાલત અથવા સ્થિતિમાં માલુમ પડે અથવા તે વખતે અમલમાં હોય તેવા કોઈ અધિનિયમના અથવા તે અન્વયેના કોઈ ઉપ-નિયમ અથવા હુકમના અથવા એવા બાંધકામના સંબંધમાં કાઢેલા કોઈ હુકમની જોગવાઈઓ વિરૂધ્ધ બાંધેલ હોય ત્યારે આવો ખર્ચ આવાં ગટર, મોરી, જાજરૂ, વોટર-ક્લોઝેટ, મૂતરડી ઘરની ગલી અથવા ખાળ કૂવાના માલિકે આપવું જોઈશે અને તે ખર્ચ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈ કર બદલ માંગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે.

**આ પેટા-પ્રકરણ અન્વયેના અમુક કામો કરવાની લાગતીવળગતી વ્યક્તિને છૂટ આપ્યા સિવાય કારોબારી સમિતિ તે કરી શકે તે બાબત. આવા પ્રસંગે ખર્ચ કોણે આપવું તે બાબત.**

૧૭૩. (૧) આ પેટા-પ્રકરણની કોઈ જોગવાઈ અન્વયે જે કોઈ કામ કરવાના નગરપાલિકા હુકમ આપી શકે અથવા તેના વતી હુકમ આપી શકાય તેવું કોઈ કામ જે વ્યક્તિએ કરવું પડત તેને તે કરી લેવાની પ્રથમ છૂટ આપ્યા સિવાય કારોબારી સમિતિ પોતાને યોગ્ય લાગે, તો તે કામ નગરપાલિકાના અથવા બીજા માણસો મારફત પોતાના હુકમ હેઠળ કરાવી શકશે.

(૨) નગરપાલિકા સામાન્ય અથવા ખાસ હુકમથી અથવા ઠરાવથી આવું કામ નગરપાલિકા ફંડને ખર્ચે કરવાની મંજૂરી આપે તે સિવાય, એ પ્રમાણે કરવામાં આવેલા કોઈ કામનું ખર્ચ ઉપર જણાવેલી વ્યક્તિએ આપવું જોઈશે. ઉપર પ્રમાણેની મંજૂરી આપવાનો અધિકાર આ ઉપરથી નગરપાલિકાને આપવામાં આવે છે.

**નગરપાલિકાએ બાંધેલી નળીઓ વગેરે નગરપાલિકાની મિલકત થવા બાબત.**

૧૭૪. કોઈ ખાનગી ઈમારત અથવા જમીનના નિકાલ માટેના અથવા તેને લગતાં કોઈ પણ પાઈપો, જોડકામો, કૂંડીઓ અથવા બીજા સાધનો જો નગરપાલિકાના ખર્ચે પૂરાં પાડવામાં, બાંધવામાં અથવા ઉભા કરવામાં આવ્યાં હોય, તો નગરપાલિકાએ તેમાંનું પોતાનું હિત એવી ઈમારત અથવા જમીનના માલિકને તબદીલ કરી આપ્યું હોય તે સિવાય, નગરપાલિકાની મિલકત ગણાશે.

## (૪) પાણી પુરવઠા સંબંધી સત્તા.

**પાણીની મુખ્ય પાઈપો લઈ જવાની સત્તા.**

૧૭૫. પાણીનો પુરવઠો અથવા વધારાનો પુરવઠો મેળવવાના અથવા તે જુદે જુદે સ્થળે પહોંચાડવાના હેતુ માટે નગરમાં અથવા તેની બહાર પાણીની મુખ્ય મેઈન પાઈપો તથા નળીઓ લઈ જવા, નવેસર કરવા, તેની મરામત કરવા તથા તેમાં ફેરફાર કરવા માટે નગરપાલિકાને નગરની અંદર મોરી લઈ જવા, નવેસર કરવા તથા તેની મરામત કરવા માટે આમાં અગાઉ આવેલી જોગવાઈઓ અન્વયે જે સત્તા છે તે તથા જે નિયંત્રણને આધીન છે તેની તે જ સત્તા તેને રહેશે તથા તેના તે જ નિયંત્રણને અધીન રહેશે.

## (૫) બહારના બાંધકામ વગેરે બાંધવાની સત્તા

**૧૭૬.** (૧) સાર્વજનિક રસ્તા ઉપરની ઈમારતોના માલિકોને અથવા ભોગવટો કરનારાઓને ઈમારતની ઊભણી અથવા ભોંયતળીયાની ભીંતની લીટીની ૧.૨૫ મીટર કરતાં વધારે બહાર ન નીકળે તેવાં ખુલ્લી ઓસરી, ઝરૂખા અથવા ઓરડા એવી ઈમારતના કોઈ ઉપલા માળે કરવાની લેખિત પરવાનગી મુખ્ય અધિકારી, આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે કરેલા કોઈ ઉપનિયમને અધીન રહીને અને તેવા ઉપ-નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ફી ભરવામાં આવે એટલે આપી શકશે અને આવા રસ્તા પર છાપરાં, પાંખો, વાછટિયાં, તથા દુકાનનાં પાટિયાં વગેરે બહાર નીકળવા દેવાની પરવાનગી જે શરતોને અધીન આપવામાં આવશે તે શરતો ઠરાવી શકશે. **અમુક બહાર નીકળી આવતા ભાગો માટે પરવાનગી જરૂરી હોવા બાબત.**

(૨) પેટા-કલમ (૧) અન્વયે આપેલી પરવાનગી કાયમી હોઈ શકશે અથવા એવી પરવાનગી આપવામાં આવે ત્યારે લખીને નિર્દિષ્ટ કરવામાં આવે તેવી એક સાથેની મુદત માટે તે હોઈ શકશે.

(૩) (ક) આ પેટા-કલમના ખંડ (ખ) અન્વયે કોઈ કાર્યવાહી કરવામાં આવે તે છતાં, મુખ્ય અધિકારી, એવી કોઈ ઈમારતના માલિક અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ આપીને, નગરપાલિકાએ અથવા નગરપાલિકા વતી આપેલ અથવા કાઢેલ પરવાનગી અથવા હુકમ સિવાય, અથવા કોઈ રીતે એવી પરવાનગી અથવા હુકમ વિરૂધ્ધ બાંધવામાં આવેલો આવો કોઈ બહાર નીકળતો ભાગ કાઢી નાંખવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવી શકશે.

(ખ) આવી પરવાનગી સિવાય અથવા આવી પરવાનગી અથવા હુકમનું ઉલ્લંઘન કરીને એવો જે કોઈ માલિક અથવા ભોગવટો કરનાર, ઉપર કહ્યા પ્રમાણે કોઈ બહાર નીકળતો ભાગ બાંધશે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવો કોઈ માલિક અથવા ભોગવટો કરનાર નીકળતા જે ભાગના સંબંધમાં આ કલમ અન્વયે તે દોષિત ઠર્યો હોય તે ભાગ કાઢી નાખવાને ચૂકે તેને આવી ચૂક અથવા બેદરકારી જેટલા દિવસ દરમિયાન ચાલુ રહે તે દરેક દિવસ માટે દશ રૂપિયા સુધીનો વધારાનો દંડ થશે.

(૪) કોઈ ઈમારતની સામે અથવા આગળ કોઈ બહાર નીકળતો, દબાણ કરતો અથવા હરકત કરતો ભાગ એવી ઈમારતની જગા નગરનો ભાગ બની હોય તે પહેલા અથવા પછી કરેલો હોય અને— **બહાર નીકળી આવતા ભાગો કાઢી નાખવા બાબત.**

(ક) કોઈ સાર્વજનિક રસ્તા પર સુરક્ષિતપણે અને સુગમતાપૂર્વક પસાર થવામાં હરકતરૂપ થાય તે રીતે તે રસ્તા ઉપર પડતો હોય, તેમાં આગળ આવતો હોય અથવા તેના ઉપર કોઈપણ પ્રકારે બહાર નીકળતો હોય અથવા દબાણ કરતો હોય, અથવા

(ખ) એવો કોઈ રસ્તામાંના કોઈ ઉઘાડા પાણીના માર્ગને, મોરીનું અથવા ગટરને અથવા તેનું કામ બરાબર ચાલવાને હરકત અથવા દખલ થાય એવી રીતે પાણીના માર્ગ, મોરી અથવા ગટરમાં અથવા તે ઉપર અથવા તેની ઉપરથી બહાર નીકળતો હોય અને દબાણ કરતો હોય, તો તે ઈમારતના માલિકને અથવા ભોગવટો કરનારને મુખ્ય અધિકારી લેખિત નોટિસ આપીને તે ભાગ કાઢી નાંખવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ફરમાવી શકશે:

પરંતુ આવો બહાર નીકળી આવતો, દબાણ કરતો અથવા હરકત કરતો ભાગ, કોઈ જગા નગરનો ભાગ બન્યાની તારીખ પહેલાં અથવા નગરપાલિકાની લેખિત પરવાનગીથી આવી તારીખ પછી એવી જગામાં કરવામાં આવ્યો હોય, તો તે આ પ્રમાણે કાઢી નાખવાથી અથવા તેમાં ફેરફાર કરવાથી જે દરેક વ્યક્તિને નુકશાન થાય તેને મુખ્ય અધિકારીએ વાજબી વળતર આપવું અને એવા વળતરની રકમ બાબત કંઈપણ તકરાર ઉભી થાય, તો તે રકમ કલમ ૨૯૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નક્કી કરવી.

**૧૭૭.** કોઈ રસ્તામાંની ઈમારતનાં છાપરાં તથા બીજા ભાગોનું પાણી તે રસ્તેથી પસાર થતા લોકો પર પડે નહિ તેમ કરવા માટે મુખ્ય અધિકારી, પોતાને યોગ્ય જણાય તે રીતે પાણી ઝીલવા તથા લઈ જવા સારૂ તથા નિકાલ કરવા સારૂ યોગ્ય પરનાળ તથા પાઈપો મૂકવાનું તથા સારી સ્થિતિમાં રાખવાનું તે ઈમારતના માલિકને લેખિત નોટિસ આપી ને ફરમાવી શકશે. **વરસાદના પાણી સારૂ પરનાળ તથા પાઈપો.**

સન ૧૯૧૦નો ૯મો. સન ૧૯૯૫નો ૧૩મો.

**થરોને દીવા, ખૂણીયા વગેરે જડવા બાબત.**

**૧૭૮.** મુખ્ય અધિકારી કોઈ ઈમારતની બહારની બાજુએ તેલ અથવા ગેસના દીવા સારુ અથવા ભારતીય વિદ્યુત અધિનિયમ, ૧૯૧૦ની જોગવાઈઓને અધીન રહીને, વિદ્યુત અથવા બીજા પ્રકારના દીવા માટે અથવા ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ની જોગવાઈઓને અધીન રહીને ટેલિગ્રાફ અથવા ટેલિફોનના તાર માટે અથવા સ્થળાંતરના હેતુ માટે વિદ્યુત લઈ જવા માટેના તાર માટે ખૂણિયાં અથવા ગટરના અને પાણીના કામમાં યોગ્ય રીતે હવાની આવજા થાય તે માટે પોતાને જરૂરી જણાય તેવી પાઈપો ઉભી કરી શકશે અથવા જડી શકશે. આવાં ખૂણિયાં તથા પાઈપો સદરહુ ઈમારતના અથવા પડોશની બીજી કોઈ ઈમારતના ભોગવટો કરનારાઓને અથવા લોકોને કોઈપણ જાતની અગવડ અથવા ત્રાસ ન થાય તે રીતે ઉભાં કરવાં જોઈશે.

**રસ્તાના નામ પાડવા તથા જગાઓને ક્રમાંકઆપવા બાબત; વિરૂપ કરવા વગેરે બદલ શિક્ષા.**

**૧૭૯.** (૧) નગરપાલિકા, રસ્તાના દરેક છેડા અથવા ખૂણા અથવા નાકા પરની અથવા તેની પાસેની કોઈપણ ઈમારતના સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગ ઉપર વખતોવખત તે રસ્તો જે નામથી ઓળખવાનો હોય તે નામ મૂકાવી શકશે અથવા રંગથી લખાવી શકશે અને કોઈપણ જગાઓ અથવા તેના ભાગના માલિકને વખતોવખત નોટિસ આપીને એવી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવાં સ્થળે અને તેવી રીતે આવી જગા અથવા તેના ભાગ પર ધાતુની તકતી દ્વારા ક્રમાંક અથવા પેટા-ક્રમાંક લગાડવાનું અથવા તે આવું કામ નગરપાલિકાના હુકમો મુજબ થવું જોઈશે તેવી તેની ઈચ્છા છે, એમ લખી જણાવવાનું ફરમાવી શકશે.

(૨) જે કોઈ પણ વ્યકિત આવાં કોઈપણ નામ, ક્રમાંક અથવા પેટા-ક્રમાંકનો નાશ કરે, તે કાઢી નાખે, વિકૃત કરે અથવા નગરપાલિકાએ લગાવ્યું હોય તેના કરતાં કોઈપણ જુદું નામ, ક્રમાંક અથવા પેટા-ક્રમાંક લગાવે તે કોઈપણ વ્યકિતને અને કોઈપણ જગા અથવા તેના ભાગનો જે કોઈપણ માલિકે પોતાના ખર્ચે આવા ક્રમાંક અથવા પેટાક્રમાંક તે ત્યાં લગાડવામાં આવ્યો હોય તે પછી સારી હાલતમાં ન રાખે તે કોઈપણ માલિકને, દોષસિધ્ધિ થયેથી પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) જે પ્રસંગે જ્યાં પેટા-કલમ (૧) અનુસાર નગરપાલિકાના હુકમો અન્વયે કોઈપણ જગા અથવા તેના ભાગ પર ક્રમાંક અથવા પેટા-ક્રમાંક લગાડવામાં આવ્યો હોય તે પ્રસંગે, આવાં કામનો ખર્ચ, પ્રસંગ પ્રમાણે, આવી જગા અથવા તેના ભાગના માલિકે આપવાજોગ થશે.

સ્પષ્ટીકરણ—આ કલમમાં "જગા"નો અર્થ, કોઈપણ ઈમારત એવો થાય છે પરંતુ તેમાં માત્ર દીવાલો, કમ્પાઉન્ડની દીવાલો, વાડ, ઓટલાઓ, જડિત ચોતરાઓ, પડથાળ, પગથિયાં અથવા તેના જેવા જ બીજા ભાગોનો સમાવેશ થતો નથી.

**ઈમારત વગેરેને વિરૂપ કરવા બદલ શિક્ષા.**

**૧૮૦.** જે કોઈ વ્યકિત—

(ક) માલિકની અથવા ભોગવટો કરનારની સંમતિ સિવાય અને નગરપાલિકાની મિલકતના કિસ્સામાં મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય, કોઈપણ ઈમારત, ભીંત, પાટિયાં, વાડ, કઠેરા, થાંભલા, દિવાના થાંભલા વગેરેને અથવા તે પર કોઈપણ જાહેરખબર, જાહેરાત અથવા જાહેરખબરનો બીજો કાગળ અથવા સાધન ચોડે, અથવા

(ખ) ઉપર કહ્યા પ્રમાણે સંમતિ સિવાય, એવાં કોઈપણ ઈમારત, ભીંત, પાટિયાં, વાડ, કઠેરા, થાંભલા, દીવાના થાંભલા વગેરે પર ખડીથી અથવા રંગથી અથવા બીજી ગમે તે રીતે લખે અથવા તે બગાડે અથવા તેને વિરૂપ કરે અથવા તે પર કંઈ નિશાની કરે તેને, દોષસિધ્ધિ થયેથી એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે,

**સન ૧૮૯૮ નો ૫મો.**

અને તે ઉપરાંત માલિકને અથવા ભોગવટો કરનારને અથવા પ્રસંગ પ્રમાણે નગરપાલિકાને એવી રીતે લગાડેલ કોઈપણ ચોપાનિયું, જાહેરાત, કાગળ અથવા જાહેરખબર દૂર કરવાના અથવા ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલાં લખાણ બગાડ, વિરૂપતા અથવા નિશાની દૂર કરવાના ખર્ચ તરીકે કોર્ટ નક્કી કરે તેવી રકમ આપવાને પાત્ર એવી રીતે નક્કી કરેલી કોઈપણ રકમ જો ન આપવામાં આવે તો સદરહુ રકમ ફોજદારી કાર્યરીતિ, અધિનિયમ, ૧૮૯૮ અન્વયે વસૂલ કરવા જોગ દંડ હોય તેમ વસૂલ કરવામાં આવશે.

**વાડ, ઝાડ વગેરે કાઢી નાખવા તથા ઝારવા બાબત**

**૧૮૧.** મુખ્ય અધિકારી લેખિત નોટિસ આપીને કોઈપણ જમીનના માલિક અથવા ભોગવટો કરનારને એવું ફરમાવી શકશે કે તેણે તે જમીનની જે વાડ જે કોઈપણ સાર્વજનિક રસ્તાની હદ પર આવેલી હોય તે રસ્તાની સપાટીથી ચાર ફૂટ કરતાં વધારે ઊંચી ન રહે અને ચાર ફૂટ કરતાં વધારે ન રહે તે પ્રમાણે કાપી નાખવી અથવા ઝારી નાખવી અને જે ઝાડ અથવા ઝાડવાં કોઈપણ સાર્વજનિક રસ્તા ઉપર કોઈપણ રીતે લટકતાં હોય અથવા જેનાથી તે રસ્તાને જોખમ થતું હોય અથવા હરકત થતી હોય, તે ઝાડ અથવા ઝાડવાં અથવા જે ઝાડ અથવા ઝાડવાં તેવા રસ્તા ઉપર લટકી આવવાનો અથવા જેનાથી તે રસ્તાને જોખમ થવાનો અથવા હરકત થવાનો અથવા નુકશાન થવાનો સંભવ છે એમ પોતાને લાગતું હોય તે ઝાડ અથવા ઝાડવાં, અથવા જે ઝાડ અથવા ઝાડવાં, કોઈ સાર્વજનિક તળાવનું અથવા કુવાનું અથવા પાણીના પુરવઠાનું બીજા સાધનનું પાણી બગાડે અથવા તેનાથી બગડવાનો સંભવ હોય તેવી રીતે તે તળાવ ઉપર અથવા કૂવા ઉપર અથવા પાણીના પુરવઠાનાં બીજા કોઈપણ સાધન ઉપર લટકતાં હોય તે બધાં ઝાડ અથવા ઝાડવાં કાપી નાખવાં, ડાળવાં અથવા ઝારી નાખવાં;

## (૫) જાહેર આરોગ્ય, સુરક્ષિતતા અને સગવડ સાચવવાની સત્તા.

૧૮૨. (૧) કોઈ ઈમારત અથવા તેના પર લગાડેલી કોઈ વસ્તુ જર્જરિત થઈ છે અથવા પડવા જેવી થઈ છે અથવા એવી ઈમારતના અથવા પાડોશની કોઈ ઈમારતના કોઈ રહેવાસીને અથવા તેના કોઈ ભોગવટો કરનારને અથવા રસ્તે પસાર થતા લોકોને કોઈ બીજી રીતે જોખમકારક છે એવું મુખ્ય અધિકારીને લાગે ત્યારે રસ્તે પસાર થતા લોકોના રક્ષણ માટે પોતાને જરૂરી જણાય તો મુખ્ય અધિકારીએ યોગ્ય આંતરો અથવા વાડ તરત જ કરાવવી જોઈશે:

*જર્જરિત અથવા જોખમકારક ઈમારતો; સાવચેતીના પગલાં.*

પરંતુ જોખમ તાત્કાલિક ન હોય તો મુખ્ય અધિકારી આંતરા અથવા વાડ પોતે કરાવવાને બદલે પ્રથમત: માલિક અથવા ભોગવટો કરનારને યોગ્ય આંતરા અથવા વાડ કરવા માટે લેખિત નોટિસ આપી શકશે અને એવી નોટિસ બજ્યાની તારીખથી બેદિવસની અંદર તે માલિક અથવા ભોગવટો કરનાર મુખ્ય અધિકારીને કેસના સંજોગો ધ્યાનમાં લેતાં પૂરતો લાગે તેવો આંતરો અથવા વાડ કરવાને ચૂકે, તો મુખ્ય અધિકારએ એવો આંતરો અથવા વાડ તરતોતરત કરાવવી જોઈશે.

(૨) મુખ્ય અધિકારીએ માલિક અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ પણ અપાવવી જોઈશે અને તેમાં ફરમાવવું જરૂર હોય તો તે પ્રમાણે આવી ઈમારત અથવા તેના પર લગાડેલી હોય તેવી વસ્તુ તેણે તરત ઉતારી નાખવી, સુરક્ષિત કરવી અથવા તેની મરામત કરવી જોઈશે આવો અને માલિક અથવા ભોગવટો કરનાર આવી નોટિસ બજ્યા પછી ત્રણ દિવસની અંદર તે ઈમારત અથવા વસ્તુની મરામત, કરવાનું તે ઉતારી નાખવાનું અથવા તેને સુરક્ષિત કરવાનું શરૂ કરે નહીં તથા આવું કામ યોગ્ય ત્વરાથી પૂરું કરે નહીં તો તે આખી ઈમારત અથવા વસ્તુ અથવા તેનો પોતાને જરૂર લાગે તેટલો ભાગ મુખ્ય અધિકારીએ ઉતારી નખાવવો, તેની મરામત કરાવવી અથવા તેને સુરક્ષિત બનાવવો જોઈશે.

*માલિકે અથવા ભોગવટો કરનાર મરામત કરનાર મરામત કરાવવા બાબત એવો માલિક અથવા ભોગવટો કરનારા કસૂર કરે ત્યારે શું કરવું.*

(૩) આ કલમ અન્વયે મુખ્ય અધિકારીએ કરેલું તમામ ખર્ચ આવી ઈમારતના માલિકે અથવા ભોગવટો કરનારે આપવો અને તે ખર્ચ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય તેવો કોઈ કર બદલ માગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે રીતે જ વસૂલ કરી શકાશે.

૧૮૩. (૧) મુખ્ય અધિકારી કોઈપણ વખતે લેખિત નોટિસ આપીને, કોઈ કુવો, વહેળો, કાંસ, તળાવ અથવા પાણી પૂરવઠાનું બીજું સાધન પછી તે ખાનગી મિલકત હોય કે ન હોય તો પણ તેના માલિકને અથવા તે જેનાં નિયંત્રણ હેઠળ હોય તો તે કોઈ વ્યક્તિને નોટિસમાં નિર્દિષ્ટ કરવાના વાજબી વખતમાં, અથવા ખંડ (ઘ) નીચે આવતી કોઈ બાબતમાં આવી નોટિસ આપ્યાના ચોવીસ કલાકની અંદર નીચે પ્રમાણે કરવાનું ફરમાવી શકશે :—

*જોખમકારક, બધિયાર અથવા આરોગ્યને હાની કરે એવાં પાણી પુરવઠાના સાધનો સંબંધ સત્તા અને ફરજો.*

(ક) વહેળા સિવાયનું એવું પાણી પુરવઠાનું કોઈ સાધન સારી સ્થિતિમાં રાખવાનું તથા નિભાવવાનું, અથવા

(ખ) એવા કોઈ પાણી પુરવઠાના સાધનમાંથી કાદવ, કચરો અને સડતો ઝાડપાલો કાપીને તે સાફ કરાવવાનું, અથવા

(ગ) એવું કોઈ પાણી પુરવઠાનું સાધન જમીનની સપાટી ઉપરની મોરીનાં પાણીથી બગડે નહીં તે મુખ્ય અધિકારી ઠરાવે તેવી રીતે તેનું રક્ષણ કરવાનું, અથવા

(ઘ) કુદરતી રીતે વહેતા વહેળા સિવાયનું એવું બીજું કોઈ પાણી પુરવઠાનું સાધન, જો તે મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે પૂરતાં, મરામત, રક્ષણ અથવા વાડબંધ જગાના અભાવે લોકોના અથવા જે કોઈ વ્યક્તિને તેનો ઉપયોગ કરવાનો અથવા તેની પાસેથી પસાર થવાનો અથવા તેની નજીક જવાનો, પ્રસંગ આવતો હોય તેવી કોઈ વ્યક્તિના આરોગ્ય અથવા સુરક્ષિતતાને જોખમકારક હોય, તો મુખ્ય અધિકારી મંજૂર કરે તે રીતે તેની મરામત કરવાનું, તેનું રક્ષણ કરવાનું અથવા તેને વાડબંધ કરવાનું, અથવા

(ચ) એવું પાણી પુરવઠાનું જે કોઈ સાધન કુદરતી રીતે વહેતો વહેળો નહીં હોય અને જેનું પાણી પીવા લાયક ન હોવાનું મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે સાબિત કરી આપવામાં આવે તેવા સાધનોના ઉપયોગ પાણી પીવાના હેતુ માટે કરતાં અને બીજાઓને કરવા દેતાં અટકાવવાનું, અથવા

(છ) ખંડ (ચ) અન્વયે એવી કોઈ નોટિસ આપ્યા છતાં, એવો ઉપયોગ ચાલુ રહે અને તે મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે બીજી રીતે અટકાવી શકાય એમ ન હોય તો એવો ઉપયોગ અટકાવવા માટે મુખ્ય અધિકારીને પૂરતી જણાય તે રીતે એવું પાણી પુરવઠાનું સાધન કામચલાઉ અથવા કાયમને માટે બંધ કરવાનું અથવા પૂરી નાખવાનું અથવા તેને વાડબંધ કરવાનું અથવા તેની આસપાસ વાડ ભરવાનું, અથવા

(જ) એવા પાણી પુરવઠાના કોઈ સાધનમાંથી અથવા તે સાથે જોડાયેલ અથવા તેની નજીક આવેલ કોઈ જમીન અથવા જગા અથવા પાત્ર અથવા ટાંકીમાંથી ભરાઈ રહેલું જે કાંઈ પાણી સ્વાસ્થ્યને હાનિકારક અથવા પડોશના લોકોને ત્રાસદાયક હોવાનું મુખ્ય અધિકારીને જણાતું હોય તે નીકળી જાય એમ કરવાનું અથવા બીજી રીતે દૂર કરવાનું.

*કાઢેલા આદેશોના અપાલનને પ્રસંગે ઈલાજ.*

(૨) માલિક અથવા ઉપર કહયા પ્રમાણે જેના નિયંત્રણ હેઠળ તેવું પાણી પુરવઠાનું સાધન હોય તે વ્યકિત પેટા-કલમ (૧) ની જોગવાઈઓથી અથવા તે અન્વયે નિર્દિષ્ટ કરેલા વખતમાં એવા કોઈ ફરમાનનું પાલન કરનારને ચૂકે અથવા તેનું પાલન કરવામાં ગફલત કરે, તો એવી નોટિસથી ફરમાવવામાં આવેલું કામ મુખ્ય અધિકારીએ તરતોતરત કરવા માંડવું અને જો તેના અભિપ્રાય પ્રમાણે કોઈ વ્યકિતના આરોગ્ય અથવા સુરક્ષિતતા માટે તાત્કાલિક તજવીજ કરવાનીજરૂર હોય, તો મુખ્ય અધિકારીએ તે કામ તરતોતરત શરૂ કરવું અને તે કામમાં મુખ્ય અધિકારીએ કરેલું તમામ ખર્ચ તેવા પાણી પુરવઠાના સાધનના માલિકે અથવા જે વ્યકિતના નિયંત્રણ હેઠળ તે સાધન હોય તેને આપવો અને તે ખર્ચ પ્રકરણ-૯ અન્વયે વસૂલ કરી શકાય તેવા કોઈ દર બદલ માગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે રીતે જ વસૂલ કરી શકાશે:

પરંતુ જેનું પાણી લોકો અથવા લોકોનો કોઈ ભાગ હક તરીકે વાપરતા હોય તેવા કુવા અથવા ખાનગી વહેળા અથવા કોઈ ખાનગી કાંસ, તળાવ અથવા પાણી પુરવઠાના બીજા સાધનની બાબતમાં મુખ્ય અધિકારીએ કરેલું અથવા તેવા માલિકે અથવા જે વ્યકિતના નિયંત્રણ હેઠળ એવું સાધન હોય તેણે કરેલું આવશ્યક ખર્ચ, જો કારોબારી સમિતિ એવો આદેશ કરે, તો નગરપાલિકા ફંડમાં આપી શકાશે.

*ફરસબંધી વગેરે કાઢી નાંખવામાં આવે તે બાબત.*

૧૮૪. (૧) મુખ્ય અધિકારીની અથવા બીજા કાયદેસર સત્તાધિકારીની લેખિત સંમતિ સિવાય, જે કોઈ વ્યકિત કોઈ સાર્વજનિક રસ્તાનાં ફરસબંધી ગટર, લાદી અથવા બીજો માલસામાનના અથવા તેના વાડ, ભીંત અથવા થાંભલા અથવા તેમાં નગરપાલિકાના કોઈ દીવા, દીવાના થાંભલા, ખૂણીયાં, પાણીના થાંભલાં, પાણીના મોટા નળ અથવા નગરપાલિકાની એવી બીજી મિલકત કાઢી નાખે અથવા ઉખેડે અથવા તેમાં ફેરફાર કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) જે કોઈ વ્યકિત એવો કોઈ ફરસબંધી, ગટર, લાદી અથવા બીજો માલસામાન અથવા એવાં વાડ, ભીંત, થાંભલા, નગરપાલિકાના દીવા, દીવાના થાંભલા, ખૂણીયાં, પાણીના થાંભલા, પાણીના મોટા નળ અથવા નગરપાલિકાની બીજી મિલકત પેટા-કલમ (૧) અન્વયે ફરમાવેલી સંમતિ લઈને અથવા લીધા સિવાય કાઢી નાંખ્યા હોય, ઉખેડી નાખ્યા હોય અથવા તેમાં ફેરફાર કર્યો હોય તે વ્યકિત તે વસ્તુ પાછી બેસાડવા અથવા તે ફરીથી મૂકવા માટે નગરપાલિકાને થાય તે ખર્ચ આપવાને જવાબદાર રહેશે. એવું ખર્ચ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય તેવા કોઈ કર બદલ માગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે.

*સાર્વજનિક રસ્તા અને ખુલ્લી જગ્યાઓ પર હરકત અને દબાણ.*

૧૮૫. (૧) કોઈ વિસ્તાર નગર બન્યા પછી તેમાંની કોઈપણ સાર્વજનિક જગા અથવા રસ્તામાં અથવા એવી જગા અથવા રસ્તામાંના કોઈ ખુલ્લી મોરી, ગટર અથવા પાણીના માર્ગમાં અથવા તે ઉપર,

(ક) કોઈ ભીંત અથવા કોઈ વાડ, કઠેરો, થાંભલો, હાટડી, ઓસરી, ચોતરો ઉભણી, પગથિયું અથવા બહાર નીકળી આવતું કોઈ બાંધકામ અથવા વસ્તુ અથવા બીજું દબાણ અથવા હરકત કરનારું કામ જે કોઈ વ્યકિતએ બાંધ્યા હશે અથવા ઉભાં કર્યા હશે અથવા જે કોઈ વ્યકિત બાંધશે અથવા ઊભાં કરશે, અથવા

(ખ) જે કોઈ વ્યકિત કોઈપણ પેટી, ગાંસડી, દાગીનો અથવા વેપારની જણસ અથવા બીજી કોઈ વસ્તુ મૂકશે અથવા મૂકાવશે,

તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે પ્રથમ દોષિત ઠર્યે થી, જેટલા દિવસ દરમિયાન આવાં બહાર નીકળી આવતાં બાંધકામ, દબાણ, હરકત અથવા વસ્તુ મૂકવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૨) મુખ્ય અધિકારીને આવી કોઈ હરકત અથવા દબાણ દૂર કરાવવાની સત્તા રહેશે અને તેને ખાનગી મિલકત ન હોય એવી કોઈ ખુલ્લી જગામાં પછી તે જગા નગરપાલિકાને પ્રાપ્ત થઈ હોય અથવા થઈ ન હોય તો પણ તેવા જ પ્રકારની કોઈ અનધિકૃત હરકત અથવા દબાણ દૂર કરાવવાની તેવીજ સત્તા રહેશે; પરંતુ તેવી ખુલ્લી જગા સરકારને પ્રાપ્ત થઈ હોય તો તેમ કરવાને કલેકટરની પરવાનગી પ્રથમ મેળવેલી હોવી જોઈશે, એ રીતે દૂર કરાવવાનું જે ખર્ચ થાય તે ખર્ચ જે વ્યકિતએ સદરહુ હરકત અથવા દબાણ કર્યું હોય તે વ્યકિતએ આપવું અને તે ખર્ચ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય તેવા કોઈ કર બદલ માગવામાં આવતી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે.

(૩) આ અર્થે જેને યોગ્ય રીતે અધિકૃત કરી ન હોય, એવી જે કોઈ વ્યકિત ખાનગી મિલકત ન હોય એવી કોઈ ખુલ્લી જગામાંથી માટી, રેતી, અથવા બીજા પદાર્થ કાઢી લઈ જાય અથવા તેમાં અથવા તે ઉપર કંઈપણ દબાણ કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને દબાણની બાબતમાં એવા ગુના માટે તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી આવું દબાણ ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૪) પર્વો અને સમારંભોના પ્રસંગોએ કોઈ સાર્વજનિક રસ્તાનો કોઈ કામચલાઉ ભોગવટો કરવાની અથવા તેના પર કાચું બાંધકામ ઊભું કરવાની અથવા ગલીઓ તથા જગાઓમાં દસ દિવસ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુધી અને લોકોને અથવા કોઈપણ વ્યકિતને અગવડ ન થાય તેવી રીતે લાકડાં સીંચવાની અથવા આ અધિનિયમ અન્વયે કરેલા ઉપનિયમો અનુસાર બીજા કોઈ હેતુ માટે એવા કોઈ રસ્તા અથવા જગાનો ભોગવટો કરવાની અથવા તેના ઉપર કાચું બાંધ-કામ કરવાની પરવાનગી આપવા માટે આ કલમના કોઈ મજકૂરથી મુખ્ય અધિકારીને પ્રતિબંધ નડે છે એમ સમજવું નહિ.

(૫) આ કલમમાંનો કોઈપણ મજકૂર કલમ ૧૭૬ની પેટા-કલમ (૧) અન્વયે યોગ્ય રીતે અધિકૃત કરેલા બહાર નીકળી આવતા કોઈપણ ભાગને લાગુ પડશે નહિ.

**મરામત વગેરે કરતી વખતે આંતરા ઉભા કરવા બાબત.**

૧૯૬. (૧) જે કોઈ વ્યકિત કોઈ ઈમારત બાંધવાનો અથવા ઉતારી નાખવાનો અથવા કોઈ ઈમારતનાં બહારના ભાગમાં ફેરફાર કરવા અથવા તેની મરામત કરવાનો ઈરાદો રાખતી હોય તેણે, જો તે કામથી કોઈ રસ્તામાં હરકત અથવા જોખમ અથવા અગવડ થવાનો સંભવ હોય અથવા થાય એમ હોય તો, તે એવું કામ શરૂ કરતાં પહેલાં—

(ક) તેમ કરવા માટે મુખ્ય અધિકારી પાસેથી પ્રથમ લેખિત લાઈસન્સ મેળવવું જોઈશે, અને

(ખ) જ્યાં કામ કરવાનું હોય તે વિસ્તાર રસ્તાથી જુદુ પાડવા માટે પૂરતા આંતરા અથવા વાડ કરાવવી જોઈશે અને લોકોની સુરક્ષિતતા અથવા સગવડ માટે મુખ્ય અધિકારીને જરૂર લાગે તેટલી મુદત સુધી તે આંતરો અથવા વાડ મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે ઊભી રાખવી જોઈશે અને સારી હાલતમાં નિભાવવી જોઈશે તથા રાત્રિ દરમિયાન ત્યાં આગળ પૂરતી દીવાબત્તી રખાવવી જોઈશે અને મુખ્ય અધિકારી આદેશ કરે ત્યારે એવો આંતરો અથવા વાડ કાઢી નખાવવી જોઈશે.

(૨) જે કોઇ વ્યકિત આ કલમના કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે દોષિત ઠર્યાની તારીખથી આવું ઉલ્લંઘન યથાપ્રસંગ, જે દરેક દિવસે અથવા રાત્રે ચાલુ રહે તે દરેક દિવસ અથવા રાત્રિ માટે તેને વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**મરામત વગેરે કરતી વખતે વાડ અને દીવા[illegible] કરવા બાબત.**

૧૯૭. (૧) જે રસ્તા, ગટરો, મોરીઓ અથવા બીજી જગા નગરપાલિકાને પ્રાપ્ત થઈ હોય તે પૈકી કોઈ રસ્તો ગટર, મોરી અથવા બીજી જગા બાંધતી વખતે અથવા તેની મરામત કરતી વખતે મુખ્ય અધિકારીએ બાજુની ઈમારતોને ટેકો આપીને તથા તેનુ રક્ષણ કરીને અકસ્માત ન થાય તે માટે સાવચેતીનાં યોગ્ય પગલાં લેવાં જોઈશે અને તે કામ અથવા મરામત કરવામાં આવતી હોય ત્યારે ગાડીઓ અથવા ગાડાં અથવા બીજાં વાહનો, અથવા ઢોરો અથવા ઘોડા પસાર થતા અટકાવવા માટે પોતાને યોગ્ય લાગે તેવા સળિયા, સાંકળો અથવા થાંભલા કોઈ રસ્તાની આડે અથવા કોઈ રસ્તામાં બેસાડવા અને તે રસ્તામાંના કોઈ બાંધકામ અથવા મરામતની જગામાં રાત્રિ દરમિયાન પૂરતી દીવાબત્તી મૂકાવવી તથા પૂરતો જાપતો રખાવવો જોઈશે.

(૨) જે કોઈ વ્યકિત મુખ્ય અધિકારીએ આપેલ અધિકાર અથવા તેની સંમતિ સિવાય, સદરહુ કોઈ સળિયાં, સાકળ, થાંભલા ઉતારી નાંખે, તેમાં ફેરફાર કરે અથવા તે કાઢી લઈ જાય અથવા એવી કોઈ દીવાબત્તી કાઢી લઈ જાય અથવા ઓલવી નાખે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**પરવાનગી સિવાય રસ્તામાં ઈમારતી લાકડું મૂકવું નહિ અથવા ખાડો ખોદવો નહિ.**

૧૯૮. (૧) કોઈ વ્યકિતએ મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય અને આવી પરવાનગીની શરતો અનુસાર હોય તે સિવાય અને નગરપાલિકાના ઉપનિયમોથી નિર્દિષ્ટ થયેલ હોય તેવી ફી ભર્યા સિવાય બીજી રીતે કોઈ રસ્તામાં ખાડો ખોદવો નહિ અથવા ઈમારત બાંધવા માટે વપરાયેલ અથવા વાપરવા ધારેલ કોઈ ઈમારતી લાકડું પથ્થર, ઈંટ, માટી અથવા બીજો માલસામાન કોઈ રસ્તામાં મૂકવો નહિ, આવી પરવાનગીનો અમલ મુખ્ય અધિકારીની વિવેકબુધ્ધિ અનુસાર બંધ કરી શકશે; અને આવી પરવાનગી કોઈ વ્યકિતને આપવામાં આવી હોય ત્યારે તે માલસામાન કાઢી લઈ જવામાં ન આવે ત્યાં સુધી અથવા ખાડો પૂરી નાખવામાં આવે અથવા બીજી રીતે સુરક્ષિત કરવામાં ન આવે ત્યાં સુધી તે વ્યકિતએ પોતાના ખર્ચે, મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવી રીતે આવા માલસામાન અથવા ખાડા આસપાસ પૂરતી વાડ કરાવવી જોઈશે અથવા તેને બંધ કરાવવી જોઈશે અને રાત્રિ દરમિયાન આવા માલસામાન અથવા ખાડા આગળ પૂરતી દીવાબત્તી કરાવવી જોઈશે.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧)ની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખથી આવું ઉલ્લંઘન, યથાપ્રસંગ, જે દરેક દિવસે અથવા રાત્રે ચાલુ રહે તે દરેક દિવસ અથવા રાત્રિ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**પથ્થરની ખાણનું જોખમકારક ખોદકામ.**

૧૯૯. (૧) જો મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે કોઈ પથ્થરની ખાણ ખોદવાનું અથવા કોઈ જગાની જમીનમાંથી, પથ્થર, માટી અથવા બીજા પદાર્થ કાઢી લઈ જવાનું કામ તે ખાણ અથવા જગાની પડોસમાં રહેતા અથવા તેની પાસે જવાનો હક ધરાવતા લોકોને જોખમકારક હોય અથવા તેનાથી અપકારક કૃત્ય થતું હોય અથવા થવાનો સંભવ હોય તો મુખ્ય અધિકારી સદરહુ ખાણ અથવા જગાના માલિકને અથવા તેવા ખોદવાના અથવા કાઢી લઈ જવાના કામ માટે જવાબદાર હોય તે વ્યકિતને લેખિત નોટિસ આપીને એમ ફરમાવી શકશે કે તેણે તે ખાણ ખોદવાનું અથવા એવો પદાર્થ કાઢી લઈ જવાનું કામ ચાલુ રાખવું નહિ અથવા ચાલવા દેવુ નહિ અથવા તેથી થતું અથવા થવાને સંભવ હોય એવું જોખમ અટકાવવા માટે અથવા તેવું અપકારક કૃત્ય ઓછું કરવા માટે પોતે આદેશ કરે તેવો બંદોબસ્ત તે ખાણ અથવા જગાના સંબંધમાં કરવો :

પરંતુ આવી પથ્થરની ખાણ અથવા જગા સરકારને પ્રાપ્ત થયેલી હોય અથવા ઉપર કહયા પ્રમાણે તે ખાણ ખોદવાનું અથવા તે જગામાંથી પદાર્થ લઈ જવાનું કામ સરકાર તરફથી અથવા સરકાર વતી કરવામાં આવતું હોય અથવા સરકારની અથવા સરકારી અધિકારી તરીકે કામ કરનાર કોઈ સરકારી અધિકારીની પરવાનગીથી અથવા તેણે આપેલા અધિકાર અન્વયે કામ કરતી કોઈ વ્યકિત તરફથી અથવા તેના વતી કરવામાં આવતું હોય તો મુખ્ય અધિકારીને તેમ કરવા માટે કલેકટરે સંમતિ આપી ન હોય તો ત્યાં સુધી તેણે તે પ્રમાણે કરવું નહિ :

[illegible]માં તાત્કાલિક જોખમ અટકાવવા માટે પોતાને જરૂરનું જણાય તો રસ્તે આવતા જતા લોકોના રક્ષણ માટે મુખ્ય અધિકારીએ આવી ખાઈની બાજુ અથવા જગા પાસે રોશની [illegible] અથવા વાડ [illegible] જ [illegible].

(૨) આ કલમ અન્વયે કોઈ કામ કરતા મુખ્ય અધિકારીને થયેલું કશું ખર્ચ આવા માલિક અથવા આવા ખોદવાના અથવા કાઢી લઈ જવાના કામ માટે જવાબદાર હોય તેવી વ્યક્તિએ આપવું જોઈશે અને તે ખર્ચ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈ કર બદલ માગવામાં આવેલી રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે.

કૂતરાં બાબત જોગવાઈ.

૧૯૦. (૧) મુખ્ય અધિકારી જાહેર નોટિસથી એવું ફરમાવી શકશે કે કોઈ કૂતરું જ્યારે રસ્તામાં રખડતું હોય અને તેને કોઈ દોરતું ન હોય તે પ્રસંગે તે કૂતરાંને મોઢે એવી જાળી બાંધેલી હોવી જોઈએ કે જેથી તે છૂટથી શ્વાસ લઈ શકે તથા પાણી પી શકે પણ કોઈને કરડી શકે નહિ.

(૨) પેટા-કલમ (૩)ની જોગવાઈઓને આધીન રહીને મુખ્ય અધિકારી મોઢે જાળી બાંધ્યા વિનાનું જે કોઈ કૂતરું કોઈ સાર્વજનિક જગામાં રખડતું માલુમ પડે તેનો કબજો લઈ શકશે તથા તેનો માલિક તે પર હક કરતો આવે નહિ, તેને મોઢે યોગ્ય જાળી બાંધે નહિ તથા તેને અટકમાં રાખવા માટેનું તમામ ખર્ચ આપે નહિ ત્યાં સુધી આવાં કૂતરાંને અટકમાં રાખી શકશે અથવા તેનો નાશ કરાવી શકશે.

(૩) પેટા-કલમ (૨) અન્વયે અટકમાં રાખેલાં કૂતરાંના ગળે માલિકનાં નામ તથા સરનામાવાળો પટ્ટો બાંધેલો હોય ત્યારે કૂતરાંને આ રીતે અટકમાં રાખવામાં આવ્યું છે એ હકીકત જણાવતો કાગળ સદરહુ સરનામે મોકલવામાં ન આવે અને ચોખ્ખા ત્રણ દિવસ સુધી તેનો કોઈ માલિક થતો ન આવે ત્યાં સુધી એવા કૂતરાંનો નાશ કરવો નહિ: પરંતુ જે કોઈ કૂતરું હડકાયું માલુમ પડે તેનો કોઈપણ વખતે નાશ કરી શકાશે.

(૪) જે કોઈ કૂતરાંનો કોઈ માલિક થતો આવતો ન હોય તે કૂતરાંને તથા કૂતરાનાં માલિક તે કૂતરાંને અટકમાં રાખવાનું તમામ ખર્ચ આપવાની ના પાડે તે કૂતરાંને ત્રણ ચોખ્ખા દિવસની સદરહુ મુદત સુધી અટકમાં રાખ્યા પછી વેચી શકાશે અથવા તેનો નાશ કરી શકાશે.

(૫) આ કલમ અન્વયે મુખ્ય અધિકારીએ કરેલું તમામ ખર્ચ જે કોઈ કૂતરાંને કબજામાં લેવામાં આવ્યું હોય અથવા જેને અટકમાં રાખવામાં આવ્યું હોત તે કૂતરાંના માલિક પાસેથી પ્રકરણ ૯માં ઠરાવેલ રીતે વસૂલ કરી શકાશે.

ડુક્કરો રાખવા બાબત જોગવાઈ.

૧૯૧. (૧) મુખ્ય અધિકારીને કોઈપણ વખતે એમ જણાય કે નગરની હદમાં ડુક્કરો રાખવાથી લોકોને ઉપદ્રવ અથવા ત્રાસ થાય છે તો મુખ્ય અધિકારી જાહેર નોટિસ આપીને એવો આદેશ કરી શકશે કે કોઈ વ્યક્તિએ મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય અથવા એવી પરવાનગીની બોલીઓ પ્રમાણે હોય તે સિવાય બીજી રીતે નગરના કોઈ ભાગમાં કોઈપણ ડુક્કરો રાખવાં નહિ.

(૨) આવા આદેશ પછી જે કોઈ વ્યક્તિ નગરમાંની કોઈ જગામાં ઉપર કહ્યા પ્રમાણે ફરમાવ્યા પ્રમાણેની પરવાનગી સિવાય અથવા એવી પરવાનગીની બોલીઓ અનુસાર હોય તે સિવાય બીજી રીતે કોઈપણ ડુક્કર રાખશે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) કોઈ ડુક્કર ભટકતાં માલુમ પડયે તરત તેનો નાશ કરી શકાશે અને તેનાં મુડદાનો મુખ્ય અધિકારી આદેશ કરે તે રીતે નિકાલ કરી શકાશે. આ રીતે નાશ કરવામાં આવેલાં કોઈપણ ડુક્કર બદલ કાંઈપણ વળતર માટેનો દાવો થઈ શકશે નહિ.

## (૭) ત્રાસદાયક કૃત્યો અટકાવવા માટેની સજા.

કચરો વગેરે નાખવામાં આવે તે બાબત ત્રાસદાયક કૃત્ય કરવામાં આવે તે બાબત.

૧૯૨. (૧) મુખ્ય અધિકારી જે જગા, રીત તથા સમય નક્કી કરે તે સિવાય બીજી જગાએ બીજી રીતે અને બીજે સમયે કોઈ રસ્તામાં અથવા રસ્તા નીચેની કોઈ કમાનમાં અથવા રસ્તાની બાજુની કોઈ મોરીમાં અથવા કોઈ ખુલ્લી જગામાં અથવા કોઈ ઓવારા ઉપર અથવા ડક્કા ઉપર અથવા ઉતરવાની જગા ઉપર અથવા સમુદ્રના કિનારાના અથવા જેમાં ભરતી ઓટ થતી હોય એવી નદીના કિનારાના કોઈ ભાગ ઉપર પછી તે ભાગ ભરતી રેખાની નીચે અથવા ઉપર થાય અથવા કોઈ નદીના જલમાર્ગના અથવા નાળાના કાંઠા ઉપર જે કોઈ વ્યક્તિ કાંઈપણ, ધૂળ, છાણ, રાખ, કચરો અથવા કોઈપણ પ્રકારનો ગંદવાડ અથવા કોઈપણ પ્રાણીજન્ય પદાર્થ અથવા કાચની અથવા માટીની તૂટી ગયેલી કોઈ વસ્તુ અથવા બીજો કચરો પૂંજો અથવા જે બીજી કોઈ વસ્તુ ત્રાસદાયક હોય અથવા ત્રાસદાયક થઈ શકે એમ હોય તે વસ્તુ નાખે અથવા પોતાના કુટુંબમાંની અથવા ઘરમાંની કોઈ વ્યક્તિ પાસે નંખાવે અથવા તેને નાખવા દે તથા જે કોઈ વ્યક્તિ ઉપર કહ્યા પ્રમાણેની આવી કોઈ જગામાં ત્રાસદાયક કૃત્ય કરે અથવા પોતાના કુટુંબની અથવા ઘરમાંની કોઈ વ્યક્તિને કરવા દે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) જે કોઈ વ્યક્તિ કોઈ ગટરમાં, મોરીમાં, ગરનાળામાં, ટનલમાં અથવા જળમાર્ગમાં મળમૂત્ર સિવાયનો પેટા-કલમ (૧)માં જણાવેલો કોઈ પદાર્થ અથવા મુખ્ય અધિકારીની પરવાનગી સિવાય કાંઈપણ મળમૂત્ર નાંખે અથવા મૂકે અથવા પોતાના કુટુંબમાંની અથવા ઘરમાંની કોઈ વ્યક્તિ પાસે નંખાવે અથવા મૂકાવે અથવા તેને તેવું કરવા દે તેને તથા જે કોઈ યોગ્ય વ્યક્તિ એવી કોઈ ગટરમાં, મોરીમાં, ગરનાળામાં, વિવરમાર્ગમાં અથવા જળમાર્ગમાં અથવા તેમાં બગાડ થાય એવી રીતે તેની નજીકમાં ત્રાસદાયક કૃત્ય કરે અથવા પોતાના કુટુંબમાંની અથવા ઘરમાંની કોઈ વ્યક્તિને કરવા દે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ગટરો વગેરેમાંનું પાણી કાઢવા દેવામાં આવે તે બાબત.**

૧૯૩. જે કોઈ વ્યકિત કોઈ ખાળ અથવા ગટરનું પાણી અથવા પોતાના નિયંત્રણ હેઠળના કોઈ ઈમારત અથવા જમીનમાંનું ત્રાસદાયક હોય અથવા ત્રાસદાયક થવાનો સંભવ હોય તેવું બીજું કોઈ પ્રવાહી અથવા તેવો બીજો પદાર્થ અથવા ભરાયેલ રહે તેટલા જથ્થામાં પાણી મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય કોઈ રસ્તા અથવા ખુલ્લી જગા ઉપર જવડાવે અથવા જવા દે, વહેવડાવે અથવા વહેવા દે અથવા નખાવે અથવા નાખવા દે અથવા મૂકાવે અથવા મૂકાવા દે અથવા કોઈ બહારની ભીંતમાં પચાવે અથવા પચવા દે અથવા કોઈ ગટરમાંથી અથવા જાજરૂમાંથી કોઈ ત્રાસદાયક પદાર્થ કોઈ રસ્તામાંની જમીનની સપાટી ઉપરની મોરીમાં જવડાવે અથવા જવા દે, વહેવડાવે અથવા વહેવા દે અથવા નખાવે અથવા નાખવા દે અથવા મુખ્ય અધિકારીએ આપેલી પરવાનગીમાં ઠરાવેલ કોઈપણ શરતનું પાલન કરવાનું ચૂકે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ગંદવાડ વગેરે કાઢવામાં ન આવે તે બાબત.**

૧૯૪. જે કોઈ વ્યકિત કોઈ ઈમારત અથવા જમીનનો માલિક અથવા ભોગવટો કરનાર હોઈને એવી ઈમારતમાં કે ઈમારત ઉપર અથવા જમીનમાં કે જમીન ઉપર કોઈ ધૂળ, છાણ, હાડકાં, રાખ, મળમૂત્ર, ગંદવાડ અથવા કોઈ ઉપદ્રવકારક અથવા ત્રાસદાયક પદાર્થ ચોવીસ કલાક કરતાં વધારે વખત સુધી રાખે અથવા રાખવા દે અથવા યોગ્ય પાત્ર સિવાય બીજે રાખે અથવા રાખવા દે અથવા આવું પાત્ર ગંદી અથવા ઉપદ્રવકારક સ્થિતિમાં રહેવા દે અથવા પાત્રમાંથી ગંદવાડ કાઢવા તથા તે સાફ અને ચોખ્ખું રાખવા માટે યોગ્ય સાધન રાખવામાં ગફલત કરે અથવા એવી ઈમારતમાં કે ઈમારત ઉપર અથવા જમીનમાં કે જમીન ઉપર કોઈ પશુ અપકારક કૃત્ય કરે તેવી રીતે રાખે અથવા રાખવા દે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને આવા ગુના બદલ તે પ્રથમ દોષિત ઠર્યાના તારીખ પછી આવો ગુનો ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂપિયા દસ સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**મળમૂત્ર કાઢી લઈ જવા બાબત.**

૧૯૫. (૧) કાંઈપણ મળમૂત્ર અથવા તેવો બીજો ત્રાસદાયક પદાર્થ માત્ર જે સમયે અને જે રસ્તાઓ અથવા માર્ગો દ્વારા કાઢી લઈ જવાનું કાયદેસર ગણાશે તે સમય અને રસ્તાઓ અથવા માર્ગો જાહેર નોટિસ દ્વારા મુખ્ય અધિકારી વખતોવખત નક્કી કરી શકશે.

(૨) જે કોઈ વ્યકિત—

(ક) મુખ્ય અધિકારીએ એ પ્રમાણે સમય અને રસ્તાઓ અથવા માર્ગો નક્કી કર્યા હોય અને તેની જાહેર નોટિસ આપી હોય, ત્યારે એવી રીતે નક્કી કરેલ હોય તેવા રસ્તા અથવા માર્ગ સિવાય કોઈપણ રસ્તા આગળથી એવી રીતે નક્કી કરેલ સમય સિવાય બીજે કોઈપણ વખતે આવો કોઈપણ ત્રાસદાયક પદાર્થ કાઢી લઈ જાય અથવા કાઢી લઈ જવડાવે, અથવા

(ખ) આવો સમય અને રસ્તા અથવા માર્ગો મુખ્ય અધિકારીએ નક્કી કર્યા હોય કે ન હોય તો પણ કોઈપણ વખતે—

(૧) કોઈપણ ગાડાં, ગાડી, પાત્ર અથવા વાસણમાંનો પદાર્થ તથા તેમાંની દુર્ગંધ બહાર નીકળતી અટકાવવા માટે તેને પૂરતું ઢાંકણ રાખ્યા સિવાય એવું ગાડું, ગાડી, પાત્ર અથવા વાસણ એવા કોઈપણ કામ માટે વાપરે, અથવા

(૨) એવો ત્રાસદાયક પદાર્થ કાઢી લઈ જતી વખતે તે જાણીબૂઝીને અથવા ગફલતથી પાડે અથવા ઢોળે, અથવા

(૩) જે જગાએ એવો કોઈપણ ત્રાસદાયક પદાર્થ હોય અથવા ઢોળ્યો હોય તે દરેક જગા કાળજીપૂર્વક વાળે નહિ તથા સાફ કરે નહિ, અથવા

(૪) આવા ત્રાસદાયક પદાર્થવાળું કોઈ વાસણ કોઈપણ સાર્વજનિક જગામાં મૂકે અથવા રાખે, અથવા

(૫) ઉપર કહ્યા પ્રમાણેના કોઈ કામ સારૂ વપરાતાં કોઈ ગાડું, ગાડી, વાસણ લઈ જવા સારું જે રસ્તો અથવા માર્ગ એવી રીતે નક્કી કર્યો હોય તે સિવાયના કોઈ રસ્તામાંથી અથવા માર્ગેથી હાંકે અથવા લઈ જાય અથવા હંકાવે અથવા લઈ જવડાવે,

તે વ્યકિતને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ગલીચ ઈમારતો વગેરે.**

૧૯૬. (૧) જે કોઈ વ્યકિત જે કોઈ ઈમારત અથવા જમીન પછી તે ભાડુતને રહેવા લાયક હોય કે ન હોય તેનો માલિક અથવા ભોગવટો કરનાર હોઈને એવી ઈમારત અથવા જમીનને ગલીચ અથવા રોગકારક સ્થિતિમાં રહેવા દે અથવા પડોશમાં રહેતા લોકોને મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે ઉપદ્રવકારક હોય એ રીતે રહેવા દે અથવા તે ઉપર ફાફડો, થોર અથવા અતિશય પ્રમાણમાં ઉગેલા અને ઉપદ્રવકારક ઝાડપાલાને ફેલાવા દે અને મુખ્ય અધિકારીએ તે ઈમારત અથવા જમીન સાફ કરવા, ચોખ્ખી કરવા અથવા બીજી રીતે યોગ્ય સ્થિતિમાં મૂકવા લેખિત નોટિસ આપ્યા બાદ વાજબી વખતમાં તે નોટિસમાં કરવા જણાવેલું કામ ન કરે તે વ્યકિતને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના બદલ તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી સદરહુ નોટિસનું અપાલન જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**ઉજ્જડ તથા ત્રાસદાયક ઈમારતો.**

(૨) કોઈ ઈમારત પડી જવાની હાલતમાં આવ્યાને લીધે, ગફલતને લીધે, તજી દેવામાં આવ્યાને લીધે, ઉપયોગમાંથી ન લેવાયાને લીધે અથવા માલિકના તકરાર હોવાને લીધે અથવા ભાડે આપ્યા વગર રહયાને લીધે—

(ક) આળસુ તથા તોફાની લોકોને અથવા જેમને દેખીતુ ઉપજીવિકાનું સાધન ન હોય અથવા જેઓ પોતાને વિષે ખાતરીલાયક હકીકત આપી શકતા ન હોય એવા લોકો ને આશ્રય લેવાનું સ્થાન લઇ પડવાથી, અથવા

(ખ) આરોગ્યને હાનિ કરે અથવા અનૈતિક હોય એવા કોઈ હેતુ સારુ વાપરવામાં આવતી હોવાથી, અથવા

(ગ) સર્પો, ઉંદરો અથવા બીજા ભયંકર અથવા ત્રાસદાયક પશુઓનું આશ્રયસ્થાન થઇ પડવાથી, ઉપદ્રવકારક છે અથવા પડોશમાં રહેનારાઓને અથવા તેવી ઈમારત પાસેથી આવતી જતી વ્યકિતઓને બેચેની, અગવડ અથવા ત્રાસનું કારણ થાય તેવી રોગકારક છે અથવા બેડોળ છે એવો વાંધો લઇ શકાય એમ હોય તે પ્રસંગે, કારોબારી સમિતિને જો એમ લાગે કે તે વાંધો આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઇ અન્વયે બીજી રીતે દૂર કરી શકાય તેમ નથી: તો કારોબારી સમિતિ તે નગરમાં જાણીતી અથવા રહેતી કોઈ વ્યકિત પોતે તે ઈમારતના માલિક છે એવો દાવો કરતી હોય, તો એવી વ્યકિતને લેખિત નોટિસ આપીને, તેને, અથવા બીજા કોઈપણ પ્રસંગે તે ઈમારતના દરવાજા ઉપર અથવા તેના સહેલાઈથી દેખાઇ આવે તેવા બીજા કોઈ ભાગ ઉપર લેખિત નોટિસ ચોંટાડીને એવી ઈમારતનાં હિતસંબંધ હોવાનો દાવો કરતી હોય એવી તમામ વ્યકિતઓને એવું ફરમાવી શકશે કે એવી નોટીસની તારીખથી સાત દિવસ કરતાં ઓછી નહિ હોય એવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તેણે અથવા તેઓએ તે ઈમારત ઉતારી નંખાવવા તથા તેનો માલસામાન કઢાવી લઇ જવો, આવા ફરમાનના અપાલનને પ્રસંગે કારોબારી સમિતિ ઉપર કહયા પ્રમાણે નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયે તે ઈમારત તરત ઉતરાવી નખાવી શકશે તથા માલસામાન કઢાવી શકશે અને એવો માલસામાન વેચી શકશે તથા તેના વેચાણની ઉપજેલી રકમનો ઉપયોગ આમ કરવામાં પોતાને થયેલું કોઈપણ ખર્ચ અદા કરવામાં કરી શકશે; એ રીતે અદા નહિ થયેલું તમામ ખર્ચ પ્રકરણ-૯ અન્વયે વસૂલ કરી શકાય તેવા કોઈ કર બદલ માંગવામાં આવતી કોઈ રકમ જે રીતે વસૂલ કરી શકાય તે રીતે જ વસૂલ કરી શકાશે.

માનવ વસવાટ માટે અયોગ્ય હોય એવી ઈમારતો અથવા ઈમારતોના ઓરડા.

૧૯૭ (૧) કારોબારી સમિતિને કોઈ કારણસર એમ જણાય કે રહેવા માટેની અથવા રહેવા માટે વપરાતી કોઈ ઈમારત અથવા કોઈ ઈમારતનો કોઈ ઓરડો માનવ વસવાટ માટે અયોગ્ય છે તો કારોબારી સમિતિએ આવી ઈમારતના માલિક અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ આપવી અને તેમાં તે કારણ જણાવવું તથા યથાપ્રસંગ,તે ઈમારત અથવા ઓરડો હવે પછી રહેવા માટે વાપરવા ઉપર પ્રતિબંધ મૂકવાનો ઈરાદો છે તે જણાવવું અને ઉપર કહેલા માલિક અથવા ભોગવટો કરનારને જો તે બાબત કોઈ વાંધો હોય તો તે એવી નોટિસ મળ્યા પછી ત્રીસ દિવસની અંદર લખીને જણાવવાનું ફરમાવવું અને ઉપર કહયા પ્રમાણેની મુદતની અંદર એવા માલિક અથવા ભોગવટો કરનારે માલિક તરફથી કોઈ વાંધો લેવામાં ન આવે અથવા એવી મુદતની અંદર એવા માલિકે અથવા ભોગવટો કરનારે લીધેલો કોઈ વાંધો જો કારોબારી સમિતિને અમાન્ય અથવા અપૂરતો હોવાનું જણાય, તો કારોબારી સમિતિ લેખિત હુકમ કરીને એવી ઈમારત અથવા ઓરડો હવે પછી રહેવા માટે વાપરવા ઉપર પ્રતિબંધ મૂકી શકશે.

(૨) ઉપર કહ્યા પ્રમાણેનો કોઈ પ્રતિબંધ કરવામાં આવ્યો હોય, ત્યારે મુખ્ય અધિકારીએ આવા પ્રતિબંધની નોટિસ યથાપ્રસંગ, તેવી ઈમારત અથવા ઓરડાના બારણા ઉપર અથવા તેનો સહેલાઈથી દેખાઇ આવે એવા કોઈ ભાગ ઉપર ચોંટાડાવવી તથા મા. વ. અ. ( U. H. H. ) એ શબ્દો રંગથી લખાવવા, અને કારોબારી સમિતિ યથા પ્રસંગ, તે ઈમારત અથવા ઓરડો રહેવાને યોગ્ય બનાવવામાં આવ્યો છે એવું લેખિત પ્રમાણપત્ર આપે નહિ ત્યાં સુધી એવી ઈમારત અથવા ઓરડાના કોઈ માલિકે અથવા ભોગવટો કરનારે માનવ વસવાટ માટે તે ઈમારત અથવા ઓરડો વાપરવો નહિ અથવા વાપરવા દેવો નહિ.

ઈમારતોમાં દાખલ થવા તથા તેની ચકાસણી કરવા વગેરે બાબતની સત્તા.

૧૯૮. પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિના અધ્યક્ષ, મુખ્ય અધિકારી અથવા આ અર્થે નગરપાલિકાએ અધિકૃત કરેલો કોઈ સભ્ય અથવા અધિકારી યોગ્ય નોટિસ આપીને સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેનો કોઈપણ વખતે કોઈપણ ઈમારત અથવા જમીનમાં દાખલ થાય તથા તેની તપાસણી કરે અને લેખિત નોટિસ આપીને આરોગ્ય રક્ષણનાં કારણો માટે તેનો સઘળો અથવા કોઈપણ ભાગ અંદરની તથા બહારની બાજુથી તરત ચૂના વતી ધોળાવવાનો અથવા બીજી રીતે સાફ કરાવવાનો આદેશ કરે, તો તે કાયદેસર ગણાશે.

નાહવાની જગાઓ.

૧૯૯. (૧) કારોબારી સમિતિ જોઈએ તેટલી સાર્વજનિક જગાઓ અથવા સમુદ્ર કિનારાનો જે કોઈ ભાગ ખાનગી મિલકત ન હોય તો તે ભાગ નાહવાની જગા તરીકે વાપરવા માટે અલાયદો રાખી શકશે તથા રહેવાસીઓને નાહવા માટે પૂરતી સંખ્યામાં અનુકુળ તળાવો અથવા વહેળાઓનો પણ પ્રબંધ કરી શકશે અથવા અલાયદા રાખી શકશે અને પશુઓ ધમારવા અથવા કપડાં ધોવા માટે અથવા રહેવાસીઓના આરોગ્ય સ્વચ્છતા અને સુખચેન સાથે સંબંધ ધરાવતા કોઈ હેતુ માટે તળાવો અથવા જળાશયો અથવા પાણીના વહેળા પણ અલાયદા રાખી શકશે અને આ કલમમાં જણાવેલા કોઈ હેતુ માટે નગરમાંની કોઈ અથવા બીજી તમામ સાર્વજનિક જગાઓ વાપરવા ઉપર પ્રતિબંધ મૂકી શકાશે.

(૨) આ કલમ અન્વયે તે સમયે અમલમાં હોય એવી કારોબારી સમિતિએ કરેલા તમામ હુકમોની તથા કાઢેલી તમામ નોટિસોની નકલો નગરપાલિકાની કચેરીમાં રાખવી અને તે તમામ વાજબી વખતે લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

**ધોબીઓ કપડા ધુએ તેનું નિયમન કરવા બાબત.**

૨૦૦. (૧) કારોબારી સમિતિ જાહેર નોટિસથી એવો પ્રતિબંધ મૂકી શકશે કે ધોબીઓએ તેમની આજીવિકા ચલાવવા માટે માટે કપડાં ધોવા માટે જે જગાઓ કારોબારી સમિતિએ નક્કી કરી હોય તે સિવાયની બીજી જગાઓએ કપડાં ધોવાં નહિ, અને આવો કોઈ પ્રતિબંધ કરવામાં આવ્યો હોય, ત્યારે જે કોઈ વ્યક્તિની આજીવિકા ધોબીની હોય તેણે, કપડાં ધોવા માટે કારોબારી સમિતિએ નક્કી કરી ન હોય એવી કોઈ જગાએ, પોતાને માટે હોય અથવા એવી જગાના માલિક અથવા ભોગવટો કરનાર માટે હોય તે સિવાય, કપડાં ધોવાં નહિ.

**કારોબારી સમિતિએ ધોબીઓ માટે ધોવાની જગાઓનો પ્રબંધ કરવા બાબત.**

(૨) કારોબારી સમિતિએ ધોબીઓ તેમની આજીવિકા ચલાવી શકે તે માટે જગાઓનો પ્રબંધ કરવો અને કારોબારી સમિતિ નગરપાલિકાની મંજૂરીથી પોતે વખતોવખત નક્કી કરે તેવી ફી આપી કોઈ જગાના ઉપયોગ માટે લઈ શકશે.

(૩) કારોબારી સમિતિએ પેટા-કલમ (૧) અન્વયે કોઈ જાહેર નોટિસ કાઢતાં પહેલાં, તે નોટિસથી જે વ્યકિતઓને અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓને જાણ માટે પેટા-કલમ (૨) અન્વયે પ્રબંધ કરવા ધારેલી ધોવાની જગાઓ એક યાદી તે તારીખે અથવા જે તારીખ પછી તે વિચારમાં લેવાની હોય તે તારીખ નિર્દિષ્ટ કરતી નોટિસ સહિત, પોતાના અભિપ્રાય પ્રમાણે પૂરતી જણાય તે રીતે પ્રસિધ્ધ કરવી જોઈશે, અને સદરહુ જગાઓ છેવટની નક્કી કરતા પહેલાં તેના સંબંધમાં જે કોઈ વાંધો અથવા સૂચન કોઈ વ્યકિત આવી રીતે નિર્દિષ્ટ કરેલી તારીખ પહેલાં લખીને મોકલે તે તેણે લેવું જોઈશે અને તે ઉપર વિચાર કરવો જોઈશે.

**પાણી ખરાબ કરવામાં આવે તે બાબત.**

૨૦૧. જે કોઈ વ્યકિત કલમ ૧૯૯ અન્વયે નગરપાલિકાએ કરેલા કોઈ હુકમની અવજ્ઞા કરીને, નગરપાલિકાની માલિકીનાં કોઈ વહેળા, ખાબોચિયાં, તળાવ, જળાશય, કુવા, ટાંકી, નીક અથવા પાણીના માર્ગમાં નહાય અથવા તેમાં કોઈ પશુ ધમારે અથવા ધમરાવે અથવા ગમે તે કોઈ વસ્તુ ધુએ અથવા ધોવડાવે અથવા તેમાં કોઈ પશુ અથવા કોઈ વસ્તુ ફેંકે, મૂકે અથવા નાંખે અથવા પેસાડે અથવા ત્રાસદાયક હોય અથવા ત્રાસદાયક થાય તેવો કોઈ પદાર્થ તેમાં જવડાવે અથવા જવા દે, વહેવડાવે અથવા વહેવા દે અથવા લાવે અથવા લાવવા દે, અથવા તેમાંનું કોઈપણ પાણી કઈપણ અંશે ખરાબ થાય અથવા બગડે એવું કોઈપણ કરે, તે વ્યકિતને તથા જે કોઈ વ્યકિતને નગરમાંનાને અથવા તેની હદ ઉપરનાં કોઈ તળાવ, વહેળા અથવા ખાઈનું પાણી દુર્ગંધ મારતું અથવા ત્રાસદાયક થવાનો સંભવ હોય એવો કોઈ પ્રાણીજન્ય, વનસ્પતિજન્ય, અથવા ખનિજ પદાર્થ તે તળાવમાં વહેળામાં અથવા ખાઈમાં મુખ્ય અધિકારીની પરવાનગી વિના બોળે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**કૂવા વગેરેથી થતુ ત્રાસદાયક કૃત્ય ઓછું કરવા બાબત.**

૨૦૨. (૧) મુખ્ય અધિકારીના અભિપ્રાય પ્રમાણે જો –

(ક) કોઈ ખાબોચિયું, ખાઈ, પથ્થરની ખાણ, ખાડો, તળાવ, કૂવો, ખોદેલી જગા, તળાવડી, મોરી, જળમાર્ગ અથવા એકઠું થયેલું પાણી, અથવા

(ખ) ઈમારતની અંદર હોય કે બહાર હોય તેવી કોઈ ટાંકી અથવા તેવું પાણીનું બીજુ પાત્ર, અથવા

(ગ) જેના પર પાણી એકઠું થતું હોય તેવી કોઈ જમીન, મચ્છરનું ઉત્પત્તિસ્થાન છે અથવા ઉત્પત્તિસ્થાન થવાનો સંભવ છે અથવા બીજી કોઈપણ બાબતમાં ત્રાસદાયક છે, તો મુખ્ય અધિકારી પોતે ઠરાવે તે રીતે તથા તે પદાર્થો વડે પૂરી નાખવાનું ઢાંકી દેવાનું અથવા તેમાંનું પાણી વહેવડાવી નાખવાનું અથવા તે ત્રાસદાયક કૃત્ય દુર કરવા અથવા ઓછું કરવા માટે પોતે નક્કી કરે તે રીતે બંદોબસ્ત કરવાનું તેના માલિકને લેખિત નોટિસ આપી ફરમાવી શકશે.

(૨)(ક) મુખ્ય અધિકારીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય કોઈ નવા કૂવા, ટાંકી, તળાવ, તળાવડી ફુવારો ખોદવાં નહિ અથવા બાંધવા નહિ.

(ખ) આવું કોઈ કામ આવી પરવાનગી વગર શરૂ કરવામાં આવે અથવા પૂરું કરવામાં આવે, તો મુખ્ય અધિકારી –

(૧) જે માલિકે અથવા બીજી વ્યકિતએ આવું કામ કર્યું હોય તે માલિક અથવા બીજી વ્યકિતને લેખિત નોટિસ આપીને પોતે ઠરાવે તે રીતે આવું કામ પૂરી નાખવાનું અથવા તોડી નાંખવાનુ ફરમાવી શકશે, અથવા

(૨) આવું કામ રહેવા દેવા માટે લેખિત પરવાનગી આપી શકશે, પણ આવી પરવાનગીથી આ પેટા-કલમના ખંડ (ક) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા બદલ એવા માલિક સામે જે કાર્યવાહી કરી શકાય તેમાંથી, તેને મુકિત મળશે નહિ.

**દુર્ગંધ મારતું ખાતર વગેરે વાપરવામાં આવે તે બાબત.**

૨૦૩. જે કોઈ વ્યકિત મુખ્ય અધિકારીની લેખિત પરવાનગી સિવાય અને એવી પરવાનગીની શરતો અનુસાર હોય તે સિવાય બીજી રીતે મળમૂત્ર અથવા દુર્ગંધ મારતું બીજું ખાતર અથવા પદાર્થ ભરી રાખે અથવા વાપરે તેને પચાસ રૂપિયા સુધીના દંડની અને પ્રથમવાર દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ ગુનો ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

**ઢોર વગેરે બાંધવામાં આવે તે બાબત.**

૨૦૪. જે કોઈ વ્યકિત કોઈ સાર્વજનિક રસ્તા અથવા જગામાં લોકોની અવરજવરને હરકત અથવા જોખમ થાય તેવી રીતે અથવા ત્રાસકારક કૃત્ય થાય તેવી રીતે ઢોર એવા બીજા પશુઓ બાંધે અથવા પોતાનાં કુટુંબ અથવા ઘરમાંની કોઈ વ્યકિત પાસે બંધાવે અથવા બાંધવા દે અથવા રખેવાળ સિવાય આવાં પશુને આમતેમ ભટકતાં મૂકે અથવા ભટકવા દે તેને, દોષિત ઠર્યેથી—

(ક) પહેલા ગુના બદલ બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે ;

(ખ) તે પછીના કોઈપણ ગુના બદલ પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**પશુઓને ગંદવાડ ખવડાવવામાં આવે તે બાબત.**

૨૦૫. દુગ્ધાલય માટે રાખવામાં આવેલા અથવા માનવ ખોરાક માટેનાં કોઈ પશુને કોઈપણ વ્યકિત વિષ્ટા, તબેલાનો કચરો, ગંદવાડ અથવા બીજો દુર્ગંધ મારતો પદાર્થ ખવડાવે અથવા એવા પશુને એવો પદાર્થ ખાવા દે અથવા ખવડાવવા દે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ધુમાડાનો નાશ કરવા બાબત.**

૨૦૬. (૧) નગરની હદમાં ગમે તે વેપારના અથવા માલ બનાવવાના હેતુ માટે વાપરવામાં આવતાં હોય તેવા કોઈ બાંધકામો અથવા ઈમારતોમાં વપરાતી અથવા વાપરવાની દરેક ભઠ્ઠીમાંથી નીકળતા ધુમાડાનો વ્યવહાર્ય હોયતેટલે સુધી નાશ થાય અથવા તે બળી જાય અથવા ઓછો થાય એ રીતે તે ભઠ્ઠી સઘળે પ્રસંગે, બાંધવાનો અથવા તેમાં વધારો કરવાનો અથવા ફેરફાર કરવાનો આદેશ જાહેર નોટિસ આપીને નગરપાલિકા કરે, તો તે કાયદેસર ગણાશે, પછી તેવી ભઠ્ઠીમાં વરાળ યંત્રનો ઉપયોગ થતો હોય અથવા તેવું યંત્ર રાખવામાં આવતું હોય કે નહિ.

(૨) આવા આદેશ પછી એવી રીતે ન બાંધેલી, વધારો ન કરેલી અથવા ફેરફાર ન કરેલી આવી કોઈ ભઠ્ઠી કોઈ વ્યકિત વાપરશે અથવા વાપરવા દેશે અથવા એવી કોઈ ભઠ્ઠીમાંથી ધુમાડો નીકળે તેનો વ્યવહાર્ય હોય તેટલે સુધી નાશ ન થાય અથવા તે બળી ન જાય તેવી રીતે જ ભઠ્ઠી ગફલતથી વાપરશે અથવા વાપરવા દેશે, તો તે વ્યકિત સદરહુ બાંધકામનો અથવા ઈમારતનો માલિક અથવા ભોગવટો કરનાર હોય અથવા તેની વ્યવસ્થા કરવા માટે એવા માલિકે અથવા ભોગવટો કરનારે રોકેલો એજન્ટ અથવા બીજી વ્યકિત હોય, તો તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ત્યારપછીની કોઈપણ વખતે દોષિત ઠર્યેથી એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થઈ શકશે :

પરંતુ કોઈ રેલવે ઉપર માણસો અથવા માલ લાવવા લઈ જવા માટે અથવા રસ્તાની મરામત માટે વપરાતા લોકોમોટીવ એન્જિનોને આ કલમના મજકૂર લાગુ પડે છે એમ સમજવું નહિ.

### (૮) બજારો, ખોરાકની ચીજોના વેચાણ વગેરેનું નિયમન

**બજારો અને કતલખાના સંબંધી લાઈસન્સ આપવા બાબત.**

૨૦૭. (૧) કારોબારી સમિતિએ આપેલાં લાઈસન્સની શરતો અન્વયે અથવા તે અનુસાર હોય તે સિવાય, નગરપાલિકાના બજાર અથવા કતલખાનાં સિવાય બીજી કોઈ જગા, કલમ ૨૭૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) ના પેટા-ખંડો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે વાપરવી નહિ એવો આદેશ નગરપાલિકા કરે તો તે કાયદેસર ગણાશે. આવાં લાઈસન્સો સામાન્યતઃ, અથવા વ્યકિતગત દાખલામાં નગરપાલિકા પોતાની વિવેકબુધ્ધિ અનુસાર આપી શકશે, તહકૂબ કરી શકશે, આપવાની ના પાડી શકશે અથવા પાછાં ખેંચી લઈ શકશે.

(૨) જે કોઈ વ્યકિત આવા આદેશ વિરુધ્ધ અથવા ઉપર કહ્યા પ્રમાણે જરૂરી હોય એવાં લાઈસન્સ સિવાય અથવા એવાં લાઈસન્સની શરતો પૈકી કોઈ શરતનું ઉલ્લંઘન કરીને અથવા એવું લાઈસન્સ તહકૂબ કરવામાં આવ્યું હોય તે દરમિયાન અથવા તે પાછું ખેંચી લેવામાં આવ્યું હોય તે પછી કોઈપણ જગા વાપરે અથવા વાપરવા દે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૩) આ કલમની પેટા-કલમ (૨) અન્વયે કોઈ જગાના સંબંધમાં, કોઈ વ્યકિત દોષિત ઠરે એટલે કારોબારી સમિતિની અરજી ઉપરથી, પણ બીજી રીતે નહિ, એવી જગા બંધ કરવા માટે મેજિસ્ટ્રેટે હુકમ કરવો અને તેમ થયે તેણે આવી જગા એવી રીતે વપરાતી અટકાવવા માટે વ્યકિતઓ નીમવા અથવા બીજા પગલાં લેવાં અને એવી જગા બંધ કરવા માટે, એ રીતે હુકમ કરવામાં આવ્યો હોય તે પછી આવી જગા આ રીતે જે વ્યકિત વાપરે અથવા વાપરવા દે તે દરેક વ્યકિતનો તે જગા બંધ કરવાનો આ રીતે હુકમ કરવામાં આવ્યો હોય તે પછી તે જગા તે વ્યકિત આ પ્રમાણે જેટલા દિવસ વાપરવાનું ચાલુ રાખે અથવા ચાલુ રાખવા દે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો.**

(૪) આ કલમનો અથવા કલમ ૨૭૫ની પેટા-કલમ (૧) ખંડ (ખ) ના પેટા-ખંડ (૨)નો કોઈપણ મજકૂર મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોઈપણ દારૂને લાગુ પડશે નહિ.

**બજારો તથા કતલખાનાં ખોલવા, બંધ કરવા તથા ભાડે આપવા બાબત.**

૨૦૮. (૧) નગરપાલિકા કોઈ સાર્વજનિક બજાર અથવા કતલખાનું વખતોવખત ખોલી શકશે અથવા બંધ કરી શકશે, એવું કોઈ બજાર અથવા કતલખાનું કોઈ વ્યકિત વાપરે તે બદલ હાટનું ભાડું અથવા બીજું ભાડું અથવા ફી પણ તે લઈ શકશે અથવા એવાં કોઈપણ બજારમાંના અથવા કતલખાનાનાં કોઈ હાટ અથવા જગાનો ભોગવટો કરવાનો અથવા એવું કોઈ બજાર અથવા કતલખાનું બીજી રીતે વાપરવાનો વિશેષાધિકાર જાહેર લીલામ કરીને અથવા બીજી રીતે પણ વેચી શકશે.

(૨) જે કોઈ વ્યકિત, નગરપાલિકાની પરવાનગી અથવા તેની પરવાનગીથી આપેલા પરવાના સિવાય સદરહુ બજારોમાં કોઈપણ ચીજ વેચશે અથવા વેચવા માટે ખુલ્લી મૂકશે અથવા સદરહુ કતલખાનાં વાપરશે તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**નગરપાલિકાએ બજારોમાંથી વ્યકિતઓને કાઢી મૂકવાની સત્તા.**

૨૦૯. નગરપાલિકાએ આ અર્થે ખાસ અધિકાર આપેલા કોઈ અધિકારીને જો એવી ખાતરી થાય કે કોઈપણ બજારમાંના કોઈપણ હાટ અથવા જગાનો ભોગવટો કરનાર કોઈપણ વ્યકિત તે હાટ અથવા જગાનો અન-ધિકૃત ભોગવટો કરે છે. અથવા ભોગવટો કરવાનો અધિકાર પૂરો થયા પછી હાટ અથવા જગાનો ભોગવટો કરવાનું ચાલુ રાખે છે, તો તે અધિકારી, નગરપાલિકાની પૂર્વમંજૂરી લઈને, એવી વ્યકિતને ફરમાનમાં જણાવ-વામાં આવે તેવા વખતની અંદર હાટ અથવા જગા ખાલી કરવાનું ફરમાવી શકશે અને જો એવી વ્યકિત ફરમાનનું પાલન કરવાને ચૂકે તો તેને અધિનિયમ અન્વયે કરવામાં આવે તેવી કોઈપણ શિક્ષા ઉપરાંત, હાટમાંથી અથવા જગામાંથી સંક્ષિપ્ત કાર્યવાહી કરીને કાઢી મૂકી શકાશે.

**નગરપાલિકા હદની બહારના કતલખાના વગેરે.**

૨૧૦. નગરપાલિકા, વિકાસ કમિશનરની અથવા જો વિકાસ કમિશનરે કલેકટરને અધિકૃત કર્યો હોય તો કલેકટરની મંજૂરીથી નગરની હદની બહાર કતલખાનાં અથવા જાનવરોનાં મુડદાંનો નિકાલ કરવા માટેની જગાઓ સ્થાપે તો તે કાયદેસર ગણાશે અને નગરમાંનાં આવા કતલખાનાં અથવા જગાઓને લગતા અધિનિયમ તથા તે અન્વયે અમલમાં હોય તેવા ઉપનિયમોની તમામ જોગવાઈઓ આ અધિનિયમ અન્વયે સ્થાપેલાં કતલખાનાં અથવા જગા-ઓમાં જાણે તે કતલખાનાં અથવા જગાઓ નગરની અંદર હોય તે પ્રમાણે સંપૂર્ણપણે અમલમાં રહેશે.

**આરોગ્યને હાનિ કરે એવી ચીજો માટે ઝડતી અને તપાસણી.**

૨૧૧. (૧) પ્રમુખ, ઉપપ્રમુખ, આરોગ્ય સમિતિનો અધ્યક્ષ, મુખ્ય અધિકારી અથવા નગરપાલિકાએ આ અર્થે અધિકૃત કરેલ કોઈ સભ્ય અથવા અધિકારીઓ—

(ક) પશુઓ, મુડદાં, માંસ, મરઘાં, બતકાં, શિકાર, ગોસ, માછલી, ફળ શાકભાજી, અનાજ, રોટી, આટો, દુધ, ઘી, માખણ, અથવા માનવ ખોરાક અથવા પીણાં માટેની અથવા દવા માટેની બીજી ચીજો, પછી તે વેચવા માટે ખુલ્લાં મૂકેલાં હોય અથવા વેચવા માટે તેની ફેરી કરવામાં આવતી હોય અથવા વેચવાના હેતુ માટે અથવા વેચવા માટે તૈયાર કરવાના હેતુ માટે કોઈપણ જગામાં મૂકેલાં હોય અથવા આણેલાં હોય તેની તપાસણી કરવા માટે તમામ વાજબી વખતે કોઈપણ જગામાં દાખલ થઈ શકશે અને તેની તપાસણી કરી શકશે અથવા કતલખાનાં માટે વપરાતી કોઈ જગામાં, દાખલ થઈ શકશે અને તેની તપાસણી કરી શકશે અને તે જગામાંની કોઈપણ ચીજ તપાસી શકશે; અને

(ખ) એવાં કોઈ પશુ, મુડદાં અથવા ઉપર જણાવેલી બીજી ચીજો રોગિષ્ઠ અથવા બગડી ગયેલી અથવા આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા માટે અયોગ્ય છે એવું જણાય ત્યારે તે ચીજો કબજે કરી શકશે.

જલદી બગડી જાય એવા પ્રકારની કોઈ ચીજ પ્રમુખ, ઉપપ્રમુખ, અથવા આરોગ્ય સમિતિના અધ્યક્ષ અથવા મુખ્ય અધિકારીઓના અભિપ્રાય પ્રમાણે રોગિષ્ટ, બગડી ગયેલી, આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં અથવા દવા માટે અયોગ્ય હોય, તો તેનો તેમના હુકમથી તરત નાશ કરાવી શકાશે.

જે દરેક પશુ અને જલદી બગડે નહિ એવા પ્રકારની જે દરેક ચીજ, ઉપર કહયા પ્રમાણે કબજે કર્યા હોય તો તેને, મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવાં.

જો મેજિસ્ટ્રેટને પુરતા પુરાવા પરથી એમ જણાય કે એવું કોઈ પશુ અથવા એવી કોઈ ચીજ રોગિષ્ઠ, બગડી ગયેલી અથવા આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં, અથવા દવા સારું અયોગ્ય છે, તેના માલિકને અથવા તેનો માત્ર નિક્ષેપી અથવા વાહક ન હોય એવી જે વ્યકિતના કબજામાંથી તે મળી આવી હોય તે વ્યકિતને જો એવા પ્રસંગે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૭૩ની જોગવાઈઓ લાગુ પડતી ન હોય, તો બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે મેજિસ્ટ્રેટે તેવાં પશુ અથવા ચીજનો નાશ કરાવવો અથવા તે વેચવા માટે ખુલ્લી મૂકાય નહિ અથવા તે માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા તરીકે વપરાય નહિ એવી રીતે તેનો નિકાલ કરાવવો.

**સમન્સ માટેની અરજી વાજબી વખતમાં કરવામાં આવી ન હોય તો તે ન મંજૂર કરવી.**

(૨) આ કલમની જોગવાઈઓ વિરૂધ્ધ ગુનો કર્યાનો જે કોઈ વ્યકિત ઉપર આરોપ હોય તે વ્યકિતને, હાજર રહેવા બાબતના સમન્સના માટેની અરજી આવી વ્યકિત ઉપર જે ગુનાનો આરોપ મુકવામાં આવ્યો હોય તે ગુનો જે તારીખે થયાનું કહેવામાં આવતું હોય તે તારીખથી વાજબી મુદતની અંદર કરવામાં આવે તે સિવાય, આ કલમ અન્વયેની તમામ ફરિયાદોમાં મેજિસ્ટ્રેટે તેવું સમન્સ કાઢવાની ના પાડવી.

**વજન તથા માપ વગેરેની તપાસણી કરવાની સત્તા.**

૨૧૨. પ્રમુખ, ઉપ-પ્રમુખ, મુખ્ય અધિકારી અથવા આ અર્થે નગરપાલિકાએ અધિકૃત કરેલો કોઈ સભ્ય જે કોઈ જગામાં વેપારના હેતુ માટે વજન અથવા માપ અથવા તોળવા અથવા માપવાનાં સાધનો વપરાતાં હોય અથવા રાખવામાં આવતાં હોય ત્યાં તમામ વાજબી વખતે દાખલ થઈ શકશે અને તેવાં માપ અથવા વજન તોળવા અથવા માપવાનાં સાધનોની તપાસણી કરી શકશે.

## (૯) દુગ્ધાલયો તથા ઢોરનાં છાપરાનું નિયમન,

દુગ્ધાલય માટે લાઈસન્સ આપવા બાબત.

૨૧૩. (૧) કારોબારી સમિતિએ આપેલાં લાઈસન્સની બોલીઓ અન્વયે અને તે અનુસાર હોય તે સિવાય કોઈપણ વ્યક્તિએ—

(ક) મીઠાઈ, દૂધ, માખણ અથવા દૂધની બીજી બનાવટોના વેપારી અથવા આયાત કરનાર અથવા વેચનાર તરીકેનો વેપાર અથવા ધંધો કરવો નહિ; અથવા

(ખ) દૂધાળાં ઢોરને બાંધવા તથા દૂધ રાખવા તથા વેચવા માટે અથવા માખણ બનાવવા, રાખવા અથવા વેચવા માટે કોઈ જગા વેપારના હેતુઓ માટે વાપરવી નહિ અથવા વાપરવા દેવી નહિ.

(૨) કારોબારી સમિતિ આવું લાઈસન્સ પોતાને યોગ્ય જણાય તે શરતોને અધીન રહીને આપી શકશે અને લાઈસન્સદારને એક મહિનાની નોટિસ આપીને આવું લાઈસન્સ કોઈપણ વખતે પાછું ખેંચી લઈ શકશે અથવા તહકૂબ કરી શકશે.

પરંતુ લાઈસન્સદારે લાઈસન્સની કોઈ શરતનું ઉલ્લંઘન કર્યું હોય ત્યારે તે લાઈસન્સ આવી કોઈપણ નોટિસ આપ્યા વગર પાછું ખેંચી લઈ શકાશે અથવા તહકૂબ કરી શકાશે.

(૩) જે કોઈ વ્યક્તિ આવાં લાઈસન્સ વગર અથવા આવાં લાઈન્સની કોઈ શરતનું ઉલ્લંઘન કરીને અથવા આવું લાઈસન્સ પાછું ખેંચી લેવામાં આવ્યું હોય તે પછી અથવા તે તહકૂબ કરવામાં આવ્યું હોય તે દરમિયાન મીઠાઈ, માખણ, દૂધ અથવા દૂધની બનાવટોના વેપારી, આયાત કરનાર અથવા વેચનાર તરીકેનો વેપાર અથવા ધંધો ચલાવે અથવા ઉપર જણાવેલા હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે કોઈપણ જગા એ રીતે વાપરે અથવા વાપરવા દે, તે વ્યક્તિને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ગુનો ચાલુ રહે તે પ્રસંગે, આવા પહેલા ગુના બદલ દોષિત ઠર્યાની તારીખથી આવો ગુનો ચાલુ રહયો હોય તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૪) પેટા-કલમ (૩) અન્વયે કોઈ જગાના સંબંધમાં કોઈ વ્યક્તિ દોષિત ઠરે એટલે, નગરપાલિકાની અરજી ઉપરથી, પણ બીજી રીતે નહિ, એવી જગા બંધ કરવા માટે મેજિસ્ટ્રેટે હુકમ કરવો અને તેમ થયે, તેણે આવી જગા આ રીતે વપરાતી અટકાવવા માટે વ્યક્તિઓ નીમવી અથવા બીજાં પગલાં લેવાં.

## (૧૦) ભયંકર રોગો અટકાવવા બાબત.

રોગ અટકાવવા માટે કોઈપણ જગાને આપી શકાય તેવી સત્તા.

૨૧૪. (૧) જ્યારે જ્યારે નગરમાંના કોઈ વિસ્તારને કોઈ ભયંકર રોગ ફાટી નીકળવાથી અસર થયેલ વિસ્તાર તરીકે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે, ત્યારે ત્યારે નગરપાલિકાએ, રાજ્ય, સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા આ અર્થે ઠરાવે તેવી જે કંઈ હોય તો, તે મર્યાદા, નિયંત્રણો અને શરતોને અધીન રહીને, તે જાહેરાત પાછી ખેંચી લેવામાં ન આવે ત્યાં સુધી નગરમાં પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી સત્તા વાપરવી જોઈશે.

(૨) નગરપાલિકાને વાપરવાની સત્તા નીચે પ્રમાણે રહેશે, એટલે કે:—

(ક) જે તબીબી વ્યવસાયી એમ જાણતો હોય અથવા જેને એમ માનવાનું કારણ હોય કે હોસ્પિટલ ન હોય એવાં કોઈ રહેઠાણમાં પોતે જે કોઈ વ્યક્તિને પોતાનાને વ્યવસાયના નાતાથી તપાસી હોય તે વ્યક્તિ ભયંકર રોગ હોવાનું વાજબી રીતે ધારી શકાય એવી કોઈ માંદગીથી પીડાય છે, તે દરેક તબીબી વ્યવસાયીએ અથવા કોઈ કારખાના અથવા શિક્ષણ સંસ્થાનો વ્યવસ્થાપક અથવા ઘરનો જે વડો એમ જાણતો હોય અથવા જેને એમ માનવાને કારણ હોય કે પોતાની વ્યવસ્થા અથવા નિયંત્રણ હેઠળનાં કોઈ રહેઠાણમાં રહેતી હોય એવી કોઈ વ્યક્તિ, ભયંકર રોગ હોવાનું વાજબી રીતે ધારી શકાય એવી કોઈ માંદગીથી પીડાય છે, તે દરેક વ્યવસ્થાપકે અથવા વડાએ નગરપાલિકા આ અર્થે નામનિર્દિષ્ટ કરે તેવી વ્યક્તિને વ્યવહાર્ય હોય તેટલો ઓછો વિલંબ કરીને, તે બાબતની ખબર આપવી એવો ખાસ અથવા સામાન્ય હુકમ ફરમાવવાની સત્તા;

(ખ) જે કોઈ જગામાં કોઈ ભયંકર રોગ થયો હોવાની ખબર મળી હોય અથવા તેવો સંશય હોય તે જગાનું, નોટિસ આપ્યા સિવાય અથવા જેને તપાસણી કરવા આદેશ કર્યો હોય અથવા અધિકૃત કરી હોય તે વ્યક્તિને વાજબી જણાય તેવી નોટિસ આપીને, તપાસણી કરવા માટે તથા એવી જગાની બહાર રોગનો ફેલાવો થતો અટકાવવા માટે પગલાં લેવા માટે આદેશ કરવાનો અધિકૃત કરવાનો સત્તા;

(ગ) જેનાથી કોઈ ભયંકર રોગ થવાનો અથવા ફેલાવાનો સંભવ છે એમ કોઈ તબીબી અધિકારીની સલાહ ઉપરથી નગરપાલિકાને જણાય તેવું કોઈ કૂવાનું, તળાવનું અથવા બીજી જગાનું પાણી પીવાના હેતુ માટે લઈ જવાનો પ્રતિબંધ કરવાની સત્તા.

(ઘ) જે કોઈ વ્યક્તિને ઉતારાની અથવા રહેવાની યોગ્ય સગવડ ન હોય અથવા જે એક કરતાં વધારે કુટુંબના ભોગવટામાં હોય એવા ઓરડામાં અથવા ઓરડીઓમાં ઉતરી હોય અથવા તેની હાજરી પડોશના લોકોને

નુકશાનકારક થાય એમ હોય એવી જગામાં ઉતરી હોય અને જે કોઈ ભયંકર રોગથી પીડાતી હોય તે વ્યક્તિને સદરહુ રોગથી પીડાતી વ્યક્તિઓને જે કોઈ હોસ્પિટલ અથવા જગામાં તબીબી ઉપચાર માટે લેવામાં આવતાં હોય તેવી કોઈ હોસ્પિટલમાં અથવા જગાએ આ અર્થે નગરપાલિકાએ અધિકૃત કરેલા કોઈ યોગ્ય લાયકાત ધરાવતા તબીબી વ્યવસાયીએ સહી કરેલા પ્રમાણપત્ર ઉપરથી ખસેડવાનો આદેશ કરવાની અથવા ખસેડવાની સત્તા; અને આ રીતે ખસેડવામાં આવેલી વ્યક્તિને નગરપાલિકાની પરવાનગી સિવાય તે હોસ્પિટલ અથવા જગા છોડવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા;

(ચ) કોઈ ઈમારતના અથવા ઈમારતના ભાગના માલિક અથવા ભોગવટો કરનારને અથવા તે ઈમારત અથવા ભાગમાંની કોઈ ચીજ જે વ્યક્તિની માલિકીની હોય અથવા જેના હવાલામાં હોય તે વ્યક્તિને તેના પોતાને ખર્ચે અથવા તે ગરીબ હોય અથવા તે કેસના સંજોગો ધ્યાનમાં લેતાં નગરપાલિકાને વાજબી જણાય તેવું બીજું કારણ હોય તો નગરપાલિકાને ખર્ચે તે ઈમારત અથવા તેનો ભાગ અથવા ચીજ સાફ કરવાનું અથવા જંતુમુક્ત કરવાનું લેખિત નોટિસથી ફરમાવવાની સત્તા ;

(છ) જે કોઈ બિછાનું અથવા બીજી ચીજો કોઈ ભયંકર રોગનો ચેપ લાગે તેવી સ્થિતિમાં હોય તેને જંતુમુક્ત કરવા માટેનાં અથવા ધોવા માટેનાં સાધનોનો પ્રબંધ કરવાની તથા તેમ કરવા સારું જગાઓ ઠરાવવાની તથા તે ચીજોનો નાશ કરવાનો આદેશ કરવાની સત્તા;

(જ) (૧) કોઈ ભયંકર રોગથી પીડાતી વ્યક્તિઓને મફત લઈ જવા માટે યોગ્ય વાહનોનો પ્રબંધ કરવાની તથા તે નિભાવવાની સત્તા ; અને

(૨) એવો પ્રબંધ કરવામાં આવે ત્યારે એવી વ્યક્તિઓને તમામ અથવા કોઈ સાર્વજનિક વાહનોમાં લઈ જવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા; અને

(૩) એવી કોઈ વ્યક્તિઓને લઈ જવા માટે જે કોઈ વાહન કોઈપણ વખતે વાપરવામાં આવે તેને તરત જ જંતુમુક્ત કરવાનો આદેશ કરવાની સત્તા ;

(ઝ) (૧) કોઈ ભયંકર રોગથી પિડાતી વ્યક્તિને સદરહુ રોગ ફેલાતો અટકાવવા સામે યોગ્ય સાવચેતીનાં પગલાં લીધા સિવાય કોઈ રસ્તામાં અથવા કોઈ શાળા અથવા કારખાનામાં અથવા કોઈ વીશી, ધર્મશાળા, નાટયગૃહ, બજાર અથવા લોકોને જવા આવવાની બીજી જગામાં જાણી બુઝીને પોતાનું શરીર ઉઘાડું રાખવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા અથવા

(૨) આ રીતે પિડાતી કોઈ વ્યક્તિ જેના હવાલામાં હોય એવી કોઈ વ્યક્તિને દર્દીનું શરીર આ રીતે ઉઘાડું રાખવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા;

(ટ) જે કોઈ વ્યક્તિ એમ જાણતી હોય અથવા જેને એમ માનવાનું કારણ હોય કે કોઈ ચીજ ગમે તે કોઈ ભયંકર રોગનો ચેપ લાગે તેવા સ્થિતિમાં છે તે વ્યક્તિને તે ચીજ જંતુમુક્ત કરવાના હેતુ માટે હોય તે સિવાય બીજી કોઈ જગાએ ખસેડવાની અથવા બીજી કોઈપણ વ્યક્તિને તબદીલ કરવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા;

(ઠ) જે કોઈ હોટેલ, વીશી, ધર્મશાળા અથવા સરાઈમાં કોઈ વ્યક્તિ કોઈ ભયંકર રોગથી પિડાતી હોય અથવા પિડાય છે એમ માનવાનું કારણ હોય તે હોટેલ, વીશી, ધર્મશાળા અથવા સરાઈ ભાડે આપવા તથા તેમાં રહેવાની સગવડ પૂરી પાડવા માગતી વ્યક્તિએ તે ઈમારત અથવા તેનો ભાગ જેમાં એવો ચેપ રહેવાનો સંભવ હોય તેવી તેમાંની કોઈ ચીજ નગરપાલિકાને અથવા આ અર્થે નગરપાલિકા નીમે તે અધિકારીને ખાતરી થાય તે રીતે જંતુમુક્ત કરાવી ન હોય ત્યાં સુધી તે હોટેલ, વીશી, ધર્મશાળા અથવા સરાઈ ભાડે આપવાની અથવા તેમાં રહેવાની સગવડ પૂરી પાડવા ઉપર પ્રતિબંધ કરવાની સત્તા ;

(ડ) બીજા વર્ગની સત્તાથી જેને ઓછી સત્તા ન હોય એવા મેજિસ્ટ્રેટની દરેક પ્રસંગે પ્રથમ પરવાનગી લઈને આરોગ્યને હાનિ કરે તેવાં જે કોઈ ઝુંપડાં અથવા છાપરાંમાં વ્યક્તિઓ ભયંકર રોગથી પિડાય છે એમ માનવાને કારણ હોય એવા ઝૂંપડાં અથવા છાપરાંનો નાશ કરવાની સત્તા;

(૩) આ કલમ અન્વયે કોઈ મિલકતનો નાશ કર્યાને લીધે જેને મહત્વનું નુકશાન થયું હોય તે વ્યક્તિને નગરપાલિકા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર વળતર આપી શકશે પણ નગરપાલિકાએ મંજૂર કર્યા પ્રમાણે હોય તે સિવાય તેમાં નિર્દિષ્ટ કરેલી કોઈ સત્તા વાપરવાથી થયેલ કોઈ ખોટ અથવા નુકશાન બદલ વળતર માટેનો દાવો થઈ શકશે નહિ..

(૪) જે કોઈ વ્યક્તિ નગરમાં તે સમયે અમલમાં હોય અને આ કલમ અન્વયે નગરપાલિકાને આપેલી કોઈ સત્તા વાપરીને નગરપાલિકાએ કરેલા હોય એવા કોઈ હુકમની અવજ્ઞા કરે અથવા નગરપાલિકાનો કોઈ અધિકારી અથવા નગરપાલિકાના અધિકાર અન્વયે કામ કરતી બીજી વ્યક્તિ એવા કોઈ હુકમનો અમલ કરતી હોય તે વખતે તેને હરકત કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા સુથશે.

**ભયંકર રોગ ફાટી નીકળવાની ધાસ્તી હોય અથવા ખરે-ખરો ફાટી નીકળ્યો હોય ત્યારે નગરપાલિકાની ફરજો.**

૨૧૫. (૧) કોઈ નગર અથવા તેના કોઈ ભાગમાં કોઈપણ વખતે કોઈપણ ભયંકર રોગ ફાટી નીકળવાની ધાસ્તી હોય અથવા તે ફાટી નીકળ્યો હોય ત્યારે નગરપાલિકાએ આવા રોગનો ઉદ્‌ભવ અટકાવવા માટે તેને પહોંચી વળવા માટે ઓછો કરવા માટે અથવા દાબી દેવા માટે કલેક્ટરને જરૂરી જણાય તેવાં તમામ પગલાં લેવાં.

(૨) ઉપર કહ્યા પ્રમાણેના પ્રસંગે કલેક્ટર ખાસ જાહેરનામું કાઢીને આવા નગરમાં કોઈ ભયંકર રોગ ફાટી નીકળવાની ધાસ્તી છે અથવા ફાટી નીકળ્યો છે એવું જાહેર કરીને નગરપાલિકાને પેટા-કલમ (૩) માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા તે પૈકી કોઈ વધારાની સત્તા આપી શકશે અને આવી નગરપાલિકાને આપેલી દરેક સત્તા તે જાહેરનામા અથવા તે પછીના કોઈ જાહેરનામામાં કલેક્ટર ઠરાવે તે તમામ મર્યાદા, નિયંત્રણ અને શરતોને અધીન રહીને એવા જ જાહેરનામાથી પાછી ખેંચી લેવામાં ન આવે, ત્યાં સુધી તેણે વાપરવી.

(૩) પેટા--કલમ (૨) અન્વયે જે તમામ સત્તા અથવા તે પૈકી કોઈપણ સત્તા આપી શકાય તે નીચે પ્રમાણે છે:

(ક) ચેપ લાગેલી જે કોઈ ઈમારત રહેઠાણ તરીકે વાપરવામાં આવતી હોય તે ઈમારતમાં અથવા તેના કોઈ ભાગમાં અથવા આવી ઈમારત પાસેની એવી રીતે વપરાતી કોઈ ઈમારતમાં કાયમને માટે અથવા થોડા સમયને માટે રહેતી વ્યકિત અથવા વ્યકિતઓને તે ઈમારત અથવા તે ભાગ ખાલી કરી જવાનો હુકમ નીચેની શરતોને અધીન રહીને આપવાની સત્તા ;

(૧) દરેક પ્રસંગે તાલુકા મેજિસ્ટ્રેટની પ્રથમ પરવાનગી મેળવવી જોઈશે; અને

(૨) જે વ્યકિતના સંબંધમાં તે હુકમ કર્યો હોય તે તમામ વ્યકિતઓ માટે રહેવાની સગવડ બીજે ઠેકાણે પ્રાપ્ય હોવી જોઈશે અથવા એવી જગા પૂરી પાડવી જોઈશે ;

(ખ) નગરની બહારની જગાએથી આવતા અથવા ચેપ લાગેલી કોઈ ઈમારત પાસેની કોઈપણ ઈમારતમાં રહેતી વ્યકિતઓએ તબીબી અધિકારી પાસે તપાસ કરાવવાનો અને જરૂરી હોય તો એવી વ્યકિતઓને કપડાં, બિછાનાં અથવા જેને ચેપ લાગેલો છે એવો સંશય આવતો હોય તેવી બીજી ચીજો જંતુમુકત કરવાનો આદેશ કરવાનો અને એવી કોઈ વ્યકિતને પોતાનું સરનામું આપવાનો અને ઠરાવવામાં આવે તેવા વખતે અને તેવી જગાએ વધુમાં વધુ દસ દિવસ સુધી તબીબી તપાસ માટે હાજર રહેવાનો આદેશ કરવાની સત્તા;

(ગ) જિલ્લાના સિવિલ સર્જનના અથવા આ અર્થે રાજ્ય સરકારે નીમેલા બીજા તબીબી અધિકારીના લેખિત અભિપ્રાય પ્રમાણે કોઈ સાર્વજનિક અથવા ખાનગી જગામાં અથવા કોઈ પ્રસંગે અથવા કોઈ હેતુ સારૂં પચાસથી વધારે વ્યકિતઓ એકઠી થવાથી રોગ ફેલાવાનો અથવા ભયંકર થવાનો સંભવ હોય તો એવી જગાએ અથવા પ્રસંગે અથવા હેતુ માટે એવી રીતે એકઠી થવાની સામાન્યત: અથવા કોઈ વ્યકિતગત કિસ્સામાં ખાસ હુકમ કરીને પ્રતિબંધ કરવાની સત્તા ;

(૪) આ કલમ અન્વયે કોઈ મિલકતનો નાશ કર્યાને લીધે જે વ્યકિતને મહત્વનું નુકશાન થયું હોય તેને નગરપાલિકા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર વળતર આપી શકશે પણ નગરપાલિકાએ મંજૂર કર્યા પ્રમાણે હોય તે સિવાય તેમાં નિર્દિષ્ટ કરેલી કોઈ સત્તા વાપરવાથી થયેલ કોઈ ખોટ અથવા નુકશાન બદલ વળતર માટેનો દાવો થઈ શકશે નહિ.

(૫) પેટા--કલમ (૨) અન્વયેનું જાહેરનામું જે કોઈ નગરમાં તે સમયે અમલમાં હોય તેમાં જો કોઈ વ્યકિત—

(ક) જે કોઈ હુકમ આવા નગરમાં તે સમયે અમલમાં હોય અને કલમ ૨૧૪ અન્વયે અથવા આ કલમ અન્વયે નગરપાલિકાને આપેલી કોઈપણ સત્તા વાપરીને નગરપાલિકાએ કરેલો હોય તે હુકમની જાણી જોઈને અવજ્ઞા કરે: અથવા

(ખ) નગરપાલિકાનો કોઈ અધિકારી અથવા નગરપાલિકાના અધિકાર અન્વયે કામ કરતી બીજી કોઈ વ્યકિત એવા કોઈ હુકમનો કારોબારી રીતે અમલ કરતી હોય તે વખતે તેને હરકત કરે તો તેવી વ્યકિતને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**સત્તા અને હુકમો પાછા ખેંચી લેવા તથા તેમાં ફેરફાર કરવા બાબત.**

૨૧૬. (૧) કલમ ૨૧૪ની બાબતમાં રાજ્ય સરકાર અને કલમ ૨૧૫ની બાબતમાં કલેક્ટર કોઈપણ વખતે—

(ક) એવી કોઈ સત્તા પાછી ખેંચી લઈ શકશે ;

(ખ) આવી કોઈ સત્તાના સંબંધમાં મૂકેલાં કોઈ મર્યાદા, નિયંત્રણ અથવા શરત રદ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે ; અથવા

(ગ) એવી કોઈ સત્તા વાપરીને નગરપાલિકાએ કરેલો કોઈ હુકમ રદ કરી શકશે.

(૨) યથાપ્રસંગ, કલમ ૨૧૪ અથવા કલમ ૨૧૫ અન્વયેના કોઈ સત્તા વાપરીને નગરપાલિકાઓ કરેલો દરેક હુકમ આવી સત્તા પાછી ખેંચી લેવામાં આવ્યે નગરમાં અમલમાં હોતો બંધ થશે.

**ઢોરમાં રોગ થાય તેના સંબંધમાં નગરપાલિકાની ફરજો.**

૨૧૭. જો કોઈ નગરમાં કોઈ ચેપી રોગ ફાટી નીકળે અથવા એવો કોઈ રોગ દાખલ થવાનો સંભવ જણાય તો નગરપાલિકાએ તે રોગ અથવા તેનો ઉદ્‌ભવ અથવા પ્રવેશ અટકાવવા અને તેને પહોંચી વળવા, તે ઓછો કરવા અથવા દાબી દેવા પોતાને જરૂરી જણાય તે તમામ પગલાં લેવાં.

**ઈમારતોની અંદરની ભીડ ઓછી કરવા માટેની કાર્યવાહી.**

૨૧૮. (૧) જ્યારે જ્યારે કારોબારી સમિતિને એમ લાગે કે કોઈ ઈમારતમાં એવી ભીડ થઈ છે કે તે તેમાંના અથવા તેની પાસેની ઈમારતના રહેવાસીઓના આરોગ્યને જોખમકારક અથવા પ્રતિકૂળ છે અથવા થવાનો સંભવ છે. ત્યારે ત્યારે કારોબારી સમિતિ આવી ભીડ અટકાવવાનો હુકમ મેળવવા માટે તાલુકા મેજિસ્ટ્રેટ સમક્ષ કાર્યવાહી કરાવી શકશે.

(૨) જે ભીડ વિશે ફરિયાદ કરવામાં આવી હોય તે ભીડ રોગ થવાનો સંભવ છે અથવા રોગ થવાની ધાસ્તી છે એવો અભિપ્રાય દર્શાવતું તબીબી અધિકારીનું પ્રમાણપત્ર પોતાની સમક્ષ રજૂ કરવામાં આવ્યે અને પોતાને બીજી જે કોઈ વધુ તપાસ કરવાની જરૂર જણાય તે કરીને આવો મેજિસ્ટ્રેટ સદરહુ ઈમારતમાંના ઉતરનારાઓની, ભાડૂતોની અથવા બીજા અંતેવાસીની સંખ્યા પોતાને ઠરાવવાની જરૂર જણાય તેટલી હદ સુધી છ અઠવાડિયાથી વધારે ન હોય એવી અથવા દસ દિવસથી ઓછી ન હોય એવી વાજબી મુદતની અંદર ઓછી કરવાનું તે ઈમારતના માલિકને ફરમાવી શકશે અથવા પોતાને ન્યાયી અને યોગ્ય લાગે એવો બીજો હુકમ કરી શકશે.

(૩) જો સદરહુ ઈમારતના માલિકે એવી ઈમારત પેટા-ભાડે આપી હોય તો તેમાં ઉતરનારાઓ, ભાડૂતો અથવા બીજા ખરેખરા અંતેવાસીઓએ જેની પાસેથી તે ઈમારત ભાડે લીધી હોય તે વ્યક્તિ આ કલમના હેતુઓ માટે ઈમારતનો માલિક ગણાશે.

(૪) પેટા-કલમ (૨) અન્વયે જે કોઈ માલિક ઉપર ફરમાન કાઢવામાં આવ્યું હોય તે માલિકે એવાં ફરમાનમાં ઠરાવેલી શરતો પાળવા માટે જરૂરી હોય તેટલા તે ઈમારતમાંના ઉતરનારાઓ, ભાડૂતો અથવા બીજા ખરેખરા અંતેવાસીઓને સદરહુ ઈમારત એવાં ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર ખાલી કરવાની લેખિત નોટિસ તરત આપવી જોઈશે અને એવી નોટિસ મેળવનાર એવા કોઈપણ ઉતરનારાઓ, ભાડૂતો અથવા અંતેવાસીઓ તેનું પાલન કરવાને બંધાયેલ રહેશે.

(૫) પેટા-કલમ (૨) અન્વયે કાઢેલાં કોઈ ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી તારીખ પછી જે કોઈ માલિકે તેવાં ફરમાનનું ઉલ્લંઘન કરીને કોઈ ઈમારતમાં ભીડ થવા દે તેને તથા જે કોઈ વ્યક્તિ પેટા-કલમ (૪) અન્વયે તેને આપવામાં આવેલી નોટિસ અનુસાર આવી કોઈ ઈમારત ખાલી કરે નહિ તેને એવાં ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી તારીખ પછીના જેટલા દિવસ સુધી એવી ભીડ ચાલુ રહે અથવા રહે એ પ્રમાણે ખાલી ન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

**ભીડવાળા વિસ્તારનાસંબંધમાં રાજ્ય સરકાર આપી શકે તેવી ખાસ સત્તા.**

૨૧૯. (૧) જો રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે—

(ક) કોઈ વિસ્તારમાં અગાઉથી બાંધેલી અથવા બાંધવા ધારેલી ઈમારતો અથવા ઈમારતોનો સમૂહ જે રીતે ગીચોગીચ આવેલો હોય અથવા આવવાનો સંભવ હોય તે રીતને લીધે; અથવા

(ખ) અગાઉથી બાંધેલી હોય અથવા બાંધવા યોજેલી ઈમારતો અથવા ઈમારતોનો સમૂહ સાફ કરવાનું અશક્ય હોવાને લીધે ; અથવા

(ગ) ઉપર કહ્યા પ્રમાણેની કોઈ ઈમારતોમાંથી અથવા ઈમારતોના સમૂહમાંથી અથવા કોઈ વિસ્તારમાંથી પાણીનો નિકાલ નહિ થતો હોવાને લીધે અથવા તેમાંથી કચરો કાઢવામાં આવતો નહિ હોવાને લીધે અથવા તેમાં પાણીનો નિકાલ કરવાની અથવા કચરો કાઢવાની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી પડતી હોવાને લીધે; અથવા

(ઘ) રસ્તાઓ અથવા ઈમારતો અથવા ઈમારતોના સમૂહ સાંકડો હોવાને લીધે, પાસે પાસે હોવાને લીધે તેની ગોઠવણી ખરાબ હોવાને લીધે અથવા તે ખરાબ સ્થિતિમાં હોવાને લીધે એવા વિસ્તારમાંના કોઈ ભોગવટો કરનારને અથવા તે વિસ્તારની પાડોશમાં રહેતા કોઈ રહેવાસીને રોગ થવાની ધાસ્તી ઉત્પન્ન થઈ છે અથવા ઉત્પન્ન થવાનો સંભવ છે તો રાજ્ય સરકાર જાહેરનામું કાઢીને જે નગરપાલિકાના તાબામાં સદરહુ વિસ્તાર હોય તે નગરપાલિકાને પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સઘળી અથવા તે પૈકી કોઈપણ સત્તા આપી શકશે અને એવી રીતે આપેલી સત્તા તમામ રાજ્ય સરકારની તે પછીના જાહેરનામાથી પાછી ખેંચી લેવામાં ન આવે તો અને ત્યાં સુધી નગરપાલિકાએ જે મર્યાદા, નિયંત્રણ, ફેરફાર, શરત અથવા વિનિયમને અધીન રહીને તે વિસ્તારમાં વાપરવી જોઈશે તે મર્યાદા, નિયંત્રણ, ફેરફાર, શરત અથવા વિનિયમ ઠરાવતા નિયમો પોતાને જરૂરી જણાય તો રાજ્ય સરકાર કોઈપણ વખતે કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયે નગરપાલિકાને આપી શકાય તેવી તમામ અથવા તે પૈકી કોઈ સત્તા નીચે પ્રમાણે છે:-

(ક) જ્યારે અગાઉથી બાંધેલી હોય અથવા બંધાતી હોય તેવી કોઈ ઈમારતથી અથવા ઈમારતના સમૂહથી પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી કોઈ ખામીને લીધે ઉપર જણાવ્યા પ્રમાણે ધાસ્તી ઉત્પન્ન થઈ હોય અથવા

નગરપાલિકાના અભિપ્રાય પ્રમાણે ઉત્પન્ન થવાનો સંભવ હોય ત્યારે લેખિત નોટિસ આપી ઈમારતના અથવા ઈમારતના સમૂહના કોઈ સહેલાઈથી દેખાઈ આવે એવા કોઈ ભાગ ઉપર ચોડીને અને નગરપાલિકાને યોગ્ય જણાય તે પ્રમાણે તે ઈમારતના અથવા ઈમારતના સમૂહના માલિકોના નામની અથવા જે જમીન ઉપર તે ઈમારત અથવા ઈમારતનો સમૂહ બાંધ્યો હોય અથવા બંધાતો હોય તે જમીનના માલિકના નામની કાઢીને, જેમના નામની તે કાઢવામાં આવી હોય તે વ્યક્તિઓને નોટિસમાં નિર્દિષ્ટ કરેલા વાજબી વખતમાં આવી ઈમારત અથવા ઈમારતોના સમૂહને તોડી પાડવો અથવા કાઢી નાખવો અથવા રોગની આવી તમામ ધાસ્તી અટકાવવા માટે નગરપાલિકાને જરૂરનાં લાગે તેવાં તેના સંબંધમાં કામ કરવા અથવા પગલાં લેવાં એવું ફરમાવવાની સત્તા;

(ખ) જેમના નામની સદરહુ નોટિસ કાઢવામાં આવી હોય તેઓ તેમાં નિર્દિષ્ટ કરેલા વખતની અંદર આવી ઈમારત અથવા ઈમારતના સમૂહ તોડી પાડવામાં અથવા કાઢી નાંખવામાં અથવા એવાં કામ કરવામાં અથવા એવાં પગલાં લેવામાં ગફલત કરે તો નગરપાલિકાનાં અથવા બીજાં સાધનો દ્વારા તેવી ઈમારત અથવા ઈમારતોનો સમૂહ તોડી પાડવાની અથવા કાઢી નાખવાની અથવા એવાં કામ કરવાની અથવા એવાં પગલાં લેવાની સત્તા;

(ગ) (૧) આ કલમની જોગવાઈઓ અન્વયે જે કોઈ ઈમારત આખી અથવા અંશતઃ તોડી પાડવામાં આવી હોય તેના ઘરથાર ઉપર; અથવા

(૨) ઈમારતોથી રોકાયેલી નહિ હોય એવી કોઈ જગા, પછી તે ખાનગી મિલકત હોય અથવા ન હોય અને વાડબંધ કરેલી હોય અથવા ન હોય તો પણ તેના ઉપર.

ઉપર કહ્યા પ્રમાણેની ધાસ્તી અટકાવવા માટે ઈમારત આખી અથવા થોડે અંશે બાંધવી જોઈએ નહિ એવું નગરપાલિકાને જણાય, તો એવા ઘરથાર અથવા જગાના માલિક અથવા ભોગવટો કરનારના નામની લેખિત નોટિસ કાઢીને તથા કલમ ૨૬૬ની પેટા-કલમ (૩)માં ઠરાવેલી રીતે સામાન્ય નોટિસ પ્રસિધ્ધ કરીને, એવા ઘરથાર અથવા જગાઉપર કોઈ ઈમારત એવી નોટિસમાં નિર્દિષ્ટ કરેલાં પરિમાણ કરતાં મોટા પરિમાણની કોઈ ઈમારત બાંધવાને પ્રતિબંધ કરવાની સત્તા,એવું ઘરથાર અથવા જગા સંપાદન કરવાનો અથવા તેના માલિક અથવા ભોગવટો કરનાર તેનો જે ઉપયોગ કરે અથવા કરવા દે તેનાં સંબંધમાં જરૂરી જણાય તેવી શરતો ઠરાવવાની સત્તા, ઉપર કહ્યા પ્રમાણે પ્રતિબંધ કરવાની તથા ઠરાવવાની બાબતમાં વિકાસ કમિશનરને અપીલ કરવાના હકને અધીન રહેશે અને તે નિર્ણય છેવટનો ગણાશે:

પરંતુ દરેક પ્રસંગે તેવા પ્રતિબંધથી જે કોઈ વ્યક્તિના હકને અસર થતી હોય તેને વળતર આપવું જોઈશે અને તે વળતરની રકમ તકરારના પ્રસંગે, કલમ ૨૯૮માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નક્કી કરવી જોઈશે.

(૩) જ્યારે પેટા કલમ (૨) અન્વયે કોઈ નોટિસ અનુસાર કોઈ ઈમારત તોડી પાડવામાં આવી હોય, ત્યારે નગરપાલિકાએ તે ઈમારત આ અધિનિયમના અથવા અમલમાં હોય તેવા તે અન્વયેના કોઈપણ ઉપનિયમની કોઈ જોગવાઈ વિરૂદ્ધ બાંધી હોય તે સિવાય તે તોડી પાડવાથી જે માલિક અથવા ભોગવટો કરનારને નુકશાન થયું હોય તેને વાજબી વળતર આપવું જોઈશે અને તે વળતરની રકમ તકરારના પ્રસંગે, કલમ ૨૯૮ માં ઠરાવેલી રીતે નિશ્ચિત કરવી અને નક્કી કરવી જોઈશે.

(૪) આ કલમથી નગરપાલિકાને આપેલી કોઈ સત્તા વાપરીને નગરપાલિકાએ જે હુકમ કર્યો હોય અથવા શરતો નાખી હોય તે હુકમ અથવા શરતોનો દરેક ભંગ બદલ રાજ્ય સરકાર એક હજાર રૂપિયા કરતાં વધે નહિ તેટલો દંડ તથા ચાલુ રહે તે દરેક ભંગ બદલ દરેક દિવસ માટે પચાસ રૂપિયા કરતાં વધે નહી એવો વધારાનો દંડ, નિયમ કરીને ઠરાવી શકશે.

મુડદાંના નિકાલ માટે જગાઓ બંધ કરવા બાબત.

૨૨૦. (૧) નગરપાલિકાનો એવો અભિપ્રાય થાય કે મુડદાનો નિકાલ માટે વપરાતી કોઈ જગા પ્રવૃત્તિશીલ લત્તાથી ઘેરાયેલી હોવાને કારણે અથવા અમુક પાણી પુરવઠાનાં ઉદભવસ્થાનમાં સાનિધ્યમાં આવેલ હોવાનાં કારણે કોઈ અથવા કોઈ ધાર્મિક અથવા કોમી મત ભેદોના અસ્તિત્વને કારણે તે રીતે વપરાતી બંધ થવી જોઈએ અથવા આરોગ્યને હાનિકારક થવાની અથવા થવાનો સંભવ હોય એવી સ્થિતિમાં છે તે પ્રસંગે, તે પોતાનો અભિપ્રાય તેનાં કારણો વિકાસ કમિશનરને સાદર કરી શકશે અને તેમ થયે, વિકાસ કમિશનર પોતાને જે કંઈ વધુ તપાસ કરવાનું યોગ્ય જણાય તેવી તપાસ કરાવ્યા પછી, જાહેરનામું કાઢીને, સદરહુ જાહેરનામામાં તે અર્થે નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી તેવી જગા તે પ્રમાણે વપરાતી બંધ થશે એવો આદેશ કરી શકશે.

(૨) સદરહુ જાહેરનામાની એક નકલ ગુજરાતીમાં કરેલા તેના અનુવાદ સાથે સ્થાનિક વર્તમાનપત્રો, કોઈ હોય તો તેમાં, પ્રસિધ્ધ કરવી જોઈએ અને નગરપાલિકાની કચેરી ઉપર તથા જે જગાને તે લગતી હોય તે જગાના અથવા તેની નજીકના એક અથવા વધારે દેખાઈ આવે એવાં સ્થાન ઉપર ચોંટાડવી જોઈશે.

(૩) જે કોઈ વ્યક્તિ એવી કોઈ જગામાં તે જગા બંધ કરવાની સદરહુ જાહેરનામામાં જે તારીખ નિર્દિષ્ટ કરવામાં આવી હોય તે તારીખથી પછી કોઈ મુડદું દાટે અથવા બીજી રીતે તેના નિકાલ કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

## (૧૧) અમુક વેપાર તથા ધંધાથી થતાં ત્રાસદાયક કૃત્યો

**૨૨૧.** (૧) જો કારોબારી સમિતિને ખાતરી થાય તે રીતે એમ દર્શાવવામાં આવે કે જે કોઈ ઈમારત અથવા જગાનો ઉપયોગ— **અમુક વેપારનું નિયમન.**

(ક) નકામું માંસ, લોહી હાડકાં અથવા ચીંથરાં ઉકાળવા અથવા ભરી રાખવા માટે,

(ખ) માછલાંને અથવા તેની સુકવણી કરવા તથા તે ભરી રાખવા માટે,

(ગ) ચામડાં, શિંગડા અથવા કાતરી ભરી રાખવા માટે,

(ઘ) ચામડાં કમાવવા માટે,

(ચ) ચામડાં અથવા ચામડાની ચીજો બનાવવા માટે,

(છ) રંગવા માટે,

(જ) ચરબી અથવા ગંધક ગાળવા માટે,

(ઝ) ઊન અથવા વાળ ધોવા અથવા સૂકવવા માટે;

(ટ) ઈંટો, માટીના વાસણો અથવા ચૂનો કોઈપણ પ્રક્રિયા દ્વારા બનાવવા અથવા તૈયાર કરવા માટે.

(ઠ) સાબુ બનાવવા માટે,

(ડ) તેલ ઉકાળવા અથવા તેલ કાઢવા માટે,

(ઢ) સાબુ ચોખાના કારખાનાં તરીકે,

(ત) દારૂ ગાળવાની ભઠ્ઠી તરીકે,

(થ) ઘાસ, પરાળ, ચારો, લાકડાં, કોલસા અથવા બીજા જ્વાલાગ્રાહી પદાર્થ ભરી રાખવા માટે.

(દ) તપકીરના કારખાના તરીકે,

(ધ) મીઠાઈ બનાવવા અથવા વેચવા માટે,

(ન) જેમાં કામ કરવા માટે પશુઓ રોકવામાં આવતાં હોય અથવા રોકવાનો ઈરાદો હોય અથવા જેમાં વરાળ, પાણી અથવા કોઈ યાંત્રિક શક્તિ વપરાતી હોય અથવા વાપરવાનો ઈરાદો હોય તેવાં કારખાનાં, વર્કશોપ અથવા ધંધાનીજગાતરીકે,

(પ) જેમાંથી ત્રાસદાયક અથવા આરોગ્યને હાનિ કરે તેવી ગંધ નીકળી હોય અથવા જેને લીધે આગ લાગવાનીધાસ્તી હોય એવાં કારખાના તરીકે અથવા બીજા કોઈ જાતના ધંધાની જગા તરીકે,

(ફ) વાળ કાપવાની દુકાન અથવા હજામની દુકાન અથવા હમામખાનાં તરીકે કરવામાં આવે છે,

અથવા કરવાનો કોઈ વ્યક્તિનો ઈરાદો છે તે ઈમારત અથવા જગા તેવી રીતના ઉપયોગને લીધે અથવા તેના સ્થાનને લીધે તેની પડોશમાં રહેનારાઓને અપકારક છે અથવા અપકારક થવાનો સંભવ છે અથવા જિંદગીને, આરોગ્યને અથવા મિલકતને જોખમકારક થાય એવી રીતે વાપરવામાં આવે છે અથવા એવી જગાએ આવેલી છે તો કારોબારી સમિતિ તેના માલિકને અથવા ભોગવટો કરનારને લેખિત નોટિસ આપીને—

(૧) તે ઈમારત અથવા જગાનો તે પ્રમાણે ઉપયોગ કરવાનું તરતોતરત બંધ કરવાનો અથવા તેનો તે પ્રમાણે ઉપયોગ કરવાનો ઈરાદો અમલમાં મૂકતાં અથવા મૂકવા દેતાં તરતોતરત અટકાવવાનું; અથવા

(૨) તે ત્રાસદાયક અથવા જોખમકારક ન થાય અથવા ભવિષ્યમાં ત્રાસદાયક અથવા જોખમકારક ન રહે તે માટે કારોબારી સમિતિ તે નોટિસમાં ઠરાવે તે રીતે અથવા તેની બાંધણીમાં કારોબારી સમિતિ ઠરાવે તેવા ફેરફાર કરીને તેનો ઉપયોગ કરવાનું ફરમાવી શકશે.

**સ્પષ્ટીકરણ ૧.**— ખંડ (ન) અને (પ)ના હેતુ માટે ત્રાસદાયક કૃત્યમાં જેનાથી મેશનો જમાવ થાય એવા હવામાં કોઈ ધુમાડાનો અથવા યંત્રના ઘોંઘાટનો સમાવેશ થાય છે.

સન ૧૯૨૩નો ૫મો. સન ૧૯૪૮નો ૬૩મો.

સ્પષ્ટીકરણ ૨.-- ખંડો (ન) અને (પ)માંના કોઈપણ મજકૂરથી, ભારતીય બોઈલર અધિનિયમ, ૧૯૨૩ની કોઈપણ જોગવાઈને અસર થાય એમ ગણાશે નહિ, અથવા કારખાના અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઈઓ જેને લાગુ પડતી હોય એવાં કોઈ કારખાનામાં કોઈ એન્જિન, મિલગીયરિંગ, હોઈસ્ટ અથવા બીજી કોઈ યંત્રસામગ્રી બેસાડવા અથવા તેની આસપાસ કઠેરો કરવા સંબંધી કોઈ હુકમ કરવાનો અધિકાર મળે છે એમ ગણાશે.

(૨) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧) અન્વયે નોટિસ આપવામાં આવ્યા પછી, કોઈ ઈમારત અથવા જગાનો ઉપયોગ પડોશના રહેનારાઓને ત્રાસદાયક થાય એવી રીતે અથવા જિંદગી, આરોગ્ય અથવા મિલકતને જોખમ-કારક થાય એવી રીતે કરે અથવા કરવા દે તેને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી આવા ઉપયોગ દ્વારા કરવાનું અથવા કરવા દેવાનું જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે પંચોતેર રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

(૩) આ કલમ અન્વયે કોઈ વ્યકિત દોષિત ઠર્યેથી, મેજિસ્ટ્રેટ, કારોબારી સમિતિની અરજી ઉપરથી, પણ બીજી રીતે નહિ, એવી જગા બંધ કરવા માટે હુકમ કરશે અને તેમ થયે તેણે આવી જગા પેટા-કલમ (૧)માં જણાવેલા કોઈપણ હેતુ માટે વપરાતી અટકાવવા માટે વ્યકિતઓ નીમશે અથવા બીજા પગલાં લેશે.

(૪) જે કોઈ નગરમાં પેટા-કલમ (૧)માં જણાવેલા કોઈ હેતુ માટે કોઈ જગાનો ઉપયોગ કરવા માટે કઈ શરતોએ અથવા કઈ શરતોને આધીન રહીને, તથા કયા સંજોગોમાં તથા કયા વિસ્તાર અથવા લત્તાઓના સંબંધમાં લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછા ખેંચી લઈ શકાય તે બાબતો ઠરાવતા ઉપ-નિયમો તે સમયે અમલમાં હોય તે નગરમાં કોઈ વ્યકિત લાઈસન્સ વગર અથવા તે તહકૂબ કર્યું હોય તે દરમિયાન અથવા તે પાછું ખેંચી લેવામાં આવ્યું હોય તે પછી, પેટા-કલમ (૧)માં જણાવેલા કોઈ હેતુ માટે કોઈ જગાનો ઉપયોગ કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ આવો ઉપયોગ કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

વરાળથી વાગતી સીટી વગેરે વાપરવા ઉપર પ્રતિબંધ.

૨૨૨. (૧) કોઈ વ્યકિતએ કોઈ કારખાનામાં અથવા બીજી કોઈ જગામાં નોકરીમાં રાખેલા કામદારો અથવા વ્યકિતઓને બોલાવવા અથવા છોડી મૂકવાના હેતુ માટે કારોબારી સમિતિ પાસેથી મેળવેલા લાઈસન્સની શરતો અન્વયે અને તે અનુસાર હોય તે સિવાય વરાળ અથવા યાંત્રિક સાધનો દ્વારા ચાલતી સીટી અથવા તુરઈ વાપરવી નહિ અથવા તેનો ઉપયોગ કરવો નહિ.

(૨) કારોબારી સમિતિ આવું લાઈસન્સ પોતાને યોગ્ય લાગે તે શરતોને આધીન રાખીને આપી શકશે અને લાઈસન્સદારને એક મહિનાની નોટિસ આપીને આવું લાઈસન્સ પાછું ખેંચી લઈ શકશે :

પરંતુ લાઈસન્સદારે લાયસન્સની કોઈ શરતનું ઉલ્લંઘન કર્યું હોય ત્યારે તે લાઈસન્સ આવી કોઈ નોટિસ આપ્યા વગર પાછું ખેંચી લઈ શકાશે.

(૩) જે કોઈ વ્યકિત આવી સીટી અથવા તુરઈ આવું લાઈસન્સ વગર અથવા તેની શરતો પૈકી કોઈ શરતનું ઉલ્લંઘન કરીને અથવા આવું લાઈસન્સ પાછું ખેંચી લીધા પછી ઉપર કહ્યા પ્રમાણે વાપરે અથવા તેનો ઉપયોગ કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

વેશ્યાવૃત્તિના હેતુ માટે ભટકવું અથવા અત્યાગ્રહ કરવો.

૨૨૩. જે કોઈ વ્યકિત નગરની હદમાંના કોઈ રસ્તા અથવા સાર્વજનિક જગામાં વેશ્યાવૃત્તિના હેતુ માટે ભટકે અથવા વ્યભિચાર કરવાને કોઈ વ્યકિત અત્યાગ્રહ કરે તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે:

પરંતુ જે વ્યકિતને અત્યાગ્રહ કરવામાં આવ્યો હોય તેની અથવા પોલીસ થાણાની ઈન્ચાર્જ અધિકારીથી ઉતરતા દરજ્જાના ન હોય અને આ અર્થે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા નગરપાલિકાએ જેને ખાસ અધિકૃત કર્યો હોય એવા પોલીસ અધિકારીની ફરિયાદ સિવાય કોઈપણ કોર્ટે આ કલમ અન્વયેના ગુનાની વિચારણા કરવી નહિ.

## (૧૨) યાત્રિકો માટેના નિવાસ ગૃહોનું નિયમન

યાત્રિકો માટેના નિવાસ-ગૃહો.

૨૨૪. (૧) રાજ્ય સરકારે જાહેરનામું પ્રસિધ્ધ કરીને જે નગરને આ કલમના હેતુઓ માટે તથા કલમ ૨૭૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ઘ)ના હેતુ માટે યાત્રાના સ્થળ તરીકે જાહેર કર્યા હશે તે કોઈ નગરમાં કોઈ વ્યકિતએ કારોબારી સમિતિ પાસેથી મેળવેલાં લાઈસન્સ અન્વયે અથવા તેની શરતો અનુસાર હોય તે સિવાય, કોઈ જગા અથવા ઈમારતનો ઉપયોગ યાત્રિકોને ઉતારવા માટે કરવો નહિ.

(૨) કારોબારી સમિતિ આવું લાઈસન્સ પોતાને યોગ્ય લાગે તે શરતોને અધીન રાખીને આપી શકશે અને લાઈસન્સદારને એક મહિનાની નોટિસ આપીને આવું લાઈસન્સ કોઈ પણ વખતે પાછું ખેંચી લઈ શકશે :

પરંતુ લાઈસન્સદારે લાઈસન્સની કોઈ શરતનું ઉલ્લંઘન કર્યું હોય ત્યારે, તે લાઈસન્સ કોઈ વધારાની નોટિસ આપ્યા વગર પાછું ખેંચી લઈ શકશે.

(૩) જે કોઈ વ્યકિત આવા લાઈસન્સ વગર અથવા તેની શરતો પૈકી કોઈ શરતનું ઉલ્લંઘન કરીને અથવા તે પાછું ખેંચી લીધા પછી અથવા તે તહકૂબ કરવામાં આવ્યું હોય તે દરમિયાન કોઈ જગા અથવા ઈમારતમાં કોઈ યાન્ત્રિકને ઉતારે અથવા ઉતરવા દે તેને આવા યાન્ત્રિક આ રીતે ઉતારવામાં આવ્યો હોય તે દરેક દિવસ અથવા તેના ભાગ માટે દરેક યાન્ત્રિક દીઠ દસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલા દંડની શિક્ષા થશે.

### (૧૩) આગના પ્રસંગે સત્તા

અગ્નિશામક દળોને પોલીસ અને નગરપાલિકાના અધિકારીઓએ મદદ કરવા બાબત.

૨૨૫. અગ્નિશામક દળને પોતાની ફરજ બજાવવાના કામમાં મદદ કરવી એ તમામ પોલીસ અધિકારીઓના તથા નગરપાલિકાના તમામ અધિકારીઓ તથા નોકરોની ફરજ રહેશે, આવા અધિકારીઓ તથા નોકરો જે કોઈ રસ્તામાં અથવા રસ્તા નજીક આગ જલતી હોય તે રસ્તો બંધ કરી શકશે તથા જે કોઈ વ્યકિતઓ પોતાની હાજરીથી અગ્નિશામક દળના કામમાં દખલ કરતી હોય તેમને કાઢી મૂકી શકશે.

### (૧૪) નોટિસો, સમન્સ વગેરેની બજવણી, તેમનાં અપાલનના પ્રસંગે શિક્ષા અને કસૂરના પ્રસંગે કામ કરાવી લેવા બાબત.

વ્યકિતઓના નામની નોટિસ વગેરેની બજવણી.

૨૨૬. (૧) આ અધિનિયમ અન્વયે દરેક નોટિસ કોઈ વ્યકિત ઉપર અથવા જે કોઈ વ્યકિતના નામની તે હોય, તેના ઉપર બજાવવાનું કામ તથા દરેક બિલ, કોઈ વ્યકિતને અથવા જે કોઈ વ્યકિતના નામનું તે હોય તેને આપવાનું કામ, આ અધિનિયમમાં જેને માટે બીજી રીતે ખાસ ઠરાવ્યું ન હોય તેવા તમામ દાખલામાં નગરપાલિકાના અધિકારી અથવા નોકરે અથવા આ અર્થે મુખ્ય અધિકારીએ અધિકૃત કરેલી બીજી વ્યકિતએ નીચે પ્રમાણે કરવાં:--

(૧) જો તે વ્યકિત નગરની અંદર રહેતી હોય તો--

(ક) તે વ્યકિતને નોટિસ અથવા બિલ આપીને અથવા આપવા માંડીને; અથવા

(ખ) જો એવી વ્યકિત મળે નહિ, તો તે નોટિસ અથવા બિલ નગરની અંદરના જે સ્થળે તે છેલ્લી રહેતી હોવાનું જાણવામાં આવ્યું હોય તે સ્થળે મૂકી જઈને અથવા તેના કુટુંબની કોઈપણ પુખ્ત વયની વ્યકિતને અથવા નોકરને તે આપીને અથવા આપવા માંડીને અથવા છેલ્લા જાણવામાં આવેલ રહેઠાણના સ્થળનાં સરનામાવાળા પરબિડિયામાં રજિસ્ટર ટપાલથી; અથવા

(૨) જો આવી વ્યકિત નગરમાં રહેતી ન હોય અને તેની બીજી જગાના સરનામાની તે નોટિસ અથવા બિલ કાઢવાનો આદેશ કરનાર પ્રમુખ અથવા બીજી વ્યકિતને ખબર હોય, તો નોટિસ અથવા બિલ સદરહુ સરનામાવાળા પરબિડિયામાં તેવી વ્યકિતને રજિસ્ટર ટપાલથી તે મોકલીને; અથવા

(૩) ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈપણ રીતે બજાવી કે આપી શકાય તેમ ન હોય, તો તે બિલ અથવા નોટિસ જેને લગતી હોય તે ઈમારત અથવા જમીનના સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગ પર ચોંટાડાવીને.

ઈમારતો અને જમીનોના માલિકો અથવા ભોગવટા કરનારાઓ ઉપર નોટિસો ની બજવણી.

(૨) આ અધિનિયમ અન્વયેની કોઈ નોટિસ, આ અધિનિયમથી અથવા તે અન્વયે કોઈ ઈમારત અથવા જમીનના માલિક અથવા ભોગવટો કરનાર ઉપર બજાવવાની જરૂર હોય અથવા બજાવવાની છુટ હોય, ત્યારે તેમાં માલિક અથવા ભોગવટો કરનારનું નામ લખવાની જરૂર રહેશે નહિ અને આ અધિનિયમમાં બીજી રીતે ખાસ ઠરાવ્યું ન હોય તેવા દાખલામાં તેની બજવણી નીચે પ્રમાણેની કોઈપણની રીતે કરવી-

(ક) નોટિસ માલિક અથવા ભોગવટો કરનારને અથવા એક કરતાં વધારે માલિકો અથવા ભોગવટો કરનારાઓ હોય તો તેઓ પૈકી ગમે તે કોઈને આપીને અથવા આપવા માંડીને; અથવા

(ખ) જો એવો કોઈ માલિક અથવા ભોગવટો કરનાર મળે નહિ, તો ઉપર જણાવ્યા પ્રમાણેના એવા માલિક અથવા ભોગવટો કરનારાના કુટુંબની કોઈ પુખ્ત વયની વ્યકિતને અથવા નોકરને આપીને અથવા આપવા માંડીને; અથવા

(ગ) ઉપર જણાવ્યા પ્રમાણેની કોઈપણ રીતે બજાવી શકાય તેમ ન હોય, તો તે નોટિસ જેને લગતી હોય તે ઈમારત અથવા જમીનના સહેલાઈથી દેખાઈ આવે એવા કોઈ ભાગ પર ચોંટાડાવીને,

જાહેર અને સામાન્ય નોટિસો કેવી રીતે પ્રસિદ્ધ કરવી.

(૩) આ અધિનિયમથી જે દરેક નોટિસ જાહેર નોટિસ તરીકે અથવા સામાન્યત: આપવાનું અથવા બજાવવાનું નગરપાલિકા અથવા કોઈ નગરપાલિકા અધિકારી અથવા અધિકારીને ફરમાવેલું હોય અથવા તેમ કરાવવાનો અધિકાર આપેલો હોય અથવા તેમાં નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓને નોટિસ આપવાની સ્પષ્ટ રીતે ઠરાવતી જોગવાઈઓ ન હોય તો તેની એક નકલ નગરપાલિકા આ અર્થેના ઉપ-નિયમોથી ઠરાવે તેવા પોતાની કચેરીમાં સહેલાઈથી દેખાઈ આવે એવા ભાગ ઉપર તે ઉપ-નિયમોમાં ઠરાવે તેટલી મુદત સુધી અને તેમાં આદેશ કરે તેવી દરેક વોર્ડમાંની બીજી સાર્વજનિક ઈમારતો અથવા જગાઓ ઉપર ચોંટાડી મૂકી હોય અથવા જરૂરી જણાય તો નગરપાલિકા તે ઉપ-નિયમોમાં ઠરાવે તેવા સ્થાનિક વર્તમાનપત્રોમાં અથવા તેવી બીજી રીતે પ્રસિધ્ધ કરી હોય, તો તે પૂરતી રીતે આપવામાં અથવા બજાવવામાં આવી છે એમ ગણાશે.

(૪) કોઈ નોટિસ અથવા બિલ નમૂનાની ખામીને કારણે અમાન્ય થશે નહિ,

નમૂનાની ખામીને કારણે નોટિસ અમાન્ય નહિ થવા બાબત. કોઈ નોટિસથી ફરમાવેલાં કાર્યો કરવા બાબત.

(૫)(ક) આ પ્રકરણ અન્વયેની કોઈ નોટિસથી એવું કોઈ કાર્ય કરવાનું હોય કે જેને માટે આ અધિ-
નિયમથી કોઈપણ વખત નક્કી કરવામાં આવેલો ન હોય, ત્યારે તેવું કાર્ય કરવા માટે તે નોટિસમાં વાજબી વખત
નક્કી કરવો જોઈશે.

(ખ) નોટિસની બોલીઓના અપાલનના પ્રસંગે તે નોટિસથી ફરમાવેલું કાર્ય કરવા માટે જરૂરનાં હોય એવાં
પગલાં મુખ્ય અધિકારી લે તો તે કાયદેસર ગણાશે અને તેનાથી નગરપાલિકાને થયેલું તમામ ખર્ચ, જે વ્યક્તિ
અથવા વ્યક્તિઓ ઉપર નોટિસ બજાવવામાં આવી હોય તેણે અથવા તેમણે આપવું જોઈશે અને તે કલમ
૨૬૯માં ઠરાવેલી રીતે વસૂલ કરી શકાશે.

(૬) આ કલમની પૂર્વવર્તી જોગવાઈઓ આ અધિનિયમ અન્વયે કાઢેલ અને કોઈ વ્યક્તિ ઉપર બજાવવાના
કોઈ સમન્સ, ફરમાન અથવા હુકમની બજવણીને યોગ્ય ફેરફારો સાથે લાગુ પડશે.

બીજી કોઈપણ કલમ અન્વયે શિક્ષાપાત્ર ન હોય એવા હુકમ અને નોટિસની અવજ્ઞા બદલ શિક્ષા.

૨૨૭. આ પ્રકરણથી આપવામાં આવેલી કોઈ સત્તા અન્વયે નગરપાલિકાએ કાઢેલી અથવા તેના વતી
કાઢવામાં આવેલી કોઈ લેખિત નોટિસથી આપવામાં આવેલા કોઈ કાયદેસર આદેશની જે કોઈ વ્યક્તિ અવજ્ઞા
કરે અથવા તેનું પાલન કરવાને ચૂકે અથવા એ રીતે આપેલી કોઈ સત્તાથી નગરપાલિકાએ જે શરતોને આધીન
રાખીને તેને કોઈ પરવાનગી આપી હોય તે શરતોનું પાલન કરવાને ચૂકે તે વ્યક્તિ દોષિત ઠર્યેથી જો અવજ્ઞા
અથવા ચૂક બીજી કોઈ કલમ અન્વયે શિક્ષા થઈ શકે એવો ગુનો ન હોય, તો એકસો રૂપિયા સુધીના દંડને
પાત્ર થશે અને પહેલી વખતની દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ દરમિયાન સદરહુ અવજ્ઞા અથવા
ચૂક ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલા દંડને પાત્ર થશે ;

પરંતુ નોટિસથી અમુક કામ જે વખતમાં કરવું જોઈએ તે વખત નક્કી કરવામાં આવ્યો હોય અને કંઈપણ
વખત આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરવામાં આવ્યો ન હોય, ત્યારે એ પ્રમાણે નક્કી કરેલો વખત આ અધિ-
નિયમના અર્થ પ્રમાણે વાજબી હતો કે કેમ તેનો નિર્ણય કરવાનું મેજિસ્ટ્રેટના હાથમાં રહેશે.

સામાન્ય શિક્ષા.

૨૨૮. જે કોઈ વ્યક્તિ આ અધિનિયમની કોઈ જોગવાઈનું અથવા તે અન્વયે કરેલા ઉપનિયમનું અથવા
સદરહુ જોગવાઈઓ અથવા ઉપ-નિયમો અન્વયે નગરપાલિકાએ આપેલા લાઈસન્સની અથવા પરવાનગીની
શરતોનું ઉલ્લંઘન કરીને કાર્ય કરે અથવા તેનું વર્જન કરે, તો તેને આવું કાર્ય અથવા વર્જન સદરહુ જોગ-
વાઈઓ અથવા ઉપનિયમો અન્વયે ગુનો ન હોય તો એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને પહેલી
વખત દોષિત ઠર્યાની તારીખ પછી આવું કાર્ય અથવા વર્જન જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે
દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે.

માલિક અથવા ભોગવટો કરનાર કસૂર કરે ત્યારે નગરપાલિકા કામો કરી શકે તથા ખર્ચ વસૂલ કરી શકે તે બાબત.

૨૨૯. (૧) આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે કોઈ આ કામ ઈમારત અથવા જમીનના માલિક
અથવા ભોગવટો કરનારને કરવા ફરમાવવામાં આવ્યું હોય અને તેવું કામ કરવામાં કસૂર કરવામાં આવે ત્યારે
એવી કસૂર બદલ કોઈપણ ગુનેગારી ઠરાવવામાં આવેલી હોય કે ન હોય તો પણ નગરપાલિકા માલિક અથવા
ભોગવટો કરનારને વાજબી નોટિસ આપ્યા પછી અને નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ મુદતની અંદર
રજૂ કરવામાં આવેલ વાંધા હોય તો તે વિચારણામાં લઈને, એવું કામ કરાવી શકશે અને તેથી થયેલું ખર્ચ
આ અધિનિયમમાં સ્પષ્ટપણે બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય જે વ્યક્તિએ તે કરવું જોઈતું હોય તે વ્યક્તિએ
આપવું જોઈશે અને તે ખર્ચ પ્રકરણ-૯ અન્વયે વસૂલ કરી શકાય તેવા કોઈપણ કર બદલ આપવામાં આવતી
રકમ જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે નગરપાલિકાને યોગ્ય જણાય તે પ્રમાણે એક સામટી અથવા
હપ્તાથી વસૂલ કરી શકાશે :

પરંતુ—

પાણીના નિકાલ માટેના સાધનો તથા પાણીના જોડાણો કરવા માટેની કબૂલાત.

(ક) પાણીના નિકાલ માટેની યોજના અથવા પાણીના કામ માટેની યોજના કોઈ નગરપાલિકાએ
શરૂ કરી હોય, ત્યારે કોઈ ઈમારત અથવા જમીનના માલિક સાથે, તે ઈમારત અથવા જમીનના પાણીના
નિકાલ માટેનાં સાધનો પાણીનાં જોડાણો કરવાની રીત બાબત અને નગરપાલિકાએ કોઈ આર્થિક અથવા
બીજી સહાય આપવાની હોય તો તે બાબત ખાસ કબૂલાત કલમ ૧૬૨ અન્વયેની અથવા આ અધિ-
નિયમની બીજી કોઈપણ જોગવાઈ અન્વયેની તેની સત્તાને બાધ ન આવે તેવી રીતે નગપાલિકા કરે, તો
તે કાયદેસર ગણાશે અને તે માલિકે આપવા કબૂલ કરેલી કોઈપણ રકમ તે કબૂલાતની શરતો અનુસાર
વસૂલ કરવી જોઈશે અથવા તેમ ન થઈ શકે તો પેટા-કલમ (૨) તથા (૩)માં જણાવેલી રીતે વસૂલ કરવી જોઈશે

સુધારણા ખર્ચ.

(ખ) કલમ ૧૪૭ની પેટા-કલમ (૧), કલમ ૧૪૯ની પેટા-કલમ (૧), કલમ ૧૫૫ની પેટા-કલમ (૨)
અથવા (૮) અન્વયે અથવા કલમ ૧૬૦, ૧૬૨, ૧૬૭ અને ૧૬૮ અન્વયે કોઈ હુકમ અથવા ફરમાન
કરવામાં આવ્યું હોય અથવા કલમ ૧૬૪ અન્વયે પરવાનગી આપવામાં આવી હોય અથવા આ પેટા-
કલમના પરંતુ (ક) અન્વયે કોઈ ગોઠવણ કરવામાં આવી હોય ત્યારે નગરપાલિકા આ અધિનિયમ અન્વયેની
તેની બીજી કોઈ સત્તાને બાધ આવ્યા સિવાય પોતાને યોગ્ય લાગે તો આવા હુકમની અમલ બજવણી
કરવા માટે અથવા આવાં ફરમાન, પરવાનગી અથવા ગોઠવણનો અમલ કરવા માટે તેણે કરેલું કશું ખર્ચ
સુધારણા ખર્ચ તરીકે જાહેર કરી શકશે. સુધારણા ખર્ચનો બોજો તે જગા અથવા જમીન ઉપર રહેશે અને
તે ખર્ચ દર સેંકડે સાડા સાત ટકાના વ્યાજ સહિત નગરપાલિકા નક્કી કરે તેટલા હપ્તાથી વસૂલ કરવો
અને તે પેટા-કલમ (૨) તથા (૩)માં વર્ણવેલી રીતે વસૂલ કરી શકાશે.

(૨) કસૂર કરનાર તે ઈમારત અથવા જમીનનો માલિક હોય તો તે માલિક સામે દાવો માંડવામાં આવ્યો હોય કે ન હોય અથવા કાર્યવાહી કરવામાં આવી હોય કે ન હોય તો પણ, વધારાના ઈલાજ તરીકે નગરપાલિકા તે સમયે માલિકે ભરવાનો તમામ ખર્ચ અથવા તેનો કોઈ ભાગ તેવા માલિક તરફથી જે વ્યકિત તે વખતે અથવા તે પછીના કોઈપણ વખતે ઈમારત અથવા જમીનનો ભોગવટો કરતી હોય તેને પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને ભરવાનું ફરમાવી શકશે; અને માગણી થયે તે રકમ ભરવામાં તેવો ભોગવટો કરનાર કસૂર કરે તો તે રકમ તેવા ભોગવટો કરનાર પાસેથી વસૂલ કરી શકશે અને એ રીતે વસૂલ કરવાની દરેક રકમ પ્રકરણ ૯ અન્વયે વસુલ કરી શકાય એવા કોઈ કર બદલ માંગવામાં આવતી રકમ જે રીતે વસુલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે; એવા કોઈ ખર્ચના સંબંધમાં એવા દરેક ભોગવટો કરનારે જેટલી રકમ ભરી હોય અથવા જેટલી રકમ તેની પાસેથી વસૂલ કરવામાં આવી હોય તેટલી રકમ જેની પાસેથી તેણે જમીન ભાડે રાખી હોય તે માલિકને પોતે આપવાને ભાડામાંથી કાપી લેવાનો હક રહેશે.

**ભોગવટો કરનાર પાસેથી ખર્ચ વસૂલ કરવાની સત્તા અને ભોગવટો કરનાર ભાડામાંથી રકમ કાપી લઈ શકે તે બાબત.**

(૩) કોઈ ઈમારત અથવા જમીનનો ભોગવટો કરનાર, જો એવી ઈમારત અથવા જમીનના માલિક ઉપર આ અધિનિયમથી નાખવામાં આવેલા કોઈ ખર્ચના સંબંધમાં જે ઈમારત અથવા જમીનના સંબંધમાં આવું ખર્ચ ભરવાનું હોય તે ઈમારત અથવા જમીન માટે તેની પાસે કરવામાં આવેલી ખર્ચની માગણી વખતે તેની પાસે જે ભાડું લેણું હોય અથવા એવી માગણી પછી તેમજ ઈમારત અથવા જમીન જેની પાસેથી તેણે ભાડે રાખેલ હોય તે માલિકને તે ભાડું નહિ આપવાની નોટિસ તેને આપવામાં આવી હોય તે પછી કોઈપણ વખતે જે ભાડું ચઢેલું હોય અને ભરવાનું થતું હોય તે ભાડાની રકમ કરતાં વધારે નાણાં આપવાને જવાબદાર થશે નહિ સિવાય કે તે તેનાં ભાડાંની રકમ અને એવું ભાડું જે વ્યકિતને આપવાનું હોય તે વ્યકિતનું નામ અને સરનામું નગરપાલિકાએ તે હેતુ માટે તેને અરજ કરી હોય ત્યારે જણાવવામાં ગફલત કરે અથવા જણાવવાની ના પાડે પણ એવા કોઈ ભોગવટો કરનાર પાસેથી માગવામાં આવેલી રકમ તેવી માગણી વખતે તેની પાસે લેણું હોય અથવા ત્યારપછી ચઢેલું હોય તે ભાડાં કરતાં વધારે છે તે સાબિત કરવાનો બોજો એવો ભોગવટો કરનાર ઉપર રહેશે :

**ભોગવટો કરનારાઓ લેણી થયેલી ભાડાની રકમ કરતાં વધારે રકમ આપવાને જવાબદાર થશે નહિ.**

પરંતુ આમાંના કોઈપણ મજકૂરથી ઉપર જણાવ્યા પ્રમાણેનું કશું ખર્ચ આપવાના સંબંધમાં એવા કોઈપણ ભોગવટો કરનાર અને માલિક વચ્ચે થયેલા કોઈપણ ખાસ કરારને અસર થાય છે એમ સમજવું નહિ.

૨૩૦. કોઈપણ ઈમારત અથવા જમીનના માલિકને કરવા ફરમાવેલું કોઈપણ કામ કરવામાં તે કસૂર કરે ત્યારે આવી ઈમારત અથવા જમીનનો ભોગવટો કરનાર, નગરપાલિકાની મંજુરી મેળવીને, તેવું કામ કરાવી શકશે અને તે કામનું ખર્ચ માલિકે તેને આપવું જોઈશે અથવા તેની પાસે માલિકની ભાડાની રકમ વખતો-વખત લેણી થાય તેમાંથી તે રકમ કાપી લઈ શકાશે.

**માલિક કામ કરવામાં કસૂર કરે તો ભોગવટો કરનાર તે કામ કરી શકશે તથા ખર્ચની રકમ ભાડામાંથી કાપી લઈ શકશે.**

૨૩૧. કોઈ ઈમારત અથવા જમીન બાબત આ અધિનિયમની કોઈ જોગવાઈ અમલમાં લાવવાનો પોતાનો ઈરાદો છે. એવી નોટિસ તે ઈમારત અથવા જમીનના માલિક તે ઈમારત અથવા જમીનના ભોગવટો કરનારને આપ્યા પછી તે ભોગવટો કરનાર તે માલિકને તેમ કરવાં અટકાવે તો તેની સાબિતી ઉપરથી અને માલિકે અરજી કર્યા ઉપરથી, કોઈપણ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ એવા ભોગવટો કરનારને લેખિત હુકમ આપીને, આ અધિનિયમની જોગ-વાઈઓ અમલમાં લાવવા માટે આવી ઈમારત અથવા જમીનના સંબંધમાં જે કામ કરવાની જરૂર હોય તે તમામ કામ તેણે માલિકને કરવા દેવાં એમ ફરમાવી શકશે તથા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તો, આવી અરજી અથવા હુકમને લગતું ખર્ચ ભોગવટો કરનારે માલિકને આપવું તેવો હુકમ પણ ભોગવટો કરનારને કરી શકશે અને આવા હુકમની તારીખથી આઠ દિવસ પુરા થયા પછી આવો ભોગવટો કરનાર એવા માલિકને આવું કોઈ કામ કરવા દેવાની ના પાડવાનું ચાલુ રાખે તો આવો ભોગવટો કરનાર જેટલા દિવસ ના પાડવાનું તેવી રીતે ચાલુ રાખે તે દરેક દિવસમાટે તેને એકસો રૂપીયા સુધિના દંડની શિક્ષા અને એવી રીતે ના પાડવાનું ચાલુ રાખ્યાની મુદત દરમિયાન આવો દરેક માલિક, એવું કામ કરવામાં તેણે કસૂર કર્યાને લીધે બીજી રીતે જે કંઈપણ શિક્ષાને પાત્ર થયો હોત તેમાંથી મુકત થશે.

**આ અધિનિયમ અમલમા લાવવાના કામમાં કોઈ ભોગવટો કરનાર હરકત કરે તો કરવાની કાર્યવાહી.**

૨૩૨. કોઈ વ્યકિત બીજી કોઈ વ્યકિતને બદલે, એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે કોઈ જમીનનું ગણોત અથવા ઈમારતનું ભાડું લેતી હોવાના કારણસર કલમ-૨ના ખંડ (૧૮)ના અર્થ મુજબ કોઈ માલિક હોય તે વ્યકિત આવી જમીન અથવા ઈમારતના માલિક આ અધિનિયમથી કરવાને ફરમાવેલું જે કાર્ય કરવામાં આવા માલિકને પક્ષે ખર્ચ થાય તેમ હોય તે કાર્ય કરવાને જવાબદાર થશે નહિ. સિવાય કે પોતાની પાસે તે કાર્ય કરવા બદલ આપ-વાને પૂરતા થાય તેટલાં માલિકના અથવા તેના લેણાં નાણાં હોય અને તે પૂરવાર કરી શકે કે કરવાને ફરમાવેલા કાર્યનું ખર્ચ આપવા માટે પૂરતા થાય તેટલાં માલિકના અથવા તેના લેણાં નાણાં પોતાની પાસે ન હોવાને કારણે અને આ અધિનિયમન અન્વયે કોઈ નોટિસ, ફરમાન અથવા હુકમ કાઢેલ હોય, જેનાથી જમીન અથવા ઈમારતનાં માલિક અથવા ભોગવટો કરનારને સદરહુ નોટિસ ફરમાન અથવા હુકમમાં નિર્દિષ્ટ કરેલું કોઈ કાર્ય કરવાનું ફર-માવેલું હોય ત્યારે જો તે એમ પુરવાર કરી શકે કે સદરહુ નોટિસ ફરમાન અથવા હુકમની બજવણી પછી તુરત જ તેણે સદરહુ નોટિસ અથવા ફરમાન અથવા હુકમ કાઢનાર અધિકારીને એવા ખબર આપેલ હતા કે કરવા ફરમાવેલા કાર્યનું ખર્ચ આપવા માટે પૂરતાં થાય તેટલા માલિકના અથવા તેના લેણાં નાણાં પોતાની પાસે નથી અને સદરહુ નોટિસ ફરમાન અથવા યથાપ્રસંગ, હુકમમાં તેણે માલિકને મોકલી આપ્યો હતો તો એવું કાર્ય કરવામાં થયેલ વર્જન બદલ કોઈ દંડને તે પાત્ર થશે નહિ.

**માલિકો તરીકે ગણોત અથવા ભાડુ લેનાર વ્યકિતઓની જવાબદારી નાણાંની પ્રાપ્યને અધીન હોવા બાબત.**

## પ્રકરણ--૧૨ મું

### નગરપાલિકાની માલિકીની જગા, વ્યકિતઓ પાસેથી ખાલી કરાવવાની સત્તા

૨૩૩. નગરપાલિકાની જગા અમુક વ્યક્તિઓ પાસેથી ખાલી કરાવવાની સત્તા.

૨૩૪. ભાડા અથવા નુકશાનીની રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સત્તા.

૨૩૫. અમુક દાખલામાં વેતન અથવા મજૂરીમાંથી કપાત કરીને ભાડું વસૂલ કરવા બાબત.

૨૩૬. અપીલ.

૨૩૭. દીવાની કોર્ટની હકૂમત ઉપર પ્રતિબંધ સન ૧૯૭૩ના ગુજરાત અધિનિયમ ૧૨ની કલમ-૧૯થી કલમો ૨૩૩થી ૨૩૭ રદ કરી છે.

## પ્રકરણ ૧૩ મું.

### ઢોર પૂરવાના ડબ્બા

ઢોર અતિક્રમણ અધિનિયમ લાગુ પડતો બંધ થવા બાબત.

૨૩૮. દરેક નગરમાં ઢોર અતિક્રમણ અધિનિયમ, ૧૮૭૧ની જોગવાઈઓ જે તારીખે આ અધિનિયમની શરૂઆત થાય તે તારીખે અને તે તારીખથી લાગુ પડતી બંધ થશે. સન ૧૮૭૧નો ૧લો.

પરંતુ—

(ક) આ કલમમાંના કોઈપણ મજકૂરથી એવી રીતે અમલમાં હોતા બંધ થતા કોઈ કાયદા અન્વયેની કોઈ શિક્ષા માટેની કોઈ અટકાયતની જવાબદારીને બાધ આવશે નહિ.

(ખ) આવા નગરની હદની અંદરનાં કોઈ ઢોર પૂરવાના ડબ્બાના સંબંધમાં આવા કોઈ કાયદા અન્વયે કરેલ અથવા કાઢેલ કોઈપણ નિમણૂંક, જાહેરનામું, હુકમ અથવા નિયમ જેટલે અંશે તે આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે અંશે આ અધિનિયમ, અન્વયે કરેલ અથવા કાઢેલ હોવાનું ગણાશે અને આ અધિનિયમ અન્વયે કરેલ કોઈ જાહેરનામું, હુકમ અથવા નિયમથી રદ કરવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે;

(ગ) એવી રીતે અમલમાં હોતા બંધ થતા અધિનિયમ અન્વયે નગરમાં સ્થાપેલો કોઈ ઢોર પૂરવાનો ડબ્બો તે નગરની નગરપાલિકાને પ્રાપ્ત થયેલો ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તે નિભાવવો જોઈશે.

ઢોર પૂરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બાવાળાઓને નીમવાની સત્તા.

૨૩૯. (૧) તે સમયે અમલમાં હોય તે કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, દરેક નગરપાલિકા તેની હકૂમતની હદની અંદર, પોતાને યોગ્ય જણાય તે જગાઓ સાર્વજનિક ડબ્બા તરીકે વખતોવખત નક્કી કરશે અને તેને જરૂરી જણાય તેવી વ્યકિતઓને એવા ડબ્બાના ડબ્બાવાળા તરીકે નીમી શકશે. ડબ્બાવાળાની ફરજો નગરપાલિકા દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) એવી રીતે નિમાયેલો દરેક ડબ્બાવાળો, પોતાની ફરજો બજાવવામાં જે નગરપાલિકાએ તેને નીમ્યો હોય તે નગરપાલિકાના આદેશ અને નિયંત્રણને અધીન રહેશે.

ઢોરને રસ્તા પર રખડવા દેવા માટે અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દેવા માટે શિક્ષા.

૨૪૦. (૧) જે વ્યકિત નગરપાલિકાની હદની અંદર, જે કોઈ ઢોર તેની માલિકીના અથવા તેના હવાલામાં હોય, તે ઢોરને કોઈ રસ્તા પર રખડવા દે અથવા કોઈ ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરવા દે, તે કોઈ વ્યકિતને દોષિત ઠર્યે,—

(૧) પ્રથમ ગુના માટે, એક મહિનાની મુદત સુધીની કેદની અથવા ત્રણસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે;

(૨) બીજા અથવા ત્યાર પછીના ગુના માટે, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.

(૨) પેટા-કલમ (૧) અન્વયેના ગુનાનો ઈન્સાફ કરનાર મેજિસ્ટ્રેટ એવો હુકમ કરી શકશે કે,—

(ક) આરોપીએ મેજિસ્ટ્રેટને વાજબી ગણાય તેટલું અઢીસો રૂપિયા કરતાં વધારે ન હોય તેટલું વળતર, કોઈ વ્યકિતની જમીન પર અતિક્રમણ કરતા આરોપીના નિયંત્રણ હેઠળના ઢોરે તેની મિલકતને અથવા જમીનની ઉપજને કંઈપણ નુકશાન કર્યું હોવાનું પુરવાર થયેલ હોય તે બદલ તેને આપવું; અને વળી

(ખ) જે ઢોરના સંબંધમાં આરોપી દોષિત ઠર્યો હોય તે ઢોરને રાજ્ય સરકાર પકડશે.

(૩) પેટા-કલમ (૨) અન્વયે આપેલું કોઈ વળતર, જાણે તે આ કલમ અન્વયે નાંખેલ દંડ હોય તેમ, વસૂલ કરી શકશે.

(૪) આ કલમ અન્વયેનો ગુનો પોલીસ અધિકારનો રહેશે.

(૫) કોર્ટના અભિપ્રાય પ્રમાણે એમ લાગે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તેણે તેવો ગુનો થતો અટકાવવા માટે તમામ યોગ્ય ખંત દાખવ્યો હતો, તો પેટા-કલમ (૧)માંના કોઈપણ મજકૂરથી, કોઈપણ વ્યકિત તે પેટા-કલમમાં ઠરાવેલ કોઈપણ શિક્ષાને પાત્ર થશે નહિ.

**ઢોર પૂરવા બાબત.**

**૨૪૧.** નગરની હદની અંદર કોઈ રસ્તા પર રખડતા અથવા ખાનગી અથવા જાહેર મિલકત પર અતિક્રમણ કરતાં મળી આવેલાં કોઈ ઢોરને પકડવાની અને આવા કોઈ સાર્વજનિક ડબ્બામાં પુરી રાખવા માટે તેમાં લઈ જવાની દરેક પોલીસ અધિકારીની અને નગરપાલિકાએ નીમેલા દેખરેખ અને રક્ષા વિભાગની ફરજ રહેશે. અને તેમ કરવાનું બીજી કોઈપણ વ્યકિત માટે કાયદેસર ગણાશે.

(૨) આ અધિનિયમ અન્વયે પકડવાને પાત્ર હોય તેવાં કોઈ ઢોરને પકડવાનો જે વ્યકિત બળજબરીથી વિરોધ કરે અને જે કોઈ વ્યકિત તેને, પકડવામાં આવે તે પછી, ડબ્બામાંથી અથવા તેમને ડબ્બામાં લઈ જતા અથવા લઈ જવાનાં હોય તે કોઈપણ વ્યકિત પાસેથી તેમને છોડાવી જાય તે કોઈપણ વ્યકિતને દોષસિદ્ધિ થયેથી, છ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા બંનેની શિક્ષા થશે.

**નધણિયાતા ઢોરોનું વેચાણ કરવા બાબત.**

૨૪૨. (૧) કોઈ ઢોરને ડબ્બામાં પૂર્યા પછી, જો સાત દિવસની અંદર આવા ઢોરની માલિક હોવાનું અભિપ્રેત હોય તેવી કોઈ વ્યકિત કલમ ૨૪૩ અન્વયે લેવાની ડબ્બામાં પૂરવાની ફી તથા ખર્ચ ભરવાની તૈયારી ન બતાવે તો આવાં ઢોર નિયમોમાં જોગવાઈ કરેલી રીતે લીલામ કરીને તાબડતોબ વેચી દેવાં અને વેચાણના ઉપજમાંથી ઉપર્યુકત ફી અને ખર્ચ બાદ કર્યા પછી, બાકી રહેલી રકમ, જે કોઈ વ્યકિત વેચાણ પછી પંદર દિવસની અંદર આ, અર્થે નગરપાલિકા અધિકૃત કરે તે અધિકારીને ખાતરી થાય તેવી રીતે એમ સાબિત કરે કે તે આવા ઢોરનો માલિક હતો તે કોઈ વ્યકિતને આપવી અને બીજા કોઈપણ દાખલામાં તે નગરપાલિકાના ફંડનો ભાગ બનશે. ડબ્બામાં પૂરેલાં ઢોર લીલામથી વેચી શકાય નહિ. તો નગરપાલિકા તે ઢોરો પાંજરાપોળને અથવા તેવી બીજી સંસ્થાને મફત આપીને નિકાલ કરી શકશે. આવાં પ્રસંગે કલમ ૨૪૩ અન્વયે લેવાપાત્ર ખર્ચ અને બીજું આનુષંગિક ખર્ચ નગરપાલિકાએ ભોગવવું જોઈશે.

(૨) કોઈ પોલીસ અધિકારીએ અથવા ડબ્બાવાળા સહિત નગરપાલિકાના અધિકારીએ, સભ્ય અથવા નોકરે પેટા-કલમ (૧) અન્વયેના વેચાણ વખતે કોઈ ઢોરને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ખરીદવું નહિ.

**ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી તથા ખર્ચ નક્કી કરવા બાબત.**

૨૪૩. (૧) ડબ્બામાં પૂરવા માટે લેવાની ફી દરેક પ્રકારનાં ઢોર માટે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, વખતોવખત નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

(૨) લેવાનું ખર્ચ, જે દિવસના કોઈ ભાગ દરમિયાન કોઈ ઢોર ડબ્બામાં પૂરવામાં આવ્યું હોય તે દરેક દિવસ માટે નગરપાલિકા વખતોવખત નિર્દિષ્ટ કરે તે દરે રહેશે.

**બિન-કાયદેસર રીતે પકડવા અથવા અટકાયતમાં રાખવા સામેની ફરિયાદો.**

૨૪૪. (૧) જે વ્યકિતના ઢોરને આ અધિનિયમ અન્વયે પકડવામાં આવ્યા હોય અથવા તેવી રીતે પકડ્યા પછી, આ અધિનિયમનું ઉલ્લંઘન કરીને અટકાયતમાં રાખવામાં આવ્યાં હોય તે કોઈ વ્યકિત, પકડાયાની તારીખથી દસ દિવસની અંદર કોઈપણ સમયે, પહેલા વર્ગના મેજિસ્ટ્રેટને ફરિયાદ કરી શકશે.

(૨) ફરિયાદીએ, જાતે અથવા સંજોગોથી જાતે પરિચિત હોય તે કોઈ એજન્ટ મારફત ફરિયાદ કરવી જોઈશે ફરિયાદીની અથવા તેના એજન્ટની જુબાની લીધા પછી મેજિસ્ટ્રેટને ફરિયાદ પાયાદાર છે એમ માનવાનો કારણ જણાય તો, તેણે જે વ્યકિતની વિરૂધ્ધ ફરિયાદ માંડવામાં આવી હોય તેને બોલાવવી જોઈશે અને તે મુકદમાની તપાસ કરવી જોઈશે.

(૩) પકડવાના કાર્યને અથવા અટકાયતને બિન-કાયદેસર ઠરાવવામાં આવે, તો મેજિસ્ટ્રેટ પકડવાથી અથવા અટકાયતથી થયેલા નુકશાન બદલ, જે વ્યકિતએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યકિત પાસેથી ભરવામાં આવેલ તમામ ફી તથા ઢોરનો છૂટકારો મેળવવામાં ફરિયાદીએ કરેલાં ખર્ચ સહિત એકસો રૂપિયા કરતાં વધારે ન હોય તેટલું વાજબી વળતર ફરિયાદીને અપાવશે અને જો ઢોરને છોડવામાં ન આવ્યું હોય તો મેજિસ્ટ્રેટે આવું વળતર આપવાં ઉપરાંત તેને છોડી મૂકવા માટે હુકમ કરવો અને આદેશ કરવો કે આ અધિનિયમ અન્વયે લેવાપાત્ર ફી અને ખર્ચ જે વ્યકિતએ ઢોરને પકડ્યું હોય અથવા અટકાયતમાં રાખ્યું હોય તે વ્યકિતએ આપવા.

(૪) આ કલમમાં જણાવેલ વળતર ફી, અને ખર્ચ જાણે તે મેજિસ્ટ્રેટે નાંખેલ દંડ હોય તેવી રીતે વસૂલ કરી શકાશે.

**ઢોરને ડબ્બામાં પૂરવાના સંબંધમાં તારણ.**

**૨૪૫.** (૧) જે નગરમાં રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ કલમ લાગુ પાડે તે કોઈ નગરમાં ડબ્બામાં પૂરેલા કોઈ ઢોરને છૂટા કરતાં પહેલાં દરેક ડબ્બાવાળાએ પૂરેલાં ઢોરના માલિકને અથવા તેના એજન્ટને તેવી ઢોરની માલિકી સંબંધી નિયમો દ્વારા ઠરાવેલા નમૂનામાં એકરાર કરવાનું અને ઠરાવવામાં આવે તેવી રકમ તારણ તરીકે અનામત મૂકવ નું ફરમાવવું. એકી સાથે ડબ્બામાં પૂરેલી ઢોરની સંખ્યા અને કેટલીકવાર ઢોરને પૂરવામાં આવ્યાં છે તે બાબત અનુસાર એક જ વ્યકિતની માલિકીના અથવા તેણે રાખેલાં ઢોરના સંબંધમાં ક્રમશ: વધતા જતા દરો ઠરાવી શકાશે અને જુદી જુદી નગરપાલિકાઓ માટે જુદા જુદા દરો ઠરાવી શકાશે.

(૨) તારણ અનામત મૂકવામાં આવ્યું હોય તે તારીખથી છ મહિનાની મુદતની અંદર આવા કોઈ માલિકના ઢોર ડબ્બામાં પૂરવામાં આવે અને ઢોરને પકડવાનું કૃત્ય બિન-કાયદેસર ઠરાવવામાં ન આવે, તો રાજ્ય સરકારે આ અર્થે કરેલાં નિયમોથી આદેશ કરવામાં આવે તેવી અનામતની રકમ અથવા તેનો ભાગ રાજ્ય સરકાર જપ્ત કરશે, ઉપર કહયા પ્રમાણે ઢોર ડબ્બામાં પૂરવામાં ન આવે તો તારણની અનામતની રકમ, અનામત મૂકનારે અથવા તેના વતી કરેલી અરજીઓ ઉપરથી તે મુદત પુરી થાય એટલે તેને પાછી આપવામાં આવશે.

(૩) આ અધિનિયમ અન્વયે ડબ્બામાં પૂરેલાં ઢોરને છોડી મૂકવા માટે માગણી કરવામાં આવે તે દરેક પ્રસંગે ઢોરના માલિકે નવું તારણ અનામત મૂકવું જોઈશે.

## પ્રકરણ ૧૪મું.

### ફરિયાદો, દાવા અને પોલીસની સત્તા.

**નગરપાલિકા ફરિયાદ માંડી શકશે.**

૨૪૬. (૧) પેટા-કલમ (૩)ની જોગવાઈઓને આધીન રહીને, મુખ્ય અધિકારી ગમે તે કોઈપણ લોકોપકારક કૃત્ય બદલ કોઈપણ ફરિયાદ માંડવાનો આદેશ આપી શકશે અને કોઈ ગુનેગારી વસૂલ કરવા માટે તથા આ અધિનિયમની અથવા તે અન્વયેના કોઈ નિયમ અથવા ઉપનિયમની જોગવાઈઓ વિરૂધ્ધ વર્તતી કોઈ વ્યકિતને શિક્ષા કરવા માટે કાર્યવાહી કરવાનો હુકમ આપી શકશે અને ઉપર્યુક્ત પૈકીની કોઈ બાબતમાં કારોબારી સમિતિ તેમ કરવાનું ફરમાવે તો મુખ્ય અધિકારીએ તે પ્રમાણે આદેશ આપવો જોઈશે અને આવી ફરિયાદો અથવા બીજી કાર્યવાહીનું ખર્ચ નગરપાલિકા ફંડમાંથી આપવા તેણે આદેશ કરવો જોઈશે:

પરંતુ આ અધિનિયમ અથવા તે અન્વયે કરેલા કોઈ ઉપનિયમ અન્વયેના કોઈ ગુના બદલ કોઈ ફરિયાદ આવો ગુનો કરવામાં આવ્યાની તારીખની તરત પછીના છ મહિનાની અંદર અથવા જો આવી તારીખ જાણવામાં ન હોય અથવા ગુનો ચાલુ રહેતો હોય તો આવો ગુનો કરવામાં આવ્યાની અથવા શોધવામાં આવ્યાની તરત પછીના છ મહિનાની અંદર હોય તે સિવાય માંડવી નહિ.

**મેજિસ્ટ્રેટની હકૂમત; વળતર અને ખર્ચની વસૂલાત.**

(૨) આ અધિનિયમ અન્વયેની અથવા તે અન્વયેના કોઈ નિયમ અથવા ઉપનિયમ અન્વયેની કોઈપણ ફરિયાદ અધિનિયમ અથવા નિયમ અથવા ઉપનિયમમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય કોઈ મેજિસ્ટ્રેટ સમક્ષ માંડી શકાશે અને આ અધિનિયમ અથવા તે અન્વયેના કોઈ નિયમ અથવા ઉપનિયમ અન્વયે અથવા તેની રૂએ નાખેલ દરેક દંડ અથવા ગુનેગારી તથા આ અધિનિયમમાં જેની વસૂલાત માટે બીજી રીતે ખાસ જોગવાઈ કરવામાં આવી ન હોય તે કોઈ વળતર, ખર્ચ અથવા નુકશાની કોઈપણ મેજિસ્ટ્રેટને અરજી કર્યેથી જે વ્યકિત પાસેથી નાણાં માંગવામાં આવતાં હોય તે વ્યકિતની માલિકીની કોઈ જંગમ મિલકત મેજિસ્ટ્રેટની હકૂમતની હદમાં હોય તે ટાંચમાં લઈને તથા વેચીને વસૂલ કરી શકાશે.

(૩) મુખ્ય અધિકારીએ નીચેની કલમો અથવા પેટા-કલમોની જોગવાઈઓ વિરૂધ્ધ વર્તતી કોઈ વ્યકિતને શિક્ષા કરાવવા માટે ફરિયાદ માંડવાનો આદેશ અથવા કાર્યવાહી કરવાનો હુકમ કારોબારી સમિતિની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય, કરવો નહિ, એટલે કે:—

કલમ ૭૨, કલમ ૧૪૯ની પેટા-કલમ (૪), કલમ ૧૫૦ની પેટા-કલમ-૪, કલમ ૨૦૬ અને કલમ ૨૧૯ની પેટા-કલમ-(૪).

**નમૂનામાં ખામી હોય તો પણ ટાંચ કાયદેસર ગણાશે.**

૨૪૭. કોઈ સમન્સમાં દોષિત ઠર્યાના હુકમમાં અથવા ટાંચ અથવા જપ્તીના વોરંટમાં અથવા તેને લગતી બીજી કાર્યવાહીમાં, નમૂનાની કોઈ ખામી હોય અથવા તે નમૂના પ્રમાણે ન હોય તો તેને લીધે, આ અધિનિયમ પ્રમાણે મૂકેલી કોઈ ટાંચ અથવા કરેલી કોઈ જપ્તી કાયદા વિરૂધ્ધ છે એમ ગણાશે નહિ, તેમજ તે ટાંચ મૂકનાર અથવા જપ્તી કરનાર કોઈ વ્યકિત અતિક્રમણ કરનાર છે એમ ગણાશે નહિ. તેમજ એવો ટાંચ મૂકનાર અથવા જપ્તી કરનાર, તેણે પાછળથી કરેલી કોઈ નિયમ બાહ્યતાને લીધે આરંભથી જ અતિક્રમણ કરનાર છે એમ ગણાશે નહિ, પણ આવી નિયમબાહ્યતાથી તેમને નુકશાન થયું હોય એવી તમામ વ્યકિતઓ તે ખાસ નુકશાનનો બદલો પુરેપુરો યોગ્ય હકૂમતવાળી કોઈ કોર્ટમાં મેળવી શકશે.

**નગરપાલિકાની મિલકતને થયેલું નુકશાન કેવી રીતે ભરપાઈ કરાવવું.**

૨૪૮. જે કોઈ કૃત્ય ગફલત અથવા કસૂર બદલ કોઈ વ્યકિતએ આ અધિનિયમથી અથવા તે અન્વયે નાખેલ કોઈ ગુનેગારીની રકમ આપવી પડે તે કૃત્ય ગફલત અથવા કસૂરથી તેવી વ્યકિતએ નગરપાલિકાની મિલકતને નુકશાન કર્યું હશે તો તે નુકશાન ભરી આપવાને તેમજ ગુનેગારીની રકમ આપવાને તે જવાબદાર થશે અને તકરારના પ્રસંગે તે નુકશાનની રકમ, ગુનેગારી વહોરનાર વ્યકિતને જે મેજિસ્ટ્રેટે દોષિત ઠરાવી હોય તે મેજિસ્ટ્રેટે નક્કી કરવી; અને તે નુકશાનીની રકમની માગણી કરવામાં આવ્યે તે ભરવામાં ન આવે તો તે રકમ ટાંચ મૂકીને વસૂલ કરવી અને તદનુસાર મેજિસ્ટ્રેટે પોતાનું વોરંટ કાઢવું.

**દાવો માંડીને વસૂલ કરવાનો વૈકલ્પિક ઈલાજ.**

૨૪૯. આ અધિનિયમથી અથવા તે અન્વયે છૂટ આપી હોય તેવી વસૂલાતની રીતને બદલે અથવા પ્રકરણ ૯ની જોગવાઈઓ અન્વયે વસૂલ કરવાની કોઈ રકમ આખી અથવા તેનો કોઈ ભાગ અથવા આ અધિનિયમ અન્વયે આપવાના કોઈ વળતર, ખર્ચ અથવા નુકશાનીની આખી રકમ અથવા તેનો કોઈ ભાગ તેવી રીતથી વસૂલ થાય ત્યારે નગરપાલિકા તે ભરવાને જવાબદાર હોય તેવી વ્યકિત ઉપર કોઈ યોગ્ય હકૂમતવાળી કોર્ટમાં દાવો માંડે, તો તે કાયદેસર ગણાશે.

**દાવો માંડવાની તોડજોડ કરવાની અને વળતર આપવાની સત્તા.**

૨૫૦. (૧) નગરપાલિકાના કોઈ મિલકત હક અથવા વિશેષાધિકારને જે કોઈ વ્યકિતએ કોઈ રીતે કાંઈપણ નુકશાન કર્યું હોય અથવા તે કરે એવો સંભવ હોવાનું જણાતું હોય તે વ્યકિત સામે નગરપાલિકા યોગ્ય હકૂમતવાળી કોઈ કોર્ટમાં દાવો માંડી શકશે.

(૨) નગરપાલિકા તેણે માંડેલા અથવા તેની વિરૂધ્ધ માંડવામાં આવેલાં કોઈ મુકદમાના સંબંધમાં અથવા આ અધિનિયમ અન્વયે તેણે કરેલા કોઈ કરારમાંથી ઊભા થતા કોઈપણ માગણા અથવા માગણીના સંબંધમાં તેને પૂરતી જણાય એટલી નાણાની રકમથી અથવા તેને પૂરતા જણાય એવા બીજા વળતરથી માંડવાળ કરી શકશે અથવા તોડજોડ કરી શકશે:

પરંતુ કોઈ કરાર કરવામાં આ અધિનિયમ અન્વયે કોઈ મંજૂરીની જરૂર હોય તો એ કરારમાંથી ઉભા થતા કોઈ માગણા અથવા માગણીની માંડવાળ કરવા અથવા તોડજોડ કરવા માટે તેવી જ પૂર્વમંજૂરી મેળવવી પડશે.

વધુમાં આવો કોઈ દાવો કલમ ૧૪૯ની પેટા-કલમ (૧) અન્વયે પટે આપેલી અથવા વેચેલી જમીનના સંબંધમાં હોય અથવા કોઈ વેચેલી અથવા દસ કરતાં વધારે હોય તેવી મુદત માટે પટે આપેલી અથવા બીજી રીતે તબદીલ કરેલી સ્થાવર મિલકતના સંબંધમાં હોય, તો તે દાવાના સંબંધમાં રાજ્ય સરકારની પૂર્વમંજૂરી સિવાય તેની માંડવાળ અથવા તોડજોડ કરવી તે નગરપાલિકા માટે કાયદેસર ગણાશે નહિ.

(૩) આ અધિનિયમ અન્વયે નગરપાલિકા તથા તેની સમિતિઓ, અધિકારીઓ અને નોકરોને પ્રાપ્ત થયેલી સત્તા પૈકી કોઈ સત્તા વાપરવાને કારણે જે કોઈ વ્યકિતને કંઈ નુકશાન થયું હોય તેને નગરપાલિકા ફંડમાંથી વળતર આપી શકાશે.

(૪) નગરપાલિકા વતી ચલાવેલી અથવા બચાવ કરેલી કોઈ દીવાની કાર્યવાહીના ખર્ચ માટે નગરપાલિકા ફંડ જવાબદાર રહેશે.

**જમીનનું ભાડું વસૂલ કરવામાં સહાય.**

૨૫૧. નગરપાલિકાને પ્રાપ્ત થયેલી અથવા તેણે બીજી રીતે ધારણ કરેલી કોઈ જમીન સંબંધી ભાડાં બદલ કોઈ રકમ કોઈ વ્યકિત પાસે તેની લેણી થયેલી હોય તે વસૂલ કરવા માટે જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૮૬ અને ૮૭ના અર્થ મુજબ નગરપાલિકા આવી જમીનની વરિષ્ઠ ધારણ કરનાર અને આવી દરેક વ્યકિત કનિષ્ઠ ધારણ કરનાર છે એમ ગણાશે અને નગરપાલિકાને વરિષ્ઠ ધારણ કરનાર તરીકે એવી દરેક રકમ વસૂલ કરવા માટે કનિષ્ઠ ધારણ કરનારે વરિષ્ઠ ધારણ કરનારને આપવાનું ભાડું અથવા જમીન મહેસૂલ વસૂલ કરવા માટે સદરહુ કલમ અન્વયે વરિષ્ઠ ધારણ કરનારને જે સહાય મેળવવાનો હક છે તે તમામ સહાય મેળવવાનો હક રહેશે.

**નગરપાલિકા, તેના અધિકારીઓ, નોકરો વગેરે સામે શુધ્ધબુધ્ધિથી કરેલા કૃત્યો માટે દાવો માંડવા ઉપર પ્રતિબંધ.**

૨૫૨. કોઈ નગરપાલિકા સામે અથવા આ અધિનિયમ અન્વયે રચવામાં આવેલી કોઈ સમિતિ સામે અથવા નગરપાલિકાના કોઈ કાઉન્સિલર, અધિકારી અથવા નોકર સામે અથવા એવા કોઈ નગરપાલિકા, સમિતિ, અધિકારી અથવા નોકરના અથવા મેજિસ્ટ્રેટના આદેશ અન્વયે તથા તે અનુસાર કામ કરતી કોઈ વ્યકિત સામે આ અધિનિયમ અન્વયે શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલાં કોઈપણ કૃત્ય બદલ કોઈ દાવો માંડી શકાશે નહિ.

**આ અધિનિયમ અનુસાર અથવા તેની અમલ બજવણીમાં કરેલા કાર્યો માટે નગરપાલિકા તેના અધિકારીઓ તથા નોકરો સામેના દાવાની મુદત**

૨૫૩. (૧) આ અધિનિયમ અનુસાર અથવા તેની અમલ બજવણી અથવા કરવા ધારેલી અમલ બજવણીમાં કરેલા કોઈ કાર્યના સંબંધમાં અથવા આ અધિનિયમની અમલ બજવણીમાં થયેલી કહેવામાં આવતી કોઈ ગફલત અથવા કસૂરના સંબંધમાં નગરપાલિકા સામે અથવા નગરપાલિકાના કોઈ અધિકારી અથવા નોકર સામે કોઈ દાવો—

(ક) દાવાનું કારણ ઉત્પન્ન થયા પછીના તરતના છ મહિનાની અંદર તે દાખલ કરવામાં આવ્યો હોય તે સિવાય; અને

(ખ) નગરપાલિકાની બાબતમાં નગરપાલિકાની કચેરીમાં લેખિત નોટિસ પહોંચાડયા પછી અથવા મૂકી આવ્યા પછી અને નગરપાલિકાના અધિકારી અથવા નોકરની બાબતની લેખિત નોટિસ તેને પહોંચાડયા પછી અથવા તેની કચેરી અથવા રહેવાનાં સ્થળે મૂકી આવ્યા પછી એક મહિનો પુરો થયો ન હોય ત્યાં સુધી માંડી શકાશે નહિ. આવી તમામ નોટિસોમાં દાવાનું કારણ તથા દાવા કરવા ઈચ્છતા વાદીનું નામ અને રહેવાનું સ્થળ તથા આ દાવાના હેતુ માટે તેનો જો કોઈ એડવોકેટ વકીલ, એજન્ટ હોય તો તેનું નામ અને રહેવાનું સ્થળ વાજબી વિગતો સાથે જણાવવાં જોઈશે.

(૨) આવા કોઈ દાવાની ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય ત્યારે તે વખતે—

(ક) ઉપર કહયા પ્રમાણે વાદીએ પહોંચાડેલી અથવા તે મૂકી આવ્યો હોય તેવી નોટિસમાં દાવાનું જે કારણ જણાવવામાં આવ્યું હોય તે કારણ સિવાયનાં દાવાના બીજા કોઈ કારણને લગતો પુરાવો વાદીને આપવા દેવો નહિ.

(ખ) જો દાવો નુકશાની માટેનો હોય અને તેને દાવો માંડયો તે પહેલા જો પૂરતો બદલો તેને આપવા માંડવામાં આવેલ હશે, તો વાદીને એ રીતે આપવા માંડવામાં આવેલ રકમ કરતાં કાંઈ વધુ રકમ મળશે નહિ અને આ રીતે બદલો આપવા માંડયા પછી પ્રતિવાદીને થયેલું ખર્ચ તમામ વાદીએ આપવું પડશે.

(૩) જો એવા કોઈ દાવામાં પ્રતિવાદી નગરપાલિકાનો અધિકારી અથવા નોકર હોય, તો દાવામાં અથવા દાવાના પરિણામે તેણે ભરવાની કોઈ રકમ અથવા તેનો ભાગ કારોબારી સમિતિની મંજૂરીથી નગરપાલિકા ફંડમાંથી આપી શકાશે.

**પ્રમુખ, ઉપપ્રમુખ અથવા સભ્ય સામે ફરિયાદ માંડવા માટેની પૂર્વમંજૂરી બાબત.**

૨૫૪. કોઈ વ્યકિત કોઈ નગરપાલિકાનો પ્રમુખ અથવા ઉપપ્રમુખ અથવા સભ્ય અથવા અગાઉ થઈ ગયેલ હોય અને તેણે પોતાના પદની રૂએની ફરજ અદા કરવામાં પગલાં લેતી વખતે અથવા લેતા હોવાનું અભિપ્રેત હોય તે વખતે કોઈ ગુનો કર્યો હોવાનો તેની સામે આરોપ હોય ત્યારે, રાજ્ય સરકારની અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારીની પૂર્વ મંજૂરીથી હોય તે સિવાય તેવો ગુનો કોઈપણ કોર્ટ ધ્યાનમાં લેવો નહિ.

પોલીસ અધિકારીઓની સત્તા.

૨૫૫. (૧) પોલિસ અધિકારીના દેખતાં આ અધિનિયમ અથવા તે અન્વયેના કોઈ ઉપનિયમની કોઈ જોગવાઈઓ વિરૂદ્ધ કોઈ ગુનો કરતી કોઈ વ્યકિતના નામ અને સરનામાંની તે અધિકારીને ખબર ન હોય અને તે વ્યકિત પોતાનું નામ અને સરનામું આપવાની ના પાડે અને એવું નામ અને સરનામું આપવામાં આવ્યું હોય અને તેના ખરાપણા વિશે પોલીસ અધિકારીને શંકા લાવવાને કારણ હોય, તો પોલીસ અધિકારી તે વ્યકિતને પકડી શકશે અને તે વ્યકિતનું નામ અને સરનામું ખરેખરું નિશ્ચિત ન થાય ત્યાં સુધી તે વ્યકિતને પોલીસ થાણામાં અટકમાં રાખી શકશે:

પરંતુ પકડવામાં આવેલી કોઈ વ્યકિતને મેજિસ્ટ્રેટ સમક્ષ લાવવા માટે જરૂરી હોય તે કરતાં અથવા વધારેમાં વધારે ચોવીસ કલાક કરતાં વધુ વખત સુધી મેજિસ્ટ્રેટના હુકમ સિવાય તેને અટકમાં રાખવી નહીં.

(૨) આ અધિનિયમ અથવા તે અન્વયેના કોઈ ઉપનિયમની જોગવાઈઓ વિરૂદ્ધ કોઈ ગુનો થયો હોય તે બાબત નગરપાલિકાને તાત્કાલિક ખબર આપવી જોઈશે અને નગરપાલિકાના તમામ અધિકારીઓ અને નોકરોને તેમની કાયદેસર સત્તા વાપરવામાં મદદ કરવી એ પણ તમામ પોલીસ અધિકારીઓની ફરજ રહેશે.

## પ્રકરણ ૧૫મું.

## સેવાને લગતી જોગવાઈઓ

રાજ્ય સેવામાંના અધિકારીઓ અને નોકરોને નગરપાલિકા હેઠળ મૂકવા બાબત.

૨૫૬. (૧) આ અધિનિયમ અન્વયે નગરપાલિકાઓ પોતપોતાના કાર્યો અને ફરજો બજાવી શકે તે હેતુ માટે રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી એવો આદેશ કરે કે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અખિલ ભારતીય સેવાના અને રાજ્યની સેવાના વર્ગ-૧ના અધિકારીઓ સિવાયના અધિકારીઓને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી નગરપાલિકા હેઠળ અને તેટલી મુદત સુધી અને એવી શરતોને અધીન રહીને મૂકે તો તે કાયદેસર ગણાશે અને તદનુસાર હુકમમાં નિર્દિષ્ટ કરાયેલા અધિકારીઓને આવી નગરપાલિકા હેઠળ મૂકવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧) અનુસાર મૂકાયેલા કોઈ અધિકારીના પગાર તથા ભથ્થાં તેમને જે મુદત માટે એવી રીતે મૂકવામાં આવે તે મુદત દરમ્યાન નગરપાલિકાએ પોતાનાં ફંડમાંથી આપવાં.

## પ્રકરણ–૧૬મું.

## નિયંત્રણ

તપાસણી અને દેખરેખની સત્તા.

૨૫૭. (૧) વિકાસ કમિશનર, કલેકટર, અથવા રાજ્ય સરકારે સામાન્યતઃ અથવા ખાસ હુકમથી અધિકૃત કરેલા કોઈ અધિકારીને—

(ક) કોઈ નગરપાલિકાના ભોગવટામાંથી કોઈ સ્થાવર મિલકતમાં, તેના નિયંત્રણ અથવા વ્યવસ્થા હેઠળની કોઈ સંસ્થામાં અથવા તેના તાબા હેઠળ અથવા તેના આદેશ અન્વયે ચાલતા હોય તેવા કોઈ કામની જગામાં દાખલ થવાનો તથા તેની તપાસણી કરવાનો અથવા આવી સ્થાવર મિલકત, સંસ્થા અથવા કામની જગામાં બીજાને દાખલ કરાવવાનો તથા તેની તપાસણી કરાવવાનો;

(ખ) કોઈ નગરપાલિકા અથવા કોઈ સમિતિની કાર્યવાહીમાંથી કોઈ ઉતારો તથા કોઈ નગરપાલિકાના કબજામાંનો અથવા તાબામાંનો કોઈ ચોપડો અથવા દસ્તાવેજ મંગાવવાનો અથવા તેની તપાસણી કરવાનો અધિકાર રહેશે.

(૨) કલેકટરને,—

(ક) જે કોઈ પત્રક, વિવરણ પત્રક, હિસાબ અથવા નિવેદન પૂરું પાડવાની આવી નગરપાલિકાને ફરમાવવાનું તેને યોગ્ય લાગે તે પત્રક, વિવરણ પત્રક, હિસાબ, નિવેદન અથવા દફતર મંગાવવાની;

(ખ) નગરપાલિકા જે કાંઈ કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય અથવા નગરપાલિકા વતી જે કાંઈ કરવાની તૈયારીમાં હોય અથવા કરવામાં આવતું હોય તે કરવા સામે પોતાને જે કાંઈ વાંધો જણાતો હોય તે વાંધો અથવા જે કાંઈ માહિતી પોતે આપી શકે અને જે ઉપરથી નગરપાલિકાએ અમુક બાબત કરવાની જરૂર છે એમ પોતાને લાગે તેવી કંઈપણ પોતે માહિતી વિચારણામાં લેવાનું અને એવી બાબત કરતા નહીં અટકાવવા માટે અથવા નહિ કરવા માટે નગરપાલિકાના જે કારણો હોય તે જણાવીને વાજબી વખતની અંદર પોતાને લેખિત જવાબ મોકલી આપવાનું નગરપાલિકાને ફરમાવવાની;

સત્તા રહેશે.

[1][(૩) આ કલમ મુજબ પોતે વાપરી શકે તેવી કોઈ સત્તા કલેકટર પોતાની નીચેના કોઈ નાયબ કે મદદનીશ કલેકટરને સોંપી શકશે.]

[1] સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમની કલમ ૩ થી આ પેટા-કલમ (૩) દાખલ કરી છે.

**નગરપાલિકાના હુકમો વગેરેની અમલ બજવણી મોકૂફ રાખવાની કલેક્ટરની સત્તા.**

૨૫૮ (૧) નગરપાલિકાના કોઈ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી કરવાથી અથવા નગરપાલિકા જે કાંઈપણ કરવાની તૈયારીમાં હોય અથવા કરતી હોય અથવા નગરપાલિકા વતી જે કાંઈપણ કરવાની તૈયારી- માં હોય અથવા કરવામાં આવતું હોય તે કરવાથી કલેક્ટરના અભિપ્રાય પ્રમાણે લોકોને ઈજા અથવા હેરાનગતિથી થતી હોય અથવા થવાનો સંભવ હોય અથવા સુલેહનો ભંગ થાય એવો સંભવ હોય અથવા તે પ્રમાણે કરવું તે કાયદા વિરૂદ્ધ હોય, તો તે પોતાની સહીવાળા લેખિત હુકમથી તેની અમલ બજવણી મોકૂફ રાખી શકશે. તે કરવા ઉપર પ્રતિબંધ મૂકી શકશે; અને નગરપાલિકાના હુકમ અથવા ઠરાવની રૂએ કોઈ કામની અમલ બજવણી શરૂ અથવા પૂરા થઈ ચૂકી હોય તે પ્રસંગે કામની શરૂઆત પહેલાં તે જે સ્થિતિમાં હતું તે સ્થિતિમાં પુનઃ સ્થાપિત કરવાનો નગરપાલિકાનો આદેશ કરી શકશે.

(૨) કલેક્ટર આ કલમ અન્વયે કોઈ હુકમ કરે ત્યારે, તેણે તે હુકમની એક નકલ, તે કરવાનાં કારણોના નિરૂપણ સહિત, તે હુકમથી જેને અસર થતી હોય તે નગરપાલિકાને તરત મોકલવી જોઈશે અને તેવા હુકમ અને નિરૂપણની નકલો સહિત એક નિવેદન રાજ્યસરકારને પણ તેણે મોકલી આપવું.

(૩) પેટા-કલમ (૧) અન્વયે કલેક્ટરે કરેલા હુકમ વિરૂદ્ધ પોતાને તે હુકમની નકલ મળે તે તારીખથી [ત્રીસ દિવસની]અંદર નગરપાલિકા રાજ્ય સરકારને અપીલ કરી શકશે. રાજ્ય સરકાર આવી અપીલ થયે તે હુકમ રદ કરી શકશે અથવા ફરી તપાસી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા તે બહાલ રાખી શકશે અથવા ફેરફાર સાથે અથવા ફેરફાર વગર કાયમને માટે અથવા પોતે નિર્દિષ્ટ કરે તેવી મુદતને માટે તે હુકમ અમલમાં રહેશે તેવો આદેશ આપી શકશે :

પરંતુ તે હુકમ સામે કારણ દર્શાવવાની વાજબી તક નગરપાલિકાને આપ્યા સિવાય, રાજ્ય સરકારે તે હુકમની ફરી તપાસ કરવી નહિ, તેમાં ફેરફાર કરવો નહીં અથવા તે બહાલ રાખવો નહીં.

**તાકીદના પ્રસંગે કલેક્ટરની અસાધારણ સત્તા.**

૨૫૯. (૧) તાકીદના પ્રસંગોએ કલેક્ટર, જે કાંઈ કામ અથવા જે કાંઈ કાર્ય નગરપાલિકા કરી શકે અથવા નગરપાલિકા વતી કરી શકાય તથા તેના અભિપ્રાય પ્રમાણે લોકોના આરોગ્ય અથવા સુરક્ષિતતા માટે તાત્કાલિક કરવાની જરૂર હોય તે કામ અથવા કાર્ય કરવાનો પ્રબંધ કરી શકશે ; અને તે કામ અથવા કાર્ય કરવાનું વાજબી ખર્ચ તે કરવા માટેની નીમવામાં આવેલી વ્યક્તિના વાજબી મહેનતાણાં સહિત નગરપાલિકાએ તરત આપવું એવો આદેશ કરી શકશે.

(૨) જો ખર્ચ અને મહેનતાણું એ રીતે આપવામાં ન આવે તો તે જે કાંઈ વ્યક્તિની કસ્ટડીમાં નગરપાલિકા વતી કાંઈપણ નાણાં તેનાં અધિકારી, કોષાધ્યક્ષ અથવા બેન્કર તરીકે અથવા અથવા બીજી રીતે હોય તે વ્યક્તિએ તેના હસ્તક જે નાણાં હોય તેમાંથી અથવા જે નાણાં તેને વખતોવખત મળે તેમાંથી આવા ખર્ચ અને મહેનતાણું આપવું એવો હુકમ તે વ્યક્તિને કલેક્ટર કરી શકશે અને આવી વ્યક્તિ તે હુકમનું પાલન કરવાને બંધાયેલી રહેશે.

(૩) કલમ ૨૫૮ ની પેટા-કલમ (૨) અને (૩) ની જોગાઈઓ આ કલમ અન્વયે કરેલા કોઈપણ હુકમોને શક્ય હોય તેટલે સુધી લાગુ પડશે.

**નોકરવર્ગ રાખવામાં ઉડાઉપણું અટકાવવાની [૨][નિયામકની] સત્તા.**

૨૬૦. નગરપાલિકાએ અધિકારીઓ અથવા નોકરો તરીકે રાખેલા અથવા જેઓને નગરપાલિકા રાખવા માંગતી હોય તેવી વ્યક્તિઓની સંખ્યા અથવા તેવી વ્યક્તિઓને અથવા તેઓ પૈકી કોઈ ખાસ વ્યક્તિને નગરપાલિકાએ આપવા નક્કી કરેલું મહેનતાણું અથવા [૩][મહેનતાણું] વધારે પડતું છે એવો [નિયામકનો] અભિપ્રાય હોય, તે [૩][નિયામક] ફરમાવે એટલે, નગરપાલિકાએ સદરહુ વ્યક્તિઓની સંખ્યા અથવા તેમનાં મહેનતાણામાં અથવા [૩][મહેનતાણામાં] ઘટાડો કરવો;

પરંતુ એવાં કોઈ ફરમાન વિરૂદ્ધ નગરપાલિકા રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને તે બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય નિર્ણાયક ગણાશે.

**નગરપાલિકાની બાબતોમાં રાજ્ય સરકારે તપાસ કરવા બાબત.**

૨૬૧. (૧) કોઈ નગરપાલિકાના વહીવટને લગતી કોઈ બાબતો અથવા આ અધિનિયમ અન્વયે જે કોઈ બાબતના સંબંધમાં રાજ્ય સરકારની મંજુરી, પસંદગી અથવા સંમતિની જરૂર હોય[૨] તે બાબતોમાં, રાજ્ય સરકારે આ અર્થે નિમેલા કોઈ અધિકારીએ તપાસ કરવી એવો હુકમ નગરપાલિકાને સાંભળવાની તક આપ્યા પછી રાજ્ય સરકાર કરી શકશે.

(૨) આવી તપાસ કરનાર અધિકારીને તે તપાસના હેતુઓ માટે નીચેની બાબતો, એટલે કે :—

(ક) પ્રગટીકરણ તથા તપાસણી બાબત ;

(ખ) સાક્ષીઓને હાજર રહેવાની ફરજ પાડવા બાબત તથા તેમના ખર્ચની રકમ અનામત મુકવાનું ફરમાવવા બાબત

(ગ) દસ્તાવેજો રજૂ કરવાની ફરજ પાડવા બાબત :

(ઘ) સોગંદ ઉપર સાક્ષીઓને તપાસવા બાબત ;

(ચ) મુદત પાડવા બાબત ;

(છ) સોગંદનામા ઉપર લીધેલો પુરાવો સ્વીકારવા બાબત ;અને

(જ) સાક્ષીઓને તપાસવા માટે કમિશનો કાઢવા બાબત.

---

૧. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૧ની કલમ ૬ થી "આઠ દિવસની" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૫ થી "વિકાસ કમિશનર" એ શબ્દોને બદલે આ શબ્દ મૂકયા છે.

૩. સન ૧૯૬૯ના ગુજરાત અધિનિયમ ૧૧ની કલમ ૭ થી "માનવેતન" એ શબ્દે ને બદલે આ મૂકયો છે.

દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ અન્વયે કોર્ટને જે સત્તા પ્રાપ્ત થઈ છે તે સત્તા રહેશે; અને તે અધિકારી જે કોઈ વ્યકિતનો પુરાવો તેને મહત્વનો હોવાનું જણાય તે વ્યકિતને પોતાની મેળે બોલાવી શકશે તથા તેને તપાસી શકશે અને તે અધિકારી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૮૯૮ની કલમ ૪૮૦ ના અને કલમ ૪૮૨ના અર્થ મુજબ દીવાની કોર્ટ છે એમ ગણાશે.

સન ૧૯૦૮ નો ૫મો.
સન ૧૮૯૮નો ૫મો.

સ્પષ્ટીકરણ. સાક્ષીઓને હાજર રહેવાની ફરજ પાડવાના હેતુ માટે આવા અધિકારીની હકૂમતની હદ ગુજરાત રાજ્યની હદ રહેશે;

(૩) પુરાવો આપવા હાજર થવા માટે કોઈ વ્યકિતને થયેલું વાજબી ખર્ચ તે વ્યકિતને તપાસ કરનાર અધિકારી અપાવી શકશે અને તે ખર્ચના એક ભાગ તરીકે ગણાશે.

(૪) તપાસનું ખર્ચ રાજ્ય સરકારની વિવેકબુધ્ધિ અનુસાર નકકી કરવામાં આવશે અને આવું ખર્ચ કોણ, કેને તથા કેટલો આપવો તે નકકી કરવાનો તથા આવા ખર્ચ ઉપર દર વર્ષે દર સેંકડે છ ટકા કરતા વધારે નહિ એટલા દરે વ્યાજ અપાવવાની રાજ્ય સરકારને પૂર્ણ સત્તા રહેશે; અને આવા ખર્ચ તથા વ્યાજ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

નગરપાલિકા ફરજો બજાવવામાં કસૂર કરે, ત્યારે ફરજો બજાવવા માટે પ્રબંધ કરવાની રાજ્ય સરકારની સત્તા.

૨૬૨. (૧) કરવામાં આવેલી ફરિયાદ ઉપ થી અથવા બીજી રીતે રાજ્ય સરકારને ખબર મળે કે આ અધિનિયમથી અથવા તે અન્વયે અથવા તે સમયે અમલમાં હોય એવા બીજા કોઈ અધિનિયમથી અથવા તે અન્વયે નગરપાલિકા ઉપર મૂકવામાં આવેલી કોઈ ફરજ બજાવવામાં તેણે કસૂર કરી છે ત્યારે કહેવાતી તે ફરજ બજાવવા માટે મુદત નકકી કરવાનો [નિયામકને] આદેશ કરી શકશે.

(૨) જો તે ફરજ આ રીતે, નકકી કરેલી મુદતની અંદર બજાવવામાં ન આવે તે બજાવવા માટે [નિયામક] કોઈ વ્યકિતને નીમી શકશે અને તે બજાવવાનું ખર્ચ, તે બજાવવાને નીમવામાં આવેલ વ્યકિતના વાજબી મહેનતાણાં સાથે નગરપાલિકાએ તરત આપવું એવો આદેશ કરી શકશે.

(૩) જો ખર્ચ અને મહેનતાણું એ રીતે આપવામાં ન આવે, તો [નિયામક] નાણાં અનામત મૂકવામાં આવ્યાં હોય તે બેન્ક અથવા જે સરકારી તિજોરી અથવા બીજી કોઈ જે બેન્કમાં નગરપાલિકાના સુરક્ષિત સ્થળે નગરપાલિકાના નાણાં અનામત મૂકેલાં હોય તે તિજોરી હવાલામાં હોય તે વ્યકિતએ જે નાણાં આવી બેન્કમાં નગરપાલિકાના ખાતે જમા હોય અથવા આવી વ્યકિતના અથવા સુરક્ષિત સ્થળ જે વ્યકિતના હસ્તક હોય અથવા આવી બેન્ક અથવા વ્યકિતને નગરપાલિકા તરફથી અથવા નગરપાલિકા વતી અનામત રકમ તરીકે વખતોવખત મળે તે નાણાંમાંથી એવાં ખર્ચ તથા મહેનાતાણું આપવું એવો તેને આદેશ કરી શકશે; અને આવી બેંક અથવા વ્યકિત આવો હુકમ માનવાને બંધાયેલી રહેશે. આવા હુકમને અનુસરીને નાણાંની દરેક રકમ આપવાથી આવી બેન્કમાં અથવા આવી વ્યકિત પાસે એ રીતે અનામત મૂકેલાં નગરપાલિકાના નાણાંમાંથી તે બેન્કે અથવા તે વ્યકિતએ આ રીતે આપેલી કોઈ રકમ અથવા રકમોના સંબંધમાં, આવી બેન્ક અથવા આવી વ્યકિત નગરપાલિકા પ્રત્યેની તમામ જવાબદારીમાંથી સંપૂર્ણ રીતે મુકત થયેલ ગણાશે.

નગરપાલિકા અસમર્થ હોય, કસૂર કરે અથવા સત્તાનો દુરુપયોગ કરે ત્યારે તેનું વિસર્જન કરવાની [***] રાજ્ય સરકારની સત્તા.

૨૬૩. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે નગરપાલિકા, તેના ઉપર આ અધિનિયમથી અથવા તે અન્વયે, અથવા કાયદાની બીજી રીતે મૂકવામાં આવેલી ફરજો બજાવી શકે તેમ નથી અથવા જાણીબૂઝીને તે બજાવવામાં કસૂર કરે છે અથવા તે તેની સત્તાની મર્યાદા બહાર ચાલે છે અથવા તેની સત્તાનો દુરૂપયોગ કરે છે, તો રાજ્ય સરકાર નગરપાલિકાને ખુલાસો કરવાની તક આપ્યા પછી યથાપ્રસંગ, નગરપાલિકા અસમર્થ છે અથવા તે ફરજ બજાવવામાં કસૂર કરે છે અથવા તેની સત્તાની મર્યાદા તે બહાર ચાલે, છે અથવા તેની સત્તાનો દુરૂપયોગ તેણે કર્યો છે એવો હુકમ તે કરવાના કારણ સાથે રાજપત્રમાં પ્રસિધ્ધ કરીને જાહેર કરી શકશે અને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બે વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી આવી નગરપાલિકાનું વિસર્જન કરી શકશે. [ * * * ]

૩[ * * * ]

વિસર્જનના [**] પરિણામો.

(૨) નગરપાલિકાનું આ રીતે વિસર્જન કરવામાં આવે ૪ [ * * ] ત્યારે નીચેનાં પરિણામો આવશે—

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૫થી "વિકાસ કમિશનર" એ શબ્દોને બદલે આ શબ્દ મૂકયો છે.

૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૦(૧)થી "અથવા તેને પદચ્યુત કરી શકશે" એ શબ્દોથી શરૂ થતો અને "વધુ સમય સુધી લંબાવી શકશે" એ શબ્દોથી પૂરો થતો ભાગ કમી કરેલ છે.

૩. એજનની કલમ ૨૦ (૧) (૨)થી પરંતુ કમી કરેલ છે.

૪. એજનની કલમ ૨૦ (૨) (ક)થી પેટા-કલમ (૨)માં "અથવા તેને પદચ્યુત કરવામાં આવે" અને "અથવા પદચ્યુતી" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાંથી કમી કરેલ છે.

(ક) નગરપાલિકાના તમામ સભ્યો નગરપાલિકાનું [1][ * * ] વિસર્જન કરવામાં આવ્યું હોય તો વિસર્જનના હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી, એવા સભ્યો તરીકે પોતાના હોદ્દાની જગાઓ ખાલી કરશે;

(ખ) તેનાં વિસર્જન [2][ * *] મુદત દરમિયાન નગરપાલિકાની તમામ સત્તા તથા તેની તમામ ફરજો [3][નિયામક] આ અર્થે વખતોવખત નીમે તે અધિકારી વાપરશે તથા બજાવશે;

(ગ) [ કમી કરેલ છે]

(ઘ) [4][ કમી કરેલ છે ]

[5][ (૩) (ક) નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણી, તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં, પૂરી કરવી જોઈએ: **વિસર્જન પછી નગરપાલિકાની રચના.**

પરંતુ વિસર્જિત નગરપાલિકા, જે મુદત સુધી ચાલુ રહી હોત તેટલી બાકીની મુદત છ મહિના કરતાં ઓછી હોય, તો એવી મુદત માટે, નગરપાલિકાની રચના કરવા માટે, આ ખંડ હેઠળ કોઈ ચૂંટણી કરવાની જરૂર રહેશે નહિ;

(ખ) નગરપાલિકાની મુદત પૂરી થાય તે પહેલાં, તેનું વિસર્જન થયે, રચવામાં આવેલી નગરપાલિકા તેનું એવી રીતે વિસર્જન કરવામાં આવ્યું ન હોત તો. જે મુદત માટે વિસર્જિત નગરપાલિકા ચાલુ રહી હોત તેટલી બાકીની મુદત માટે જ ચાલુ રહેશે.]

(૪) [6][ * * * * ]

(૫) [6][ * * * * ]

૨૬૩–ક [7][ * * * ]

૨૬૪. સામાન્ય અને મહેસૂલી વહીવટની બાબતમાં કલેકટરો અને તેના તાબાના અધિકારીઓ ઉપર રાજ્ય સરકાર અને કલેકટરો જે અધિકાર ભોગવે છે તથા જે નિયંત્રણ કરે છે તે જ અધિકાર તથા નિયંત્રણ આ અધિનિયમની સાથે સંબંધ ધરાવતી તમામ બાબતોમાં અનુક્રમે રાજ્ય સરકાર, અને કલેકટરો તેમના પર ભોગવશે અને કરશે. **રાજ્ય સરકારની કલેકટરો વગેરે ઉપર સત્તા.**

[8][પ્રકરણ ૧૬-ક.

## જાહેર કરેલા વિસ્તારો

[9][૨૬૪-ક. આ પ્રકરણના હેતુ માટે, જાહેર કરેલા વિસ્તાર એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ન ના ખંડ (૧)ના પરંતુક હેઠળ, ઔદ્યોગિક નગર વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલો શહેરી વિસ્તાર અથવા તેનો ભાગ] **જાહેર કરેલો વિસ્તાર.**

૨૬૪-ખ (૧) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને— **કર નાખવાની અને તેની ઉપજ કેવી રીતે ખર્ચવી તેનું નિયમન કરવાની રાજ્ય સરકારની સત્તા.**

(ક) આ અધિનિયમની કોઈ કલમની અથવા આવી કોઈ કલમના ભાગની જોગવાઈઓ અથવા આ અધિનિયમની જોગવાઈઓ મુજબ કોઈ નગરમાં અમલમાં હોય અથવા લાગુ કરી શકાય તેવા નિયમોની જોગવાઈઓ તેને યોગ્ય લાગે તેવાં બંધનો અને ફેરફારો હોય તો તેને આધીન રહીને કોઈ જાહેર કરેલા વિસ્તારને લાગુ પાડી શકશે અથવા બંધબેસતા કરી શકશે;

(ખ) તેવા કોઈ વિસ્તારમાં સદરહુ વિસ્તાર નગર હોત તો તેમાં જે કર આ અધિનિયમની જોગવાઈઓ મુજબ નાંખી શકાત તેવા કર નાંખી શકશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૦ (૨)ના (ખ) થી "પદચ્યુત થઈ હોય, તો પદચ્યુતીના હુકમની તારીખથી અને તેનું " એ શબ્દો કમી કરેલ છે.

૨. એજનની કલમ ૨૦ (૨) (ક)થી "અથવા પદચ્યુતિ" એ શબ્દો કમી કરેલ છે.

૩. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ ની કલમ ૫થી "વિકાસ કમિશનર" એ શબ્દોને બદલે. આ શબ્દો મૂકયા છે.

૪. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૦ (૨) (ગ);થી ખંડો (ગ) અને (ઘ) કમી કરેલ છે.

૫. એજનની કલમ ૨૦ (૩)થી પેટા કલમ (૩)ને બદલે, આ પેટા-કલમ મૂકી છે.

૬. એજનની કલમ ૨૦ (જ) થી, પેટા-કલમો (૪) અને (૫) કમી કરેલ છે.

૭. એજનની કલમ ૨૧થી કલમ ૨૬૩-ક કમી કરેલ છે.

૮. સન ૧૯૬૮ના ગુજરાત અધિનિયમ ૩ની કલમ ૧૦ થી પ્રકરણ ૧૬-ક દાખલ કર્યું છે.

૯. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૨થી કલમ ૨૬૪-કને બદલે, આ કલમ મૂકી છે.

(ગ) ખંડ (ખ) મુજબ નાખેલો કોઈ કર આકારવા અને વસૂલ કરવા માટે અને એવા કરની ઉપજનો યોગ્ય ખર્ચ કરવાની અને યોગ્ય હિસાબો તૈયાર કરવાની તથા રાખવાના ગોઠવણ કરવા માટે અને સામાન્ય રીતે ખંડ (ક) મુજબ લાગુ પાડેલાં અથવા બંધ બેસતા કરેલા કોઈ કલમની અથવા નિયમોની જોગવાઈઓ અમલમાં મૂકવા માટે કોઈ વ્યક્તિ કે સમિતિ નીમી શકશે;

(૨) કોઈ જાહેર કરેલા વિસ્તારમાં આ કલમ મુજબ વસૂલ કરેલા કોઈ કરની ઉપજ તે જાહેર કરેલો વિસ્તાર નગર હોય તો તેનું મ્યુનિસિપલ ફંડ જે કોઈ રીતે ખરચાત તે રીતે ખરચાવવી જોઈએ.

જાહેર કરેલા વિસ્તારને અધિનિયમ લાગુ પાડવા બાબત.

૨૬૪-ગ. આ અધિનિયમની જે કલમ કોઈ જાહેર કરેલા વિસ્તારને લાગુ પાડવામાં આવે તેના હેતુઓ માટે એવા વિસ્તાર માટે કલમ ૨૬૪-ખ મુજબ નિમાયેલી વ્યક્તિ અથવા સમિતિ આ અધિનિયમ મુજબ નગરપાલિકા તરીકે ગણાશે અને તે વિસ્તાર નગર તરીકે ગણાશે.

૨૬૪-ઘ. [ * * *]

જાહેર કરેલા વિસ્તારો તરીકે બંધ થતા વિસ્તારો માટે નીમાયેલી વ્યક્તિઓ અથવા સમિતિઓની મિલકત, હકો અને જવાબદારીઓ પ્રાપ્ત થવા, વસૂલ કરવા અને તેનો ઉપયોગ કરવા બાબત.

૨૬૪-ચ. [(૧) કોઈ વિસ્તાર, જાહેર કરેલા વિસ્તાર તરીકે બંધ થાય, ત્યારે એવી રીતે બંધ થતાં પહેલાં, કલમ-૨૬૪-ખની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) હેઠળ, તેવા વિસ્તાર માટે નિમાયેલી વ્યક્તિઓને અથવા સમિતિમાં પ્રાપ્ત થયેલ મિલકત (વેરાની બાકી રકમ સહિત) અને હકો, તે અંગેના તમામ બોજા અથવા જવાબદારીને અધીન રહીને, એવા વિસ્તાર માટે કોઈ નગરપાલિકા રચાયેલ હોય તો તેને અથવા જેની હદમાં એવો વિસ્તાર આવેલો હોય તેવા વિસ્તાર માટે નગરપાલિકા રચાયેલ હોય તો તેને અથવા એવા કોઈ નગરપાલિકા ન હોય તો, રાજ્ય સરકારને પ્રાપ્ત થશે.]

[3][ (૨) પેટા-કલમ (૧) હેઠળ નગરપાલિકાને પ્રાપ્ત થતી કરની કોઈ બાકી રકમ, આ અધિનિયમ હેઠળ નાંખેલા અને વસૂલ કરી શકાય એવા કર હોય તેવા રીતે, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ વસૂલ કરી શકાશે:

પરંતુ કરની એવી બાકી રકમ, નગરપાલિકાને જે તારીખે એવી રીતે પ્રાપ્ત થાય તે તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર, તે રકમ વસૂલ કરવા માટે પગલાં લેવાં જોઈશે.].

## પ્રકરણ ૧૭મું.

### નગરની હદોમાં ફેરફાર કર્યો હોય ત્યારે અથવા નગરનું બીજા સ્થાનિક સત્તામંડળો સાથે એકત્રીકરણ કરવામાં આવ્યું હોય અથવા તેનું જુદાં જુદાં સ્થાનિક સત્તામંડળોમાં વિભાજન કરવામાં આવ્યું હોય, ત્યારે લાગુ પડતી ખાસ જોગવાઈઓ.

અર્થઘટન.

૨૬૫. આ પ્રકરણમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,

(ક) "નક્કી કરેલી તારીખ" એટલે જે તારીખથી કલમ ૨૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)થી (ઘ) પૈકી કોઈપણ ખંડમાં ઉલ્લેખ કરેલો ફેરફાર અમલમાં આવે તે તારીખ;

(ખ) કોઈ સ્થાનિક વિસ્તારના સંબંધમાં વર્તમાન સ્થાનિક સત્તામંડળ" એટલે નગરપાલિકા અથવા પંચાયત;

(ગ) કોઈ સ્થાનિક વિસ્તારના સંબંધમાં, "અનુગામી સ્થાનિક સત્તામંડળ" એટલે નગરપાલિકા અથવા પંચાયત;

(ઘ) "પંચાયત" એટલે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ અન્વયે સ્થાપયેલી અથવા સ્થાપાયેલી હોવાનું ગણાતી ગ્રામપંચાયત [4][ * * * ] સન ૧૯૬૨ નો ગુજરાતનો ૬ઠ્ઠો.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૩થી કલમ-૨૬૪-ઘ કમી કરેલ છે.

૨. એજનની કલમ ૨૪થી પેટા-કલમ (૧) બદલે, આ પેટા-કલમ મૂકી છે.

૩. એજનની કલમ ૨૦ (૨) થી આ મજકૂર મૂક્યો છે

૩. એજનની કલમ ૨૫ થી "અથવા નગર પંચાયત" એ શબ્દો કમી કરેલ છે.

૨૬૬ (૧) જ્યારે—

(ક) કોઈ સ્થાનિક વિસ્તારને નગરમાં ઉમેરવામાં આવે;

(ખ) કોઈ સ્થાનિક વિસ્તારને નગરમાંથી બાકાત રાખવામાં આવે;

(ગ) બે અથવા વધારે નગરોનું એક નગરમાં એકત્રીકરણ કરવામાં આવે; અથવા

(ઘ) કોઈ નગરનું બે અથવા વધારે નગરોમાં વિભાજન કરવામાં આવે.

નગરમાં ફેરફાર કરવામાં આવે ત્યારે હુકમ દ્વારા અનુકૂળ જોગવાઈઓ કરવાની રાજ્ય સરકારની સત્તા.

ત્યારે રાજ્ય સરકાર આ અધિનિયમમાં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કાયદામાં ગમે તે મજકૂરી હોય તે છતાં, રાજ્યપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, નીચેની તમામ બાબતો અથવા તે પૈકી કોઈ બાબત માટે પ્રબંધ કરી શકશે, એટલે કે:—

[(૧) ખંડ (ક) હેઠળ આવતી બાબતમાં, વધારાના વિસ્તાર માટે કાઉન્સિલરોની ચૂંટણી, અધિનિયમની જોગવાઈઓ અનુસાર નિયત દિવસની છ મહિનાની મુદતની અંદર કરવી જોઈશે. આવા કાઉન્સિલરની મુદત, જે નગરપાલિકામાં નવો વિસ્તાર ઉમેરવામાં આવ્યો હોય તે નગરપાલિકાની બાકીની મુદત સુધીના રહેશે.]

(૨) ખંડ (ખ) હેઠળ આવતી બાબતમાં રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જે સભ્યો નગરમાંથી બાકાત કરેલા વિસ્તારનું પ્રતિનિધિત્વ ધરાવતા હોય તે સભ્યોને રદ કરવા બાબત;

૨ [(૩) ખંડો (ગ) અને (ઘ) હેઠળ આવતી બાબતમાં, નગરપાલિકા નિયત દિવસથી વિસર્જિત થયેલી ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર નિયત દિવસથી છ મહિનાની મુદતની અંદર નગરપાલિકા ફરી રચવી જોઈશે. આવી ફરી રચવામાં આવેલી નગરપાલિકાની અને કાઉન્સિલરોની મુદત, આ અધિનિયમની કલમ ૮માં જોગવાઈ કર્યા પ્રમાણેની મુદત જેટલી રહેશે].

૩ [ (૪) * * * ]
૩ ] (૫) * * * ].

(૬) કોઈ અનુગામી સત્તામંડળો ૪[ * * ] કોઈ વર્તમાન સ્થાનિક સત્તામંડળને (તેણે કરેલા કોઈ કરાર અન્વયેના હકો અને જવાબદારીઓ સહિત) માલમત્તા, હકો અને જવાબદારીઓની સંપૂર્ણત: અથવા અંશત: તબદીલ કરવા બાબત અને તેવી તબદીલી માટેની બોલીઓ અને શરતો;

(૭) વિદ્યમાન સ્થાનિક સત્તામંડળને બદલે આવા કોઈ તબદીલ કરી લેનારને મૂકવા બાબત અથવા જે કોઈ કાયદા સંબંધી કાર્યવાહીમાં વિદ્યમાન સ્થાનિક સત્તામંડળ પક્ષકાર હોય તે કોઈ કાયદા સંબંધી કાર્યવાહીના પક્ષકાર તરીકે આવા કોઈ તબદીલ કરી લેનારનો ઉમેરો કરવા બાબત; અને વિદ્યમાન સ્થાનિક સત્તામંડળ અથવા તેના તાબા નીચેના કોઈ અધિકારી અથવા અધિકારી સમક્ષ અનિર્ણિત હોય તે કોઈ કાર્યવાહી આવા કોઈ તબદીલ કર લેના અથવા તેના તાબા નીચેના કોઈ સત્તાધિકારી અથવા અધિકારીને વર્ગ કરવા બાબત;

(૮) વિદ્યમાન સ્થાનિક સત્તામંડળના કોઈ નોકરની આવા કોઈ તબદીલ કરી લેનાર તરફ બદલી કરવા અથવા તેને તેણે નોકરીમાં ફરીથી રાખવા બાબત અથવા વિદ્યમાન સ્થાનિક સત્તા મંડળના કોઈ નોકરની સેવા સમાપ્ત કરવા બાબત અને આવી બદલી કર્યા પછી અથવા ફરી નોકરીએ રાખ્યા પછી અથવા નોકરી સમાપ્ત થયા પછી આવા નોકરોને લાગુ પડતી બોલીઓ અને શરતો બાબત;

(૯) આવા વિદ્યમાન સ્થાનિક સત્તા મંડળો અથવા તેના સંબંધમાં કરેલ, કાઢેલ નાખેલ અથવા આપેલ અને નક્કી કરેલી તારીખની તરતજ પહેલા વિદ્યમાન સ્થાનિક સત્તામંડળના વિસ્તારની અંદર અમલમાં હોય તેવી તમામ-અથવા કોઈ નિમણૂંક જાહેરનામાઓ, નોટિસો, વેરા હુકમો, યોજના, લાઈસન્સો, પરવાનગી, નિયમો, ઉપનિયમો અથવા-નમૂનાઓ રદ કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તેમને વિદ્યમાન સ્થાનિક સત્તામંડળના વિસ્તારની અંદર ચાલુ રાખવા બાબત;

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૬થી, આ અધિનિયમની કલમ ૨૬૬માં, પેટા કલમ (૧)માં, ખંડ (૧)ને બદલે, આ ખંડ મૂકેલ છે.
૨. એજનની કલમ ૨૬ (૧) (ખ) થી આ મજકૂર મૂક્યો છે.
૩. એજનની કલમ ૨૬ (૧) (ગ) થી ખંડો (૪) અને (૫) કમી કરેલ છે.
૪. એજનની કલમ ૨૬ (૧) (ઘ) થી, ત અથવા રાજ્ય સરકારને" એ શબ્દો કમી કરેલ છે.

(૧૦) કોઈ વિદ્યમાન નગરપાલિકાઓ અથવા તેના સંબંધમાં આ અધિનિયમ અન્વયે કરેલ, કાઢેલ, નાખેલ અથવા આપેલ અને નક્કી કરેલી તારીખની તરતજ પહેલાં તેના વિસ્તારની અંદર અમલમાં હોય તેવી તમામ અથવા કોઈ નિમણૂંક, જાહેરનામા, નોટિસ વેરા, હુકમો, યોજનાઓ લાઈસન્સો પરવાનગીઓ, નિયમો, ઉપનિયમો અથવા નમૂનાઓ, નક્કી કરેલી તારીખની તરતજ પહેલાં અનુગામી નગરપાલિકાના બીજા વિસ્તારોમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂંક, જાહેરનામાઓ, નોટિસ વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો કે પરવાનગીઓ, ઉપ-નિયમો અથવા નમૂનાઓ (જો કંઈપણ હોય તો તે) રદ કરીને તેવીરીતે લાગુ પાડેલી અને અમલમાં આણેલી બાબતોને આ અધિનિયમ અન્વયે વધુ રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી તેવા બીજા તમામ અથવા તે પૈકી કોઈ વિસ્તારને લાગુ પાડતા બાબત અને તેમાં તેમની શરૂઆત કરતા બાબત;

(૧૧) આવા વિદ્યમાન સ્થાનિક સત્તામંડળે અથવા તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિત કરેલ અને નક્કી કરેલી તારીખની તરતજ પહેલાં કોઈ વિદ્યમાન સ્થાનિક સત્તામંડળના વિસ્તારની અંદર અમલમાં હોય તેવા તમામ અથવા કોઈ અંદાજપત્રો, આકારણીઓ, આકારણીઓની યાદીઓ, મૂલ્યાંકનો, માપણીઓ અથવા વિભાજનો રદ કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તેના વિસ્તારની યાદીઓ, મૂલ્યાંકનો, માપણીઓના અથવા વિભાજનો રદ કરવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાંસુધી તેના વિસ્તારની અંદર ચાલુ રાખવા બાબત;

(૧૨) ખંડો (ક) થી (ઘ)માં ઉલ્લેખેલા કોઈ ફેરફારને લીધે જે કંઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તે દૂર કરવા બાબત

(૨) વિદ્યમાન સ્થાનિક સત્તામંડળની માલમત્તા, હકો અને જવાબદારીઓ તબદીલ કરતો હુકમ આ કલમ અન્વયે કરવામાં આવ્યો હોય ત્યારે તે હુકમની રૂએ, વિદ્યમાન સ્થાનિક સત્તામંડળની આવી માલમત્તા, હકો અને જવાબદારીઓ તબદીલ કરી લેનારને પ્રાપ્ત થશે અને તેની માલમત્તા હકો અને જવાબદારીઓ રહેશે.

---

## [1] [ પ્રકરણ ૧૭

### ગ્રામ [2] [ * * ] પંચાયતોને નગરપાલિકામાં ફેરફાર માટેની ખાસ જોગવાઈઓ

અર્થઘટન. ૨૬૬-ક આ પ્રકરણના હેતુઓ માટે સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,

(ક) 'ગ્રામ' એટલે 'પંચાયત અધિનિયમ' હેઠળ રચાયેલું ગ્રામ અથવા ગ્રામ તરીકે ગણાતો વિસ્તાર;

(ખ) 'ગ્રામ પંચાયત' એટલે ગ્રામ માટે રચાયેલી અથવા રચાયેલી ગણાતી ગ્રામ પંચાયત અને તેમાં, 'પંચાયત અધિનિયમ' હેઠળ ગ્રામ પંચાયતની સત્તા વાપરવા અને તેનાં કાર્યો બજાવવા માટે નિમાયેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

(ગ) [3] [ * * * * ]

(ઘ) [3] [ * * * * ]

(ચ) [3] [ * * * * ]

(છ)* 'પંચાયત અધિનિયમ' એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧. સન ૧૯૬૨નો ગુજરાતનો ૬ઠ્ઠો.

[4] [ગ્રામ પંચાયતને નગરપાલિકામાં ફેરવવામાં આવે, ત્યારે તેની અસર.] ૨૬૬-ખ [5] [કોઈ વિસ્તારને, ભારતના સંવિધાનની કલમ ૨૪૩-નના ખંડ (૨) હેઠળ વચગાળાના વિસ્તાર અથવા યથાપ્રસંગ, નાનો શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલ ગ્રામમાં સમાવિષ્ટ કર્યો હોય ત્યારે, જે તારીખે આવો વિસ્તાર તેવી રીતે નિર્દિષ્ટ કરવામાં આવે, તે તારીખથી નીચેનાં પરિણામો આવશે, એટલે કે:— ]

---

૧. સન ૧૯૮૦ના ગુજરાત અધિનિયમ ૨૦ની કલમ ૮ થી આ નવું પ્રકરણ ૧૭-ક દાખલ કર્યું છે.

૨. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ૧૭ની કલમ ૨૭, થી પ્રકરણ-૧૭-કમાં શીર્ષકમાં "અથવા નગર" એ શબ્દો કમી કરેલ છે.

૩. એજનની કલમ ૨૮ થી, ખંડો (ગ) (ઘ) અને (ચ) કમી કરેલ છે.

૪. એજનની કલમ ૨૯ (૧)થી 'કલમ ૨૬૬-ખમાં હાંસિયાની નોંધમાં 'નગર' એ શબ્દોને બદલે, 'ગ્રામ' એ શબ્દો મૂકયા છે.

૫. એજનની કલમ ૨૯ (૨) થી કલમ ૨૬૬-ખમાં, કલમ ૪-કની પેટા-કલમ (૧) હેઠળ એ શબ્દોથી શરૂ થતા અને નીચેના પરિણામો આવશે એટલે કે એ શબ્દોથી પૂરા થતા શબ્દોને બદલે આ શબ્દો મૂકેલ છે.

* હવે જુઓ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૧લો.)

(ક) સ્થાનિક વિસ્તારમાં કાર્ય કરતી પંચાયતોનું વિસર્જન થયેલું ગણાશે અને આવી પંચાયતના, યથાપ્રસંગ, સરપંચ અને ઉપસરપંચ અથવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ અને બીજા તમામ સભ્યો પોતાના હોદ્દા ખાલી કરશે;

(ખ) (૧) ગ્રામની પંચાયતનો ચૂંટેલો સભ્ય, ગ્રામોના સમૂહ માટે રચાયેલ ન્યાયપંચાયતના સભ્ય હોતા બંધ થશે અને સદરહુ ન્યાય પંચાયત, સમૂહમાં રહેલા ગ્રામોની સંખ્યા ત્રણ કરતાં ઓછી થઈ જાય તે સિવાય, સ્થાનિક વિસ્તાર સિવાયના ગ્રામોના સમૂહના સંબંધમાં કાર્ય કરવાનું ચાલુ રાખશે.

(૨) વિસર્જિત નગરપંચાયતોની ન્યાય પંચાયતનું વિસર્જન થયેલું ગણાશે અને તેના તમામ સભ્યો પોતાના હોદ્દા ખાલી કરશે;

(૩) વિસર્જિત પંચાયતનું સમાધાન પંચ અસ્તિત્વમાં રહેતું બંધ થશે;
[^1](ગ) [ × × × ]

[^2][(ઘ) આ અધિનિયમ હેઠળ આવા વિસ્તાર માટે નગરપાલિકાની રચના કરવામાં ન આવે ત્યાં સુધી આવા વિસ્તાર માટેની નગરપાલિકાની સત્તા વાપરવા તથા તેનાં ફરજો અને કાર્યો બજાવવા માટે રાજ્ય સરકાર વહીવટકર્તા તરીકે અધિકારી નીમશે;

(ઘઘ) આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર સદરહુ તારીખથી છ મહિનાની મુદતની અંદર નગર-પાલિકા ફરી રચવી જોઈશે. આવી રીતે ફરી રચવામાં આવેલી નગરપાલિકા અને કાઉન્સિલરોની મુદત, આ અધિનિયમની કલમ ૮માં જોગવાઈ કર્યા પ્રમાણેની મુદત જેટલી રહેશે,]

(ચ) ગ્રામફંડ [3][***] બિન-વપરાયેલી સિલક અને વિસર્જિત નગર પંચાયતની, દર, કર તથા ફીની બાકી સહિતની મિલકત અને સદરહુ તારીખ પહેલાં પંચાયતમાં નિહિત થયેલ હોય તેવાં તમામ હકો અને સત્તા તેને અસરકરતા તમામ બોજા અને જવાબદારીઓને અધીન રહીને નગરપાલિકાની રચના કરવામાં ન આવે ત્યાં સુધી [3][ * * ]નગરપાલિકા વતી વહીવટકર્તા અથવા વહીવટકર્તાઓમાં અને નગરપાલિકાની રચના થયેથી, આવી નગરપાલિકામાં નિહિત થશે;

(છ) (૧) સ્થાનિક વિસ્તારના સંબંધમાં સદરહુ તારીખની તરત જ પહેલાં 'પંચાયત અધિનિયમ' અન્વયે કરેલ, કાઢેલ અથવા આપેલ અથવા કરેલા, કાઢેલા અથવા આપેલા હોવાનું ગણાતા કોઈ નિમણૂંક, જાહેરનામું, નોટિસ, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ અથવા નમૂના આ અધિનિયમ હેઠળ કરેલ, કાઢેલ અથવા આપેલ બીજી કોઈ નિમણૂંક જાહેરનામું, નોટિસ, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ અથવા નમૂનાથી રદ કરવામાં આથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી, મ્યુનિસિપલ બરોના સંબંધમાં અમલમાં ચાલુ રહેશે અને તે સંબંધમાં કરેલ, કાઢેલ અથવા આપેલ છે એમ ગણાશે;

(૨) સ્થાનિક વિસ્તારમાં રાજ્ય સરકાર દ્વારા અથવા વિસર્જિત ક્ષ્પંચાયત દ્વારા સદરહુ તારીખની તરત જ પહેલાં લેવાતાં હતાં તેવાં 'પંચાયત અધિનિયમ'ની કલમ ૧૮૧ હેઠળ નાખેલ ઉપકર ન હોય તેવા) કોઈ કર, ફી અથવા ઉપકર, આ અધિનિયમ હેઠળ નાખેલાં બીજા કોઈ કર, ફી, અથવા ઉપકરથી રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી મ્યુનિસિપલ બરોમાં લેવાતા ચાલુ રહેશે.

સન ૧૯૦૪નો મુંબઈ નો ૧લો.

(૩) સ્થાનિક વિસ્તારમાં તાલુકા પંચાયત અથવા જિલ્લા પંચાયત દ્વારા સદરહુ તારીખની તરત પહેલાં લેવાતાં હતાં, તેવાં કોઈ કર, ફી અથવા ઉપકર અથવા 'પંચાયત અધિનિયમ'ની કલમ, ૧૮૧ હેઠળ રાજ્ય સરકાર દ્વારા લેવાતો હતો તેવો ઉપકર, જે નાણાંકીય વર્ષમાં સદરહુ તારીખ આવતી હોય તે નાણાંકીય વર્ષની આખરે આવા કર, ફી અથવા ઉપકરની બાકી રકમ સંબંધી હોય તે સિવાય, એવું નાણાંકીય વર્ષ પૂરું થયા પછી મ્યુનિસિપિલ બરોમાં તેવી રીતે લેવાતાં બંધ થશે, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૭ની જોગવાઈઓ, સ્થાનિક વિસ્તારને લાગતું વળગતું હોય તેટલે સુધી 'પંચાયત અધિનિયિમ' ગુજરાત અધિનિયમથી તે વખતે રદ કરવામાં આવ્યો હોય તેમ લાગુ પડશે.

(જ) સ્થાનિક વિસ્તારના સંબંધમાં સદરહુ તારીખની તરત જ પહેલાં 'પંચાયત અધિનિયમ' હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ તમામ, અંદાજપત્રો, આકારણીઓ, આકારણીની યાદીઓ, મૂલ્યાંકનો અથવા માપણીઓ આ અધિનિયિમ હેઠળ કરેલ અથવા પ્રમાણિત કરેલ ગણાશે.

---

૧. એજનની કલમ ૨૯ (૩) થી ખંડ (ગ) કમી કરેલ છે.

૨. એજનની કલમ ૨૯ (૪)થીખંડ (ઘ)ને બદલે આ નવો ખંડ મૂકેલ છે.

૩. સને ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની કલમ ૨૯ની (૫)થી "અથવા નગરફંડની" "અને વચગાળાની" એ શબ્દો કમી કર્યા છે.

(ઝ) સદરહુ તારીખની તરત જ પહેલાં અને તે તારીખે ચાલુ હોય તેવાં વિસર્જિત પંચાયતે, કરેલાં અથવા તેની વતી કરેલાં તમામ દેવાં તથા જવાબદારીઓ અને તમામ કરારો, નગરપાલિકાની રચના કરવામાં ન આવે ત્યાં સુધી, [૦૦૦ નગરપાલિકાએ અને નગરપાલિકાની રચના કર્યે થી, આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને આપેલ સત્તાની રૂએ એવી નગરપાલિકાએ માથે લીધેલા અને કરેલા ગણાશે :

(ટ) સદરહુ તારીખની તરત જ પહેલાં વિસર્જિત પંચાયતની નોકરીમાંના તમામ અધિકારીઓ અને નોકરો નગરપાલિકાની રચના કરવામાં ન આવે, ત્યાં સુધી [૦૦૦ ]નગરપાલિકાના અને નગરપાલિકા રચવામાં આવ્યે આ અધિનિયમ અન્વયે એવી નગરપાલિકાની અધિકારીઓ અને નોકરો ગણાશે અને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર બીજી જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી, તેમને સદરહુ તારીખે તેઓ મેળવવા હકદાર હોય તેવાં પગાર અને ભથ્થાં મળશે અને જે સેવાની શરતોને અધીન હોય તે સેવાની શરતોને અધીન રહેશે:

પરંતુ, ૨[ * * * ] નગરપાલિકાને, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીને અધીન રહીને જે કોઈ અધિકારી અથવા નોકર, તેના અભિપ્રાય મુજબ, યથાપ્રસંગ, વચગાળાની નગરપાલિકા અથવા નગરપાલિકાની સેવાની આવશ્યકતા જોતાં જરૂરી ન હોય અથવા તે માટે યોગ્ય ન હોય તે અધિકારી અથવા નોકરની સેવાઓ, તેની નોકરીની શરતો મુજબ તેવા અધિકારી અથવા નોકરને આપવી જરૂરી હોય તેવી નોટિસ આપ્યા પછી, ચાલુ નહિ રાખવાની સત્તા રહેશે અને જેમની સેવાઓ ચાલુ રાખવામાં આવી ન હોય તે દરેક અધિકારી અથવા નોકર, જેની નોકરીમાં તે હોય તે પંચાયત અસ્તિત્વમાં હોતી સંબંધ થઈ ન હોય તેમ, સેવામાંથી અમાન્ય ઠરાવવામાં આવતાં, તે જે લેવા અથવા મેળવવા હકદાર થાય તે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેચ્યુઈટી મેળવવા હકદાર રહેશે;

(ઠ) વિસર્જિત પંચાયત સમક્ષ સદરહુ તારીખે નિકાલ બાકી તમામ કાર્યવાહી નગરપાલિકાની રચના કરવામાં ન આવે ત્યાંસુધી, વચગાળાની નગરપાલિકાને અને નગરપાલિકા રચવામાં આવ્યે, એવી નગરપાલિકાને તબદીલ થયેલી અને તેણે ચાલુ રાખેલી ગણાશે;

(ડ) વિસર્જિત પંચાયત સમક્ષ સદરહુ તારીખે નિકાલ બાકી તમામ અપીલોનો, શકય હોય તેટલે સુધી, તે ફાઈલ કરવામાં આવી હતી, ત્યારે સ્થાનિક વિસ્તાર, મ્યુનિસિપલ બરો હોય તેમ નિકાલ કરવામાં આવશે;

(ઢ) વિસર્જિત પંચાયતે માંડેલાં અથવા તેના વતી માંડવામાં આવેલાં તમામ ફોજદારી કામ અને એવી પંચાયતે અથવા વિસર્જિત પંચાયતના કોઈપણ અધિકારીએ માંડેલ અથવા તેની સામે માંડવામાં આવેલ, સદરહુ તારીખે નિકાલ બાકી તમામ દાવા અથવા બીજી કાનૂની કાર્યવાહી, નગરપાલિકા રચવામાં ન આવે ત્યાં સુધી, વચગાળાની નગરપાલિકાએ અથવા તેની સામે અને નગરપાલિકા રચવામાં આવ્યે, એવી નગરપાલિકાએ અથવા તેની સામે, જ્યારે એવું ફોજદારી કામ, દાવા અથવા કાર્યવાહી માંડવામાં આવી હતી, ત્યારે સ્થાનિક વિસ્તાર, જાણે કે મ્યુનિસિપલ બરો હોય તેમ, ચાલુ રાખવા જોઈશે અથવા તેની સામે ચાલુ રહેશે;

(ત) (૧) 'પંચાયત અધિનિયમ' ની કલમ ૨૮૨ ની પેટા-કલમો (૨) અને (૩)ની જોગવાઈઓ, યથાપ્રસંગ, વિસર્જિત ન્યાય પંચાયત સમક્ષ અથવા ખંડ (ખ) ના પેટા-ખંડ (૧) હેઠળ કાર્ય કરતી ન્યાય પંચાયત સમક્ષ નિકાલ બાકી કોઈપણ દાવા અથવા મુકદમાના સંબંધમાં, જેટલે અંશે આવા દાવા અને મુકદમા ગ્રામમાં સમાવિષ્ટ થયેલ વિસ્તારને લગતા હોય તેટલે અંશે, જાણે કે યથાપ્રસંગ, જિલ્લા અથવા સેસન્સ કોર્ટે આવા દાવા અથવા મુકદમા રદ કરતી સદરહુ કલમ ૨૮૨ની પેટા-કલમ (૧) હેઠળ કર્યો હોય તેમ, લાગુ પડે છે એમ ગણાશે અને

(૨) દાવામાં હુકમનામાની અથવા હુકમોની અમલ બજવણી માટેની અને મુકદમાઓમાં દંડ અને વળતર વસૂલ કરવા માટેની નિકાલ બાકી તમામ કાર્યવાહી અને અરજીઓ, જાણે ન્યાય પંચાયતની રચના કરવામાં આવી ન હોત, તો દાવો કે મુકદમાની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકુમત હોત તેવી સૌથી નીચલા દરજ્જાના દિવાની ન્યાયાધીશની કોર્ટને અથવા યથાપ્રસંગ, મેજિસ્ટ્રેટની કોર્ટને તબદીલ કરવામાં આવશે, અને યથાપ્રસંગ આવી દિવાની કોર્ટે અથવા મેજિસ્ટ્રેટની કોર્ટ જેમાંથી કાર્યવાહી અથવા અરજીઓ ઉપસ્થિત થઈ હોય તે દાવા અથવા મુકદ્દમા એવી દિવાની કોર્ટે અથવા આવા મેજિસ્ટ્રેટની કોર્ટે સાંભળ્યા હોય અને તેનો નિર્ણય કર્યો હોય તેમ, તે કાર્યવાહી અથવા અરજી હાથ ધરવાની રહેશે.

(થ) સદરહુ તારીખની તરત પહેલાં નગરને લાગુ પડતો હોય અને તેમાં અમલમાં હોય તેવા કોઈ (પંચાયત અધિનિયમ સિવાયનો) કાયદો અથવા તેવા કાયદા હેઠળ કાઢેલ કોઈ નિયમ, ઉપ-નિયમ, જાહેરનામું અથવા હુકમ, મ્યુનિસિપલ બરોને તે પદચ્યુત કરવામાં ન આવે ત્યાં સુધી, લાગુ પડતો અને તેમાં અમલમાં હોતો ચાલુ રહેશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની કલમ ૨૯ (૬)થી "વચગાળાની" એ શબ્દ કમી કર્યો છે.
૨. એજનની કલમ ૨૯ (૭) થી "વચગાળાની" એ શબ્દ અને "યથાપ્રસંગ, વચગાળાની નગરપાલિકા અથવા" એ શબ્દો કમી કરેલ છે.

૨૬૬-ગ. ૧[ * * * ]

૨૬૬-ઘ. ૧[ * * * ]

૨૬૬-ચ. ૧[ * * * ]

## પ્રકરણ ૧૮મું

## પ્રકીર્ણ જોગવાઈઓ

૨૬૭. પ્રમુખ, ઉપપ્રમુખ, મુખ્ય અધિકારી અથવા એવા હેતુ માટે મુખ્ય અધિકારીએ અધિકૃત કરેલો કોઈ અધિકારી આ અધિનિયમના કોઈ હેતુ માટે સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચે પોતાને જરૂરના જણાય તેટલા સહાયકો સાથે કોઈ ઈમારત અથવા જમીનમાં અથવા તે ઉપર દાખલ થાય, તો તે કાયદેસર ગણાશે: આ અધિનિયમ માના હેતુઓ માટે દાખલ થવા બાબત.

પરંતુ આમાં બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, તે વખતે ભોગવટામાં હોય તેવી કોઈ ઈમારત અથવા જમીનમાં તેનો ભોગવટો કરનારની સંમતિથી હોય તે સિવાય, તે બાબતની ચોવીસ કલાકની લેખિત નોટિસ તેને આપ્યા વગર દાખલ થવું નહિ:

વધુમાં માનવ રહેઠાણ તરીકે વપરાતી હોય તે ઈમારતોની બાબતમાં, તેમના ભોગવટો કરનારાઓની સામાજિક તથા ધાર્મિક રૂઢિઓ તરફ યોગ્ય લક્ષ આપવું જોઈશે.

૨૬૮. (૧) કલમ ૨૬માં સ્પષ્ટપણે ઠરાવ્યું હોય તે સિવાય, આ અધિનિયમથી જે કાંઈ વળતર અથવા નુકશાની આપવાનું ફરમાવ્યું હોય તે બાબત જો કાંઈ કબૂલાત ન થાય તો તે વળતર અથવા નુકશાનીની રકમ અને, જો જરૂર હોય તો તેની ફાળવણી પાંચ વ્યકિતઓની પંચાયતને નિશ્ચિત કરવી અને નક્કી કરવી જોઈશે. આ પાંચ વ્યકિતઓમાંની બે વ્યકિતઓને નગરપાલિકાએ નિમણૂક કરવી અને બે વ્યકિતઓને એવું વળતર અથવા નુકશાની જેને આપવાની હોય અથવા જેની પાસેથી વસૂલ કરવાની હોય તે પક્ષકારે નિમણૂક કરવી અને એક વ્યકિતની ઉપર કહ્યા પ્રમાણે નિમણૂક થઈ ચૂકેલા સભ્યોએ પસંદ કરવી જોઈશે; તે પાંચમી વ્યકિત સરપંચ કહેવાશે. વળતર વગેરેની બાબતોમાં લવાદી.

(૨) કોઈ એક પક્ષકાર તરફથી બીજા પક્ષકારને આવા વળતર અથવા નુકશાનીના દાવા બાબત લેખિત નોટિસ મળ્યાની તારીખથી એક મહિનામાં બંને પક્ષકારોમાંથી કોઈ એક પક્ષકાર સભ્યને નિમણૂક કરવાનું ચૂકે અથવા સભ્યો સરપંચ પસંદ કરવાને ચૂકે, તો પંચાયત રચવાને જેટલા સભ્યોની જરૂર હોય તેટલા સભ્યો કોઈપણ એક પક્ષકારના કહેવા ઉપરથી જિલ્લા ન્યાયાધીશે નિમણૂક કરવી જોઈશે.

સન ૧૮૯૪નો ૧ લો. (૩) સરપંચ પસંદ થયાની અથવા પંચાયત રચવાને માટે જરૂરના હોય તેટલા સભ્યોને જિલ્લા કોર્ટે નિમણૂક કર્યાની તારીખથી એક મહિનાની અંદર પંચાયત નિર્ણય ન આપે ત્યારે તે બાબતનો નિર્ણય, બંને પક્ષકારોમાંથી એક પક્ષકાર અરજી કર્યે, જિલ્લા કોર્ટે કરવો જોઈશે. તે વળતર જમીનનાં સંબંધમાં માગેલું હોય તો કોર્ટના નિર્ણય માટે મોકલલી બાબતોમાં કાર્યવાહી કરવા માટે જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪માં ઠરાવેલી કાર્યરીતિ શકય હોય તેટલે સુધી તે કોર્ટે અનુસરવી જોઈશે:

પરંતુ —

(ક) કોઈ બાબત નિર્ણય માટે મોકલવા માટે કલેકટરને અરજી કરવાની જરૂર રહેશે નહિ, તથા

(ખ) તમામ કાર્યવાહીઓનું ખર્ચ પોતાને યોગ્ય જણાય એવી કોઈ રીતે આપવાની તથા ફાળે પડતો નાંખવાની તે કોર્ટને સંપૂર્ણ સત્તા રહેશે.

(૪) વળતર જમીનના સંબંધમાં માગેલું હોય અને પંચાયતે નિર્ણય આપેલો હોય એવી કોઈ બાબતમાં બંને પક્ષકારો પૈકી કોઈ એક પક્ષકાર જો તે નિર્ણયથી અસંતુષ્ટ થાય, તો નિર્ણયની તારીખથી એક મહિનામાં જિલ્લા કોર્ટને અરજી કરી શકશે અને તે બાબતનો નિર્ણય જિલ્લા કોર્ટ પેટા-કલમ (૩)ની જોગવાઈઓ અનુસાર કરશે.

(૫) વળતર કોઈ જમીન અથવા ઈમારતના સંબંધમાં માગેલું હોય તેવી કોઈ બાબતમાં યથાપ્રસંગ, પંચાયતે અથવા જિલ્લા કોર્ટે ચૂકાદો આપ્યો હોય તે પછી નગરપાલિકા, પંચાયતે અથવા જિલ્લા કોર્ટે નક્કી કરેલી વળતરની રકમ જે પક્ષકારને આપવાની હોય તેને આપ્યા પછી, તે જમીન અથવા ઈમારતનો કબજો લઈ શકશે, જો આવો પક્ષકાર આવું વળતર સ્વીકારવાની ના પાડે અથવા જો તે જમીન અથવા ઈમારતનું સ્વત્વાર્પણ કરવા યોગ્ય હોય એવી કોઈ વ્યક્તિ ન હોય, અથવા જો વળતર મેળવવાના ઈલાખા બાબત અથવા તેની ફાળવણી બાબત કાંઈ તકરાર હોય, તો નગરપાલિકાએ વળતરની રકમ જિલ્લા કોર્ટમાં અનામત મૂકવી જોઈશે.

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની કલમ ૩૦થી કલમો ૨૬૬-ગ, ૨૬૬-ઘ અને ૨૬૬-ચ કમી કરેલ છે.

ખર્ચ કેવી રીતે નક્કી કરવું તથા વસૂલ કરવું.

૨૬૯. આ અધિનિયમથી જે કાંઈ ખર્ચ આપવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે ખર્ચના સંબંધમાં કંઈ તકરાર ઊભી થાય તો તે ખર્ચની રકમ અને જરૂર હોય તો તેની ફાળવણી આ અધિનિયમમાં સ્પષ્ટપણે બીજી રીતે ઠરાવ્યું હોય તે સિવાય, કારોબારી સમિતિએ નિશ્ચિત અને નક્કી કરવી જોઈશે અને તે રકમ પ્રકરણ ૯ અન્વયે વસૂલ કરી શકાય એવા કોઈ કર બદલ માગવામાં આવતી રકમ, જે રીતે વસૂલ કરી શકાય તે જ રીતે વસૂલ કરી શકાશે.

રેકર્ડ નાણાં અથવા બીજી મિલકત વસૂલ કરવાની અધિકૃત અધિકારીની સત્તા.

૨૭૦. (૧) કોઈ નગરપાલિકાની અરજી મળ્યે, રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલા અધિકારીનો એવો અભિપ્રાય થાય કે જે કોઈ વ્યકિત પાસે, નગરપાલિકાના કોઈ સભ્ય, અધિકારી અથવા નોકર તરીકેના તેના નાતાથી નગરપાલિકાને લગતાં કોઈ રેકર્ડ, નાણાં અથવા બીજી મિલકત કસ્ટડીમાં હતાં તે વ્યકિત યથાપ્રસંગ, હોદ્દા પરથી પોતે નિવૃત્ત થયા પછી, તેને દૂર કર્યા પછી અથવા અન્યથા હોદ્દો ધરાવતી પોતે બંધ થયા પછી આવાં રેકર્ડ અથવા મિલકત સ્વાધીન કરે અથવા આવાં નાણાં ભરે એવો સંભવ નથી, તો આવી રીતે અધિકૃત કરેલો અધિકારી કોઈ લેખિત હુકમ કરીને, એવું ફરમાવી શકશે કે એવી રીતે અટકાવી રાખેલાં રેકર્ડ, મિલકત અથવા નાણાં તુરત જ નગરપાલિકાને સ્વાધીન કરવાં અથવા ભરવાં.

(૨) જો ઉપર્યુકત કોઈ વ્યકિત આદેશ કર્યા પ્રમાણે રેકર્ડ અથવા મિલકત સ્વાધીન કરે નહિ અથવા નાણાં ભરે નહિ તો આવી રીતે અધિકૃત કરેલો અધિકારી તેને પકડાવી શકશે અને જ્યાં સુધી તે રેકર્ડ અથવા મિલકત સ્વાધીન કરે નહિ અથવા નાણાં ભરે નહિ ત્યાં સુધી, દીવાની જેલમાં કેદમાં રાખવા માટે ઠરાવવામાં આવે તે નમૂનામાંના વોરંટ સાથે તેને મોકલી શકશે:

પરંતુ આવી કોઈ વ્યકિતને એક અંગ્રેજી મહિના કરતાં વધુ કોઈ મુદત સુધી એવી રીતે કેદમાં રાખવી નહિ.

(૩) આવી રીતે અધિકૃત કરેલો અધિકારી-

(ક) આવાં કોઈ નાણાં વસૂલ કરવા માટે, જમીન મહેસૂલની બાકી તરીકે આવાં નાણાં વસૂલ કરવાં એવો તે આદેશ કરે તો કાયદેસર ગણાશે અને એવો આદેશ આપવામાં આવ્યે, આવાં નાણાં આવી વ્યકિત પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવા પાત્ર થશે;

સન ૧૮૯૮ નો ૫ મો.

(ખ) આવા કોઈ રેકર્ડ અથવા મિલકત પાછાં મેળવવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ના પ્રકરણ ૭માંની જોગવાઈઓ અન્વયે કોઈ ઝડતીનું વોરંટ કાઢે અને મેજિસ્ટ્રેટ કાયદેસર રીતે વાપરી શકે તે તમામ સત્તા તેના સંબંધમાં વાપરે તો તે કાયદેસર ગણાશે.

(૪) પેટા-કલમ (૧), (૨) અથવા (૩) અન્વયેનું કોઈ પગલું, સંબંધ ધરાવતી વ્યકિતને તેની સામે એવું પગલું શા માટે ન લેવું જોઈએ તે માટે કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા સિવાય, લેવું નહિ,

સ્પષ્ટીકરણ.—આ કલમમાં "સભ્ય" માં નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખનો અને તેની કોઈ સમિતિના અધ્યક્ષનો સમાવેશ થાય છે.

૨૭૦-ક. ૧[ ]

નગરપાલિકાઓએ નિયમો કરવા બાબત.

૨૭૧. નગરપાલિકાએ નીચેની બાબતોમાં આ અધિનિયમ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમો અને હુકમો સાથે અસંગત ન હોય એવા નિયમો કરવા અને તેમાં તે વખતોવખત કરી શકશે અથવા તે રદ કરી શકશે—

(ક) પોતાનું કામકાજ ચલાવવાનું તથા પોતાની કોઈ સત્તા અથવા ફરજો કોઈ સમિતિ અથવા મુખ્ય અધિકારીને સોંપવાનું અથવા કલમ ૫૪-કની જોગવાઈઓને અધીન રહીને, કોઈ સમિતિની સત્તા અથવા ફરજો કોઈપણ બીજી સમિતિ અથવા મુખ્ય અધિકારીને સોંપવાનું અને કલમ ૫૫ અન્વયે સમિતિઓની નિમણૂક કરવા અને રચવાનું નિયમન કરવા બાબત;

(ખ) જેને અધીન રહીને, યાત્રાળુ સમિતિ, યાત્રાળુ ફંડના સંબંધમાં નગરપાલિકાની સત્તા વાપરશે અને તેની ફરજો બજાવશે તે મર્યાદા અને નિયંત્રણો ઠરાવવા બાબત;

પ્રમુખ અને બીજાઓનાં કાર્યો નક્કી કરવા બાબત.

(ગ) પ્રમુખ, ઉપપ્રમુખ અને કોઈ સમિતિના અધ્યક્ષે બજાવવાનાં કારોબારી કાર્યો નક્કી કરવા બાબત;

---

૧. સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની કલમ ૩૧ થી કલમ ૨૭૦-ક કમી કરેલ છે.

(ઘ) નગરપાલિકાએ નોકરીમાં રાખવાનો અધિકારી વર્ગ અને સ્ટાફ અને તેમની સત્તા અને ફરજો નક્કી કરવા બાબત;

**સ્ટાફ.**

(ચ) સામાન્યત: નગરપાલિકાના વહીવટને લગતી તમામ બાબતોમાં પોતાના અધિકારીઓ અને નોકરોનાં માર્ગ-દર્શન બાબત;

**નગરપાલિકાના નોકરો માટે સામાન્ય માર્ગદર્શન.**

(છ) જે કોઈ અધિકારી અથવા નોકર પાસેથી તારણ માગવાનું ઈષ્ટ ગણવામાં આવે તેવા અધિકારી અથવા નોકરે આપવાની તારણની રકમ તથા તે તારણનો પ્રકાર નક્કી કરવા બાબત;

**તારણની રકમ.**

(જ) કલમો ૪૭ અને ૫૦થી નાખેલી મર્યાદાને અધીન રહીને, કોઈ અધિકારી અથવા નોકરોને નિયુક્ત કરવાની શિક્ષા કરવાની અથવા તેને પદચ્યુત કરવાની રીત તથા શરતો નક્કી કરવા બાબત અને કોઈ અધિકારી અથવા નોકરની નિમણુક કરવાની તેનો દંડ કરવાની, પાયરી ઉતારવાની, તત્કાલ પૂરતો હોદા પરથી દૂર કરવાની અથવા પદચ્યુત કરવાની સત્તા નિયમોમાં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓને સોંપવા બાબત,

**નગરપાલિકાના નોકરોની નિમણૂંકની રીત.**

(ઝ) પોતાના અધિકારીઓ અથવા નોકરોને રજા આપવાના સંબંધમાં નિયમન કરવા બાબત અને તેઓ રજા ઉપર હોય તે દરમિયાન તેમની જગાએ કામ કરવા માટે જો કોઈ વ્યક્તિ નીમવામાં આવે તો તેને આપવાનું મહેનતાણું નક્કી કરવા બાબત;

**નગરપાલિકાના નોકરોની રજા બાબત.**

(ટ) પોતાના અધિકારીઓ અને નોકરોની મુદતનું નિયમન કરવા બાબત અને એવા અધિકારીઓ અને નોકરો અથવા તેઓ પૈકી કોઈ નિવૃત્ત થાય અથવા નોકરીમાંથી તેને છૂટો કરવામાં આવે અથવા તે પોતાની ફરજ બજાવતાં અસમર્થ થાય ત્યારે તેમને જે શરતે પેન્શન ગ્રેચ્યુઈટી અથવા દયાપ્રેરિત ભથ્થાં આપવા જોઈશે તે શરતો અને એવાં પેન્શન ગ્રેચ્યુઈટી અથવા દયાપ્રેરિત ભથ્થાંની રકમ નક્કી કરવા બાબત: અને પોતાની ફરજ બજાવતાં જેમનું મૃત્યુ થાય એવા અધિકારીઓ અથવા નોકરોની પાછળ જીવતા રહેલાં સગાંને જે શરતે કોઈ ગ્રેચ્યુઈટી અથવા દયાપ્રેરિત ભથ્થાં આપી શકાય તે શરતો ઠરાવવા બાબત;

**પેન્શન વગેરે.**

(ઠ) જે કોઈ પેન્શન અથવા પ્રોવિડન્ટ ફંડ નગરપાલિકા પોતે સ્થાપે અથવા તેની મંજુરીથી તેના અધિકારીઓ અથવા નોકરો સ્થાપે તે ફંડમાં એવા નિયમોમાં ઠરાવવામાં આવે એવા દરે તથા એવી શરતોને અધીન રહીને ફાળો આપવાનું અધિકૃત કરવા બાબત;

**પ્રોવિડન્ટ ફંડ.**

(ડ) કોઈ પ્રોવિડન્ડ ફંડમાં ફાળો આપતા હોય તેવા કોઈ અધિકારીઓ અથવા નોકરોને ઉપર કહ્યાપ્રમાણે સ્થપાયેલા કોઈ પ્રોવિડન્ટ ફંડમાં ભૂતલક્ષી અસરથી અથવા ભવિષ્યલક્ષી અસરથી નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોથી, જોડાવાનો વિકલ્પ વાપરવાને શક્તિમાન બનાવવા બાબત અને તેવા અધિકારીઓ અથવા નોકરોએ અને નગરપાલિકાએ પ્રોવીડન્ટ ફંડમાં આપેલ અને જે તારીખે તે વિકલ્પ વાપરવામાં આવે તે તારીખે તે અધિકારીઓ અથવા નોકરોને ખાતે જમે હોય તે ફાળાઓની રકમની કેવી રીતે વ્યવસ્થા કરવી તે માટે પ્રબંધ કરવા બાબત;

(ઢ) નગરપાલિકાના હેતુઓ માટે નગરપાલિકામાં લેવાના કર તથા એવા કરના સંબંધમાં જે સંજોગોમાં મુક્તિ આપ-વામાં આવશે તે સંજોગો જે શરતોએ તથા જે હદ સુધી છૂટ આપવામાં આવશે તે શરતો તથા હદ અને જે પધ્ધતિએ નાણાં પાછાં આપવાનું મંજૂર કરવામાં આવશે અને તે પાછાં આપવામાં આવશે તે પધ્ધતિ ઠરાવવા; બાબત, કલમ ૧૧૯ અન્વયે કોઈ કરને બદલે નકકી કરવાના ચાર્જ અથવા ભરવાની રકમોની મર્યાદા ઠરાવવા બાબત; કલમ ૧૧૮ અન્વયે આપેલ લાઈસન્સ અથવા પરવાનગી માટે તથા નકલો આપવા માટે તથા વજન અને માપ પર છાપ મારી આપવા માટે લેવાની ફી ઠરાવવા બાબત; અને કોઈ કર બદલ લેણી હોય એવી રકમોની માગ-ણીની નોટિસો માટેની તથા ટાંચનાં વોરંટો કાઢવા અને તેની અમલ બજવણી કરવા માટેની ફી તથા ટાંચમાં લીધેલાં કોઈ પશુને નિભાવવા માટે લેવાના દર ઠરાવવા બાબત અને એવાં કર, ચાર્જ, ભરવાની રકમ, ફી, અથવા દર ક્યે વખતે અને કેવીરીતે લેવા અથવા વસૂલ કરવા અથવા આપવાનાં થશે તે ઠરાવવા બાબત અને તેવી રકમો લેવાનેઅધિ-કૃત કરી હોય તે વ્યક્તિઓને ઠરાવવા બાબત તથા કલમ ૧૩૪ અન્વયે જંગમ અને સ્થાવર મિલકતનાં લીલામ કેવી રીતે કરવાં તે ઠરાવવા બાબત;

**કર ઠરાવવા બાબત.**

(ત) કોઈ કર બદલ અથવા કોઈ કર વસુલ કરવાના ખર્ચ બદલ લેણી થયેલી રકમો વસૂલ થઈ શકે એવી નથી એમ ગણીને જે શરતોને અધીન રહીને તે માંડી વાળી શકાય તે શરતો અને ટાંચ બદલ લેવાની કોઈ ફીની તમામ રકમની અથવા તેના કોઈ ભાગની છૂટ કારોબારી સમિતિ જે શરતોને અધીન રહીને આપી શકે તે શરતો ઠરાવવા બાબત;

**લેણી થયેલી રકમો માંડી વાળવા બાબત.**

પરંતુ —

(થ) આ કલમ અન્વયે કરેલા કોઈ નિયમ અથવા નિયમમાં કરેલો કોઈ ફેરફાર અથવા નિયમ રદ કરવાની કોઈ બાબત, રાજ્ય સરકારે તે મંજૂર કરેલ ન હોય તો અને ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

**નિયમોના સંબંધમાં મંજૂર જરૂરી હોવા બાબત.**

સરકારની નોકરીમાંથી અથવા તેવી નોકરીમાં બદલવામાં આવેલા અધિકારીઓ બાબત.

(ખ) કોઈ નગરપાલિકાના તાબા હેઠળ નોકરી કરતા અથવા નોકરી કરી હોય એવા કોઈ અધિકારીને સરકારની નોકરીમાંથી અથવા તેવી નોકરીમાં આવ્યો હોય અથવા બદલવામાં આવે અથવા અંશત: સરકારની નોકરીમાં અને અંશત: કોઈ નગરપાલિકાની નોકરીમાં રોકવામાં આવ્યો હોય, તો સરકાર હેઠળની તેની નોકરીની શરતોથી ફરમાવવામાં આવે તેટલો તેણે અથવા તેના વતી આપવાનો ફાળો તે નગરપાલિકાએ તેની પેન્શન અને રજાનાં ભથ્થાંમાં આપવો જોઈશે.

પદચ્યુતિના અમુક કિસ્સાઓમાં નોટિસની જરૂર.

(ગ) સરકારની નોકરીમાંથી નગરપાલિકાની નોકરીમાં બદલવામાં આવેલા અથવા અંશત: સરકારની નોકરીમાં અને અંશત: નગરપાલિકાની નોકરીમાં રોકવામાં આવેલા કોઈ અધિકારીને લાગતી વળગતી સરકારની અનુમતિથી હોય તે સિવાય લાગતી વળગતી સરકારને છ મહિના આગળથી નોટિસ આપ્યા વગર, નોકરીમાંથી છૂટો કરવો નહિ અથવા નગરપાલિકાની નોકરીમાંથી સરકારની નોકરીમાં બદલવામાં આવેલા કોઈ અધિકારીને, નગરપાલિકાની નોકરીમાંથી આખરી રીતે પદચ્યુત કરવો નહિ.

સ્વવિવેક અનુસાર નિયમો કરવાની સત્તા.

૨૭૨. નગરપાલિકા પોતાના અધિકારીઓ અને નોકરો અથવા તેઓમાંથી જે કોઈ નોકરી દરમિયાન મૃત્યુ પામે તેની પાછળ જીવતા રહેલાં સગાંને કઈ શરતોએ ગ્રેચ્યુઈટી અથવા દયાપ્રેરીત ભથ્થાં આપી શકાય તે શરતો, તથા એવાં ગ્રેચ્યુઈટી અથવા દયાપ્રેરીત ભથ્થાંની રકમ નકકી કરતા આ અધિનિયમ અને રાજ્ય સરકારે આ અધિનિયમ અન્વયે કરેલા નિયમો અથવા હુકમો સાથે અસંગત ન હોય તેવા નિયમો સ્વવિવેક અનુસાર કરી શકશે :

પરંતુ આ કલમ અન્વયે કરેલા કોઈ નિયમમાં કરેલા કોઈ ફેરફાર અથવા રદ કરવાની કોઈ બાબત, રાજ્ય સરકારે તે મંજૂર કરેલ ન હોય તો અને ત્યાંસુધી અમલમાં આવશે નહિ.

૨૭૩. [1][ * * * ]

કોઈપણ વર્તમાન કર મોકૂફ રાખવાની, ઓછો કરવાની અથવા નાબૂદ કરવાની સત્તા.

૨૭૪. (૧) કલમ ૨૭૧ ના પરંતુક ના ખંડ (ક)નાં ફરમાનોને અધીન રહીને, નગરપાલિકા કોઈપણ વખતે કોઈ વાજબી કારણસર કલમ ૧૦૧ના પરંતુકના ખંડ (ખ)માં બીજી રીતે ઠરાવ્યું છે તે સિવાય, કોઈ વિદ્યમાન કર, જે નિયમથી એવો કર ઠરાવવામાં આવ્યો હોય તે નિયમ મોકૂફ રાખીને, તેમાં ફેરફાર કરીને અથવા તે રદ કરીને મોકૂફ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે નાબૂદ કરી શકશે.

(૨) કર નાખવાને લગતા પ્રકરણની જોગવાઈઓ કોઈપણ કરનાં મોકૂફી ફેરફાર, અથવા નાબૂદીને તથા કોઈ કર ઠરાવતા કોઈ નિયમનાં મોકૂફી ફેરફાર અથવા રદ કરવાની બાબતને શકય હોય તેટલે સુધી લાગુ પડશે.

ઉપનિયમો કરવાની સત્તા.

૨૭૫. (૧) નગરપાલિકા નીચેની બાબતો માટે આ અધિનિયમ સાથે અસંગત ન હોય એવા ઉપનિયમો વખતોવખત કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે, એટલે કે:—

બજારો અને કતલખાનાં વગેરે બાબત.

(ક) બજારોના તથા કતલખાનાનાં, અને જે પશુઓ વેચવા અથવા ભાડે આપવાના હોય અથવા જેની પેદાશ વેચવામાં આવતી હોય તે પશુઓ દ્વારા અથવા તેમના માટે વાપરવામાં આવતી હોય તે તમામ જગાઓના નિયમ અને તપાસણી બાબત, અને તે જગાઓમાનું કામકાજ યોગ્ય રીતે અને સ્વચ્છતાપૂર્વક ચાલે તે બાબત; અને તે પૈકી જે કોઈ જગા નગરપાલિકાની માલિકીની હોય તે જગા વાપરવા માટે લેવાનાં ભાડાં તથા બીજું ખર્ચ નકકી કરવા બાબત; નગરપાલિકાના બજારમાં અથવા બીજી નિર્દિષ્ટ કરેલી જગાઓમાં ફળો તથા શાકભાજી વેચવાનું નિયમન કરવા બાબત;

અમુક ધંધાઓનું લાઈસન્સ આપવા નિયમન કરવા અને નિરીક્ષણ કરવા બાબત.

(ખ) નગરપાલિકાની માલિકી ન હોય એવી કોઈ જગા—

(૧) કતલખાના તરીકે,

(૨) વેપારના હેતુ માટે માનવ ખોરાક અથવા પીણાં માટેની કોઈ ચીજ અથવા વસ્તુ બનાવવા, તૈયાર કરવા, ભરી રાખવા, વેચવા અથવા પૂરી પાડવા માટે, પછી એવા ખોરાક અથવા પીણાંના ઉપભોગ એવી જગામાં કરવાનો હોય કે નહિ;

(૩) કલમ ૨૨૧ની પેટા-કલમ (૧)માં જણાવેલા હેતુઓ પૈકી કોઈ હેતુ માટે વાપરવા સારું જે શરતોએ અથવા શરતોને અધીન રહીને તથા જે સંજોગોમાં અને જે વિસ્તારો અથવા લતાનાં સંબંધમાં લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછાં ખેંચી લઈ શકાય ને શરતો, તે સંજોગો, તે વિસ્તારોઅથવા લતાઓ નકકી કરવા બાબત; અને પર કહયા પ્રમાણે વપરાતી કોઈ જગામાં સ્વચ્છતા રહે તે માટે અથવા એવી કોઈ જગામાંથી ઉત્પન્ન થતું અથવા ઉત્પન્ન થાય એવો સંભવ હોય એવું કોઈ હાનિકારક, ત્રાસદાયક અથવા જોખમકારક પરિણામ બને તેટલું ઓછું કરવા માટે તે જગામાં ચાલતાં હોય એવાં કામકાજનાં નિરીક્ષણ અને નિયમન માટે પ્રબંધ કરવા બાબત;

---

૧. સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ૧૫ની કલમ ૪થી કલમ ૨૭૩ કમી કરેલ છે.

**વરાળ સીટી વગેરે વાપરવા બાબત.**

(ઞ) કારખાનામાં અથવા બીજી જગામાં નોકરીમાં રાખેલા કામદારો અથવા વ્યક્તિઓને બોલાવવા અથવા છોડી મૂકવાના હેતુ માટે એવા કારખાના અથવા બીજી જગામાં વરાળ અથવા બીજાં યાંત્રિક સાધનો દ્વારા ચાલતી સીટી તથા તુરાઈ વાપરવા માટે જે શરતોએ અથવા જે શરતોને અધીન રહીને તથા જે સંજોગોમાં અને જે વિસ્તારો અથવા લતાઓનાં સંબંધમાં લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછા ખેંચી લઈ શકાય તે શરતો, તે સંજોગો, તે વિસ્તારો અથવા લત્તાઓ નક્કી કરવા બાબત;

**યાત્રિકો માટેના નિવાસગૃહો.**

(ઘ) કોઈ જગા અથવા ઈમારત યાત્રિકોને ઉતારવા માટે, વાપરવા માટે જે શરતોએ અથવા જે શરતોને અધીન રહીને તથા જે સંજોગોમાં અને જે વિસ્તારો અથવા લત્તાઓના સંબંધમાં લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછા ખેંચી લઈ શકાય તે શરતો, તે સંજોગો, તે વિસ્તાર અથવા લત્તાઓ નક્કી કરવા બાબત; અને એવી જગાઓ અથવા ઈમારતોના તપાસણી અને નિયમન માટે પ્રબંધ કરવા બાબત ;

**ઢોર વગેરેને કોઢમાં બાંધવા બાબત.**

(ચ) ઘોડા, ઊંટ, ઢોર, ગધેડાં, ઘેટાં તથા બકરાંને, તેમનાં સંખ્યાના સંબંધમાં તથા તેમને બાંધવા સારું વાપરવાની જગાઓના સંબંધમાં જાહેર આરોગ્યને જોખમ થતું અટકાવવા માટે જરૂરી હોય તેવા જે વિનિયમો એવા ઉપનિયમો ઠરાવવામાં આવ્યા હોય તે વિનિયમો અનુસાર હોય તે સિવાય બીજી રીતે તેવી જગામાં બાંધવાનો અથવા સમૂહમાં રાખવા ઉપર પ્રતિબંધ કરવા બાબત ;

**દૂધની દુકાનો.**

(છ) મીઠાઈઓ, દૂધ, માખણ, અથવા દૂધની બીજી બનાવટો જે શરતોએ વેચી શકાય તે શરતો તથા મીઠાઈઓ, દૂધ, માખણ અથવા દૂધની બીજી બનાવટોના વેપારી અથવા આયાત કરનાર અથવા વેચનાર તરીકેનો વેપાર અથવા ધંધો કરવા માટે અથવા વેપારના હેતુઓ માટે, દૂધાળાં ઢોરો તબેલામાં રાખવા માટે, દૂધ ભરી રાખવા અથવા વેચવા માટે અથવા માખણ અથવા બીજી દૂધની બનાવટો બનાવવા, ભરી રાખવા અથવા વેચવા માટે, કોઈ જગા વાપરવા માટે જે શરતોએ લાઈસન્સ આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછાં ખેંચી લઈ શકાય તે શરતો નક્કી કરવા બાબત ;

**દુગ્ધાલયો તથા ઢોરના વાડાનું નિયમન કરવા બાબત.**

(જ) (૧) દુધાળાં ઢોરોની તપાસણી બાબત; દુગ્ધાલયનો અથવા દૂધ વેચવાનો વેપાર કરનારી વ્યક્તિઓનાં ભોગવટામાં જે દુગ્ધાલય તથા ઢોરનાં વાડા હોય તેનાં બાંધણી, માપ, હવા, ઉજાસ, સ્વચ્છતા, પાણીનો નિકાલ તથા પાણી પુરવઠાનાં સાધનો ઠરાવવા તથા તેમનું નિયમન કરવા બાબત ;

**દૂધની વખારો વગેરે.**

(૨) દૂધ અથવા માખણ વેચનારાઓ, દૂધ અથવા માખણ માટે જે દૂધની વખારો, દૂધની દુકાનો અને વાસણો વાપરતા હોય તે સ્વચ્છ રાખવા બાબત ;

**જન્મ વગેરેની નોંધ કરવા બાબત.**

(ઝ) નગરમાં જન્મ, મૃત્યુ તથા લગ્નની નોંધ કરવા બાબત અને તેવી નોંધ સારી રીતે થાય તે માટે જરૂરની હોય તેવી માહિતી આપવાની ફરજ પાડવા બાબત ;

**મુડદાંના નિકાલનું નિયમન કરવા બાબત.**

(ટ) મુડદાનાં નિકાલ માટેની જગ્યાઓનાં ઉપયોગ કરવાનો જે સમાજ અથવા સમાજના ભાગને હક હોય તે સમાજ અથવા સમાજના ભાગના ધાર્મિક રિવાજો પ્રત્યે યોગ્ય લક્ષ આપીને મુડદાનાં નિકાલનું નિયમન કરવા બાબત તથા મુડદાંના નિકાલ માટેની તમામ જગાઓ સુરક્ષિત તથા આરોગ્ય રક્ષક સ્થિતિમાં રાખવાનું નિયમન કરવા બાબત ;

**મરકી વિષેની માહિતી આપવાની ફરજ પાડવા બાબત**

(ઠ) કોઈને ભયંકર રોગ થાય તો તેની માહિતી આપવાની ફરજ પાડવા બાબત તથા કલમ ૨૧૪ અને ૨૧૫ ની જોગવાઈઓનો અમલ કરવા બાબત ;

**નગરપાલિકાના કરની પાત્રતા વિષેની માહિતી આપવાની ફરજ પાડવા બાબત.**

(ડ) નગરના રહેવાસીઓ તે નગરોમાં નાખવામાં આવેલ કોઈ કર કેટલો આપવાને પાત્ર છે તે નક્કી કરવા માટે જરૂરાં હોય તેવી માહિતી પૂરી પાડવાની તેમને ફરજ પાડવા બાબત ;

**ઓકટ્રોઈ.**

(ઢ) ઓકટ્રોયનાં હદ તથા નાકાં નક્કી કરવા બાબત; ઓકટ્રોયનાં કોષ્ટકો પ્રદર્શિત કરવા માટેનો પ્રબંધ કરવા બાબત; આ અર્થે રાજ્ય સરકાર કરે તે કોઈ સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, જેના ઉપર ઓકટ્રોઈ ભરવામાં આવી હોય તેવાં પશુઓ અથવા માલ અથવા તેવાં પશુઓ અથવા માલમાંથી પૂર્ણત: અથવા અંશત: તૈયાર કરેલી ચીજોની ફરી નિકાસ કરવામાં આવે, ત્યારે તે બદલ જે પધ્ધતિથી નાણાં પાછાં આપવાના થાય તે પધ્ધતિનું તથા નગરમાં ઉપભોગમાં લેવાનો, ઉપયોગ કરવાનો અથવા વેચવાનો ઈરાદો નથી એવું જેમના સંબંધમાં જાહેર કર્યું હોય એવાં પશુઓને કસ્ટડીમાં રાખવાનું અથવા એવો માલ ભરી રાખવાનું નિયમન કરવા બાબત; અને ઓકટ્રોયનાં નાણાં પાછાં મળવા માટેનો કોઈ દાવો જે મુદત બાદ દાખલ કરી શકાશે નહિ તે મુદત તથા નાણાં પાછાં મળવા બાબતનો કોઈ દાવો ઓછામાં ઓછી કેટલી રકમ માટે કરી શકાય તે ઠરાવવા બાબત;

**પાણીનાં રક્ષણ બાબત.** (ત) નગરની હદમાંના અથવા તેની હદ બહારનાં પાણી પુરવઠાનાં ઉદ્‌ભવ સ્થાનો અને સાધનો તથા પાણીની વહેંચણીનાં સાધનોનું સંરક્ષણ કરવા બાબત તથા તેમને નુકશાન થતું અટકાવવા બાબત; અને પાણી પૂરું પાડવા તથા વાપરવા સંબંધી અને પાણી છોડવા અથવા વાળવા સંબંધી તથા તેનો દુર્વ્યય અટકાવવા સંબંધી તમામ બાબતો અને વસ્તુઓનું નિયમન કરવા બાબત અને નગરપાલિકાનાં પાણીનાં કામ તથા તેમને લગતાં નળ તથા જોડાણો, પછી તે નગરપાલિકાની મિલકત હોય કે ન હોય, તે બાંધવાનું તથા નિભાવવાનું તથા તે ઉપર નિયંત્રણ રાખવાનું નિયમન કરવા બાબત ;

સ્પષ્ટીકરણ :—પાણી પુરવઠાના ઉદ્‌ભવસ્થાનો અને સાધનોનો લોકો ઉપયોગ કરતા હોય એવા ખાનગી કૂવાઓનો સમાવેશ થાય છે;

**પાણીનો પુરવઠો.** (થ) નિવાસ માટેની જગાઓનો ભોગવટો કરનાર વ્યકિતઓને ચોખ્ખું પાણી પૂરતા પ્રમાણમાં મળી શકે તેમ જોવા બાબત ;

**નાહવાની સાર્વજનિક જગાઓ વગેરે.** (દ) નગરમાંની નાહવા તથા ધોવાની સાર્વજનિક જગાઓ વાપરવાનું નિયમન કરવા બાબત ;

**સફાઈ.** (ધ) આરોગ્ય રક્ષણ તથા સફાઈનું તથા મુએલાં પશુઓનાં મુડદાનાં નિકાલનું નિયમન કરવા બાબત;

**કામચલાઉ બાંધકામો ઈમારતો અને ઈમારતો.** (ન) સાર્વજનિક રસ્તાઓનાં કામચલાઉ ભોગવટા માટે અથવા તે ઉપર કામચલાઉ બાંધકામો ઉભા કરવા માટે અથવા સાર્વજનિક રસ્તાઓ ઉપર બહાર નીકળનાં બાંધકામો માટે જે શરતોએ પરવાનગી આપી શકાય તે શરતોનું નિયમન કરવા બાબત ;

(પ) મજબૂતી જાળવી રાખવા માટે તથા આગ અટકાવવા માટે અને આરોગ્યના હેતુઓ માટે નવી ઈમારતોનાં ઉંચાઈ, ભીંતો, પાયા, છાપરાં અને ધૂમાડિયાનાં બાંધણી તથા માપનું નિયમન કરવા બાબત ; તથા વર્તમાન અને નવી બાંધેલી ઈમારતો કોઈ વિસ્તારમાં જે હેતુઓ માટે વાપરી શકાય તે હેતુઓ નક્કી કરવા બાબત ;

**રસ્તાઓ.** (ફ) રસ્તાઓનું સ્થાન નકકી કરવા અથવા તે આંકવા માટે પૂરતો પ્રબંધ કર્યા સિવાય ઈમારતો બાંધવા ઉપર પ્રતિબંધ કરવા બાબત; અને એવા પ્રસંગોએ જ્યારે જરૂર હોય ત્યારે વળતર આપવા બાબત ;

**હવાની આવ-જા માટેનાં સાધનો.** (બ) ઈમારતોની અંદરની અથવા બહારની બાજુએ પૂરતી ખુલ્લી જગાનો તથા બારણાં અને બારીઓની તથા હવાની મુક્ત આવજા થાય તેમ કરવા માટેનાં બીજા સાધનોનો પ્રબંધ કરીને તથા તે નિભાવીને ઈમારતોમાં હવાની પૂરતી આવજા થાય તેમ કરવા બાબત ;

**દાદર વગેરે પર રાત્રી દીવાબત્તી કરવાનું ફરમાવવા બાબત.** (ભ) રહેવાના બે કે તેથી વધારે જુદા જુદા વાસમાં વહેંચાઈ જતી ઈમારતના માલિકને રાત્રે દાદર, માર્ગ, અથવા તેવી કોઈ ઈમારતના અથવા તેમાંના ખાનગી ચોક અથવા તેમાં આવેલાં પાયખાનાં અથવા મૂતરડીઓ અથવા ધોવાની જગાઓ પાસેના અથવા તે તરફ જવાની જગાઓ પર દીવાબત્તીનો અને તેવી દીવાબત્તીઓ ઓલવવાનાં પૂરતાં સાધનોનો પ્રબંધ કરવાનું ફરમાવવા બાબત ;

**લાયકાત ધરાવતા સરવેયરો.** (મ) સર્વેયરોની અથવા કલમ [illegible] અન્વયે ફરમાવેલા નકશા જે વ્યકિતઓએ તૈયાર કરવાના હોય તે વ્યકિતઓની અથવા પ્લમ્બરોની લાયકાત ઠરાવવા બાબત; વ્યકિતઓને સરવેયરો અથવા પ્લમ્બરો થવા માટેનાં લાઈસન્સ, આપવા બાબત અને એવાં લાઈસન્સ માટે લેવાની ફી નકકી કરવા બાબત; અને એવા લાઈસન્સોની જોગવાઈઓમાં ફેરફાર કરવા અથવા એવા લાઈસન્સો રદ કરવા બાબત; અને એવી વ્યકિતઓ સિવાયની બીજી કોઈ વ્યકિતઓ પાસે પાણીની અથવા મોરીની નળીઓમાં અથવા ઘર સાથે તેનાં કરેલાં જોડાણોમાં કાંઈપણ ફેરફાર કરાવવાના અથવા તેની મરામત કરાવવાનો અથવા તેમાં કાંઈપણ જોડકામો લગાડવાનો પ્રતિબંધ કરવા બાબત ;

**મોરીઓ.** (ય) આ અધિનિયમમાં જેને માટે વિશિષ્ટ ઠરાવ્યું ન હોય તેવી બીજી કોઈ બાબતમાં મોરીઓ, ગટરો, હવા માટેના માર્ગો, છાણ અને ખાતર માટેની કુંડીઓ, ખાળકૂવાઓ, વોટર ક્લોઝેટ, જાજરૂઓનાં પાયખાનાં, મૂતરડીઓ, અને દરેક પ્રકારના મોરી અથવા ગટરના કામો, પછી તે નગરપાલિકાની માલિકીના હોય કે ન હોય, તે બાંધવાનું, નિભાવવાનું તથા તેના ઉપર નિયંત્રણ રાખવાનું નિયમન કરવા બાબત;

**અમુક દાખલાઓમાં માહિતી તથા નકશા માગવા બાબત.** (ર) કલમ ૧૪૯ અને ૧૫૫ અન્વયે નગરપાલિકાએ માગવાની માહિતી તથા નકશા નકકી કરવા બાબત ;

વાહનોની અતિશય અવરજવરનું નિયંત્રણ કરવા બાબત.

(લ) કોઈ ખાસ રસ્તા અથવા તેના ભાગના બંને છેડે થાંભલા ઊભા કરીને, લોકોને જોખમ, હરકત અથવા અગવડ થતાં અટકાવવા માટે તેવા રસ્તામાં વાહનોની અવર જવરનો પ્રતિબંધ કરવા બાબત, રસ્તાને અથવા તે પરના કોઈ બાંધકામને જેનાથી નુકશાન થવાનો અથવા કોઈ રસ્તાની બાજુના અથવા તે પરનાં બીજા વાહનો અથવા પગે ચાલનારાઓને જોખમ અથવા હરકત થવાનો સંભવ હોય એમ ગણાય એવાં નમૂના, રચના, વજન અથવા કદના વાહનોના અથવા વજનદાર અથવા અતિશય ભારે પદાર્થો ભરેલાં કોઈ વાહનોને નીચેની શરતો અન્વયે હોય તે સિવાય, એટલે કે, વખત સંબંધી, ખેંચી જવાનો અથવા સ્થળાંતર કરવાની રીત સંબંધી, રસ્તાનાં રક્ષણ માટેના સાધનોના ઉપયોગ સંબંધી બત્તીઓ તથા સહાયકોની સંખ્યા તથા બીજી સામાન્ય સાવચેતી સંબંધી જે શરતો આવા ઉપનિયમોમાં સામાન્યતઃ અથવા દરેક દાખલામાં આપવાના ખાસ લાઈસન્સમાં ઠરાવવામાં આવે તે શરતો અન્વયે હોય તે સિવાય, લઈ જવાનો પ્રતિબંધ કરવા બાબત ખાસ લાઈસન્સો તે માટેની અરજીની મુદત તથા તે માટે આપવાની ફી બાબત આવા ઉપનિયમોમાં જે બોલીઓ ઠરાવવામાં આવે તે બોલીઓએ આપવા બાબત:

પરંતુ આવા કોઈ ખાસ રસ્તાને અથવા તેના ભાગને જ લાગુ પડતો આવો કોઈ ઉપનિયમ, આવા પ્રતિબંધ બાબતની નોટિસ નગરપાલિકાએ એવા રસ્તા અથવા તેના ભાગના બંને છેડે અથવા તેની નજીક સહેલાઈથી દેખાઈ આવે એવી જગ્યાઓએ ચોંટાડી ન હોય તો અને ત્યાં સુધી અમલમાં છે એમ ગણાશે નહિ.

સાર્વજનિક કામો.

(વ) નગરપાલિકાને પ્રાપ્ત થયેલાં અથવા તેના નિયંત્રણ હેઠળના સાર્વજનિક ઉદ્યાનો, બગીચાઓ અને ખુલ્લી જગાઓનું નુકશાન અથવા ગેર ઉપયોગથી રક્ષણ થાય તેમ કરવા બાબત, તેમની વ્યવસ્થાનું તથા લોકો તેમનો ઉપયોગ જે રીતે કરી શકે તે રીતનું નિયમન કરવા બાબત તથા તેમાં લોકો યોગ્ય રીતે વર્તે તે માટે પ્રબંધ કરવા બાબત.

સન ૧૯૨૦નો મુંબઈનો ૭મો.

(કક) મુંબઈ સાર્વજનિક વાહન અધિનિયમ, ૧૯૨૦ અન્વયે જેના સંબંધમાં લાઈસન્સો આપવામાં આવેલા હોય તેવી ભાડે ફરતી હાથગાડીઓ તથા ઠેલણગાડીઓ સિવાયની બીજી હાથગાડીઓ તથા ઠેલણગાડીઓ વાપરવા માટે જે શરતોએ અથવા જે શરતોને અધીન રાખીને, લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકુબ કરી શકાય અથવા પાછા ખેંચી લઈ શકાય તે ઠરાવવા બાબત તથા આ કલમ અન્વયે કરેલા ઉપનિયમ અનુસાર જે કાંઈ પણ હાથગાડીઓ અથવા ઠેલણગાડીઓને યોગ્ય રીતે લાઈસન્સો આપવામાં આવ્યાં ન હોય તેવી હાથગાડીઓ અથવા ઠેલણગાડીઓ પકડવા તથા તેને અટકાવી રાખવા માટે પ્રબંધ કરવા બાબત;

(ખખ) માનવ ઉપયોગ માટેની હોય કે ન હોય તેવી કોઈ ચીજ કોઈ સાર્વજનિક જગા અથવા રસ્તામાં ફેરી ફરીને વેચવા માટે અથવા વેચવા માટે ખુલ્લી મૂકવા માટે જે શરતોએ અથવા જે શરતોને અધીન રાખીને લાઈસન્સો આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછા ખેંચી લઈ શકાય તે શરતો ઠરાવવા બાબત ;

(ગગ) કોઈ જમીન, ઈમારત અથવા બાંધકામ પર કોઈ આકાશ ચિહ્ન અથવા જાહેરખબર ઉભી કરવા, પ્રદર્શિત કરવા, ગોઠવવા અથવા રહેવા દેવા માટે જે શરતોએ અથવા જે શરતોને અધીન રહીને, પરવાનગી આપી શકાય, આપવાની ના પાડી શકાય, તહકૂબ કરી શકાય અથવા પાછી ખેંચી લઈ શકાય તે શરત ઠરાવવા બાબત;

સ્પષ્ટીકરણ.-- "આકાશ ચિહ્ન" એટલે, પૂર્ણતઃ અથવા અંશતઃ કોઈ જમીન, ઈમારત અથવા બાંધકામ પરની કોઈ થાંભલા, વાંસ, વાવટા, ચોકઠ અથવા બીજા ટેકા ઉપર ટેકવેલ અથવા બાંધેલ જાહેરખબર, જાહેરાત અથવા નોટિસના સ્વરૂપમાં કોઈપણ શબ્દ, અક્ષર, નમૂનો, ચિહ્ન, આકૃતિ, અથવા પ્રતિકૃતિ જે અથવા જેનો કોઈપણ ભાગ, કોઈ રસ્તામાંની કોઈ જગ્યાએથી આકાશ તરફ જોતાં દેખી શકાય તે અને તેમાં એવા દરેક થાંભલા, વાંસ, વાવટા, ચોકઠાં અથવા બીજા ટેકાના તમામ તથા દરેક ભાગનો સમાવેશ થાય છે. "આકાશ ચિહ્ન" એ શબ્દ-- પ્રયોગમાં, કોઈ જમીન, ઈમારત, અથવા બાંધકામ ઉપર અથવા કોઈ રસ્તા ઉપર કોઈ જાહેરખબર, જાહેરાત અથવા નોટિસના હેતુ માટે પૂર્ણતઃ અથવા અંશતઃ વાપરેલા કોઈ ગુબારા, વિમાન, છત્રી અથવા એવી બીજી યુક્તિનો પણ સમાવેશ થાય છે. પણ તેમાં નીચે જણાવેલી વસ્તુઓનો સમાવેશ થતો નથી--

(ક) કોઈ કાઠી, વાંસ, વાયુધ્વજ અથવા વાયુટુકડી સિવાય કે તે કોઈ જાહેરખબર, જાહેરાત અથવા નોટિસના હેતુ માટે પૂર્ણતઃ અથવા અંશતઃ બંધબેસતા કરવામાં અથવા વાપરવામાં આવ્યાં હોય ;

(ખ) કોઈ ઈમારતની ભીંત અથવા વંડા સાથે અથવા તેની ટોચ ઉપર અથવા કોઈ ભીંતની કાંગરી અથવા માથું બાંધેલા ભાગ પર અથવા છાપરાના મોભ સાથે મજબૂત રીતે જડેલું કોઈ ચિહ્ન, પાટિયું, ચોકઠું અથવા બીજું સાધન :

પરંતુ તેવું પાટિયું, ચોકઠું અથવા બીજું સાધન તૂટક તૂટક નહિ પણ સળંગ દેખાવનું હોવું જોઈશે અને જે દિવાલ, વંડા અથવા મોભ સાથે અથવા તે પર તે જડવામાં આવેલું હોય અથવા ટેકવેલું હોય તે ભીંત, વંડા અથવા મોભના કોઈ ભાગથી ઊંચાઈમાં ત્રણ ફૂટ કરતાં વધારે હોવું જોઈશે નહિ ;

(ગ) કોઈ રેલ્વે કંપનીના ધંધાને જ લગતો અને કોઈ રેલવે, રેલવે સ્ટેશન, યાર્ડ, પ્લેટફોર્મ, અથવા રેલવે કંપનીની માલિકીના સ્ટેશન પર જવાના માર્ગ ઉપર સર્વાંશે મૂકેલાં હોય અને એ રીતે મૂકેલાં હોય કે જેથી તે કોઈ રસ્તા અથવા સાર્વજનિક જગામાં પડી શકતો ન હોય તેવાં ઉપર કહ્યા પ્રમાણેના કોઈ શબ્દ, અક્ષર, નમૂનો, ચિહ્ન આકૃતિ અથવા પ્રતિકૃતિ ;

(ઘ) જમીન અથવા ઈમારત ઉપર મૂકેલી તે જમીન અથવા ઈમારત વેચવાની અથવા ભાડે આપવા બાબતની કોઈપણ નોટિસ ;

સામાન્ય નિયમન. (ઘઘ) સામાન્યત: નગરપાલિકાના વહીવટને લગતી તમામ બાબતોના નિયમન માટે ;

ઉપનિયમોના ભંગ માટે દંડ નાખી શકાશે. અને નગરપાલિકા એવા કોઈ ઉપનિયમના દરેક ભંગ બદલ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય એવો દંડ તેવી જ મંજૂરીથી ઠરાવી શકશે.

(૨) નગરમાં વસ્તી ગણતરી કરવા માટે તથા આવી વસ્તી ગણતરી કાર્યસાધક બનાવવા માટે જરૂરી હોય તેવી માહિતી આપવાની ફરજ પાડવા માટે કેન્દ્ર સરકારની પૂર્વ મંજૂરીથી, નગરપાલિકા વખતોવખત ઉપનિયમો કરી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે, પણ તે એવી રીતે નહિ કરવું જોઈશે કે જેથી તે ઉપનિયમો આ અધિનિયમ સાથે અસંગત બને.

સૂચિત ઉપનિયમોનાં મુસદ્દા પ્રસિદ્ધ કરવા બાબત. (૩) નગરપાલિકાએ આ અધિનિયમ અન્વયે કોઈ ઉપનિયમ કરતાં પહેલાં, તેનાથી જેને અસર થવાનો સંભવ હોય એવી વ્યકિતઓની માહિતી માટે, પોતાના અભિપ્રાય પ્રમાણે પૂરતી હોય તેવી રીતે સૂચિત ઉપનિયમના મુસદ્દા જે તારીખે અથવા જે તારીખ પછી તે વિચારમાં લેવાનો હોય તે તારીખે એક નોટિસમાં નિર્દિષ્ટ કરીને, તે નોટિસ સહિત પ્રસિધ્ધ કરવાં અને ઉપનિયમો કરતા પહેલાં, આ રીતે નિર્દિષ્ટ કરેલી તારીખ આગાઉ તે મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત જે કોઈ લેખિત વાંધો લે અથવા સૂચન કરે તે સ્વીકારી તેના પર નગરપાલિકાએ વિચાર કરવો.

(૪) પેટા-કલમ (૧) અન્વયે કરેલા કોઈ ઉપનિયમ અથવા કોઈ ઉપનિયમમાં કરેલો ફેરફાર અથવા કોઈ ઉપનિયમ રદ કરવાની બાબત, તેને રાજ્ય સરકારે મંજૂરી આપી ન હોય, તો અને ત્યાં સુધી અમલમાં આવશે નહિ.

વાંધા તથા સૂચનો કેન્દ્ર અથવા રાજ્ય સરકારને સાદર કરવા બાબત. (૫) નગરપાલિકાએ કરેલા કોઈ ઉપનિયમ કેન્દ્ર અથવા રાજ્ય સરકારને મંજૂરી માટે સાદર કરવામાં આવે, ત્યારે પેટા-કલમ (૩) ની જોગવાઈઓ અન્વયે પ્રસિધ્ધ કરેલી નોટિસની તથા મળેલા દરેક વાંધા અથવા સૂચનની એક નકલ સદરહુ ઉપનિયમ સાથે તે સરકારની માહિતી માટે સાદર કરવી જોઈશે.

(૬) આ કલમ અન્વયે કરવામાં આવેલા દરેક ઉપનિયમ અથવા તેમાં કરેલા ફેરફાર કે તેમાં રદ કરેલી બાબત રાજ્ય સરકાર અથવા યથા પ્રસંગ, કેન્દ્ર સરકાર મંજૂર કરે કે તરત જ, તેનાથી જેને અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓની જાણ માટે નગરપાલિકાના અભિપ્રાય મુજબ પૂરતું લાગે તેવી રીતે પ્રસિધ્ધ કરવા જોઈશે.

નિયમ તથા ઉપનિયમો છપાવવા તથા વેચવા બાબત. ૨૭૬. તે સમયે અમલમાં હોય તે નિયમો તથા ઉપનિયમો તમામ વાજબી વખતે લોકોને જોવા માટે નગરપાલિકાની કચેરીએ ખુલ્લા રાખવા જોઈશે. ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં છાપેલા તેમની તથા આ અધિનિયમની નકલો પડતર કિંમતે તે વેચવા સારૂ રાખવી જોઈશે.

નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા. ૨૭૭. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં નીચે પ્રમાણેની બાબતો માટે જોગવાઈ કરી શકાશે—

(ક) તે નિયમો, સમગ્ર ગુજરાત રાજ્ય અથવા તેના કોઈ ભાગ અને તમામ અથવા કોઈ નગરપાલિકાને લાગુ પડવા બાબત; અને

(ખ) આ અધિનિયમની રૂએ જેને નિયમોથી ઠરાવવાનું સ્પષ્ટપણે ફરમાવેલું હોય અથવા છૂટ આપેલી હોય તેવી તમામ બાબતો માટે પ્રબંધ કરવા બાબત.

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા પૂર્વપ્રસિધ્ધિ પછી નિયમો કરવાની શરતને આધીન રહેશે.

(૪) આ કલમ અન્વયે કરેલા તમામ નિયમો, તે કરવામાં આવ્યા પછી, જેમ બને તેમ જલ્દી ત્રીસ દિવસથી ઓછી ન હોય તેટલી મુદત માટે રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે બેઠકમાં તેમને એ રીતે મૂકવામાં આવ્યા હોય તે બેઠક અથવા ત્યારપછીની તરતની બેઠક દરમિયાન રાજ્ય વિધાન મંડળ દ્વારા રદ થવાને અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં કરે તેવા ફેરફારને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા જે કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઈશે અને તેમ થયેથી, તેનો અમલ થશે.

**ખેતીના વિસ્તાર માટે ખાસ જોગવાઈઓ.**

**૨૭૮.** (૧) કોઈ નગરની હદમાંના કોઈ વિસ્તારના સંબંધમાં રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે તે વિસ્તારમાં પડતર જમીનનો અથવા ખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લીધેલી જમીનનો મુખ્યત્વે સમાવેશ થાય છે અને તેના ઉપર ઘણું ખરું ખેતીના મકાનો સિવાયના ઘરો થયાં નથી, તો રાજ્ય સરકાર નગરપાલિકા સાથે વિચાર વિનિમય કર્યા પછી, તે વિસ્તારને ખેતીના વિસ્તાર તરીકે જાહેર કરી શકશે. તે જાહેરાતમાં તે વિસ્તારની હદો અને જે સ્થળે તે વિસ્તારનો નકશો તપાસણી માટે મળી શકે તે સ્થળ જણાવવાં.

(૨) જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવ્યે, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં નીચેના પરિણામો ઉદ્‌ભવશે, એટલે કે :—

(ક) નગરપાલિકાની ઓકટ્રોય હદમાં કોઈ ખેતીના વિસ્તાર તરીકે જાહેર કરેલા વિસ્તારનો સમાવેશ થશે નહિ;

(ખ) સદરહુ વિસ્તારમાં નગરપાલિકાને માટે કલમ ૮૭માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી રહેશે નહિ અને કલમ ૯૯માં જણાવેલો કોઈ કર નગરપાલિકા નાખી શકશે નહિ.

(ગ) કલમ ૧૫૫, ખેતીનાં મકાનના બાંધકામને લાગુ પડશે નહિ.

(૩) પેટા-કલમ (૧) અન્વયે જાહેરાત કર્યા પછી, કોઈપણ સમયે રાજ્ય સરકારને, યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે ખેતીના સમગ્ર વિસ્તાર અથવા તેના કોઈ ભાગનો—

(ક) મુખ્યત્વે ખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવાનું બંધ થયું છે અને તેના પર ઘરો થયાં છે;

(ખ) અથવા ખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવાનું બંધ થવાનો અને શહેરી વિસ્તાર તરીકે વિકાસ થવાનો સંભવ છે તો તે જાહેરનામા દ્વારા એવો આદેશ કરી શકશે કે પેટા-કલમ (૧) અન્વયે કરેલી જાહેરાત જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે પ્રમાણે સમગ્ર વિસ્તાર અથવા તેના ભાગને લાગુ પડતી બંધ થશે. જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યે પેટા-કલમ (૨)ની જોગવાઈઓ જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

સ્પષ્ટીકરણ. આ કલમમાં "ખેતીનું મકાન" આ મજકૂરનો જે અર્થ જમીન મહેસૂલ અધિનિયમની કલમ ૬૫માં કરવામાં આવ્યો છે તે જ થશે.

**સોંપણી.**

૧[૨૭૮-ક. રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ અધિનિયમ મુજબની પોતાની કોઈ સત્તા, કાર્યો અથવા ફરજો નિયામક સહિતના પોતાના કોઈ અધિકારીને સોંપી શકશે.]

**રદ કરવા બાબત.**

**૨૭૯.** (૧) મુંબઈ જિલ્લા નગરપાલિકા અધિનિયમ, ૧૯૦૧ અને ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્ર વિસ્તારને અનુકૂળ અને લાગુ કર્યા પ્રમાણેના તે અધિનિયમ અને મુંબઈ બરો નગરપાલિકા અધિનિયમ, ૧૯૨૫ અને ગુજરાત રાજ્યમાં સૌરાષ્ટ્ર વિસ્તારને અનુકૂળ અને લાગુ કર્યા પ્રમાણેનો તે અધિનિયમ, અને ગુજરાત રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેનો તે અધિનિયમ આથી રદ કરવામાં આવે છે.

(૨) સદરહુ અધિનિયમો રદ થયા છતાં,—

(૧) આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખની (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેની) તરત જ પહેલાં નગરપાલિકા બરો અથવા નગરપાલિકા જિલ્લા તરીકે જાહેર કરેલ કોઈ સ્થાનિક વિસ્તાર આ અધિનિયમ અન્વયે નગર છે એમ ગણાશે.

(૨) સદરહુ તારીખની તરત જ પહેલાં સદરહુ અધિનિયમ અન્વયે રચાયેલી નગરપાલિકાઓ (જેનો આમાં હવે પછી "જૂની નગરપાલિકાઓ" કહી છે તે) સંબંધ ધરાવતા જે તે નગરોની નગરપાલિકાઓ (જેને આમાં હવે પછી અનુક્રમે "નવી નગરપાલિકાઓ અને નવા નગરો" કહ્યા છે તે) છે એમ ગણાશે.

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૩૨ની કલમ ૨થી આ નવી કલમ દાખલ કરીછે.

(૩) જુની નગરપાલિકાઓ માટે ચૂંટાયેલા અથવા નિમણૂંક કરાયેલા અને સદરહુ તારીખની તરત જ પહેલાં હોદ્દા ધરાવતા પ્રમુખ અને ઉપપ્રમુખ અને સભ્યો નવી નગરપાલિકાના અનુક્રમે પ્રમુખ, ઉપપ્રમુખ અને સભ્યો છે એમ ગણાશે અને આ અધિનિયમમાં ઠરાવેલ ગેરલાયકાતને લગતા રાજીનામાને લગતા હોદ્દા ઉપરથી દૂર કરવાને લગતા અને ખાલી પડેલી જગાને લગતી જોગવાઈઓને અધીન રહીને નીચેની મુદત સુધી હોદ્દા ધરાવશે, એટલે કે,—

(ક) તેમની હોદ્દાની મુદત સદરહુ તારીખ પછી એવી રીતે રદ કરેલા અધિનિયમો પૈકી કોઈ અધિનિયમ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા અન્વયે [સન ૧૯૬૫ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખે] અથવા તે પહેલાં પૂરી થઈ હોત તે દાખલામાં રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ દ્વારા, નિર્દિષ્ટ કરે તેવી સદરહુ તારીખથી એક વર્ષ કરતાં વધુ ન હોય તેવી મુદત સુધી;

(ખ) બીજા કોઈ દાખલામાં એવી રીતે રદ કરેલા અધિનિયમો પૈકી કોઈ અધિનિયમ અન્વયે જે મુદત સુધી તેમણે હોદ્દો ધરાવ્યો હોત તે મુદત સુધી;

[(૩-ક) આવી રીતે રદ કરેલા અધિનિયમ મુજબ રચાયેલી કોઈ નગરપાલિકાને આ અધિનિયમની કલમ-૨૬૩ની જોગવાઈઓને મળતી આવતી આવા અધિનિયમની જોગવાઈ મુજબ સદરહુ તારીખ પહેલાં પદચ્યુત કરવામાં આવી હોય અને તેવા અધિનિયમ મુજબ નિર્દિષ્ટ કરેલી આવી નગરપાલિકાની પદચ્યુતિની મુદત સદરહુ તારીખે અથવા તે પછી પૂરી થતી હોય, તો તેવી પદચ્યુતિ, તે કલમમાં વિરુધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, તેવી રીતે નિર્દિષ્ટ કરેલી મુદત માટે આ અધિનિયમની કલમ ૨૬૩ મુજબ કરવામાં આવી છે એમ ગણાશે:

પરંતુ આવી મુદત સન ૧૯૬૫ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ પહેલાં પૂરી થાય, તો રાજ્ય સરકાર, લેખિત હુકમ કાઢીને, તેમાં નિર્દિષ્ટ કરે તે પ્રમાણે સદરહુ તારીખથી એક વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી આવી પદચ્યુતિની મુદત લંબાવી શકશે અને આવા કોઈ હુકમનો અમલ ભૂતલક્ષી રીતે કરી શકાશે.]

(૪) નગરપાલિકા ફંડની બિનવપરાયેલી સિલક તથા જુની નગરપાલિકાઓને પ્રાપ્ત થયેલી તમામ મિલકત (વેરા કર અને ફીની બાકી સહિત) સદરહુ તારીખથી નવી નગરપાલિકાઓને પ્રાપ્ત થશે અને આવા વેરા, કર અને ફીની બાકી જાણે, આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે નાખવામાં આવી હોય અને વસૂલ કરવાપાત્ર હોય તેમ, આ અધિનિયમની જોગવાઈઓ અન્વયે વસૂલ કરવાપાત્ર થશે.

(૫) સદરહુ તારીખની તરત જ પહેલાં અને સદરહુ તારીખે ચાલુ હોય તેવી જુની નગરપાલિકાઓએ અથવા તેના તરફથી કરેલા તમામ દેવા અને વ્હોરેલા દાયિત્વો અને કરેલા તમામ કરારો, આ અધિનિયમથી તેમને મળેલી સત્તા વાપરીને નવી નગરપાલિકાઓએ વ્હોરેલ અને કરેલા છે એમ ગણાશે.

(૬) સદરહુ બરો અથવા જિલ્લાઓ સંબંધી કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ અને આ અધિનિયમની શરૂઆતની તારીખની તરત જ પહેલાં અમલમાં હોય તેવી કોઈ નિમણૂક, જાહેરનામું, નોટિસ, કર, ફી હુકમ યોજના, લાઈસન્સ, પરવાનગી, નિયમ, ઉપનિયમ અથવા નમૂનો જેટલે અંશે તેઓ આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, તે નગરના સંબંધમાં આ અધિનિયમ અન્વયે કરેલ કાઢેલ, નાખેલ અથવા આપેલ છે એમ ગણાશે અને આ અધિનિયમ અન્વયે કરેલ, કાઢેલ, નાખેલ અથવા આપેલ કોઈ નિમણૂંક, જાહેરનામું, નોટિસ, કર, ફી, હુકમ, યોજના, લાઈસન્સ, પરવાનગી નિયમ, ઉપનિયમ, અથવા નમૂનાથી રદ કરવામાં અથવા સુધારવામાં ન આવે ત્યાં સુધી, અમલમાં ચાલુ રહેશે.

(૭) જુની નગરપાલિકાઓએ આ અધિનિયમની શરૂઆતની તરત જ પહેલાં કરેલ અથવા પ્રમાણભૂત કરેલ તમામ અંદાજપત્રો, આકારણી, આકારણીની યાદી, કિંમતની આંકણી અથવા માપણીઓ આ અધિનિયમ અન્વયે નવી નગરપાલિકાઓ દ્વારા કરવામાં આવેલ છે અથવાં પ્રમાણભૂત કરેલ છે એમ ગણાશે.

(૮) સદરહુ તારીખની તરત જ પહેલાં જુની નગરપાલિકાઓની નોકરીમાં હોય તેવા તમામ અધિકારીઓ અને નોકરો નવી નગરપાલિકાઓના અધિકારીઓ અને નોકરો ગણાશે અને આ અધિનિયમ અનુસાર અન્ય પ્રબંધ કરવામાં ન આવે ત્યાં સુધી, તેવી તારીખે તેઓ જે પગાર અને ભથ્થાં મેળવવાને હકદાર હોય અને જે નોકરીની શરતોને અધીન હોય તેને હકદાર અથવા અધીન થશે:

પરંતુ રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે જો કોઈ નગરપાલિકાનો કમિશનર જરૂરનો ન હોય અથવા નગરપાલિકાની સેવાની જરૂરિયાતો પ્રમાણે યોગ્ય ન હોય, તો તેને તેની નોકરીની બોલીઓથી આપવાની જરૂર હોય તેવી નોટિસ આપ્યા પછી, રાજ્ય સરકાર તેની સેવા બંધ કરી શકશે અને જે દરેક નગરપાલિકાની કમિશનરની સેવા

---

૧. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૪(૧)થી "સન ૧૯૬૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે" એ મજકૂરને બદલે આ મજકૂર મૂકયો છે.

૨. સન ૧૯૬૫ના ગુજરાત અધિનિયમ ૬ની કલમ ૪(૨)થી આ ખંડ દાખલ કર્યો છે અને તે હંમેશાં દાખલ કરવામાં આવ્યો છે તેમ ગણાશે.

એવી રીતે બંધ કરવામાં આવે તે નગરપાલિકાના કમિશનરને જો તે સદરહુ તારીખ પછી, નગરપાલિકાની નોકરીમાં ચાલુ રહ્યો હોત, તો અસમર્થતાને કારણે નોકરીમાંથી છૂટો થવાના પ્રસંગે, જે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, બીજા હકો અને વિશેષ હકો લેવા અને મેળવવા તે હકદાર થયો હોય તે રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, બીજા હકો અને વિશેષ હકો મેળવવાનો હક રહેશે ;

(૯) જની નગરપાલિકા સમક્ષ નિકાલ બાકી તપાસ કાર્યવાહીઓ નવી નગરપાલિકા સમક્ષ માંડેલી હોય અને નિકાલ બાકી હોય એમ ગણાશે અને આ અધિનિયમ અન્વયે સદરહુ નગરપાલિકાઓએ સાંભળવી જોઈશે અને તેનો નિકાલ કરવો જોઈશે ;

(૧૦) સદરહુ તારીખે નિકાલ બાકી હોય તેવી જૂની નગરપાલિકાએ માંડેલ અથવા તેના વતી માંડવામાં આવેલી તમામ ફરિયાદો અને જૂની નગરપાલિકાઓ અથવા જૂની નગરપાલિકાના કોઈ અધિકારીએ અથવા જૂની નગરપાલિકા અથવા જૂની નગરપાલિકાના કોઈ અધિકારી સામે માંડેલ તમામ દાવાઓ અથવા બીજી કાયદેસર કાર્યવાહીઓ નવી નગરપાલિકાઓએ અથવા નવી નગરપાલિકાઓની સામે ચાલુ રાખવી જોઈશે ;

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૧૧) કોઈ અધિનિયમના અથવા કોઈ લેખમાંના આથી રદ કરેલા કોઈ કાયદાના અથવા તેની કોઈ જોગવાઈના અથવા તે અન્વયે ચૂંટાયેલા અથવા નિમણૂક થયેલા કોઈ અધિકારીના કોઈ ઉલ્લેખનો અર્થ, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ના અથવા તેની તત્સ્થાની જોગવાઈના અથવા તે અન્વયે ચૂંટાયેલા અથવા નિમણૂક થયેલા તત્સ્થાની અધિકારીના ઉલ્લેખ તરીકે કરવામાં આવશે.

૨૮૦. આ અધિનિયમની જોગવાઈઓનો પ્રથમવાર અમલ કરવામાં કંઈ મુશ્કેલી ઉપસ્થિત થાય, તો રાજ્ય સરકાર, પ્રસંગની જરૂરિયાત મુજબ હુકમ કાઢીને, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે તેને જરૂરી લાગે તેવું કંઈપણ કાર્ય કરી શકશે. મુશ્કેલીઓ દૂર કરવા બાબત.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૭મો.

[૨૮૧. (૧) આ અધિનિયમમાં કોઈપણ મજકૂર હોય તે છતાં, ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૩ના આરંભની તારીખ (જેનો આમાં હવે પછી, આ કલમમાં "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પહેલાં નગરપાલિકાની મુદત પૂરી થઈ ગઈ હોય ત્યારે અથવા સદરહુ તારીખથી એક વર્ષની અંદર પૂરી થવાની હોય ત્યારે એવી નગરપાલિકા રચવાની ચૂંટણી, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર, સદરહુ તારીખથી એક વર્ષની અંદર પૂરી કરવી જોઈશે. વચગાળાની જોગવાઈ.

(૨) વિદ્યમાન નગરપાલિકાની મુદત, સદરહુ તારીખથી એક વર્ષ પછી પૂરી થતી હોય ત્યારે, તેવી નગરપાલિકા રચવાની ચૂંટણી, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર, તેની મુદત પૂરી થતાં પહેલાં પૂરી કરવી જોઈશે.

(૩) સદરહુ તારીખથી છ મહિનાની મુદત દરમિયાન, ભારતના સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (૨) હેઠળ કોઈ વિસ્તારને યથાપ્રસંગ, વચગાળાના વિસ્તાર અથવા નાના વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કર્યો હોય ત્યારે, આવા વિસ્તાર માટે નગરપાલિકા રચવાની ચૂંટણી, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર, સદરહુ તારીખથી એક વર્ષની અંદર પૂરી કરવી જોઈશે.

(૪) નગરપાલિકા રચવાની ચૂંટણીઓ પૂરી થઈ શકી ન હોય અથવા કુદરતી આપત્તિ, હુલ્લડો, કોમી રમખાણો જેવા અણધાર્યા સંજોગોને લીધે આ કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણે નગરપાલિકા રચવાની ચૂંટણી કરવાનું શક્ય ન હોય ત્યારે, નગરપાલિકાની તમામ સત્તા અને ફરજો, આ અર્થે રાજ્ય સરકાર હુકમ કરીને નીમે તેવા અધિકારીને વાપરવી અને બજાવવી જોઈશે.".]

## અનુસૂચિ ૧લી

[જુઓ કલમ ૧૦૧નો ખંડ (ખ)]

....................................................ના નગરના રહેવાસીઓને આ ઉપરથી નોટિસ આપવામાં આવે છે કે *(મંજૂર કરેલા નિયમોના.........................................પાને પ્રસિધ્ધ કરેલાં, તથા.......................નામથી જાણીતા કરને બદલે) આની સાથે જોડેલ નિયમોમાં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો (યથાપ્રસંગ) કર, પટ્ટી, ટોલ, ઓક્ટ્રોઈ અથવા ઉપકર નગરપાલિકા નાખવા ધારે છે.

*જો કર કોઈપણ ચાલુ કરને બદલે નાખવાનો હોય તો આ મજકૂર દાખલ કરવો.

સૂચિત કરની સામે નગરના જે કોઈ રહેવાસીને વાંધો હોય તે આ નોટિસની તારીખથી એક મહિનાની મુદતમાં પોતાનો વાંધો લખીને નગરપાલિકા ઉપર મોકલી શકશે.

## નિયમો

[કલમ ૧૦૧ના ખંડ (ક) અન્વયે નગરપાલિકાએ મંજુર કરેલા નિયમો અહીં જોડવાના છે.]

---

* સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમની ૧૭ની કલમ ૩૨થી નવી કલમ ૨૮૧ દાખલ કરી છે.

## અનુસૂચિ ૨ જી

[જુઓ કલમ ૧૧૬]

### લેખથી તબદીલી કરવામાં આવી હોય ત્યારે આપવાની તબદીલીની નોટિસનો નમૂનો

પ્રતિ,

મુખ્ય અધિકારી,

...................નગરપાલિકા

હું ક. ખ. આ ઉપરથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૧૧૬થી ફરમાવ્યા પ્રમાણે નીચે જણાવેલી મિલકતની તબદીલીની નોટિસ આપું છું :—

| નોટિસની તારીખ | લેખની તારીખ | વેચનાર અથવા નામફેર કરી આપનારનું નામ | ખરીદનાર અથવા નામફેર કરી લેનારનું નામ | અવેજની રકમ | મિલકતનું વર્ણન | | | | | | જો કોઈ લેખ નોંધવામાં આવ્યો હોય તો, તે નોંધવાની તારીખ | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મિલકતનો પ્રકાર | સ્થાન | આકારણીના ચોપડામાંનો ક્રમાંક : | મુખ્ય અધિકારીનો ક્રમાંક | જમીનનું માપ | ચતુઃસીમા | | |
| | | | | | | | | | | | | |

તારીખ (સહી)

## અનુસૂચિ ૩ જી

[જૂઓ કલમ ૧૧૬]

**વેચાણ સિવાય બીજી રીતે તબદીલ થયાના પ્રસંગે આપવાની તબદીલીની નોટિસનો નમૂનો.**

પ્રતિ,

મુખ્ય અધિકારી,

....................નગરપાલિકા

હું ક. ખ. આ ઉપરથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની કલમ ૧૧૬થી ફરમાવ્યા પ્રમાણે નીચે જણાવેલી મિલકતની તબદીલીની નોટિસ આપું છું :—

| તબદીલીની તારીખ | મુખ્ય અધિકારીના રેકર્ડમાં જે મિલકત જેના નામે નોંધાયેલી છે તેનું નામ. | જેને તે તબદીલ કરવામાં આવી છે તે | મિલકતનું વર્ણન | | | | | | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મિલકતનો પ્રકાર | સ્થાન | આકારણીના પત્રકનો ક્રમાંક | મુખ્ય અધિકારીનો ક્રમાંક | જમીનનું માપ | ચતુઃસીમા | |
| | | | | | | | | | |

તારીખ (સહી)

---

## અનુસૂચિ ૪થી

[જૂઓ કલમ ૧૩૨ની પેટા-કલમ (૩)]

**માગણીની નોટિસનો નમૂનો**

પ્રતિ,

ક. ખ............................................................ રહેવાનું ઠેકાણું.........................
.............................................................................

તમને નોટિસ આપવામાં આવે છે કે...........................................ની નગરપાલિકાનું.......
.......................ની પાસે નિયમ ક્રમાંક....................... અન્વયે સન ૧૯...............................ના
.......................................મહિનાની........................તારીખથી શરૂ થતી અને સન ૧૯..............ના
.......................................મહિનાની........................તારીખે પૂરી થતી.....................મુદત માટે,

(અહીં જે મિલકત અથવા બીજી બાબતના સંબંધમાં કર વસૂલ કરવાનો હોય તેનું વર્ણન કરવું) તેના સંબંધમાં વસૂલ કરવાના..................................................................................બદલ ..................................ના પાસે લેણી થતી................................ની રકમની માગણી કરે છે અને આ નોટિસ બજયા પછી પંદર દિવસની અંદર સદરહુ રકમ....................................સ્થળે આવેલી નગરપાલિકાની કચેરીમાં ભરવામાં નહિ આવે અને મુખ્ય અધિકારીને ખાતરી થાય તેવું તે નહિ ભરવા માટેનું પૂરતું કારણ દર્શાવવામાં નહિ આવે, તો તે રકમ ખર્ચ સાથે વસૂલ કરવા માટે દાંથે અથવા જપ્તીનું વોરંટ કાઢવામાં આવશે તેમજ જેના સંબંધમાં કર લઈ શકાય તે સેવા બંધ કરવામાં આવશે.

આજ તારીખ..................માહે..................સન ૧૯..................

(સહી)
મુખ્ય અધિકારી.

---

## અનુસૂચિ ૫મી

[જુઓ કલમ ૧૩૩ની પેટા-કલમ (૧)]

### વોરંટનો નમૂનો

(વોરંટ બજાવવાનું કામ જે અધિકારીને સોંપ્યુ હોય તેનું નામ અહીં લખવું)

ક. ખ. જેઓ..............................ઠેકાણે રહે છે તેમણે સન ૧૯.............................. *અહીં કરનું [illegible] કરવું
ના..............................મહિનાની..............................તારીખથી શરૂ થતી અને સન ૧૯..............................ની
..............................મહિનાની..............................તારીખે પૂરી થતી મુદત માટે હાંસિયામાં જણાવેલ*
કર બદલ થયેલી તથા નિયમ ક્રમાંક..............................અન્વયે વસૂલ કરવાની રકમ..............................ભરી નથી અને
લેણી થયેલી તથા નિયમ ક્રમાંક..............................અન્વયે વસૂલ કરવાની રકમ..............................ભરી નથી અને
નહિ ભરવા માટેનું ખાતરીલાયક કારણ દર્શાવ્યું નથી;

અને તે રકમ માટેની માંગણીની નોટિસ તેને બજાવવામાં આવ્યા પછી પંદર દિવસ વીતી ગયા છે;

વાસ્તે, આથી તમને હુકમ કરવામાં આવે છે કે તમારે સદરહુ ક, ખ, પાસેથી નીચે લખ્યા પ્રમાણે એટલે કે:—
સદરહુ કર બદલ નોટિસની બજવણી બદલ વોરંટ કાઢવા બદલ..............................રૂા. ન. પૈ.

જંગમ માલમિલકત

એવી રીતે..............................લેણા છે, તે રકમની કિંમતની તેની———— ગુજરાત નગરપાલિકા અધિનિયમ,

કોઈપણ મિલકત.

ટાંચમાં લેવી / ટાંચમાં લીધેલા માલની

૧૯૬૩ની કલમ ૧૩૨ની જોગવાઈઓને આધીન રહીને———— અને તે અન્વયે તમે————

જપ્તીમાં લેવી / જપ્તીમાં લીધેલી મિલકતની

તમામ વિગતો પ્રમાણિત કરીને આ વોરંટ સાથે તુરત જ મારા ઉપર મોકલવી..............................
જપ્તીમાં લીધેલી મિલકતની આજ તારીખ..............................માહે..............................સન ૧૯..............................

(સહી)
મુખ્ય અધિકારી.

---

## અનુસૂચિ ૬ઠ્ઠી

[(જુઓ કલમ ૧૩૩ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ) અને કલમ ૧૨૭ની પેટા-કલમ (૧)]

### યાદી તથા નોટિસના નમૂનો

પ્રતિ

ક. ખ. ..............................રહેવાનું ઠેકાણું..............................

તમને નોટિસ આપવામાં આવે છે કે સને ૧૯.............................. ના..............................મહિનાની *અહીં કરનું [illegible] કરવું
..............................તારીખથી શરૂ થતી અને સન ૧૯..............................ના..............................મહિનાની..............................
તારીખે પૂરી થતી મુદત માટે હાંસિયામાં જણાવેલ* કર બદલ લેણી થતી રકમ..............................તથા માગણીની
નોટિસના બજાવણી બદલ લેણી થતી રકમ રૂપિયા..............................તથા વોરંટ કાઢવા બદલ લેણી
થતી રકમ રૂપિયા..............................ની કિંમતની નીચે આપેલી યાદીમાં નિર્દિષ્ટ

જંગમ માલ મિલકત / ટાંચમાં

કરેલી————મેં આજરોજ————લીધેલી છે અને આ નોટિસની તારીખથી પાંચ દિવસની

મિલકત / જપ્તીમાં

અંદર તમે સદરહુ રકમ વસૂલાતના ખર્ચ સાથે..............................ખાતે આવેલી નગરપાલિકાની કચેરીમાં નહિ ભરો,

જંગમ માલ મિલકત

તો સદરહુ———— વેચી નાખવામાં આવશે.

મિલકત

આજ તારીખ..............................માહે..............................સન ૧૯..............................

વોરંટ બજાવનાર
———————— અધિકારીની સહી.
ઓક્ટ્રોઈ વસૂલ કરનાર

યાદી

જંગમ માલ મિલકત
(અહીં પકડેલી———————— ની વિગતો જણાવવી.)
મિલકત

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર